ઇતિહાસના સાધન તરીકે

# ગુજરાતના અભિલેખ


વ્યાખ્યાતા

ડૉ. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી
નિવૃત્ત અધ્યક્ષ, અને પ્રાધ્યાપક ભારતીય સંસ્કૃતિ
ભો. જે. અધ્યયન – સંશોધન વિદ્યાભવન
અમદાવાદ



ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ ૩૮૦ ૦૧૪



Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust

ગુજરાત વિદ્યાપીઠ સંશોધન શ્રેણી પુ. ૧૭

## ઇતિહાસના સાધન તરીકે

# ગુજરાતના અભિલેખ

વ્યાખ્યાતા

ડૉ. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી
નિવૃત્ત અધ્યક્ષ, અને પ્રાધ્યાપક ભારતીય સંસ્કૃતિ
ભો. જે. અધ્યયન – સંશોધન વિદ્યાભવન
અમદાવાદ

ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ ૩૮૦ ૦૧૪

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રકાશક
વિનોદભાઈ રેવાશંકર ત્રિપાઠી
સેક્રેટરી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ
અમદાવાદ ૩૮૦ ૦૧૪

© ગૂજરાત વિદ્યાપીઠ

પ્રથમ આવૃત્તિ
ફેબ્રુઆરી ૧૯૮૩
પ્રત ૫૦૦

કિંમત : રૂ. ૪૦-૦૦

મુદ્રક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય
અમદાવાદ ૩૮૦ ૦૧૪

Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust

Gujarat Vidyapith Samshodhan Shreni-17

# ITIHĀSNĀ SĀDHAN TARĪKE
# GUJARĀTNĀ ABHILEKH

Dr. Hariprasad G. Shastri
Retd. Director and Professor of Indian culture
B. J. Institute of Learning & Research Ahmedabad

Department of History & Culture
Gujarat Vidyapith AHMADABAD 380 014

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

Publisher :
Vinodbhai Revashankar Tripathi
Secretary
Gujarat Vidyapith Mandal
AHMADABAD 380 014

© Gujarat Vidyapith

First Edition :
February 1984 Copies : 500

Price : Rs. 40-00

Printer :
Jitendra T. Desai
Navajivan Press
AHMADABAD 380 014

Ac. Gunratnasuri MS

Jin Gun Aradhak Trust

# આમુખ

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી ગુજરાતના એક સંનિષ્ઠ અને સિદ્ધ ઇતિહાસ-સંશોધક છે. તામ્રપત્રો પરથી મૈત્રકકાલીન ગુજરાત વિશે તેમણે કરેલું વિશદ સંશોધન ઘણી ઊંચી કક્ષાનું છે. તેમના આ સંશોધન દ્વારા તેમણે ભારતીય ઇતિહાસ–દૃષ્ટિની 'સહસ્રાક્ષુ'-વ્યાપકતા અને કોલિંગવુડ જેવા પાશ્ચાત્ય ઇતિહાસ–વિવેચકની કસોટીઓને એકી સાથે સફળતાપૂર્વક આત્મસાત્ કરી છે. ઇતિહાસ-સંશોધનના ક્ષેત્રે ઇતિહાસના મૂળ આધારો પરથી ઉદ્‌ભવતી સામગ્રીનું પદ્ધતિસર સંકલન કરવાનું વિજ્ઞાન તેમણે હસ્તગત કર્યું છે, તેની સ્પષ્ટ પ્રતીતિ તેમના મૈત્રક–કાલીન ગુજરાત અને બીજા આનુષાંગિક ગ્રંથો પરથી થાય છે.

વલભીનાં તામ્રપત્રો પરથી તેમણે રચેલો મૈત્રકકાલીન ગુજરાતનો ઇતિહાસ તે વખતના સમાજનું સુરેખ અને જીવંત દર્શન કરાવે છે. દાન નિમિત્તે લખાયેલાં આ તામ્રપત્રોમાં વપરાતાં નામો ગોત્રો વગેરે ઉપરથી સામાજિક અને આર્થિક પરિસ્થિતિનું હૂબહૂ દર્શન, તેમણે મૈત્રક કાલના તેમના સંશોધનમાં, કરાવેલું છે.

અભિલેખ-વિદ્યાના ક્ષેત્રમાં ગુજરાતમાં માંડ આંગળીને વેઢે ગણી શકાય એટલા વિદ્વાનો છે, ત્યારે ઇતિહાસ-સંશોધનના એક અતિ મહત્ત્વના ક્ષેત્ર તરીકે અભિલેખોમાંથી ઇતિહાસ–લેખનની વિદ્યા જેમણે ભારે પરિશ્રમપૂર્વક હસ્તગત કરી છે, તેવા તેજસ્વી વિદ્યાસાધક શ્રી હરિપ્રસાદભાઈ શાસ્ત્રીને શ્રી ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા માટે નિમંત્રી મુંબઈ યુનિવર્સિટીએ તેમનું બહુમાન કર્યું તે ઘણું જ ઉચિત છે. તેમના આ બહુમાનથી ગુજરાતનું ગૌરવ વધ્યું છે અને ઝડપથી વિલાઈ જતી દેખાતી એવી ઇતિહાસ–વિદ્યાને ગુરુવર્ય સ્વ. શ્રી રસિકભાઈ પરીખના પગલે પગલે શ્રી હરિપ્રસાદભાઈના હસ્તે નવું ચેતન પ્રાપ્ત થયું છે. શ્રી રસિકભાઈ પરીખના અનુગામી વ્યાખ્યાતા તરીકે આ વ્યાખ્યાનમાળા માટે શ્રી હરિપ્રસાદભાઈથી બહેતર પસંદગી ભાગ્યે જ થઈ શકત.

ઇતિહાસનું શિક્ષણ ઇતિહાસનાં મૂળ સાધનોમાંથી અધિકૃત સામગ્રી મેળવવાનું કૌશલ્ય ખીલવ્યા વિના સંભવિત નથી. 'આધાર નહીં, તો ઇતિહાસ નહીં' એવું ફ્રેન્ચ ઐતિહાસિકોએ અપનાવેલું સૂત્ર ઇતિહાસના શિક્ષકો – સંશોધકો માટે ધ્રુવતારક જેવું રહ્યું છે. શ્રી હરિપ્રસાદભાઈએ આ સૂત્રને અસરકારક રીતે આત્મસાત્ કર્યું છે. ઇતિહાસને રાજકર્તાઓની વંશાવલીમાં જકડી રાખવાને બદલે મનુષ્યજીવનના સમગ્ર સાંસ્કૃતિક વ્યવહાર તરીકે રજૂ કરવાનો તેમનો પ્રયાસ પણ ઇતિહાસ–લેખક માટેનો આદર્શ નમૂનો પૂરો પાડે છે. રાજકીય ઇતિહાસ, ધર્મ, વિદ્યા, કલા અને સાહિત્ય, સામાજિક અને આર્થિક ઇતિહાસ, ભાષા, લિપિ અને કાલગણના, આવા બધાં અનેકવિધ



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પાસાંઓને તેમણે તેમનાં આ વ્યાખ્યાનોમાં એકીસાથે આવરી લીધાં છે. પાંચ વ્યાખ્યાનોમાં તેમણે કરેલું આવું વિશદ વિવરણ પ્રશંસનીય છે. વળી શ્રી હરિપ્રસાદભાઈની રજૂઆતની વિશેષતા એ છે કે તેમના વિવરણના દરેક પગલે, મૂળ આધારોનો બરાબર આગ્રહ રાખવા સાથે, હકીકતોના સંકલન અને વિવરણમાં સુવાચ્યતા અને સરળતા બરાબર જળવાઈ રહે છે. આમ ઇતિહાસલેખનનું વ્યવસ્થિત પદ્ધતિશાસ્ત્ર તેમનાં આ વ્યાખ્યાનોમાં ઊપસ્યું છે.

અભિલેખો ઇતિહાસનું અત્યંત મહત્ત્વપૂર્ણ સાધન છે એ વાત તો સર્વવિદિત છે. ગુજરાતમાં આવા અભિલેખોનું પ્રમાણ વિપુલ છે અને આ વિદ્વાન વ્યાખ્યાતાએ કહ્યું છે તેમ પ્રાચીનકાળના ઇતિહાસ માટે સાહિત્યિક સામગ્રી કરતાં અભિલેખોની આધારભૂતતા વિશેષ છે. તેમના પ્રથમ વ્યાખ્યાનમાં જ ગુજરાતના અભિલેખોનાં આ અગાઉ થયેલાં બધાં સંકલનોનો તેમણે નિર્દેશ કર્યો છે. ગુજરાતના અભિલેખ-સંગ્રહમાં શિરમોર જેવા મૌર્ય રાજા અશોકના ગિરનાર – શૈલલેખથી છેક ચોબારીના પાળિયા સુધીના શિલાલેખોનો સાદ્યંત નિચોડ આ વ્યાખ્યાનોમાં છે.

માનવીમાં ચિંતનશક્તિ અને બહુશ્રુતતા વિકસાવવા માટે ઇતિહાસનું શિક્ષણ અનિવાર્ય છે, જો આ શિક્ષણ મારફતે મૂળ આધારો પરથી ઇતિહાસનું સંકલન કરવાની વિદ્યા શીખવાય તો. આ દૃષ્ટિએ 'ઇતિહાસ'ના નામે ચલાવાતા મોટા ભાગના પાઠ્યક્રમો અને તેનું શિક્ષણ ભારતભરમાં એકંદરે પાંગળાં બનતાં જાય છે એમ લાગે છે. રાજકીય ઇતિહાસ, ધર્મ, વિદ્યા, કલા અને સાહિત્ય તથા સામાજિક અને આર્થિક ઇતિહાસ જેવાં વિવિધ પાસાંઓને આવરી લઈને છેલ્લા વ્યાખ્યાનમાં તેમણે ભાષા-લિપિ અને કાલગણનાનું જે નિરૂપણ કર્યું છે તેની પદ્ધતિ દરેક ઇતિહાસ-સંશોધકને બળ આપનારી છે.

ગૂજરાત વિદ્યાપીઠના પ્રથમ દશકામાં ગૂજરાત પુરાતત્ત્વ મંદિર મારફતે સ્વ. રસિકભાઈ પરીખની દોરવણી હેઠળ ઇતિહાસ-વિદ્યાનું વ્યાપક ખેડાણ અહીં થયું હતું. તેને કારણે ગુજરાતમાં એક સંનિષ્ઠ વિદ્યા-પરંપરા ઊભી થઈ અને વિકસતી રહી. ગૂજરાત વિદ્યાપીઠનો ઇતિહાસ-સંસ્કૃતિ વિભાગ આજે તો નાનકડો છે; પરંતુ આજે પણ તેનું પ્રેરણાબળ પુરાતત્ત્વ મંદિરની ઉચ્ચકક્ષાની સંશોધન-પરંપરાઓ છે. તેથી જ અહીં થોડી સંખ્યામાં ભણતા વિદ્યાર્થીઓને માત્ર સાહિત્યિક આધારોને બદલે અભિલેખો, સિક્કાઓ, દસ્તાવેજો તથા પ્રત્યક્ષ સર્વેક્ષણનાં અન્ય સાધનોની અજમાયશ આપવાનો અમે આગ્રહ રાખીએ છીએ. ગુજરાતી ભાષામાં તે અંગેનું સાહિત્ય પણ પ્રગટ થતું રહે તે માટે અમારો સતત પ્રયાસ હોય છે. 'ભારતીય-ઇતિહાસ-સંશોધનની સંકલ્પના' (કૉન્સેપ્ટ ઑફ ઇન્ડોલૉજી), મારા સાથી ડૉ. રસેશભાઈ જમીનદારનું સિક્કારૂપી અભિલેખો પર આધારિત 'ક્ષત્રપકાલનું ગુજરાત' અને 'એપિગ્રાફિક રિસોર્સીઝ ઇન ગુજરાત' જેવા ઇતિહાસ-સંશોધનના ગ્રંથોની શ્રેણીમાં અમે આ વ્યાખ્યાનો પ્રગટ કરી રહ્યાં છીએ. 'વીસમી સદીનો ઇતિહાસ' વિશે ૭ ગ્રંથોની એક યોજના પણ અમે હાથ ધરી છે. ગુજરાતની ઐતિહાસિક ભૂગોળ તેમ જ નેશનલ આર્કાઇવ્ઝમાંના ગુજરાતી



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દસ્તાવેજોનું સંપાદન પણ અમે હાથ ધર્યું છે. ગૂજરાત વિદ્યાપીઠમાં દફતર સંગ્રહ એકમ (આર્કાઇવલ સેલ)ની પણ અમે સ્થાપના કરી છે. ઉપરાંત પુરાતત્ત્વીય અવશેષો તેમ જ કેટલાક નમૂનારૂપ અભિલેખો વગેરેનું એક સાંસ્કૃતિક મ્યુઝિયમ પણ વિદ્યાપીઠે સ્થાપ્યું છે, જે ધીરે ધીરે વિકસી રહ્યું છે. ગ્રંથાલયનો ઇતિહાસનો ગ્રંથસંગ્રહ તો સમૃદ્ધ છે જ. આ રીતે ઇતિહાસના ઉચ્ચ શિક્ષણ અને સંશોધનની અનેકવિધ સવલતો વિદ્યાપીઠમાં સહુ માટે સુલભ થઈ છે.

શ્રી હરિપ્રસાદભાઈ જેવા આજીવન વિદ્યાસાધકના પરિશ્રમના નિચોડરૂપ કહી શકાય એવા 'ઇતિહાસના સાધન તરીકે ગુજરાતના અભિલેખ' વિશેનાં આ વ્યાખ્યાનો પ્રગટ કરવાનો અવસર અમને મળ્યો છે તેને અમે અમારું અહોભાગ્ય ગણીએ છીએ. આ વ્યાખ્યાનો પ્રગટ કરવાની મુંબઈ યુનિવર્સિટીએ અમને જે સહૃદયતાથી પરવાનગી આપી તે માટે તેમના આભારી છીએ.

સત્યસાધક મહાત્મા ગાંધીની સંસ્થા દ્વારા આવાં સત્યનિષ્ઠ વ્યાખ્યાનો પ્રગટ કરવા માટે શ્રી હરિપ્રસાદભાઈએ ગૂજરાત વિદ્યાપીઠ પ્રત્યેની સદ્ભાવના અને મમતાથી, અમને પ્રોત્સાહિત કર્યા અને આ પ્રકાશનનાં પ્રૂફ સાદ્યંત જોઈ આપ્યાં તે માટે અમે તેમના ઋણી છીએ.

ગુજરાતના ઇતિહાસ-રસિકો અને ઇતિહાસ-સંશોધકોને આ પ્રકાશન ઉપયોગી નીવડશે એવી આશા છે.

**પ્રા. રામલાલ પરીખ**
અધ્યક્ષ, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ અને કુલનાયક



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રસ્તાવના

મુંબઈ યુનિવર્સિટી તરફથી ૧૯૭૯-૮૦માં મને ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળાના ઉપક્રમે વ્યાખ્યાનો આપવા માટે નિમંત્રણ મળ્યું ત્યારે મેં એનો સાભાર સ્વીકાર કર્યો, કેમ કે મેં મૅટ્રિક્યુલેશનનું પ્રમાણપત્ર તેમ જ બી.એ., એમ. એ. અને પીએચ. ડી.ની ડિગ્રીઓ એ યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત કર્યાં હોઈ મને એ યુનિવર્સિટી તરફ સ્વાભાવિક મમતા હતી તેમ જ ગુજરાતી ભાષા અને સાહિત્ય તથા ગુજરાતના ઈતિહાસના વિષયોમાં એની આ વ્યાખ્યાનમાળાનું પ્રદાન ઘણું મહત્ત્વ ધરાવે છે.

આ વ્યાખ્યાનો માટે સ્વાભાવિક રીતે મેં 'ગુજરાતના ઇતિહાસના ક્ષેત્રમાં અભિલેખો'નો વિષય પસંદ કર્યો ને ગુજરાતના રાજકીય તથા સાંસ્કૃતિક ઈતિહાસના સાધન તરીકે એના અભિલેખોનું મૂલ્યાંકન કરવા વિચાર્યું. એમાં મેં આ સમીક્ષાને પ્રાચીન કાલમાં સીમિત ન રાખતાં એમાં મધ્ય કાલ તથા અર્વાચીન કાલને પણ આવરી લેવાનું મુનાસિબ માન્યું. અભિલેખોમાંથી ઉપલબ્ધ થતી માહિતીનો રાજકીય ઈતિહાસના નિરૂપણમાં ઠીક ઠીક ઉપયોગ કરાયો છે; સાંસ્કૃતિક ઇતિહાસના આલેખનમાં રાજ્યતંત્ર, લિપિ અને કાલગણના અંગે અભિલેખોનો સંશોધન માટે ઠીક ઠીક અભ્યાસ કરાયો છે. પરંતુ એને લગતા બધા મહાનિબંધ હજી પ્રકાશિત થયા નથી, જ્યારે સામાજિક સ્થિતિ, આર્થિક સ્થિતિ, ધર્મ, ભાષા, વિદ્યા, સાહિત્ય, કલા ઈત્યાદિ વિશે આ અભિલેખોનો વિગતે અભ્યાસ કરાયો નથી. આથી મેં 'ઇતિહાસના સાધન તરીકે ગુજરાતના અભિલેખ'ની આ વ્યાખ્યાનમાળા માટે ૧. રાજકીય ઇતિહાસ, ૨. ધર્મ, ૩. વિદ્યા, કલા અને સાહિત્ય, ૪. સામાજિક અને આર્થિક ઇતિહાસ અને ૫. ભાષા, લિપિ અને કાલગણના એ પાંચ વિષય પસંદ કર્યા ને આ વ્યાખ્યાનોના આરંભમાં ગુજરાતના અભિલેખો વિશે કંઈ પ્રાસ્તાવિક કહેવાનો ઉપક્રમ યોજ્યો. ગુજરાતના પ્રાચીન અભિલેખ મને વર્ષોથી સુપરિચિત હતા, પરંતુ હવે મેં એની આ પાંચ વિભિન્ન વિષયવાર સમીક્ષા કરી એના અનુસંધાનમાં મધ્યકાલીન તથા અર્વાચીન અભિલેખોનો પણ અભ્યાસ કરવા માંડ્યો. આમાં પ્રકાશિત અભિલેખસંગ્રહો અને અભિલેખસૂચિઓ ઉપરાંત કેટલાક પ્રકાશિત-અપ્રકાશિત સંશોધન-મહાનિબંધ પણ ઉપયોગી નીવડ્યા. આમ કરતાં કરતાં ઑક્ટોબર ૧૯૮૦ સુધીમાં પાંચેય વ્યાખ્યાન તૈયાર થઈ ગયાં. પરંતુ એ વ્યાખ્યાનો આપવાનું થયું ફેબ્રુઆરી ૧૯૮૧માં, એ મહિનાની તા. ૧૦થી ૧૪ દરમ્યાન. આ વ્યાખ્યાન મુંબઈ યુનિવર્સિટીના પદવીદાન વ્યાખ્યાનખંડમાં એ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા ડૉ. રમણલાલ ચિ. શાહના પ્રમુખપદ નીચે અપાયાં. પ્રમુખ તરીકે ડૉ. રમણલાલ શાહે તેમ જ કેટલાક સ્થાનિક પત્રકારો તથા ઈતિહાસરસિકોએ એમાં સક્રિય રસ લીધો.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વ્યાખ્યાનો અપાયા પછી અત્યાર સુધીમાં તાજેતરમાં પ્રકાશિત થયેલાં સાધનોના સંદર્ભ પણ અહીં ઉમેરી લેવામાં આવ્યા છે. ગૂજરાત વિદ્યાપીઠ પાસેથી લિપિપટ્ટનો બ્લૉક મળ્યો છે તેની સાભાર નોંધ લઉં છું. ગુજરાતના અભિલેખોમાં વપરાયેલા સંવતોનાં આરંભવર્ષોનો માપપ્રમાણ સાથે સળંગ આલેખ આપ્યો છે. સંક્ષેપસૂચિ, સંદર્ભસૂચિ અને શબ્દસૂચિ પણ આપી છે.

અભિલેખો એ ઇતિહાસનું — રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસનું કેવું મહત્ત્વનું સાધન છે ને ગુજરાતના ઇતિહાસમાં અભિલેખોનું સાધન કેવું મહત્ત્વનું નીવડે છે તે અંગે આ પુસ્તકનું વાચન વાચકોને ઉપયોગી જણાશે એવી આશા રાખું છું.

આ વ્યાખ્યાનો તૈયાર કરાવી એના વિષયનો અધિક અભ્યાસ કરવાની તક આપવા માટે હું મુંબઈ યુનિવર્સિટીનો ખાસ આભાર માનું છું. પુસ્તકના પ્રકાશન અંગે શ્રી રામલાલ પરીખે સક્રિય રસ લઈ મુંબઈ યુનિવર્સિટીની મંજૂરી મેળવી ને ગૂજરાત વિદ્યાપીઠે એને પ્રકાશિત કરવાનું સ્વીકાર્યું તે માટે હું એ સંસ્થાનો તથા એના સંચાલકોનો કૃતજ્ઞ છું. પુસ્તકના સુરેખ મુદ્રણ તથા પ્રકાશન અંગે સક્રિય સહયોગ આપવા માટે ગૂજરાત વિદ્યાપીઠના પ્રકાશન અધિકારી શ્રી નારણભાઈ પટેલનો તથા નવજીવન પ્રેસના સંચાલક શ્રી જિતેન્દ્રભાઈ દેસાઈનો પણ આભારી છું.

અમદાવાદ ૯ — હરિપ્રસાદ શાસ્ત્રી
તા. ૩–૬–૧૯૮૨



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# અનુક્રમણિકા


| | |
|---|---|
| પ્રકાશકનું નિવેદન | ૧ |
| પ્રસ્તાવના | ૩ |
| સંક્ષેપસૂચિ | ૬ |
| વ્યાખ્યાન ૧ લું : પ્રાસ્તાવિક | ૧ |
| વ્યાખ્યાન ૧ લું (ચાલુ) : રાજકીય ઈતિહાસ | ૭ |
| વ્યાખ્યાન ૨ જું : ધર્મ | ૧૯ |
| વ્યાખ્યાન ૩ જું : વિદ્યા, કલા અને સાહિત્ય | ૩૯ |
| વ્યાખ્યાન ૪ થું : સામાજિક અને આર્થિક ઈતિહાસ | ૬૦ |
| વ્યાખ્યાન ૫ મું : ભાષા, લિપિ અને કાલગણના | ૭૮ |
| સંદર્ભસૂચિ | ૯૮ |
| શબ્દસૂચિ | |




Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## સંક્ષેપસૂચિ

| | |
|---|---|
| ગુ. ઐ. લે. | ગુજરાતના ઐતિહાસિક લેખો (ભાગ ૧-૩ : સંગ્ર. ગિ. વ. આચાર્ય; ભાગ ૪-૫, સંગ્ર. હ. ગં. શાસ્ત્રી) |
| ગુ. રા. સાં. ઇ. | ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ (ગ્રંથ ૧ થી ૭ : સં. ર. છો. પરીખ અને હ. ગં. શાસ્ત્રી) |
| ફા. ગુ. સ. ત્રૈ. | ફાર્બસ ગુજરાતી સભાનું ત્રૈમાસિક |
| जैलेसं | जनलेखसंग्रह (सं. पूरणचंद नाहर) |
| प्राजैलेसं | प्राचीनजैनलेखसंग्रह (सं. जिनविजयजी) |
| ARIE | Annual Report on Indian Epigraphy |
| BPSI | A Collection of Prakrit and Sanskrit Inscriptions published by the Bhavnagar State |
| C.I.I. | Corpus Inscriptionum Indicarum |
| E.I. | Epigraphia Indica |
| EIAPS | Epigraphia Indica, Arabic and Persian Supplement |
| I.K. | Inscriptions of Kathiawad (Ed. by D.B.Diskalkar) |
| JBBRAS | Journal of the Bombay Branch, Royal Asiatic Society |
| J.G.R.S. | Journal of Gujarat Research Society |
| J.O.I. | Journal of the Oriental Institute |
| J.U.B. | Journal of the University of Bombay |
| RAARPK | Report on the Architectural and Archaeological Remains in the Province of Kachh (Ed. by D.P. Khakhar) |
| V.V.R.B. | Vallabh Vidyanagar Research Bulletin |



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## વ્યાખ્યાન ૧ લું

# પ્રાસ્તાવિક

સંમાન્ય પ્રમુખશ્રી તથા વિદ્યારસિક શ્રોતાજનો,

જે યુનિવર્સિટીમાંથી મેં મૅટ્રિક્યુલેશન સર્ટિફિકેટ તથા બી.એ.થી પીએચ.ડી. સુધીની ડિગ્રીઓ પ્રાપ્ત કરેલી તે યુનિવર્સિટી ઑફ બૉમ્બે તરફથી મને શ્રી ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળાના ઉપક્રમે આ વ્યાખ્યાનાવલી આપવા નિમંત્રણ મળ્યું ત્યારે મેં તે વિદ્યાપ્રીત્યર્થે તેમ જ આ યુનિવર્સિટી પ્રત્યેની મમતાને લીધે સહર્ષ સ્વીકાર્યું. આ વ્યાખ્યાનમાળા નિમિત્તે મને મારા પ્રિય વિષયનું અધિક અધ્યયન કરવાની આવી તક આપવા માટે હું આ યુનિવર્સિટી પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરું છું.

પચાસેક વર્ષ ઉપર આ વ્યાખ્યાનમાળા માટે મુંબઈ યુનિવર્સિટીને જેમની મિલકતમાંથી ગુજરાતી ભાષા અને સાહિત્યના તથા ગુજરાતના ઇતિહાસના અધ્યયન-સંશોધનને પ્રોત્સાહન આપવા માટેનું આ દાન મળ્યું તે સદ્‌ગત ઠક્કર વસનજી માધવજીનું તેમ જ આ વ્યાખ્યાન-માળાના ઉપક્રમે ગુજરાતના ઇતિહાસ વિશે અગાઉ વિદ્વત્તાભર્યા વ્યાખ્યાન આપનાર પ્રો. કોમિસરિયેત, મુનિશ્રી જિનવિજયજી, શ્રી ક. મા. મુનશી, શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી, ડૉ. સાંકળિયા, પ્રો. રસિકલાલ છો. પરીખ ઇત્યાદિ પુરોગામી વિદ્વાનોનું સાદર સ્મરણ કરું છું.

આ વ્યાખ્યાનમાળાના વિષય માટે મારી સમક્ષ જે બે વિકલ્પ હતા તે પૈકી 'ગુજરાતનો ઇતિહાસ' મારા અભ્યાસનો વિષય હોઈ મેં એ વિકલ્પ તરત પસંદ કરી લીધેલો ને એ પછી એમાં ગુજરાતના ઇતિહાસનાં સાધનોમાં મહત્ત્વનું સ્થાન ધરાવતા અભિલેખો પર મારી સ્વાભાવિક પસંદગી ઊતરી, કેમ કે મેં એમ.એ.માં મુખ્ય ભાષા સંસ્કૃતમાં અભિલેખવિદ્યાનું વૈકલ્પિક શાસ્ત્ર સાગ્રહ પસંદ કરેલું ત્યારથી અર્થાત્ ૧૯૪૦થી અભિલેખવિદ્યા મારી અભિરુચિ તથા અધ્યયનનો વિશિષ્ટ વિષય છે.

અભિલેખ એટલે કોઈ પણ પદાર્થ પર કોતરેલું લખાણ, inscription. અભિલેખોમાં શિલાલેખો, તામ્રપત્ર-લેખો, ધાતુપ્રતિમા-લેખો, સિક્કા-લેખો ઇત્યાદિનો સમાવેશ થાય છે. ઉપરાંત સિક્કાઓ તથા મુદ્રાંકો પર અભિલિખિત બીબાં વડે અંકિત કરેલાં લખાણોનો પણ સમાવેશ કરવામાં આવે છે. અક્ષરોને કોતરવાને બદલે એની આસપાસના ભાગને કોતરી કાઢીને અક્ષરોને ઊપસેલા રાખવામાં આવે છે, તેને પણ અભિલેખ ગણવામાં આવે છે.[૧]

અભિલેખ ઇતિહાસનું એક મહત્ત્વનું સાધન છે. તે તે પ્રદેશના ને તે તે સમયના અભિ-લેખ વાંચવા માટે સહુ પહેલાં અભિલેખની લિપિની તેમ જ તે તે પ્રદેશના તે તે સમયના લિપિ-સ્વરૂપની જાણકારી જરૂરી છે. પ્રાચીન હસ્તપ્રતોની જેમ પ્રાચીન અભિલેખો વાંચવા માટે





Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રાચીન-લિપિવિદ્યા જાણવી અનિવાર્ય છે. મુસ્લિમ અભિલેખો વાંચવા માટે અરબી–ફારસી–ઉર્દૂ તથા તેની વિવિધ સુલેખન-શૈલીઓ જાણવી જરૂરી છે. અર્વાચીન અભિલેખો માટે યુરોપીય અને અન્ય એશિયાઈ લિપિઓ તથા તે તે પ્રદેશની વર્તમાન ભારતીય લિપિઓ જાણવી જોઈએ.

લિપિ પછીનું સોપાન છે ભાષા. ભારતીય અભિલેખ કાં તો પ્રાકૃત કે સંસ્કૃતમાં, કાં તો તમિળ–તેલુગુ–કન્નડ વગેરે દ્રાવિડ ભાષાઓમાં, કાં તો અરબી, ફારસી કે ઉર્દૂ ભાષામાં, કાં તો તે તે સમયની પ્રચલિત પ્રાદેશિક ભાષામાં, કોઈ વાર ફિરંગી, ડચ, આરમેનિયન, ફ્રેન્ચ કે અંગ્રેજી જેવી યુરોપીય ભાષામાં કે ક્વચિત્ હિબ્રૂ કે ચીની જેવી વિદેશી એશિયાઈ ભાષામાં લખાયા હોય છે.[૨] ભાષાની સાથે સાથે એનાં વ્યાકરણ, જોડણી, છંદ, શબ્દભંડોળ વગેરેની જાણકારી પણ અપેક્ષિત છે. એવી રીતે એ પ્રદેશની એ સમયની ઐતિહાસિક, ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક સ્થિતિની પણ સામાન્ય માહિતી આવશ્યક છે.

રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસમાં અભિલેખોમાંથી મળતી માહિતીનો વિનિયોગ કરવા માટે આ જાણકારી અનિવાર્ય ગણાય. ભારતના રાજકીય ઇતિહાસના અન્વેષણ, સંશોધન અને નિરૂપણમાં અભિલેખોનું મહત્ત્વનું પ્રદાન છે, કેમ કે અભિલેખો સમકાલીન સાધન તરીકે અને હસ્તપ્રતોના પાઠની અપેક્ષાએ ધ્રુવ–અવિકારી પાઠ ધરાવતા સાધન તરીકે સાહિત્યિક સાધન કરતાંય વધુ ઉપકારક નીવડે છે. પુરાણોમાં નિરૂપેલા આનુશ્રુતિક વૃત્તાંતોમાંના કેટલાક રાજવંશોની ઐતિહાસિકતા અભિલેખોના આધારે સિદ્ધ થઈ છે ને એમાંના જે પ્રાચીનતર રાજવંશોને સમકાલીન અભિલેખોનું સંગીન સમર્થન મળ્યું નથી, તે રાજવંશોને આદ્ય–ઐતિહાસિક ગણી એની ઐતિહાસિકતા સ્વીકારવાનું હજી મોકૂફ રાખવું પડે છે. વળી કેટલાક રાજાઓ કે રાજવંશોની માહિતી અભિલેખોમાંથી જ ઉપલબ્ધ થઈ છે.[૩]

અભિલેખો રાજ્યતંત્રમાં ખાસ કરીને અધિકારીઓના મોટાનાના હોદ્દાઓ, વહીવટી વિભાગો અને પેટા વિભાગો, રાજ્યની આવકનાં સાધનો, ભૂમિ-માપની જુદી જુદી પદ્ધતિઓ વગેરે વિશે ઠીક ઠીક માહિતી આપે છે.[૪] રાજ્યોના વિસ્તાર તેમ જ અનેક પ્રદેશો, નગરો, ગામો, પર્વતો, નદીઓ વગેરેનાં તત્કાલીન નામો દ્વારા ઐતિહાસિક ભૂગોળ પણ એમાંથી જાણવા મળે છે.[૫]

ઇતિહાસની અર્વાચીન વિભાવનામાં રાજકીય ઇતિહાસ કરતાંય સાંસ્કૃતિક ઇતિહાસને વધુ મહત્ત્વ આપવામાં આવે છે.

ભારતના ઘણા અભિલેખ ધર્મ-દાન તથા મંદિરાદિ-નિર્માણને લગતા હોઈ તે તે સમયના ધર્મસંપ્રદાયો, દેવાલયો, પ્રતિમાઓ, મહંતો, બ્રાહ્મણો, યજ્ઞો, સ્તૂપો, વિહારો, જલાશયો, મસ્જિદો વગેરેની માહિતી પૂરી પાડે છે. પ્રાય: મંદિરાદિના નિર્માણ કે પુનર્નિર્માણની તથા પ્રતિમાના નિર્માણ અને પ્રતિષ્ઠાની માહિતી અભિલેખોમાંથી પ્રાપ્ત થાય છે.[૬]

કેટલાક અભિલેખોમાં તે તે સમયની કેટલીક સામાજિક અને આર્થિક બાબતોના પણ પ્રાસંગિક ઉલ્લેખ આવે છે.[૬અ] કેટલીક વાર ગદ્યમાં કે પદ્યમાં કે બંનેમાં રચાયેલી સુંદર સાહિત્યિક રચનાઓ અભિલેખોમાં મળી આવે છે, ખાસ કરીને પ્રશસ્તિઓમાં. એમાંથી ક્યારેક હરિષેણ કે રવિકીર્તિ જેવા અન્યથા અજ્ઞાત સિદ્ધહસ્ત કવિઓની જાણકારી થાય છે.[૭] વળી



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અભિલેખોમાં સામાન્યતઃ હંમેશાં તે તે સમયનો નિર્દેશ કરાતો હોઈ એ પરથી તે તે પ્રદેશની તે તે સમયની કાલગણના-પદ્ધતિનો પણ પરિચય થાય છે.[૮] અભિલેખો તે તે સમયની પ્રચલિત ભાષા તથા લિપિને યથાર્થ રીતે રજૂ કરતા હોઈ ભાષા અને લિપિના ઇતિહાસમાંય મહત્ત્વની સામગ્રી પૂરી પાડે છે.[૯] આમ અભિલેખો રાજકીય ઇતિહાસ માટે તથા સાંસ્કૃતિક ઇતિહાસનાં અનેકવિધ પાસાં માટે એક ઘણું ઉપયોગી સાધન છે, જે સમકાલીન સાધન તરીકે ઘણે અંશે શ્રદ્ધેય નીવડે છે.

છતાં અન્ય સાધનોની જેમ આ સાધનમાં પણ અત્યુક્તિઓ તથા અલ્પોક્તિઓ, રાજકીય કે સામ્પ્રદાયિક રાગદ્વેષ, કાવ્યોચિત કલ્પનાઓ, પરંપરાગત માન્યતાઓ ઇત્યાદિ સામે પૂરતી સાવધતા રાખવાની જરૂર રહે છે. ઉપલબ્ધ સાધનસામગ્રીના અધ્યયનમાં એમાં આપેલી માહિતીનું સંશોધન થાય ત્યારે જ તે શ્રદ્ધેય રીતે ઉપકારક નીવડે છે.[૧૦]

પ્રાચીન કાલના ઇતિહાસ માટે અભિલેખો સાહિત્યિક સામગ્રી કરતાં વધુ ઉપયોગી નીવડયા છે; ને ઐતિહાસિક કાલનાં સાધનોમાં આ બંને પ્રકારનાં વાઙ્મય સાધનો અવાઙ્મય પુરાતત્ત્વીય સાધન કરતાં વધુ વિગતવાર માહિતી પૂરી પાડે છે, ખાસ કરીને વ્યક્તિવિશેષો, સ્થલવિશેષો અને ઘટનાવિશેષોની બાબતમાં.

અભિલેખોનો પદ્ધતિસર અભ્યાસ કરાવતી વિદ્યાને "અભિલેખવિદ્યા" (Epigraphy) કહે છે. ભારતમાં અભિલેખવિદ્યાનાં પગરણ થયાં ૧૮ મી સદીના છેલ્લા ચરણમાં, ગુપ્તકાલ સુધીની બ્રાહ્મી લિપિ ઊકલી ૧૯ મી સદીના પૂર્વાર્ધમાં, મૌર્યકાલ સુધીનાં એનાં પ્રાચીન સ્વરૂપ પણ એ જ અરસામાં ઉકેલી શકાયાં.[૧૧] ઉત્તરપશ્ચિમ ભારતમાં પ્રયોજાયેલી ખરોષ્ઠી લિપિની વર્ણમાલા પણ ત્યારે બંધ બેઠી.[૧૨] હડપ્પીય સભ્યતાની લિપિ ઉકેલવાના પ્રયત્ન હજી ચાલુ છે.

ભારતીય પ્રાચીનલિપિવિદ્યા તથા ભારતીય અભિલેખવિદ્યા વિશે અનેક ગ્રંથ લખાયા છે. એના અંગરૂપ ગુજરાતની પ્રાચીનલિપિવિદ્યા વિશે એક પુસ્તક પ્રસિદ્ધ થયું છે,[૧૩] પરંતુ ગુજરાતની અભિલેખવિદ્યાને લગતું કોઈ ખાસ પુસ્તક તૈયાર કરાયું નથી.

'આર્કિયૉલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા' તરફથી ૧૮૭૨માં *Indian Antiquary* નામે સંશોધન-સામયિક શરૂ થયું તેમાં ભારતના અનેકાનેક અભિલેખ પ્રસિદ્ધ થયા છે, જેમાં ગુજરાતના અનેક મહત્ત્વના અભિલેખોનો સમાવેશ થાય છે. ૧૮૮૮માં એ ખાતા તરફથી અભિલેખો માટે *Epigraphia Indica* નામે ખાસ સામયિક શરૂ કરવામાં આવ્યું, જે અદ્યપર્યંત ચાલુ છે. એમાં પણ ગુજરાતના અનેક અભિલેખ પ્રકાશિત થતા રહ્યા છે. મુસ્લિમોના અરબી-ફારસી અભિલેખો માટે 'આર્કિયૉલૉજિક્લ સર્વે ઑફ ઇન્ડિયા' તરફથી પહેલાં *Epigraphia Indo-Moslemica* નામે દ્વિવાર્ષિક બહાર પડતું. હાલ એને બદલે દર વર્ષે *Epigraphia Indica* નું *Arabic and Persian Supplement* બહાર પડે છે. આ બધામાં પણ ગુજરાતના અભિલેખોનો સમાવેશ થાય છે. વળી બુદ્ધિપ્રકાશ, પુરાતત્ત્વ, સ્વાધ્યાય અને પથિક જેવાં ગુજરાતી સામયિકોમાં તેમ જ *Journal of the University of Bombay, Bharatiya Vidya, Journal of the M.S. University, Baroda, Journal of the Oriental Institute, Baroda* જેવાં અંગ્રેજી સામયિકોમાં પણ ગુજરાતના અનેક



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અભિલેખ પ્રસિદ્ધ થતા રહ્યા છે. આ સર્વ સામયિકો, અહેવાલો વગેરેમાંથી ગુજરાતના અભિલેખો એકત્ર કરી એનું વંશવાર તથા વર્ષવાર વર્ગીકરણ કરી સંગ્રહરૂપે ગ્રંથસ્થ થાય એ ઘણું આવશ્યક હોય છે.

ગુજરાતના અભિલેખોના આવા કેટલાક સંગ્રહ પ્રકાશિત થયા છે. બર્જેસે તૈયાર કરેલા અને કાઉસેન્સે *revised* કરેલ *List of Antiquarian Remains in the Bombay Presidency*(*1862*)માં ગુજરાતના અનેક અભિલેખોનો સમાવેશ થયેલો. એવી રીતે શ્રી દલપતરામ ખખ્ખરે તૈયાર કરેલ *Report on the Architectural and Archaeological Remains in the Province of Kachh*(*1879*)માં ત્યાંના અભિલેખોનો સમાવેશ થયો. અભિલેખોના સંગ્રહ તૈયાર કરાવી પ્રકાશિત કરવાનાં પગરણ ભાવનગર સંસ્થાને કર્યાં. એક સંગ્રહ પ્રાકૃત–સંસ્કૃત અભિલેખોનો અને બીજો સંગ્રહ અરબી–ફારસી અભિલેખોનો કર્યો. *A Collection of Prakrit and Sanskrit Inscriptions* ની પ્રસ્તાવના પીટર પીટરસને લખી છે. અરબી-ફારસી અભિલેખોનો સંગ્રહ *Corpus Inscriptionum Bhavanagari* શીર્ષકથી ૧૮૮૯ માં પ્રકાશિત થયો. દરમ્યાન ગુજરાતીમાં શ્રી વજેશંકર ગૌરીશંકર ઓઝાએ તૈયાર કરેલો 'પ્રાચીન શોધસંગ્રહ' (૧૮૮૭) પણ પ્રસિદ્ધ થયો. અહીંની શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ ગુજરાતના ઐતિહાસિક સંસ્કૃત અભિલેખોનો સંગ્રહ તૈયાર કરાવી પ્રકાશિત કરવાનું હાથમાં લીધું. શ્રી ગિરજાશંકર વલ્લભજી આચાર્યે પ્રાચીન કાલથી વાઘેલા વંશની સમાપ્તિ પર્યંતના એવા અભિલેખોનો સંગ્રહ ત્રણ ભાગોમાં તૈયાર કર્યો, જે 'ગુજરાતના ઐતિહાસિક લેખો' શીર્ષક નીચે ક્રમશ: ૧૯૩૩, ૧૯૩૫ અને ૧૯૪૨ માં પ્રકાશિત થયા. પછીના અભિલેખોના સંગ્રહ એ સંસ્થાએ આ વક્તાને સોંપતાં એમણે તૈયાર કરેલો સલ્તનત કાલને લગતો ભાગ ૪ ૧૯૭૯ માં પ્રકાશિત થયો છે ને મુઘલ કાલને લગતો ભાગ ૫ પ્રેસમાં છે.[૧૪]

વૉટ્સન મ્યૂઝિયમ, રાજકોટના ક્યુરેટર શ્રી વલ્લભજી હરિદત્ત આચાર્યે સૌરાષ્ટ્રના સેંકડો અભિલેખોની છાપ સંગૃહીત કરેલી. એ અને એવી બીજી સામગ્રીના આધારે એમના ઉત્તરાધિકારી શ્રી દ. બા. ડિસકળકરે *New Indian Antiquary* સામયિકના પુ. ૧ થી ૩ (૧૯૩૮-૧૯૪૧)માં મહત્ત્વના અભિલેખો *Inscriptions of Kathiawad* શીર્ષક નીચે પ્રકાશિત કર્યા.

પછી ડૉ. મુહમ્મદ અબ્દુલ્લાહ ચઘતાઈએ સંપાદિત કરેલા અમદાવાદના અરબી-ફારસી અભિલેખોનો *Muslim Monuments of Ahmedabad through Inscripions* (૧૯૪૨)માં સમાવેશ થયો. વડોદરા રાજ્યના પુરાતત્ત્વ ખાતા તરફથી ત્યાંના અભિલેખોના બે સંગ્રહ બહાર પડયા : શ્રી અ. સ. ગદ્રેએ સંપાદિત કરેલા મહત્ત્વના સંસ્કૃત અભિલેખ *Important Inscriptions from the Baroda State, Vol. I* માં ૧૯૪૩ માં અને શ્રી યાઝદાની તથા શ્રી જ્ઞાનીએ સંપાદિત કરેલા મુસ્લિમ અભિલેખ એ ગ્રંથમાલાના ગ્રંથ-૨માં ૧૯૪૪ માં પ્રકાશિત થયા. મુનિ વિશાલવિજયજીએ ૧૯૬૦ માં 'રાધનપુર-પ્રતિમાલેખ-સંદોહ' પ્રગટ કર્યો. તાજેતરમાં (૧૯૮૦ માં) શ્રી શંભુપ્રસાદ હરપ્રસાદ દેશાઈએ *Arabic and Persian Incriptions of Saurashtra* નો સંગ્રહ બહાર પાડયો છે.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગુજરાતના એવા સંખ્યાબંધ અભિલેખો, ખાસ કરીને પ્રતિમા-લેખો, અનેક ઇતર અભિલેખ-સંગ્રહોમાં સમાવિષ્ટ છે, જેમાંના ઘણા હજી ગુજરાતના અભિલેખસંગ્રહોમાં સમાવેશ પામ્યા નથી. દા. ત. મુનિ બુદ્ધિસાગરનો जैनधातुप्रतिमालेखसंग्रह (૧૯૧૭), શ્રી પૂરણચંદ નાહરનો जैनलेखसंग्रह ભાગ ૧ (૧૯૧૮) અને ભાગ ૨ (૧૯૨૭), મુનિ જિનવિજયજીનો प्राचीनजैनलेखसंग्रह, ભાગ ૨ (૧૯૨૧), મુનિ જયંતવિજયજીનો "અર્બુદપ્રાચીનલેખસંદોહ" (૧૯૩૮) અને 'અર્બુદાચલપ્રદક્ષિણાજૈનલેખસંદોહ' (૧૯૪૯), શ્રી દોલતસિંહ લોઢાનો 'जैनप्रतिमालेखसंग्रह' (૧૯૫૧) અને શ્રી વિજયમૂર્તિનો 'जैनशिलालेखसंग्रह' (૧૯૫૨). એવી રીતે 'જૈનતીર્થસર્વસંગ્રહ' (૧૯૫૩) અને 'ચરોતર સર્વસંગ્રહ' (૧૯૫૪) જેવા સર્વસંગ્રહોમાં તથા 'વલ્લભવિદ્યાનગર સંશોધન પત્રિકા' (૧૯૫૭)માં ગુજરાતનાં વિવિધ સ્થળોના અનેક અભિલેખ પ્રકાશિત થયા છે. તેમ જ અમદાવાદ, ખંભાત, શંખેશ્વર, કાવી, ઘોઘા અને કુંભારિયા જેવાં સ્થળોને લગતાં પુસ્તકોમાં અનેક અભિલેખ પ્રસિદ્ધ થયા છે. વળી રૅપ્સન,[૧૫] એલન,[૧૬] ટેયલર[૧૭] અને સિંઘલ[૧૮] જેવા વિદ્વાનોએ તૈયાર કરેલા સિક્કાગ્રંથોમાં ગુજરાતના સંખ્યાબંધ સિક્કાઓનું નિરૂપણ કરાયું છે. છતાં *Corpus Inscriptionum Indicarum* ગ્રંથમાળાના ગ્રંથોના જેવા સમીક્ષિત અને સચિત્ર અભિલેખસંગ્રહ ગુજરાતને હજી ભાગ્યે જ સાંપડયા છે.

ગુજરાત ઇતિહાસ પરિષદ તરફથી ૧૯૬૨-૭૨ દરમ્યાન ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિમાં અભિલેખોની સૂચિઓ પ્રકાશિત થઈ છે — ખંડ ૨ : શિલાલેખો અને તામ્રપત્રલેખો (ઈ.સ. ૧૩૦૦ સુધીના),[૧૯] ખંડ ૩ : પ્રતિમાલેખો (ઈ.સ. ૧૩૦૦ સુધીના),[૨૦] ખંડ ૪ : શિલાલેખો (ઈ.સ. ૧૩૦૧-૧૭૬૦),[૨૧] ખંડ ૫ : પ્રતિમાલેખો (ઇ.સ. ૧૩૦૧-૧૭૦૦),[૨૨] ખંડ ૬ : અરબી-ફારસી શિલાલેખો (ઈ.સ. ૯૨૦-૧૯૫૩).[૨૩] .એમાંના ખંડ ૨ માં કુલ ૪૩૯, ખંડ ૩ માં ૬૬૮, ખંડ ૪ માં ૪૪૩, ખંડ ૫ માં ૩,૬૯૫ અને ખંડ ૬ માં ૬૨૩ મળી એકંદરે ૫,૮૬૮ અભિલેખ નોંધવામાં આવ્યા છે. હજી એમાં ઈ.સ. ૧૭૬૦ પછીના શિલાલેખોની અને ઇ.સ. ૧૭૦૦ પછીના પ્રતિમાલેખોની સૂચિ આપવી બાકી છે. તે સૂચિઓમાં નોંધવાના રહી ગયેલા તેમ જ તે તે સૂચિના પ્રકાશન પછી પ્રકાશિત થયેલા અભિલેખ ઉમેરાતાં આ સંખ્યામાં સહેજે એકાદ હજારનો ઉમેરો થાય. ને હજી અપ્રકાશિત રહેલા અભિલેખોની, ખાસ કરીને પ્રતિમાલેખો તથા પાળિયા-લેખોની સૂચિ તૈયાર થાય તો એમાં ઓછામાં ઓછા એટલા બીજા અભિલેખ ઉમેરવા પડે. આદ્ય-ઐતિહાસિક કાલના જે અભિલેખ લોથલ, રોજડી (શ્રીનાથગઢ), સુરકોટડા વગેરે સ્થળોએ મળ્યા છે, તેની લિપિ હજુ સર્વમાન્ય રીતે ઊકલી નથી, ને એથી એનો સમાવેશ આ સૂચિ-ઓમાં થયો નથી. એવી રીતે ઉત્ખનનો વગેરેમાં મળેલ ઐતિહાસિક કાલના મુદ્રાઓ તથા મુદ્રાંકો પરના અનેક અભિલેખ પણ આ સૂચિઓમાં સમાવેશ પામ્યા નથી. આમ ગુજરાતમાં જળવાયેલા પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ અભિલેખોની કુલ સંખ્યા આશરે દસ હજારની અંદાજી શકાય.

ગુજરાતના આ અભિલેખોમાં અશોકના શૈલલેખો, ક્ષત્રપોના યષ્ટિલેખો તથા સિક્કાલેખો, ગુપ્તોના સિક્કાલેખો, મૈત્રકો રાષ્ટ્રકૂટો સોલંકીઓ વગેરેના તામ્રપત્રલેખો, સોલંકીઓ વગેરેના શિલાલેખો, મંદિરો વાવો અને મસ્જિદોમાંના શિલાલેખો, પાષાણપ્રતિમાલેખો તથા ધાતુપ્રતિમાલેખો, પાળિયાલેખો અને તકતીલેખો ખાસ નોંધપાત્ર છે.

આધુનિક સમયમાં સાર્વજનિક ઉપયોગિતા ધરાવતી અનેક ઘટનાઓ(જેવી કે ખાત-મુહૂર્તો, શિલારોપણો, ઉદ્‌ઘાટનો)ને લગતા તથા શહીદો વગેરેનાં સ્મારકોને લગતા અભિલેખોનો



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વર્ષપ્રતિવર્ષ ઉમેરો થયા કરે છે. આમ ગુજરાતના ઇતિહાસમાં અભિલેખો સમગ્ર દષ્ટિએ જોતાં ૪૪ સદીઓનો અને એમાં માત્ર ઐતિહાસિક કાલના વાચ્ય અભિલેખોનો જ સમાવેશ કરીએ તો ૨૨ સદીઓનો વિસ્તૃત સમયપટ ધરાવે છે.

આ છેલ્લી ૨૨ સદીઓના ઇતિહાસના નિરૂપણમાં અભિલેખો મહત્ત્વનું સાધન નીવડયા છે, ખાસ કરીને પ્રાચીન કાલના ઇતિહાસમાં, પ્રાચીન કાલની સરખામણીએ મધ્ય કાલમાં અને મધ્ય કાલની સરખામણીએ અર્વાચીન કાલમાં સાહિત્યિક સાધનોનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું જતાં ઇતિહાસના સાધન તરીકે અભિલેખોનું મહત્ત્વ સ્વાભાવિક રીતે ઘટતું જાય છે. છતાં તે તે સમયના ઇતિહાસના ચોક્કસ નિરૂપણમાં અર્વાચીન — આધુનિક તેમ જ વર્તમાન અભિલેખોને લક્ષમાં લીધા વિના ચાલશે નહીં. અભિલેખો તે તે સમયની નોંધપાત્ર સાર્વજનિક ઘટનાઓનાં ચિરંજીવ લિખિત સ્મારક છે.

ગુજરાતના અભિલેખોનું અધ્યયન રાજકીય ઇતિહાસ, ધર્મ, વિદ્યા કલા અને સાહિત્ય, સામાજિક ઇતિહાસ, આર્થિક ઇતિહાસ, ભાષા, લિપિ, કાલગણના ઇત્યાદિના સંશોધનમાં કેવું મહત્ત્વ ધરાવે છે તેની સદૃષ્ટાંત સમીક્ષા હવે પછીનાં વ્યાખ્યાનોમાં કરીશું.

## પાદટીપો

૧. હ. ગં. શાસ્ત્રી, 'ભારતીય અભિલેખવિદ્યા,' પૃ. ૧-૨
૨. એજન, પ્રકરણ ૭ (પૃ. ૯૮-૧૦૭)
૩. એજન, પૃ. ૩૫૦-૩૫૨
૪. એજન, પૃ. ૩૫૨–૩૫૩
૫. એજન, પૃ. ૩૫૩–૩૫૪
૬. એજન, પૃ. ૩૫૪–૩૫૯
૬ અ. એજન, પૃ. ૩૬૪–૩૬૫
૭. એજન, પૃ. ૩૬૨-૩૬૪
૮. એજન, પૃ. ૩૫૪
૯. એજન, પૃ. ૩૫૯–૩૬૨
૧૦. એજન, પૃ. ૩૭૦–૩૭૬
૧૧. એજન, પૃ. ૨૦–૨૩
૧૨. એજન, પૃ. ૨૩-૨૫
૧૩. પ્ર. ચિ. પરીખ, 'ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિવિકાસ' (અમદાવાદ, ૧૯૭૪)
૧૪. હવે (૧૯૮૧માં) પ્રકાશિત થઈ ગયો છે.
૧૫. E.J. Rapson, *Catalogue of the Indian Coins in the British Museum, Vol. IV: Catalogue of the Coins of the Andhra Dynasty, the Westerm Kshatrapas, the Traikutaka Dynasty and the Bodhi Dynasty*
૧૬. John Allan, *Catalogue of the Coins in the British Museum, of the Gupta Dynasties and of Sasanka King of Gauda*
૧૭. G. P. Taylor, *Coins of the Gujarat Sultanate*, JBBRAS, Vol. XXI, pp. 320 ff.
૧૮. C. R. Singhal, *Catalogue of the Coins of Gujarat Sultans in the Prince of Wales Museum, Bombay*
૧૯. સંપા. પ્ર. ચિ. પરીખ (૧૯૬૨)
૨૦. સંપા. ન. આ. આચાર્ય (૧૯૬૬)
૨૧–૨૨ સંપા. હે. વિ. ત્રિવેદી (૧૯૬૯)
૨૩. સંપા. ગ્રિ. અ. દેસાઈ (૧૯૭૨)



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## વ્યાખ્યાન ૧ લું (ચાલુ)

# રાજકીય ઇતિહાસ

પ્રાગૈતિહાસિક કાલમાં લેખનકલાનો અભાવ હોવાથી એ કાલના ઇતિહાસ માટે લિખિત કે અભિલિખિત સાધનોની અપેક્ષા જ રહેતી નથી. આદ્ય-ઐતિહાસિક કાલમાં હડપ્પીય સભ્યતા-નાં રંગપુર, પ્રભાસ, રોજડી (શ્રીનાથગઢ), લોથલ, દેસલપર, પબુમઠ, સુરકોટડા, મહેગામ, તેલોદ વગેરે સ્થળોના શાસકો કે તેઓની શાસનપદ્ધતિ વિશે કંઈ સીધી માહિતી ઉપલબ્ધ નથી. પુરાણોમાં નિરૂપેલી અનુશ્રુતિઓમાં શાર્યાતો, ભૃગુઓ અને યાદવો વિશે જે માહિતી આપેલી છે, તેને સમર્થન આપતા કોઈ અભિલેખ હજી પ્રાપ્ત થયા નથી. ભારતનો પ્રમાણિત ઇતિહાસ બુદ્ધ–મહાવીરના સમકાલીન મગધનરેશ બિંબિસારના સમયથી શરૂ થાય છે, પરંતુ ગુજરાતના તત્કાલીન ઇતિહાસ અંગે હજી કોઈ સમકાલીન અભિલેખ મળ્યા નથી.

ઐતિહાસિક કાલના ગુજરાતના અભિલેખોમાં સહુથી પ્રાચીન અભિલેખ મૌર્ય રાજા અશોકના ગિરનાર શૈલલેખ[1] છે. અશોકે ધર્મને લગતા ચૌદ લેખ પોતાના રાજ્યના અનેક પ્રાંતોનાં વડાં મથકોમાં શૈલ પર કોતરાવ્યા હતા. એ અનુસાર સૌરાષ્ટ્ર પણ એના રાજ્યનો એક પ્રાંત હશે ને જૂનાગઢ એ પ્રાંતનું વડું મથક હશે એવું અનુમાન તારવવામાં આવતું. ગિરનાર-જૂનાગઢ માર્ગ પર દામોદર કુંડ પાસે આવેલા એ શૈલની બીજી બાજુ પર રાજા મહાક્ષત્રપ રુદ્રદામાનો લેખ કોતરેલો છે.[2] એમાંથી જાણવા મળે છે કે ગિરનારને ત્યારે 'ઊર્જયત્' કહેતા ને એ ગિરિની તળેટી પાસે વસેલા નગરને 'ગિરિનગર' કહેતા. એની સમીપમાં 'સુદર્શન' નામે જળાશય આવેલું હતું. રુદ્રદામાનો આ શૈલલેખ એ જળાશયનો આરંભિક વૃત્તાંત નિરૂપતાં જણાવે છે કે એ જળાશય મૌર્ય રાજા ચંદ્રગુપ્તના રાષ્ટ્રિય (રાજ્યપાલ) વૈશ્ય પુષ્પગુપ્તે કરાવ્યું હતું ને અશોક મૌર્યના રાષ્ટ્રિય યવનરાજ તુષાસ્ફે એને પ્રનાળીઓથી અલંકૃત કર્યું હતું. આ ઉલ્લેખ પરથી આ પ્રદેશમાં મૌર્ય વંશના સ્થાપક રાજા ચંદ્રગુપ્તનું તથા એના પૌત્ર અશોકનું શાસન પ્રવર્ત્યું હોવાની પ્રતીતિ થઈ છે. આ અભિલેખો ન હોત, તો અહીં એ મૌર્ય રાજવીઓની સત્તા પ્રવર્તી હોવાનું જાણવા મળ્યું ન હોત. વળી ઈ.સ. ૧૫૧ના અરસામાં લખાયેલા રુદ્ર-દામાના આ શૈલલેખમાં ચંદ્રગુપ્ત મૌર્ય (લગભગ ઈ. પૂ. ૩૨૨-૨૯૮) અને અશોક મૌર્ય (લગભગ ઈ. પૂ. ૨૭૩-૨૩૭)ના સમયના અર્થાત્ પોતાના સમયની પહેલાંનાં ચારસો-સાડા ચારસોથી વધુ વર્ષ પરના રાજાઓના તે તે સમયના રાજ્યપાલોનાં નામ પણ આપવામાં આવ્યાં છે એ દૃષ્ટિએ આ શૈલલેખ પોતાના સમયના જ નહીં, પોતાની પહેલાંના મૌર્યકાલ જેટલા પ્રાચીન કાલનાય ઇતિહાસ માટે ઘણી ઉપયોગિતા ધરાવે છે.

રાજા અશોકના પૌત્ર સંપ્રતિએ ગુજરાતમાં કેટલાંક સ્થળોએ જિનાલય બંધાવ્યાં હોવાની અનુશ્રુતિ છે, પરંતુ સમકાલીન અભિલેખોના અભાવે અશોકના સમય પછીનો મૌર્યકાલીન



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઇતિહાસ હજી કોઈ ચોક્કસ આકાર પામી શક્યો નથી. ગુજરાતમાં મૌર્યકાલના બિંબટંક-આહત સિક્કા મળ્યા છે, પરંતુ એમાં કંઈ લખાણ ન હોઈ એ આ બાબતમાં કંઈ વધુ પ્રકાશ પાડી શકતા નથી.

શુંગવંશના સમકાલીન ભારતીય-યવન રાજાઓ પૈકી એઉક્રતિદ, મિનન્દર અને અપલદત ૨ જાના સિક્કા ગુજરાતમાં મળ્યા છે.[3] આ સિક્કાઓ પર તે તે રાજાનાં નામ – બિરુદ આપેલાં હોય છે. એ પૈકી એઉક્રતિદના સિક્કા અહીં ચલણમાં હશે કે વેપાર માટે આયાત થયા હશે એ પ્રશ્ન છે, પરંતુ મિનન્દર (લગભગ ઈ. પૂ. ૧૫૫-૧૩૦) અને અપલદત ૨ જા(લગભગ ઈ. પૂ. ૧૧૫-૯૫)ના સિક્કા છેક 'પેરિપ્લસ'ના લેખકના સમય (ઈ.સ. ૭૦-૮૦) સુધી ભરૂચમાં ચલણમાં હતા.[૪] આમ અનુ-મૌર્ય કાલના અલ્પજ્ઞાત ઇતિહાસમાં આ સિક્કાઓ પરના અભિલેખ કેટલોક પ્રકાશ પાડે છે.

ક્ષત્રપકાલ એ ગુજરાતના પ્રાચીન ઇતિહાસનો એક લાંબો કાલ છે. પશ્ચિમી ક્ષત્રપ રાજાઓમાં પહેલાં ક્ષહરાત કુલના ભૂમક અને નહપાનનું રાજ્ય પ્રવર્ત્યું. સિક્કાઓનાં પ્રાપ્તિસ્થાન તથા ગુફા-લેખોમાંના ઉલ્લેખો પરથી તેઓના રાજ્યમાં રાજસ્થાન, ગુજરાત, માળવા અને મહારાષ્ટ્રનો સમાવેશ થતો હોવાનું માલૂમ પડે છે. ક્ષહરાત વંશની સત્તાનો અંત આણી દખ્ખણના રાજા ગૌતમીપુત્ર શાતકર્ણિએ એ પ્રદેશો પર પોતાનું શાસન વિસ્તાર્યું.

પરંતુ થોડાં જ વર્ષમાં એક બીજા કુળના ક્ષત્રપ રાજાઓએ એમાંના મહારાષ્ટ્ર સિવાયના બધા પ્રદેશ પાછા મેળવ્યા. એ વંશના સ્થાપકનું નામ છે ચષ્ટન કે ચાષ્ટન. પહેલાં રાજા ચાષ્ટન અને રાજા રુદ્રદામાના સંયુક્ત રાજ્યકાલના (શક) વર્ષ ૫૨ ના ચાર યષ્ટિલેખ[૫] કચ્છમાં મળેલા. આ વંશમાં મહાક્ષત્રપ અને ક્ષત્રપ – પ્રાય: પિતા અને પુત્રના કે રાજા અને યુવરાજના સંયુક્ત શાસનની પ્રથા પ્રચલિત હતી. આ વંશના રાજાઓના શિલાલેખો તથા સિક્કાલેખોમાં વર્ષની સંખ્યા સળંગ રીતે વધતી જાય છે તે પરથી આ વર્ષ કોઈ સળંગ સંવતનાં હોવાનું નિશ્ચિત છે. આ સંવત શક સંવત છે એવું પણ લગભગ નિશ્ચિત છે. આ અનુસાર ચાષ્ટનના યષ્ટિલેખોમાંનું વર્ષ ૫૨=ઈ.સ. ૧૩૦ આવે છે. પહેલાં, પશ્ચિમી ક્ષત્રપો કુષાણોના સૂબા હતા ને આ સંવત તેઓએ કુષાણ રાજાઓ પાસેથી અપનાવ્યો, જે એ વંશના રાજા કણિષ્ક ૧ લાના રાજ્યકાલથી શરૂ થયેલો એવું મનાતું. પરંતુ છેલ્લાં થોડાં વર્ષોમાં રાજા ચાષ્ટનના બીજા બે અભિલેખ પ્રકાશમાં આવ્યા. એમાંનો એક[૬] વર્ષ ૧૧નો છે, જ્યારે બીજો ડૉ. મિરાશીના વાચન મુજબ વર્ષ ૬નો છે.[૭] આ સમયે ચાષ્ટન એકલો રાજ્ય કરતો હતો, જ્યારે વર્ષ ૫૨ માં રાજા તરીકે એની સાથે એનો પૌત્ર રુદ્રદામા પણ સામેલ હતો. સિક્કાલેખો પરથી માલૂમ પડે છે કે ચાષ્ટનની સાથે શરૂઆતમાં એનો પુત્ર જયદામા રાજ્ય કરતો હતો. જયદામા પિતાની હયાતીમાં મૃત્યુ પામ્યો લાગે છે ને એનો ઉત્તરાધિકાર એના પુત્ર રુદ્રદામાને મળ્યો. હવે ચાષ્ટનના વર્ષ ૬ અને ૧૧ ના યષ્ટિલેખ મળ્યા તે પરથી એવું માલૂમ પડે છે કે શક સંવત કનિષ્ક ૧લાના નહીં, પણ ચાષ્ટનના પોતાના રાજ્યકાલથી જ શરૂ થયો હશે. કનિષ્કનો રાજ્યકાલ કેટલાક વિદ્વાનો અનેક કારણોને લીધે ઈ.સ. ૭૮ને બદલે ઈ.સ. ૧૨૦ના અરસામાં કે એ પછી શરૂ થયો હોવાનું માને છે. જો શક સંવત ચાષ્ટનના રાજ્યકાલથી શરૂ થયો હોય, તો કણિષ્ક ૧ લો અને એના વંશજોના અભિલેખોમાં પ્રયોજાયેલો સંવત એનાથી ભિન્ન હોવો જોઈએ ને એ શક સંવત કરતાં



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૪૦–૫૦ વર્ષ મોડો શરૂ થયો હોઈ શકે. આમ પ્રાચીન અભિલેખોની નવી શોધો ઇતિહાસના ગોઠવાયેલા માળખામાં કેટલીક વાર કેવી ઊથલપાથલ કરાવે છે!

આ રાજવંશમાં મહાક્ષત્રપ તથા ક્ષત્રપ બંને 'રાજા'નું બિરુદ તથા પોતાના નામે સિક્કા પડાવવાનો અધિકાર ધરાવતા. એમાંના દરેક રાજાના ચાંદીના નાના સિક્કા મળે છે, જેના પર રાજાનાં તથા તેના પિતા(કે પુરોગામી)નાં નામ-બિરુદ તેમ જ સિક્કા પાડયાનું વર્ષ આપવામાં આવે છે.[૮] આ વિગત એ રાજાઓની વંશાવળી તથા સાલવારી બંધ બેસાડવામાં ઘણી ઉપકારક બની છે. રાજકીય ઇતિહાસના સાધન તરીકે પશ્ચિમી ક્ષત્રપોના આ નાના ચાંદીના સિક્કા ગુપ્ત સમ્રાટોના મોટા સોનાના સિક્કાઓ કરતાંય વધુ ઉપયોગી નીવડયા છે. સિક્કાલેખો ન હોત તો આ ક્ષત્રપવંશનો ઇતિહાસ ઇતર સાધનો પરથી ઘણા અલ્પ પ્રમાણમાં જાણી શકાત.

રાજા મહાક્ષત્રપ રુદ્રદામા ૧લાના જૂનાગઢ શૈલલેખ[૯] પરથી એના રાજ્યપ્રદેશો, એના આનર્ત-સુરાષ્ટ્રના રાજ્યપાલ, એ પ્રાંતનું વડું મથક ગિરિનગર, ત્યાંનું સુદર્શન તટાક, એના નિર્માણનો ઇતિહાસ, એના સેતુ(બંધ)નો પૂરથી નાશ ને એનું પુનર્નિર્માણ ઇત્યાદિ અનેક બાબતો જાણવા મળે છે. ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તના જૂનાગઢ શૈલલેખ[૧૦] પરથી એ જળાશયના સેતુનો ઈ.સ. ૪૫૫ માં પૂરથી પુન: નાશ થયાની ને બીજે વર્ષે એને સમરાવી દીધાની માહિતી ઉપરાંત સુરાષ્ટ્રના એ સમયના ગોપ્તા (રાજ્યપાલ) તથા ગિરિનગરના નગરપાલકની વિગત પણ પ્રાપ્ત થાય છે. સ્કંદગુપ્તના ચાંદીના સિક્કા ગુજરાતમાં મળ્યા છે. એના પુરોગામી કુમારગુપ્ત ૧ લાના ચાંદીના સંખ્યાબંધ સિક્કા ગુજરાતમાં ઠેકઠેકાણે મળ્યા છે.[૧૧] પશ્ચિમ ભારતમાં ચંદ્રગુપ્ત ૨ જાનાય ચાંદીના સિક્કા મળે છે એ પરથી ગુજરાત પર મગધના ગુપ્ત સમ્રાટોની સત્તા એ રાજાએ પ્રસારી હોવાનું અગાઉ મનાતું હતું. પરંતુ રાજા મહાક્ષત્રપ શર્વ ભટ્ટારકના સિક્કાઓના અભ્યાસ પરથી હવે એવું લાગે છે કે ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યે માત્ર માળવા જીત્યું હશે, જ્યારે ગુજરાતમાં ક્ષત્રપોનું રાજ્ય શર્વ ભટ્ટારકે લઈ લીધેલું ને અહીં ગુપ્તોની સત્તા એના મૃત્યુ બાદ કુમારગુપ્તના સમયમાં પ્રસરેલી.[૧૨] આમ સિક્કાઓ રાજકીય ઇતિહાસના પુનર્નિર્માણમાં કેવાં પરિવર્તન કરાવે છે!

સ્કંદગુપ્તના મૃત્યુ બાદ ગુપ્ત સામ્રાજ્યની સત્તા દૂરના પ્રાંતોમાં લુપ્ત થવા લાગી, ત્યારે ગુજરાતમાં મૈત્રક કુલના સેનાપતિ ભટાર્કે પોતાની સ્વતંત્ર સત્તા સ્થાપી. એણે પોતાની રાજધાની વલભીમાં રાખી. એના વંશના રાજાઓ વિશે સાહિત્યમાં તેમ જ શિલાલેખોમાં ઘણી અલ્પ માહિતી નોંધાઈ છે, પરંતુ એ રાજાઓનાં એકસોથી વધુ તામ્રશાસન[૧૩] મળ્યાં છે, જેમાં તે તે રાજાએ કરેલાં ભૂમિદાનને લગતાં રાજશાસન તામ્રપત્ર પર કોતરેલાં છે. એમાંના દરેક અભિલેખમાં તે તે રાજાની તથા એના પુરોગામીઓની પ્રશસ્તિ તેમ જ દાન દીધાનો સમય આપવામાં આવેલો છે. આ પરથી વલભીના આ મૈત્રક વંશના રાજાઓની વંશાવળી તથા સાલવારી ગોઠવી શકાય છે. અલબત્ત આ પ્રશસ્તિઓ ગોળગોળ ગુણપ્રશંસાનાં લાંબા સમાસ અને રુચિર અલંકારોથી પ્રચુર પદોની કાવ્યશૈલીમાં રચાઈ હોઈ એમાંથી એ રાજાઓનાં ચોક્કસ પરાક્રમોની કે અન્ય કાર્યોની કોઈ નક્કર માહિતી ભાગ્યે જ મળે છે. દા. ત. अतुलबलसपत्नमण्डलाभोगसंसक्त-प्रहारशतलब्धप्रताप:[૧૪] (અતુલ બળવાળા પ્રતિપક્ષીઓના મંડલના વિસ્તારમાં લાગેલા સેંકડો



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રહારોથી જેણે પ્રતાપ પ્રાપ્ત કર્યો છે તેવો) અને प्रतापानुरागप्रणतसमस्तसामन्तचूडामणिमयूखखचितरञ्जितपादारविन्दः[૧૫] (પ્રતાપના અનુરાગથી નમેલા સમસ્ત સામંતોના ચૂડામણિઓનાં કિરણોથી જેનાં ચરણકમલ ખચિત અને રંજિત થયાં છે તેવા). છતાં કેટલાંક સૂચક પ્રશસ્તિપદો પરથી, વિજયસ્કંધાવારનાં સ્થાનો પરથી તેમ જ રાજ્યના વહીવટી વિભાગોના નિર્દેશો પરથી મૈત્રક રાજાઓનાં કેટલાંક પરાક્રમો તથા સુકૃતો સૂચિત થાય છે. વળી દેયભૂમિના સ્થાનનિર્દેશ પરથી એ રાજ્યના અનેક વહીવટી વિભાગો તથા પેટા-વિભાગો જાણવા મળ્યા છે.[૧૬] ઉપરાંત નાના-મોટા અધિકારીઓના હોદ્દાઓ, વિવિધ કરવેરા, જમીન-માપણીની પદ્ધતિઓ વગેરે વિશે માહિતી મળે છે.[૧૭] તામ્રપત્રલેખ રાજકીય ઇતિહાસ અને રાજ્યતંત્ર માટે કેટલા ઉપયોગી નીવડી શકે તેનું ઉત્તમ દૃષ્ટાંત મૈત્રકોનાં તામ્રપત્ર પૂરું પાડે છે. એના આધારે ગુજરાતના ઇતિહાસના આ બીજા દીર્ઘકાલ(લગભગ ઈ.સ. ૪૭૦–૭૮૮)ના રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસ વિશે ઠીક ઠીક માહિતી ઉપલબ્ધ થઈ છે.

ગુજરાતમાં આ કાલ દરમ્યાન બીજાં અનેક નાનાં રાજ્ય થયાં, ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં, એની માહિતી પણ તે તે રાજ્યના તામ્રપત્રલેખો[૧૮] પરથી મળે છે. એ રાજ્યોમાં નાંદોદ–ભરૂચના ગુર્જરોનું અને નવસારીના ચાલુક્યોનું રાજ્ય ખાસ નોંધપાત્ર છે. જે પ્રદેશને સોલંકી કાલમાં 'ગુર્જર-દેશ' – 'ગુજરાત' નામ લાગુ પડયું તે પ્રદેશમાં ગુર્જર-પ્રતીહારોના શાસન-નાં પગરણ છઠ્ઠી સદીમાં થયેલાં, જ્યારે દખ્ખણના ચાલુક્યોની શાખા નવસારીમાં સાતમી સદીમાં સ્થપાઈ. આ ગુર્જર વંશના રાજા દદ્દ ૨ જાએ હર્ષથી અભિભૂત વલભીપતિનું પરિત્રાણ કરેલું[૧૯] ને રાજા જયભટ ૪ થાએ વલભીપતિના નગરમાં તજિજકો(આરબો)નો પરાભવ કરેલો.[૨૦] સિંધના આરબ હાકેમે ઇ.સ. ૭૨૫–૨૬ના અરસામાં ગુજરાત પર આક્રમણ કર્યું ત્યારે નવસારીમાં ચાલુક્ય રાજા અવનિજનાશ્રય પુલકેશીએ એની ફોજ સામે ભીષણ સંગ્રામ ખેલી, દખ્ખણ તરફ આગેકૂચ કરવા માગતી એ ફોજને ત્યાંથી જ પાછી વાળેલી.[૨૧] આ યશસ્વી પરાક્રમોની જાણકારી એ રાજાઓના તામ્રપત્રલેખો પરથી જ થવા પામી છે.

મૈત્રકકાલ અને સોલંકી કાલ વચ્ચે લગભગ દોઢસો વર્ષનો ગાળો રહેલો છે. આનુશ્રુતિક વૃત્તાંત આપતાં ઉત્તરકાલીન સાહિત્યિક સાધનો અનુસાર આ ગાળામાં અણહિલવાડના ચાવડા વંશનું રાજ્ય પ્રવર્ત્યું ને એના સ્થાપક વનરાજનો રાજ્યાભિષેક તો મૈત્રકકાલના અંત ભાગ દરમ્યાન વિ. સં. ૮૦૨(ઇ.સ. ૭૪૬)માં થયેલો. આથી ગુજરાતનો ઇતિહાસ અગાઉ ચાવડા રાજ્યથી શરૂ થતો પરંતુ અભિલેખો પરથી એની પહેલાંના મૌર્ય, ભારતીય-યવન, શક ક્ષત્રપ, ગુપ્ત અને મૈત્રક રાજ્યો વિશે માહિતી મળી. વળી અભિલેખો પરથી માલૂમ પડયું છે કે મૈત્રક રાજ્યના અંત પછી તળ-ગુજરાતમાં દખ્ખણના રાષ્ટ્રકૂટોની લાટ શાખાનું રાજ્ય પ્રવર્તેલું, જ્યારે સૌરાષ્ટ્રમાં સૈન્ધવો, ચાલુક્યો અને ચાપોનાં સ્થાનિક રાજ્ય હતાં ને તેઓના પર ઉત્તરના પ્રતીહારોનું આધિપત્ય રહેલું.

એથી ઊલટું વનરાજે અણહિલવાડ પાટણમાં સ્થાપેલા ચાવડા રાજ્યના કોઈ અભિલેખ હજી પ્રાપ્ત થયા નથી, જ્યારે એ વંશની વંશાવળી તથા સાલવારી વિશે સાહિત્યમાં આપેલી અનુશ્રુતિઓમાંની ઘણી વિગત શંકાસ્પદ નીવડી છે. તુલનાત્મક કાલગણના પરથી એ રાજ્યની આનુશ્રુતિક પૂર્વમર્યાદા વિ. સં. ૮૦૨ પણ સોએક વર્ષ જેટલી વહેલી પડે છે, જ્યારે એની



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઉત્તરમર્યાદા વિ. સં. ૯૯૮ સોલંકી રાજ્યની પૂર્વમર્યાદા વિ. સં. ૯૯૮ સાથે બરાબર બંધ બેસતી હોઈ યથાર્થ છે. સમકાલીન રાજ્યોના અભિલેખો પરથી હવે ચાવડા રાજ્ય વિસ્તારમાં પણ હાલના મહેસાણા અને બનાસકાંઠા જિલ્લા જેટલું સીમિત હોવાનું માલૂમ પડયું છે. રાષ્ટ્રકૂટો, સૈન્ધવો વગેરે સમકાલીન રાજ્યોના ઇતિહાસ માટે પણ તેઓના તામ્રપત્રલેખ ઘણા ઉપકારક નીવડયા છે.

એમાં સૈન્ધવ વંશના રાજાઓની પ્રશસ્તિઓ[૨૨] મૈત્રકવંશી રાજાઓની પ્રશસ્તિઓની જેમ આલંકારિક અને કાવ્યમય છે, પરંતુ રાષ્ટ્રકૂટ રાજાઓની પ્રશસ્તિઓમાં[૨૩] કેટલીક ઐતિહાસિક ઘટનાઓના નક્કર ઉલ્લેખ આવે છે, જેમ કે દખ્ખણના રાષ્ટ્રકૂટ રાજ્યમાં પ્રતિસ્પર્ધીઓએ બંડ ઉઠાવ્યું ત્યારે લાટ શાખાના રાજા કર્કરાજ સુવર્ણવર્ષે ત્યાંના રાજાધિરાજ અમોઘવર્ષ ૧ લાને એની ગાદી પાછી અપાવેલી,[૨૪] ધ્રુવરાજ ૧ લાએ વલ્લભની સેનાને નસાડી મૂકેલી,[૨૫] ધ્રુવરાજ ૨ જાએ ગુર્જરોના આક્રમણને એકલા હાથે પાછું હઠાવી દીધેલું,[૨૬] ઇન્દ્રરાજ ૩ જાએ મહોદય-(કનોજ)ના રાજાનો પરાભવ કરેલો.[૨૭] રાષ્ટ્રકૂટોનું શાસન અહીં પહેલાં કર્કરાજ ૨ જો, પછી લાટ શાખા અને છેવટે દખ્ખણના મુખ્ય રાજ્ય દ્વારા પ્રવર્ત્યું.[૨૮] એ હકીકત તેઓના અભિ-લેખો પરથી જ જાણવા મળી છે.

એવી રીતે મોડાસા વિસ્તારમાં ૧૦ મી સદીમાં પરમારોનું રાજ્ય હતું એ પણ તેઓનાં તામ્રપત્રો[૨૯] પરથી જ આપણે જાણી શકયા છીએ.

રાષ્ટ્રકૂટોનાં દાનશાસનોમાં તેઓના રાજ્યના મોટાનાના વહીવટી વિભાગોના ઉલ્લેખ આવે છે, તેમાં ૭૫૦, ૧૧૬, ૮૪, ૪૨, ૨૪, ૧૨, ૧૦ વગેરે સંખ્યાનાં ગામો ધરાવતા વિભાગોનો સમાવેશ થાય છે.[૩૦] સુરત જિલ્લામાંનો 'ચોર્યાસી તાલુકો' એ આ પ્રાચીન પદ્ધતિનો અદ્યપર્યંત વિદ્યમાન રહેલો દાખલો છે. એવો બીજો દાખલો 'ચરોતર' શબ્દમાં જળવાયો છે. એ ચતુરુત્તર [શત] = ૧૦૪ ગામોના સમૂહનો અર્થ ધરાવે છે.[૩૧] એનો એ મૂળ અર્થ વિસારે પડતાં એનું 'ચારુતર' (વધુ સુંદર) એવું સંસ્કૃતીકરણ કરી દેવામાં આવેલું, જે 'ચારુતર વિદ્યામંડળ' નામમાં અદ્યાપિ પ્રચલિત છે!

સિંધુદેશ (સિંધ) તજી સૌરાષ્ટ્રમાં આવી વસેલા રાજકુલને 'સૈન્ધવ' (સિંધી) અને 'જયદ્રથ-વંશી' નામ મળેલું તે પણ તેઓનાં તામ્રશાસનો[૩૨] પરથી જાણવા મળે છે. એવી રીતે ગુર્જરો, રાષ્ટ્રકૂટો, પરમારો, ચૌલુકયો વગેરે રાજકુલોની ઉત્પત્તિ પણ પૌરાણિક ઢબે રજૂ થતી. આ પૌરાણિક માન્યતાઓ તેઓનાં પ્રશસ્તિ-કાવ્યોની જેમ તેઓની અભિલિખિત પ્રશસ્તિઓમાં પણ સમાવેશ પામતી હતી.

સોલંકી કાલ એ ગુજરાતના ઇતિહાસનો સુવર્ણકાલ છે. એ કાલનાં વાઙ્મય સાધનોમાં સાહિત્યિક તેમ જ આભિલેખિક – બંને પ્રકારનાં સાધન વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે; ને અભિ-લેખોમાંય તામ્રપત્રો તથા શિલાલેખો એ બંને પ્રકાર સારી સંખ્યા ધરાવે છે.[૩૩] એમાં સમ-કાલીન સાહિત્યમાં ખૂટતા અંકોડા પૂરવા માટે તેમ જ અનુકાલીન સાહિત્યમાં આપેલા વૃત્તાંતોને ચકાસવા માટે તેઓના સમકાલીન અભિલેખ જ ઉપકારક નીવડે છે.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હેમચંદ્રાચાર્યે **દ્વયાશ્રય** કાવ્યમાં આપેલા મૂલરાજ ૧ લાનાં સૌરાષ્ટ્રના રાજા ગ્રાહરિપુ તથા કચ્છના રાજા લાખા સાથેનાં વિજયી યુદ્ધોના નિરૂપણને શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી શંકાસ્પદ અને કલ્પિત ગણે છે.[૩૪]

મૂલરાજ ૧ લો રાજસ્થાનમાં આવેલા સત્યપુર મંડલ પર, દુર્લભરાજ ભિલ્લમાલ મંડલ પર, ભીમદેવ ૧ લો કચ્છ મંડલ પર, કર્ણદેવ લાટદેશમાંના નાગસારિકા વિષય પર, સિદ્ધરાજ જયસિંહ અવંતિ મંડલ પર, કુમારપાલ નડ્ડુલ મંડલ પર, ભીમદેવ ૨ જો, સારંગદેવ અને કર્ણદેવ ૨ જો સૌરાષ્ટ્ર દેશ પર, ભીમદેવ ૨ જો મેદપાટ મંડલ પર, ને સારંગદેવ અર્બુદાચલની આસપાસ આવેલા અષ્ટાદશશત મંડલ પર શાસન કે આધિપત્ય ધરાવતા હોવાની તેઓના અભિલેખો પરથી પ્રતીતિ થાય છે.[૩૫]

ભીમદેવ ૧ લાનાં બે દાનશાસનોમાં[૩૬] પ્રસન્નપુરનો ઉલ્લેખ છે, તે પ્રશ્નોરા નાગરોનું મૂળસ્થાન લાગે છે. કર્ણદેવે તથા જયસિંહદેવે જૈન વસતિનેય ભૂમિદાન દીધેલાં એવું તેમના અનુક્રમે સં. ૧૧૪૦ (ઈ.સ. ૧૦૮૪) અને સં. ૧૧૫૬(ઈ. સ. ૧૧૦૦)ના દાનપત્ર[૩૭] પરથી જાણવા મળે છે.

સિદ્ધરાજ જયસિંહનાં અનેક પરાક્રમ એનાં પ્રશસ્તિકાવ્યોમાં ગવાયાં છે, પરંતુ તેઓનો સમય તથા કાલાનુક્રમ તો અભિલેખોના આધારે જ નક્કી કરી શકાય છે. એના અભિલેખોમાં કયા કયા બિરુદનો ઉમેરો ક્યારથી થતો જાય છે એ વિગતો આ બાબતમાં ઘણી ઉપયોગી નીવડી છે.[૩૮]

જયસિંહસૂરિએ **કુમારપાલચરિત**માં અને એને અનુસરી જિનમંડનગણિએ **કુમારપાલપ્રબંધ**માં નિરૂપેલ કુમારપાલના દિગ્વિજયની વિગતો કેવી કવિકલ્પિત છે તે અભિલેખોના આધારે તથા સમકાલીન રાજ્યોના ઇતિહાસના આધારે સ્પષ્ટ થાય છે.[૩૯]

કેટલીક વાર પ્રબંધોમાં આપેલાં વર્ષ સમકાલીન અભિલેખોના આધારે સુધારવાનું પ્રાપ્ત થયું છે. દા, ત. કુમારપાલે વિ. સં. ૧૧૯૯ થી ૧૨૩૦ સુધી રાજ્ય કર્યું એમ **પ્રબંધચિંતામણિ** જણાવે છે, જ્યારે કુમારપાલના ઉત્તરાધિકારી અજયપાલનો વિ. સં. ૧૨૨૯ નો શિલાલેખ[૪૦] મળ્યો છે. એવી રીતે **પ્રબંધચિંતામણિ** બાલમૂલરાજે વિ. સં. ૧૨૩૩થી બે વર્ષ રાજ્ય કર્યાનું જણાવે છે, જ્યારે એ રાજાનું વિ. સં. ૧૨૩૨ નું દાનશાસન[૪૧] મળ્યું છે.

ભીમદેવ બીજાના રાજ્યકાલ (વિ. સં. ૧૨૩૪ થી ૧૨૯૮) દરમ્યાન વચ્ચે થોડાં વર્ષ (વિ. સં. ૧૨૮૦ ની આસપાસ) જયંતસિંહ નામે ચૌલુક્ય મહારાજાધિરાજ તરીકે ભીમદેવના સ્થાને સત્તા ધરાવતો હતો. 'એકાંગવીર' અને 'અભિનવસિદ્ધરાજ' તરીકે ખ્યાતિ પામેલા એ વીર ચૌલુક્ય રાજવી વિશે એના વિ. સં. ૧૨૮૦(ઈ. સ. ૧૨૨૩)ના દાનશાસન[૪૨] પરથી જ જાણકારી પ્રાપ્ત થાય છે.

જેમને વર્તમાન ઇતિહાસગ્રંથોમાં સામાન્ય રીતે 'વાઘેલા' તરીકે ઓળખવામાં આવે છે, તેઓને એમના સમયના સાહિત્યમાં તેમ જ અભિલેખોમાં હમેશાં 'ચૌલુક્ય' (સોલંકી) જ કહ્યા છે. કોઈ વાર વિગત આપતાં તેઓને 'ચૌલુક્યોની અન્ય શાખા'ના કે ક્યારેક 'વ્યાઘ્રપલ્લીય



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ચૌલુક્ય' કહ્યા છે, તેથી હવે તેઓને માત્ર 'વાઘેલા' કહેવા કરતાં 'વાઘેલા સોલંકી' અર્થાત્ 'વાઘેલ ગામવાળા સોલંકી' કહેવાનું પસંદ કરવામાં આવ્યું છે.

વસ્તુપાલ-તેજપાલની નિયુક્તિ ધોળકાના રાણા વીરધવલના મહામાત્યપદે ક્યારે થઈ તે વિશે પ્રબંધો કંઈ માહિતી આપતા નથી, જ્યારે વસ્તુપાલ-તેજપાલના ગિરનાર શિલાલેખો[૪૩] (સં. ૧૨૮૮)માં જણાવવામાં આવ્યું છે કે તેજપાલ સં. ૧૨૭૬ થી ગુર્જર-મંડલમાં મુદ્રાવ્યાપાર ચલાવતો હતો, મહારાજ વીરધવલદેવના રાજ્યનું સર્વેશ્વરત્વ ધરાવતા વસ્તુપાલે સં. ૧૨૭૭માં સંઘપતિ થઈ મહાતીર્થયાત્રા કરી ને એનો પુત્ર જયંતસિંહ સં. ૧૨૭૯ થી સ્તંભતીર્થનો મુદ્રા-વ્યાપાર સંભાળતો હતો. આ પરથી વસ્તુપાલ-તેજપાલની આ નિયુક્તિ વિ. સં. ૧૨૭૬(ઈ. સ. ૧૨૧૯–૨૦)માં થઈ હોવાનું માલૂમ પડયું છે.

સોએક વર્ષના ટૂંકા ગાળામાંય કેટલીક વાર ભૂતકાલીન બાબતો વિશે કેવા વિગતદોષ પ્રવર્તતા હોય છે તેનું એક ઉદાહરણ વીરમદેવ સંબંધી મોજૂદ છે. રાજશેખરસૂરિ **प्रबंधकोश** (ઈ. સ. ૧૩૪૯)માં વીરમદેવને વીરધવલના મોટા પુત્ર તથા વીસલદેવના મોટા ભાઈ તરીકે ઓળખાવે છે, જ્યારે સારંગદેવના સમયનો વિ. સં. ૧૩૪૩(ઈ. સ. ૧૨૮૭)નો અભિલેખ[૪૪] તથા કર્ણદેવના સમયનો વિ. સં. ૧૩૫૪(ઈ. સ. ૧૨૯૮)નો અભિલેખ[૪૫] જણાવે છે કે વીરધવલને પ્રતાપમલ્લ અને વીસલદેવ નામે પુત્ર હતા, ને ભીમદેવ ૨ જાનાં વિ. સં. ૧૨૯૫ (ઈ. સ. ૧૨૩૮) અને વિ. સં. ૧૨૯૬(ઈ. સ. ૧૨૩૯)નાં દાનશાસન[૪૬] અનુસાર વીરમ તો લવણપ્રસાદનો પુત્ર અર્થાત્ વીરધવલનો ભાઈ હતો.

રાજા સારંગદેવે માળવાના રાજાને હરાવ્યો હતો ને એ રાજા ગોગદેવ હતો એવું એના સં. ૧૩૩૩ ના[૪૭] અને કર્ણદેવ ૨ જાના સંવત ૧૩૫૪ ના[૪૮] અભિલેખ પરથી માલૂમ પડે છે, જેને જૈન પ્રબંધોમાંથી નહીં પણ ફારસી તવારીખમાંથી સમર્થન મળે છે.

વાઘેલા સોલંકી રાજા કર્ણદેવના સમયમાં અલાઉદ્દીન ખલજીની ફોજે ગુજરાત ઉપર ક્યારે ચઢાઈ કરી તે અંગે મુસ્લિમ તવારીખો હિ. સ. ૬૯૬, હિ. સ. ૬૯૭ અને હિ. સ. ૬૯૮ આપે છે.[૪૯] ને विविधतीर्थकल्प વિ. સં. ૧૩૫૬ (ઈ. સ. ૧૨૯૯–૧૩૦૦) આપે છે, જે હિ. સ. ૬૯૮ સાથે બંધ બેસે છે. કહે છે કે મુસ્લિમ ફોજ કર્ણદેવને હરાવી પાટણથી સૌરાષ્ટ્ર ગયેલી અને ત્યાં એણે સોમનાથ મંદિર પર હુમલો કરેલો. સોમનાથ પાટણમાં સં. ૧૩૫૫ નો શિલાલેખ[૫૦] મળ્યો છે તેમાં આ યુદ્ધનો ઉલ્લેખ લાગે છે. આ પરથી માલૂમ પડે છે કે આ ઘટના ચૈત્રાદિ વિ. સં. ૧૩૫૬ — કાર્ત્તિકાદિ વિ. સં. ૧૩૫૫ — હિ. સ. ૬૯૮ (ઈ. સ. ૧૨૯૯)માં ચૈત્રથી આસો દરમ્યાન બની હોવી જોઈએ.

ખલજી ફોજે પાટણ પર બીજી વાર પણ ચઢાઈ કરી લાગે છે ને ત્યારે — વિ. સં. ૧૩૬૦ માં કર્ણદેવનો અંતિમ પરાજય થયો ને ગુજરાતમાં મુસ્લિમ સત્તા પાકે પાયે સ્થપાઈ.[૫૧] પરંતુ વિ. સં. ૧૩૫૬ થી ૧૩૬૦ દરમ્યાનના કોઈ અભિલેખમાં હજી એનો કોઈ સાધક કે બાધક પુરાવો પ્રાપ્ત થયો નથી.[૫૧અ]

સોલંકી કાલમાં સમકાલીન સાહિત્યકૃતિઓ તથા પ્રબંધો ઇતિહાસોપયોગી માહિતી ધરાવે છે, જ્યારે સલ્તનત કાલ તથા મુઘલ કાલના ઇતિહાસ માટે તો અરબી-ફારસી તવારીખોનું



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સાધન એથીય સીધી અને સંગીન માહિતી પૂરી પાડે છે. આથી અભિલેખોની સરખામણીએ એ તવારીખનું મહત્ત્વ પ્રવર્તે છે. પરંતુ તવારીખના સાધનની બે મોટી મર્યાદાઓ છે—એક તો એ કે આ તવારીખ તે તે સુલતાન કે સુલતાનોની અત્યુક્તિભરી અને આલંકારિક પ્રશસ્તિ કરવાનું ધ્યેય ધરાવે છે તેમ જ સુલતાનો, ઇસ્લામ ધર્મ અને મુસ્લિમ કોમ પ્રત્યે પક્ષપાત ધરાવે છે ને બીજું એ કે એમાં આપેલા વૃત્તાંત સુલતાનના અમલ પૂરતા સીમિત હોય છે. એમાં એ સલ્તનતની વિશાળ સંખ્યા ધરાવતી હિંદુ પ્રજા વિશે તેમ જ ગુજરાતનાં અનેક સમકાલીન હિંદુ રાજ્યો વિશે કંઈ સ્વતંત્ર માહિતી હોતી નથી. આથી આ બંને પ્રકારની ઊણપ નિવારવા માટે એ સમયનાં અન્ય સાધન ઉપકારક નીવડે છે. હવે એમાં સંસ્કૃત, સંસ્કૃત-ગુજરાતી ને ગુજરાતી અભિલેખો ઉપરાંત અરબી-ફારસી શિલાલેખો તથા સિક્કાલેખોનો પણ સમાવેશ થાય છે. મુસ્લિમ સુલતાનો તખ્તનશીનીના દિવસે જ પોતાના નામે ખુતબો પઢાવતા તેમ જ પોતાના નામે સિક્કા પડાવતા, આથી થોડા મહિના કે થોડા દિવસ તખ્ત પર રહેલા સુલતાનનાય નામ-બિરુદવાળા સિક્કા મળે છે. સંસ્કૃત-ગુજરાતી અભિલેખો પરથી પણ તત્કાલીન રાજ્યો વિશે ઠીક ઠીક માહિતી મળે છે. હિંદુ વંશોના અનેક રાજાઓના આનુશ્રુતિક સમયનિર્દેશોમાં આ સમકાલીન અભિલેખોમાં આપેલા સમય પરથી ઘણી વાર સંશોધન (શુદ્ધીકરણ) કરવાનું પ્રાપ્ત થાય છે.

સંસ્કૃત અભિલેખોમાં સુલતાન માટે सुरत्राण અને દિલ્હી માટે योगिनीपुर શબ્દ પ્રયોજાતો. અભિલેખો પરથી સુલતાનોની રાજકીય કારકિર્દી વિશે કે સલ્તનતના રાજકીય ઇતિહાસ વિશે નવી માહિતી ભાગ્યે જ સાંપડે છે, પરંતુ હિંદુ રાજ્યોના ઇતિહાસ અંગે અભિલેખોનું મહત્ત્વ ચાલુ રહે છે, દા. ત. એમાંથી સોરઠના ચૂડાસમા રાજાઓના રાજ્યકાલ તથા રાજ્ય-વિસ્તાર વિશે માહિતી મળે છે. मिराते सिकंदरी (ઈ. સ. ૧૬૧૨) જણાવે છે કે અહમદશાહ ૧ લાએ ઈ. સ. ૧૪૧૪ માં જૂનાગઢના રાજા માંડલિકને હરાવેલો. પરંતુ વંથળીના સમકાલીન પાળિયાલેખો[૫૨] પરથી માલૂમ પડે છે કે એ પહેલાં વંથળી પર પાતશાહનાં સૈન્યો—તુરુષ્કો સાથે મહારાણા મેલિગદેવના રાજ્યકાલ દરમ્યાન સં. ૧૪૬૯(ઈ. સ. ૧૪૧૩)માં યુદ્ધ થયું હતું. આમ એ સમયે જૂનાગઢ-વંથળીમાં રા' માંડલિક ૨ જો નહીં, પણ એનો ઉત્તરાધિકારી મેલિગ રાજ્ય કરતો હતો. જૂનાગઢનો વિ. સં. ૧૪૭૩ નો શિખાલેખ[૫૩] રા' જયસિંહ ૩ જા સુધીની વંશાવળી આપવા ઉપરાંત જયદેવસિંહદેવે ઝિંઝરકોટ આસપાસ થયેલા યુદ્ધમાં યવન સૈન્યને હણ્યાનું જણાવે છે. નરસિંહ મહેતાના સમકાલીન અને ચૂડાસમા વંશના છેલ્લા રાજા માંડલિક ૩ જાની ઉજ્જ્વલ કારકિર્દી मण्डलीक-महाकाव्य તથા द्वारका-पत्तलમાં નિરૂપાઈ છે ને એના કરુણ અંજામ વિશે મુસ્લિમ તવારીખ માહિતી આપે છે. ગિરનારના અપૂર્ણ શિલાલેખમાં[૫૪] રાજવંશવર્ણનમાં રાજાઓની વંશાવળી સાથે એમાંના દરેકની પ્રશસ્તિ આપી છે. અલબત્ત એમાં મહીપાલદેવ વિશે ગોટાળો થયો છે. અહીં મહીપાલને નવઘણનો પુત્ર કહ્યો છે, જ્યારે જૂનાગઢના વિ. સં. ૧૪૭૩ ના પૂર્વકાલીન શિલાલેખમાં[૫૫] આ મહીપાલને મંડલિકનો પુત્ર કહ્યો છે.

ધૂમલીના જેઠવાઓ વિશે જે આનુશ્રુતિક વૃત્તાંત નોંધાયા છે તેમાંના રાજાઓના રાજ્ય-કાલ તથા કોઈ વાર ક્રમ અંગે પણ સમકાલીન અભિલેખોના આધારે સુધારાવધારા કરવાનું



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રાપ્ત થાય છે.[૫૬] એવી રીતે વાજા વંશના ઇતિહાસ માટેય તેઓના સમકાલીન અભિલેખ ઉપકારક નીવડયા છે.[૫૭]

હળવદની વાવનો શિલાલેખ (વિ. સં. ૧૫૮૩)[૫૮] ત્યાંના ઝાલા રાજાઓની, દરેકની માતાના નામ-નિર્દેશ સાથે,' વંશાવળી આપે છે.

મુઘલ કાલના ઇતિહાસ માટે પણ મુસ્લિમ તવારીખ ઘણી માહિતી પૂરી પાડે છે, છતાં સલ્તનત કાલની તવારીખની જેમ આ સાધનનીય કેટલીક ઊણપો છે. ગુજરાતના જુદા જુદા ભાગોના સ્થાનિક ઇતિહાસ માટે આ અભિલેખોમાંથી ઠીક ઠીક સામગ્રી મળે છે, જે મિરાતે અહમદી જેવા માહિતીપૂર્ણ પુસ્તકમાં પણ અપ્રાપ્ય છે. મુઘલ બાદશાહતના ગુજરાતનાં અનેક સ્થળોના અમલદારો તથા જાગીરદારોનાં નામોનું તથા તેઓના સમયની માહિતીનું એકમાત્ર સાધન આ અભિલેખો છે. જહાંગીરના સમયમાં સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના વિસરાવી ગામમાં શાહજહાંની જાગીર હતી એ પણ ત્યાંના એક ફારસી શિલાલેખ[૫૯] પરથી જાણવા મળે છે. અમુક ઐતિહાસિક કે અર્ધ-ઐતિહાસિક બનાવો વિશે પણ બીજે ન મળતી માહિતી અમુક ફારસી-અરબી અભિલેખોમાંથી મળે છે.

સંસ્કૃત-ગુજરાતી અભિલેખો મુઘલ બાદશાહો તથા સૂબેદારોને લગતી માહિતીમાં વિગતોની કે સમયાંકનની પુરવણી કરે છે. વળી આ અભિલેખો, ખાસ કરીને સૌરાષ્ટ્રના, આ કાલનાં સ્થાનિક હિંદુ રાજ્યોના ઇતિહાસ માટે સવિશેષ ઉપયોગી નીવડે છે. પાળિયાલેખો પરથી કેટલાંક યુદ્ધોનો ચોક્કસ સમય જાણવા મળે છે, જેમ કે સુલતાન મુઝફ્ફરશાહને આશ્રય આપનાર જામ સત્રસાલના સૈન્ય સાથે ભૂચર મોરી નામે સ્થળે મુઘલ સૂબેદાર મીરઝા અઝીઝ કોકાની ફોજને યુદ્ધ થયું તેમાં કુમાર અજોજી માર્યા ગયા એ દિવસ (તા. ૧–૮–૧૫૯૧) ત્યાંના પાળિયા-લેખમાં[૬૦] નોંધાયો છે. નવાનગરની ગાદી માટે રણમલજીની રાણીની વહારે ધાનાર સૂબેદાર કુત્બુદ્દીનની ફોજ સાથે શેખપાટ પાસે યુદ્ધ થયું તેમાં રણમલજીનો ભાઈ રાયસિંહજી માર્યો ગયો તેનો દિવસ તા. ૧૬–૨–૧૬૬૩ ત્યાંના બે પાળિયાલેખોમાં[૬૧] નોંધાયો છે.

હળવદના ઝાલા રાજા ચંદ્રસિંહજીનું અવસાન તા. ૧૧–૫–૧૬૨૬ના રોજ થયાનું ત્યાંના એક શિખાલેખ[૬૨] પરથી માલૂમ પડે છે. વઢવાણની ઝાલા શાખાના સ્થાપક રાજોજીનું મૃત્યુ ઈ. સ. ૧૬૪૨ માં થયાનું ત્યાંના પાળિયા[૬૩] પર નોંધાયું છે. ઓખામંડળના વાઢેર રાણા અખેરાજજી ૧૬૬૪ માં મૃત્યુ પામ્યાનું બેટ શંખોદ્ધારમાંના એક પાળિયાલેખમાં[૬૪] જણાવ્યું છે.

મુઘલ બાદશાહો ઘણી વાર સિક્કાઓ પર સિક્કા પાડયાના વર્ષ ઉપરાંત મહિનો પણ લખાવતા. હવે હિજરી સંવતને બદલે ઇલાહી સંવત ચાલતો હતો ને એના માસ સૌર હતા. બાદશાહ જહાંગીરે ૧૬૧૮ માં અમદાવાદની મુલાકાત લીધી ત્યારે એણે એ સિક્કા પર મહિનાનું નામ આપવાને બદલે એની રાશિનું ચિહ્ન આપવાની નવી પ્રથા દાખલ કરી. રાશિચિહ્નવાળા આ નવી ભાતના સિક્કા અમદાવાદની ટંકશાળામાં હિ. સં. ૧૦૨૭ માં પડયા છે.[૬૫] અહીં નૂરજહાંના નામવાળા સિક્કા પણ પાડવામાં આવેલા.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મરાઠા કાલના ઇતિહાસ માટે મુસ્લિમ કાલ જેવી તવારીખોની સામગ્રી ઘણી ઓછી છે. દફતરોની સામગ્રી વિપુલ છે, પણ ગુજરાત માટે એ હજુ બહુ ઉપયોગી નીવડી નથી. અભિલેખો પણ સંખ્યામાં બહુ નથી, પરંતુ એમાં કેટલાક રાજકીય ઇતિહાસ માટે ઉપકારક છે.

અમદાવાદના ત્રણ દરવાજાના ગોખલામાં રાખેલા શિલાલેખમાં,[૬૬] સરસૂબા રાઘુ રામચંદ્રના સમયમાં વિ. સં. ૧૮૬૮(ઈ. સ. ૧૮૧૨)માં વડોદરાના ફતેહસિંહરાવ ગાયકવાડ અને ગંગાધર શાસ્ત્રી અમદાવાદ આવ્યા ત્યારે અમદાવાદના નાગરિકો વખતચંદ ખુશાલચંદની આગેવાની નીચે તેમને મળ્યા ને મિલકતના વારસામાં સરકાર તરફથી થતી હરકતો દૂર કરાવી તેને લગતો આદેશ નોંધવામાં આવ્યો છે. આ લેખ શ્રી રાઘુ રામચંદ્રની સૂબાગીરીનો સમય નિશ્ચિત કરવામાંય ઉપયોગી નીવડયો છે.

પ્રતિમાલેખોમાં વિ. સં. ૧૮૬૦ નો શત્રુંજયનો પ્રતિમાલેખ[૬૭] પોર્ટુગલ પાદશાહનું માન પામેલા, દમણ બંદરના અમુક રહેવાસીઓનો નિર્દેશ કરે છે તે રાજકીય ઇતિહાસની દૃષ્ટિએ નોંધપાત્ર ગણાય.

પાળિયાલેખો અગાઉની જેમ કેટલાક મહત્ત્વના સંગ્રામો નોંધે છે, જેમ કે ભૂજ મ્યુઝિયમમાંનો સં. ૧૮૨૬ નો પાળિયો[૬૮] સં. ૧૮૧૯(ઈ. સ. ૧૭૬૩)ના ઝારાના યુદ્ધમાં વીરગતિ પામેલા સૈનિકોનો છે. ચોબારીના ૫૬ પળિયા[૬૯] સિંધના મીર ફતેહઅલી અને જોધપુરના મહારાજાની સેના વચ્ચે સં. ૧૮૩૯(ઈ. સ. ૧૭૮૩)માં થયેલા સંગ્રામ પર પ્રકાશ પાડે છે. બેટના ૬ પાળિયા સં. ૧૮૫૫(ઈ. સ. ૧૭૯૯)માં ત્યાં અંગ્રેજો સાથે થયેલા યુદ્ધનો ખ્યાલ આપે છે.[૭૦]

બ્રિટિશ કાલના ઇતિહાસમાં બ્રિટિશ અમલ નીચેના પ્રદેશોના રાજકીય ઇતિહાસ માટે દફતરોનું સાધન વિગતવાર માહિતી પૂરી પાડે છે, જ્યારે સમકાલીન રાજ્યોના ઇતિહાસમાં અભિલેખો સમય વગેરેની કેટલીક ચોક્કસ વિગત આપે છે.

સ્વાતંત્ર્યોત્તર કાલમાં સાર્વજનિક સંસ્થાઓના ખાતમુહૂર્ત તથા ઉદ્‌ઘાટન અંગેની તકતીઓ તેમ જ શહીદો વગેરેનાં સ્મારકોની તકતીઓ પર શિલાલેખો કોતરવામાં આવે છે, તે ભાગ્યે જ પ્રકાશિત થાય છે ને એમાં નિર્દિષ્ટ નામો, ઘટનાઓ તથા તારીખો સાહિત્યિક સાધનો દ્વારા સુલભ હોઈ આ અભિલેખો હાલ તત્કાલીન ઇતિહાસના સાધન તરીકે નહિવત્ મહત્ત્વ ધરાવતા લાગે છે, પરંતુ જતે દહાડે એની ઉપયોગિતા વરતાશે. સ્વાતંત્ર્યસંગ્રામના વીરોને તથા વિદ્વાનો કે કલાકારોને અપાતાં તામ્રપત્ર અંગત બહુમાનના અભિલેખ તરીકે જ નહીં, તે તે સમયની વિશિષ્ટ વ્યક્તિઓના પ્રદાનની દૃષ્ટિએ પણ અગત્ય ધરાવે છે.

આમ અતીત કાલને લગતા અભિલેખો રાજકીય ઇતિહાસમાં પૂર્વપૂર્વકાલ માટે અધિકાધિક પ્રમાણમાં ઉપકારક નીવડે છે.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## પાદટીપો

૧. ગિ. વ. આચાર્ય (સંપા.), 'ગુજરાતના ઐતિહાસિક લેખો' (ગુ. ઐ. લે), ભા. ૧, લેખ ૧
૨. એજન, લેખ ૬
૩. *Bombay Gazetteer*, Vol. I, Part I, p. 16
૪. દુષ્યંત પંડ્યા (અનુ.), 'પેરિપ્લસ', કંડિકા ૪૭
૫. ગુ. ઐ. લે., ભા. ૧, લેખ ૨–૫
૬. *Journal of Ancient Indian History*, Vol. II, Nos. 1–2, pp. 104 ff.
૭. *Journal of The Oriental Institute*, Vol. XXVIII, No. 2, pp. 34 ff.
૮. વિગતો માટે જુઓ ર.ચ. જમીનદાર, 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' (ગુ.રા.સાં.ઇ.), ગ્રંથ ૨ : 'મૌર્યકાલથી ગુપ્તકાલ', પ્રકરણ ૯.
૯. ગુ.ઐ.લે., ભા.૧, લેખ ૬
૧૦. એજન, લેખ ૧૫
૧૧. 'મૌર્યકાલથી ગુપ્તકાલ', પૃ. ૧૯૪
૧૨. એજન, પ્રકરણ ૮
૧૩. વિગતો માટે જુઓ હ.ગં.શાસ્ત્રી, 'મૈત્રકકાલીન ગુજરાત,' પરિશિષ્ટ ૧, લેખ ૧–૧૦૧; ગુ. રા.સાં.ઇ., ગ્રં.૩: 'મૈત્રક કાલ અને અનુ-મૈત્રક કાલ', પ્રકરણ ૩–૪.
૧૪. સેનાપતિ ભટાર્કની પ્રશસ્તિમાં
૧૫. શીલાદિત્ય ૫ માની પ્રશસ્તિમાં
૧૬–૧૭. વિગતો માટે જુઓ હ. ગં. શાસ્ત્રી, 'મૈત્રકકાલીન ગુજરાત', પ્રકરણ ૧૨.
૧૮. વિગતો માટે જુઓ હ. ગં. શાસ્ત્રી, 'મૈત્રકકાલીન ગુજરાત', પરિશિષ્ટ ૧, લેખ ૧૧૮–૧૪૫; 'મૈત્રક કાલ અને અનુ-મૈત્રક કાલ', પૃ. ૯૯–૧૦૩, ૧૧૫, ૧૩૬–૧૫૬.
૧૯. હ. ગં. શાસ્ત્રી, 'મૈત્રકકાલીન ગુજરાત', પૃ. ૨૮૬
૨૦. એજન, પૃ. ૨૯૫
૨૧. V. V. Mirashi, *Corpus Inscriptionum Indicarum*, Vol. IV, No. 30
૨૨. *Epigraphia Indica*, Vol. XXVI, pp. 197 ff.
૨૩. ગુ. ઐ. લે., ભા. ૨, લેખ ૧૨૦–૧૩૬; ભા. ૩, લેખ ૧૨૫ અ, ૧૨૫ બ, ૧૨૫ ક, ૧૩૦ અ
૨૪. ગુ. ઐ. લે., ભા. ૨, લેખ ૧૨૭, શ્લો. ૧૦; લેખ ૧૨૯, શ્લો. ૨૯
૨૫. એજન, લેખ ૧૨૯, શ્લો ૩૨
૨૬. એજન, શ્લો. ૩૮
૨૭. એજન, લેખ ૧૩૫ અ, શ્લો. ૨૨
૨૮. 'મૈત્રક કાલ અને અનુ–મૈત્રક કાલ', પૃ. ૧૫૬–૧૬૩
૨૯. ગુ. ઐ. લે., ભા. ૩, લેખ ૨૩૭–૨૩૮; *E.I.*, Vol. XXXIII, pp. 192 ff.
૩૦. ગુ. ઐ. લે., ભા. ૨–૩, લેખ ૧૨૩, ૧૨૪, ૧૨૫ અ, ૧૨૫ ક, ૧૨૮, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૨
૩૧. विनयचन्द्रसूरि, 'काव्यशिक्षा; पृ. ५३
૩૨. *E.I.*, Vol. XXVI, pp. 197 ff.
૩૩. ગુ. ઐ. લે., ભા. ૨–૩, લેખ ૧૩૭–૨૨૬, ૧૩૬ અ, ૧૪૦ અ, ૧૪૩ અ, ૧૪૩ બ, ૧૪૪ અ, ૧૪૪ બ, ૧૪૪ ક, ૧૪૪ ડ, ૧૪૪ ઇ, ૧૪૮ અ, ૧૪૮ બ, ૧૪૮ ક, ૧૪૯ અ, ૧૪૯ બ, ૧૫૫ અ, ૧૫૫ બ, ૧૫૭ અ, ૧૫૭ બ, ૧૫૭ ક, ૧૫૭ ઇ, ૧૫૭ ઈ, ૧૫૮ અ, ૨૧૪ અ, ૨૧૫ અ, ૨૧૬ અ, ૨૧૯ અ, ૨૧૯ બ, ૨૨૦ અ, ૨૨૨ અ, ૨૨૩ અ, ૨૨૫ અ, ૨૨૫ બ



ઇ.–૨

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૩૪. દુ. કે. શાસ્ત્રી, 'ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ', પૃ. ૧૬૧-૧૬૩
૩૫. ગુ.રા.સાં.ઇ., ગ્રંથ ૪: સોલંકી કાલ, પૃ. ૨૧૪-૨૨૧
૩૬. ગુ.ઐ.લે., ભા.૨, લે. ૧૫૯; *Vallabh Vidyanagar Research Bulletin*, Vol. I, Issue 2, Inscription No. 5
૩૭. *Journal of The Oriental Institute*, Vol. II, pp. 368 ff.
૩૮. દુ. કે. શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૨૬૨-૨૬૬
૩૯. એજન, પૃ. ૩૫૫-૩૫૬
૪૦. ગુ. ઐ. લે., ભા.૨, લેખ ૧૫૬
૪૧. એજન, ભા. ૩, લેખ ૧૫૭ બ
૪૨. એજન, ભા.૨, લેખ ૧૬૫
૪૩. એજન, ભા.૩, લેખ ૨૦૭-૨૧૨
૪૪. એજન, ભા.૨, લેખ ૨૨૨
૪૫. બુદ્ધિપ્રકાશ, પુ. ૫૭, પૃ. ૭૬થી; *E.I.*, Vol. XXXIV, pp. 151 ff.
૪૬. ગુ. ઐ. લે., ભા.૨, લેખ ૨૦૧-૨૦૨
૪૭. એજન, ભા.૩, લેખ ૨૨૦ અ
૪૮. બુદ્ધિપ્રકાશ, પુ. ૫૭, પૃ. ૭૭; *E.I.*, Vol. XXXIV, pp. 151 ff.
૪૯. દુ.કે.શાસ્ત્રી, 'ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ', પૃ. ૫૦૦
૫૦. D.B. Diskalkar, *Inscriptions of Kathiawad* (*I.K.*), No. 17
૫૧. સોલંકી કાલ, પૃ. ૧૦૪-૧૦૬
૫૧ અ. તાજેતરમાં આ કર્ણદેવના સમયનો સં. ૧૩૬૦ નો અભિલેખ મળ્યો છે (સ્વાધ્યાય, પુ. ૧૯, પૃ. ૧૭૩-૧૭૫).
૫૨. *I.K.*, Nos. 64-67; ગુ. ઐ. લે., ભા.૪, લે. ૬૫-૬૯
૫૩. *I.K.*, No. 68; ગુ. ઐ. લે., ભા. ૪, લે. ૭૪
૫૪. *I.K.*, No. 77; ગુ. ઐ. લે., ભા. ૪, લે. ૭૯
૫૫. *I.K.*, No. 68; ગુ.ઐ.લે., ભા.૪, લે. ૭૪
૫૬. 'સોલંકી કાલ', પૃ. ૧૪૨-૧૪૮; 'સલ્તનત કાલ', પૃ. ૧૬૭-૧૭૦
૫૭. શાસ્ત્રી હરિશંકર પ્ર. ત્રિવેદી, 'પ્રભાસપાટણના વાળા રાજવંશનો ઇતિહાસ', "યત્કિંચિત્", પૃ. ૫૦-૮૧
૫૮. *I.K.*, No. 93; ગુ.ઐ.લે., ભા.૪, લે. ૯૫
૫૯. *Annual Report on Indian Epigraphy* (*ARIE*), *1962-63*, D. 47
૬૦. *I.K.*, No. 105; ગુ.ઐ.લે., ભા.૫, લે. ૧૦૮
૬૧. *I.K.*, No. 139; ગુ.ઐ.લે., ભા.૫, લે. ૧૧૬-૧૧૭
૬૨. *I.K.*, No. 124; ગુ.ઐ.લે., ભા.૫, લે. ૧૨૭
૬૩. *I.K*, No. 135; ગુ.ઐ.લે., ભા.૫, લે. ૧૩૪
૬૪. *I.K.*, No. 140; ગુ.ઐ.લે., ભા.૫, લે. ૧૬૩
૬૫. ગુ.રા.સાં.ઇ., ગ્રં.૬: મુઘલ 'કાલ', પૃ. ૨૧૮
૬૬. વિદ્યાપીઠ, સળંગ અંક ૧૦૫, પૃ. ૬૧-૬૮
૬૭. મુનિ જિનવિજય, प्राचीनजैनलेखसंग्रह, ભા.૨, અવલોકન, પૃ. ૫૭
૬૮. પથિક, વર્ષ ૬, અંક ૧૦-૧૧, પૃ. ૩૯
૬૯. રામસિંહજી રાઠોડ, 'કચ્છનું સંસ્કૃતિદર્શન', પૃ. ૨૬૭
૭૦. *I.K.*, No. 183



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## વ્યાખ્યાન ૨ જું

# ધર્મ

ધર્મ એ પ્રાચીન પ્રજાજીવનનું પ્રધાન પરિબળ હતું. રાજાઓ અને અધિકારીઓની યશોગાથા ગાતા અભિલેખ પ્રમાણમાં ઘણા ઓછા છે, જ્યારે ધર્મવિષયક અભિલેખ વિપુલ સંખ્યા ધરાવે છે. ઘણી વાર રાજપ્રશસ્તિઓ કે મહાનુભાવપ્રશસ્તિઓ ધર્મવિષયક પ્રવૃત્તિઓ નિમિત્તે અભિલેખોમાં સમાવેશ પામી છે.

ધર્મ એ સાંસ્કૃતિક જીવનનું એક એવું વિશાળ ક્ષેત્ર છે, જેમાં એનાં અનેક વિવિધ પાસાંને આવરી લેવામાં આવે. એમાં યજ્ઞો, પૂર્તકાર્યો અને દાનકાર્યોનો ખાસ સમાવેશ થાય છે. આથી ધર્મવિષયક અભિલેખોમાં આ બાબતો ઘણી વાર લખાઈ હોય છે.

ગુજરાતમાં આદ્ય-ઐતિહાસિક હડપ્પીય સંસ્કૃતિના અભિલેખ મળ્યા છે, પરંતુ એ કાલની લિપિ હજી ઊકલી ન હોઈ એ અભિલેખો વિશે કંઈ ચોક્કસ કહી શકાતું નથી.

પરંતુ ઐતિહાસિક કાલના અભિલેખોમાં સહુથી પ્રાચીન અભિલેખ અશોકના ગિરનાર શૈલલેખ[1] છે. એ સ્પષ્ટતઃ ધર્મવિષયક લેખો જ છે. અશોક પોતાના એ લેખોને 'ધર્મલિપિઓ' અર્થાત્ ધર્મલેખો તરીકે ઓળખાવે છે. એમાં દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા અશોકે પોતાની ઉદાત્ત ધર્મભાવનાનું તથા તેના વ્યાપક પ્રસાર માટે પોતે લીધેલાં વિવિધ પગલાંનું નિરૂપણ કર્યું છે. 'માતાપિતાની સેવા સારી છે,' 'બ્રાહ્મણો તથા શ્રમણોને દાન દેવું સારું છે', 'પ્રાણીઓની અહિંસા સારી છે', 'ધર્મનું અનુશાસન એ શ્રેષ્ઠ કર્મ છે', 'કલ્યાણ દુષ્કર છે', 'પાપ સુકર છે', 'સર્વલોકહિત કરતાં કોઈ ચડિયાતું કર્મ નથી', 'સર્વ સંપ્રદાયો સર્વત્ર વસે', 'ગુલામો અને નોકરો તરફ સદ્વર્તાવ સારો', 'ધર્મના દાન જેવું દાન નથી', 'ધર્મ-વિજય પ્રીતિરસવાળો હોય છે' ઇત્યાદિ સુભાષિતો આ ધર્મલેખોમાં વ્યક્ત થયાં છે.

ક્ષહરાત ક્ષત્રપ રાજા નહપાન, જેની રાજધાની પ્રાયઃ ભરુકચ્છ(ભરૂચ)માં હતી, તેના જમાઈ ઉષવદાતે અનેક તીર્થધામોમાં જે વિવિધ ધર્મકાર્ય કરેલાં, તે પૈકી પ્રભાસમાં બ્રાહ્મણોને આઠ કન્યાઓનું દાન, ભરુકચ્છમાં ચતુઃશાલ ગૃહો તથા વિશ્રામગૃહો તેમ જ વાડી, તળાવ અને ઉદપાન કરાવ્યાં, દમણ તાપી વગેરે નદીઓ પર મફત નદી ઓળંગવાની સગવડ તથા એનાં બંને તીરે વિશ્રામગૃહો અને જલસત્રો કરાવ્યાં—આ માહિતી નાસિકના એક ગુફાલેખમાં[2] આપવામાં આવી છે. આવાં પરમાર્થ-કાર્ય ધાર્મિક દૃષ્ટિએ પુણ્યસંચય માટે કરાતાં. આમાં દાનકાર્યોનો તથા પૂર્તકાર્યોનો સમાવેશ થાય છે.

> वापीकूपतडागानि देवतायतनानि च ।
> अन्नप्रदानमारामः पूर्तमित्यभिधीयते ।।[3]

વાપી કૂપ તડાગ ઇત્યાદિ લોકોપયોગી જળાશયો, વાડીઓ તેમ જ દેવાલયો બંધાવવાં તેને 'પૂર્તધર્મ' કહે છે.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગુજરાતમાં વાવ, કૂવા, તળાવ ઇત્યાદિ જળાશયો કરાવવાની પ્રથા પ્રાચીન કાલથી પ્રચલિત છે. પ્રાચીન તથા મધ્યકાલીન જળાશયો પૈકી કેટલાંક અદ્યપર્યંત વિદ્યમાન છે, જ્યારે બીજાં અનેક કાળબળે નષ્ટ થઈ ગયાં છે. જે વિદ્યમાન છે તેના નિર્માણ-કાલ વિશે એના સ્થાપત્ય-સ્વરૂપ પરથી કંઈ અંદાજ બાંધી શકાય છે, પરંતુ એનું ચોક્કસ વર્ષ કે એનું નિર્માણ કરાવ-નારનું નામ તો એમાં એને લગતો અભિલેખ મુકાયો હોય તો જ જાણવા મળે છે. કેટલીક વાર એવું બને છે કે જળાશય પોતે હાલ મોજૂદ રહ્યું ન હોય, પણ એને લગતો અભિલેખ જળવાયો હોય.

ગુજરાતમાં મળેલા અભિલેખોમાં પૂર્તકાર્યને લગતો સહુથી પ્રાચીન અભિલેખ રાજા ક્ષત્રપ સ્વામી રુદ્રસિંહ ૧ લાના રાજ્યકાલનો શક વર્ષ ૧૦૩(ઈ. સ. ૧૮૧)નો ગુંદા શિલાલેખ[૪] છે. એમાં આભીર સેનાપતિ રુદ્રભૂતિએ વાવ ખોદાવી ને બંધાવી એમ જણાવ્યું છે.

જૂનાગઢ પાસે રુદ્રસેન–વિહાર નામે બૌદ્ધ વિહાર હતો તે ઈંટવાના ખોદકામમાં મળેલ મુદ્રાંક[૫] પરથી અને શામળાજી પાસે જે બૌદ્ધ મહાસ્તૂપ હતો તે કોણે ને ક્યારે બંધાવ્યો હતો ને એમાં કોનાં અસ્થિ કોણે પધરાવ્યાં હતાં એ વિગત એ સ્તૂપના પેટાળમાં મળેલા પથ્થરના દાબડા પર કોતરેલા લેખ પરથી જાણવા મળી છે. ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તના સમયમાં ગિરિ-નગરમાં નગરપાલક ચક્રપાલિતે ચક્રધર વિષ્ણુનું મંદિર કરાવ્યું હતું (ઈ. સ. ૪૫૭)[૭].

ધર્મશાસ્ત્ર કહે છે કે કલિયુગમાં દાન પરમ છે, ગૃહસ્થોનો પરમ ધર્મ દાન છે. દાન માટેનાં વિવિધ દ્રવ્યોમાં ગાય, અન્ન, ભૂમિ, સુવર્ણ, અશ્વ અને હસ્તીનાં દાન ઉત્તમ દાન ગણાતાં. સુવર્ણ, અશ્વ, હસ્તી, દાસી, રથ, ભૂમિ, કન્યા, ગાય વગેરેનાં દાન મહાદાન ગણાતાં. એમાંય ગાય, ભૂમિ અને વિદ્યાનાં દાન અતિદાન ગણાતાં; ને એની અંદર ભૂમિદાન સર્વોત્તમ મનાતું.

એમાં સુવર્ણ, ગાય, અશ્વ, અન્ન વગેરે જંગમ પદાર્થ તો વહેલામોડા ખલાસ થઈ જાય, જ્યારે ભૂમિ એક એવો પદાર્થ છે જે પોતે અ-ક્ષીણ રહે ને હમેશાં એમાંની ઊપજનો લાભ લીધા કરાય. આમ સ્થાવર ભૂમિનું દાન શાશ્વત પ્રકારનું હોઈ ભૂમિદાનને અંગે હમેશાં ખત લખી આપવામાં આવતું ને એ ખતને તામ્રપત્ર જેવા અક્ષય પદાર્થ પર કોતરાવી આપવામાં આવતું. આથી ભૂમિદાન દેનાર તથા લેનારના કોઈ વંશવારસ હાલ વિદ્યમાન ન રહ્યા હોય તેટલા લાંબા ગાળે – હજાર-દોઢ હજાર વર્ષ પહેલાંનાંય તામ્રપત્ર મળે છે, જેના પર ભૂમિદાનને લગતાં રાજશાસન કોતર્યાં હોય છે. આ ભૂમિદાનનો હેતુ પોતાના તથા પોતાનાં માતાપિતાના પુણ્યની અભિવૃદ્ધિ માટેનો હોય છે. આથી આવાં દાન મુખ્યત્વે દેવાલયોને, વિહારોને, વસતિઓને, બ્રાહ્મણોને તથા મહંતોને આપવામાં આવતાં.

ગુજરાતમાં ભૂમિદાનને લગતું સહુથી પ્રાચીન તામ્રપત્ર કરાચલા(તા. છોટાઉદેપુર, જિ. વડોદરા)માંથી મળેલું તામ્રપત્ર[૯] છે. એના ઉપલબ્ધ અપૂર્ણ ખંડમાં વર્ષ આપેલું નથી, પરંતુ લિપિના મરોડ વગેરે પરથી એ ઈ. સ. ૪૦૦ના સુમારનું લાગે છે. એમાં ઈશ્વરરાત નામે સામંત રાજાએ અમુક ગામનું દાન દીધાનું જણાવ્યું છે.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગુપ્તકાલ દરમ્યાન દક્ષિણ ગુજરાતમાં ત્રૈકૂટક વંશના રાજા રાજ્ય કરતા હતા. એ રાજા વૈષ્ણવ ધર્મ પાળતા. એમાંના રાજા દહ્રસેને અશ્વમેધ કર્યો હતો. એણે તથા એના પુત્ર વ્યાઘ્રસેને બ્રાહ્મણોને ગ્રામદાન દીધાનાં તામ્રપત્ર[૧૦] પ્રાપ્ત થયાં છે.

વલભીના મૈત્રક રાજાઓ ભૂમિદાન દેવાનો ઘણો મહિમા માનતા. એ વંશમાં કુલ ૧૯ રાજા થયા, તેઓનાં ૧૦૦ થી વધુ તામ્રપત્ર મળ્યાં છે.[૧૧] ધાર્મિક દૃષ્ટિએ કરાતા દાનને 'ધર્મદાય' કે 'ધર્મદેય' કહેતા. બ્રાહ્મણને આપેલા ધર્મદેયને 'બ્રહ્મદેય' અને દેવાલયને આપેલા ધર્મદેયને 'દેવદેય' કહેતા. આ દાનનો હેતુ માતાપિતાનાં તથા પોતાનાં પુણ્ય તથા યશની અભિવૃદ્ધિનો ને પોતાનાં ઐહિક તેમ જ આમુષ્મિક ઇપ્સિત ફળની પ્રાપ્તિનો રહેતો. દાન બ્રાહ્મણને બલિ, ચરુ, વૈશ્વદેવ, અગ્નિહોત્ર અને અતિથિની પંચમહાયજ્ઞોની ક્રિયાઓના અનુષ્ઠાન અર્થે અપાતું, જ્યારે દેવાલયને અપાતા દાનનું પ્રયોજન દેવની વિવિધ પૂજાની સામગ્રીની જોગવાઈનું, વાદ્ય ગીત નૃત્યાદિ માટેના ઉપયોગનું, પૂજારીના ભરણપોષણનું અને દેવાલયના સમારકામનું રહેતું. બૌદ્ધ વિહાર(મઠ)ની બાબતમાં ત્યાં રહેતા ને બહારથી આવતા ભિક્ષુઓ કે ભિક્ષુણીઓનાં ચીવર, ભિક્ષા, શયન, આસન અને ભૈષજ્યનો પ્રબંધ કરવાનુંય રહેતું. પૂર્ણિમા, અમાવાસ્યા, ગ્રહણ, અધિક માસ વગેરે પર્વદિનોએ દાન દેવાનો અધિક મહિમા મનાતો. દાન દેનાર રાજા પોતે આપેલા ધર્મદેયનું આજીવન પાલન કરે એ સ્વાભાવિક છે, પરંતુ એના ઉત્તરાધિકારી રાજાઓ એના દાનશાસનને અનુમોદન આપી એનું અનુપાલન કરે એ માટે નૈતિક અનુરોધ કરવો પડતો. આ માટે ઐશ્વર્યો અનિત્ય છે, માનુષ્ય અસ્થિર છે ને ભૂમિદાનનું ફળ અનુપાલન કરનાર ભાવિ રાજાઓને પણ મળે છે એ બધી રજૂઆત કરતા. એ ઉપરાંત ભૂમિદાન અને એના અનુપાલનથી મળતું ફળ તથા કરેલા ભૂમિદાનનો આચ્છેદ કરનારને કે કરવા દેનારને લાગતું પાપ દર્શાવવામાં આવતું. આ અંગે પુરાણોમાંથી કેટલાક શ્લોક ટાંકવામાં આવતા, જેમ કે

बहुभिर्वसुधा भुक्ता राजभिस्सगरादिभिः ।
यस्य यस्य यदा भूमिस्तस्य तस्य तदा फलम् ।।

(સગરાદિ ઘણા રાજા ભૂમિને ભોગવી ગયા;
જેની જેની યદા ભૂમિ તેનું તેનું તદા ફલ.)

पूर्वदत्तां द्विजातिभ्यो यत्नाद्रक्ष युधिष्ठिर ।
महीं महिमतां श्रेष्ठ दानाच्छ्रेयोऽनुपालनम् ।।

(દ્વિજોને દાન દીધેલી, એને પાળ, યુધિષ્ઠિર,
ભૂમિને, શ્રેષ્ઠ ભૂપાલ, દાનથી શ્રેય પાલન.)

षष्टिं वर्षसहस्राणि स्वर्गे मोदति भूमिदः ।
आच्छेत्ता चानुमन्ता च तान्येव नरके वसेत् ।।

(ભૂમિદાતા વસે સ્વર્ગે વર્ષો સાઠ હજાર ને
છેદે કે છેદવા દે તે એટલાં નરકે વસે.)[૧૨]



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દાનશાસનમાં દાતા તરીકે રાજાની તથા એના પુરોગામીઓની આપેલી પ્રશસ્તિઓમાં એ કાલની ધર્મ-ભાવના પ્રતિબિંબિત થાય છે. બ્રહ્મદેયોને લગતાં દાનશાસનોમાંથી એ કાલના બ્રાહ્મણોનાં નામ, ગોત્ર, વેદ, નિવાસસ્થાન વગેરેની વિગતો મળે છે.[૧૩] દા. ત. બ્રાહ્મણોનાં નામ ઈશ્વર, દેવ, શિવ, કુમાર, વિષ્ણુ, સૂર્ય, અગ્નિ, ઇન્દ્ર ઇત્યાદિ દેવોનાં નામ પરથી પાડવામાં આવતાં અને એ નામોના અંતે શર્મા, મિત્ર, દત્ત, ત્રાત, ભૂતિ, ઈશ્વર ઇત્યાદિ ઉપપદ લગાડવામાં આવતાં. ગોત્રોમાં ભૃગુ, વત્સ, શુનક, શાર્કરાક્ષિ, ગૌતમ, ભારદ્વાજ, કણ્વ, હરિત, કશ્યપ, લૌગાક્ષિ, શાંડિલ્ય, મનુ, વસિષ્ઠ, પરાશર, આત્રેય, કૌશિક વગેરે અહીં પ્રચલિત હતાં. ઋગ્વેદમાં બહ્‌વૃચનો, યજુર્વેદમાં મૈત્રાયણીય, તૈત્તિરીય અને વાજસનેયીનો ને સામ-વેદમાં છન્દોગનો સવિશેષ સ્વાધ્યાય થતો. ત્રણ વેદો અને ચાર વેદોના જાણકાર ત્રૈવિદ્યો અને ચાતુર્વિદ્યોની પર્ષતો હતી, ખાસ કરીને વલભી, આનંદપુર અને જંબૂસર જેવાં નગરોમાં. વિદ્વાન બ્રાહ્મણોની વસ્તી મુખ્યત્વે વલભી, સિંહપુર, હસ્તવપ્ર, ગિરિનગર, ખેટક, નગરક, કાશહ્રદ, આનંદપુર, જંબૂસર, ભરુકચ્છ અને નવસારિકામાં હતી. મૈત્રકકાલનાં દાનશાસનોમાં બ્રાહ્મણોની કોઈ જ્ઞાતિઓના ઉલ્લેખ આવતા નથી.

દેવાલયોમાં શિવ, સૂર્ય વગેરેનાં થોડાંક મંદિરોના નિર્દેશ મળે છે. મૈત્રક વંશના રાજાઓ મુખ્યત્વે પરમ માહેશ્વર (શૈવ) હતા. એક રાજા[૧૪] પરમ ભાગવત (વૈષ્ણવ) અને એક રાજા[૧૫] પરમ આદિત્ય–ભક્ત હતો. ગારુલક વંશના રાજા પરમ ભાગવત હતા.[૧૬]

મૈત્રકકાલ દરમ્યાન ગુજરાતમાં બૌદ્ધ ધર્મ પણ લોકપ્રિય હતો. વલભીમાં બૌદ્ધ ભિક્ષુ-ઓના તથા ભિક્ષુણીઓના અનેક વિહાર હતા, જેને ત્યાંના રાજાઓ ભૂમિદાન દેતા. વિહારોમાં ભગવાન બુદ્ધની કે છેલ્લા સાત બુદ્ધોની મૂર્તિઓની પૂજા થતી.[૧૭]

અકોટા(વડોદરા)માંથી મળેલી જૈન ધાતુ–પ્રતિમાઓમાંની ઘણી પ્રતિમાઓ પર લેખ કોતરેલા છે તે પરથી એમાંની કેટલીક મૈત્રક કાલની લાગે છે.[૧૮] એમાં 'જીવંત-સ્વામી' મહા-વીરની પ્રતિમા ખાસ નોંધપાત્ર છે.

મૈત્રક કાલ દરમ્યાન દક્ષિણ ગુજરાતમાં ત્રૈકૂટક ઉપરાંત ગુર્જર, ચાહમાન, સેન્દ્રક, ચાલુક્ય વગેરે વંશોનાં રાજ્ય થયાં.[૧૯] ગુર્જર વંશના શરૂઆતના રાજા આદિત્ય-ભક્ત હતા, જ્યારે પછીના રાજાઓ માહેશ્વર હતા. ચાહમાન રાજાઓ માહેશ્વર હતા. સેન્દ્રક રાજા આદિત્ય-ભક્ત હતા. ચાલુક્યો માહેશ્વર હતા ને વરાહાવતારના પણ ઉપાસક હતા. મૈત્રકોની જેમ આ વંશોના રાજાઓ પણ બ્રાહ્મણો, દેવાલયો કે વિહારોને ભૂમિદાન દેતા.

અનુ–મૈત્રક કાલ દરમ્યાન પણ રાજાઓની ભૂમિદાનની પ્રવૃત્તિઓ ચાલુ રહી તેવું તેઓનાં દાનશાસનો[૨૦] પરથી માલૂમ પડે છે. રાષ્ટ્રકૂટોના અમલ દરમ્યાન દખ્ખણના અનેક બ્રાહ્મણ ગુજરાતમાં આવી વસ્યા. બ્રાહ્મણો અને રાજાઓ મુખ્યત્વે માહેશ્વર હતા. ક્યારેક સૂર્ય, વિષ્ણુ, ગણપતિ, માતૃકાઓ વગેરેનાં દેવાલયોનો ઉલ્લેખ આવે છે. ભૃગુકચ્છ તીર્થમાં નર્મદાસ્નાનનો મહિમા મનાતો. રાષ્ટ્રકૂટ રાજાઓ પટ્ટબંધ ઉત્સવ પ્રસંગે તુલાપુરુષારોહણ કરીને બ્રાહ્મણોને તથા દેવાલયોને સેંકડો ગાયોનું અને લાખો સુવર્ણો તથા દ્રમ્મોનું દાન દેતા. બૌદ્ધ ધર્મનો હવે હ્રાસ થતો હતો, જ્યારે જૈન ધર્મનો અભ્યુદય થતો હતો, ખાસ કરીને રાષ્ટ્ર-



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કૂટ રાજ્યમાં. અણહિલવાડના ચાવડા રાજાઓએ શિવ-શક્તિનાં કેટલાંક દેવાલય બંધાવ્યાનું પ્રમાણ જણાવે છે,[૨૧] પરંતુ એને લગતા કોઈ અભિલેખ મળ્યા નથી.

સોલંકી કાલના તામ્રપત્રલેખો તથા શિલાલેખો પરથી એ કાલની ધાર્મિક પ્રવૃત્તિઓ વિશે ઘણી માહિતી મળે છે. શ્રીસ્થલ(સિદ્ધપુર)માં રુદ્રમહાલય મૂલરાજ ૧ લાના સમયમાં પણ અસ્તિત્વ ધરાવતું હોવાનું એના સં. ૧૦૪૩ના તામ્રપત્ર[૨૨] પરથી માલૂમ પડે છે. સોલંકી રાજાઓનો કુલધર્મ માહેશ્વર હતો, છતાં રાજપુત્ર ચામુંડરાજના સમયથી[૨૩] તેઓ જિનાલયોને પણ ભૂમિદાન દેતા હતા. કર્ણદેવે તથા સિદ્ધરાજ જયસિંહે પણ જૈન વસતિને ભૂમિદાન દીધાનું તેઓનાં લાડોલ તામ્રપત્રો[૨૪] પરથી જાણવા મળ્યું છે. દાનોના પ્રતિગ્રહીતાઓ તરીકે કેટલાક શૈવ આચાર્યો વિશે પણ માહિતી મળે છે. બ્રાહ્મણોની વિગતોમાં હવે ઉદીચ્ય, મોઢ, નાગર, રાયકવાલ ઇત્યાદિ જ્ઞાતિઓના નિર્દેશ આવે છે. કેટલાંક ભૂમિદાન અધિકારીઓએ આપેલાં છે. ભાવિક રાજાઓ, સામંતો અને અધિકારીઓ પોતાના કે પોતાનાં માતાપિતાના નામે નવાં દેવાલય, ખાસ કરીને શિવાલય, બંધાવતા, જેમ કે ગૂહિલ મૂલુકે પિતાના નામે સહજિગેશ્વર,[૨૫] ભીમદેવ ૨ જા અને એની રાણી લીલાદેવીના નામના ભીમેશ્વર અને લીલેશ્વર,[૨૬] રાણા લૂણપસાકે (લવણપ્રસાદે) માતાપિતાનાં નામે સલખણેશ્વર તથા આનકેશ્વર,[૨૭] રાણા વીરમે વીરમેશ્વર તથા સૂમલેશ્વર.[૨૮] ગુજરાતનાં પ્રસિદ્ધ મંદિરોના કેટલાક મહંતો વિશે શિલાલેખો પરથી માહિતી મળે છે, જેમ કે દીર્ઘાચાર્ય, પ્રસર્વજ્ઞ, ભાવ બૃહસ્પતિ, વિશ્વેશ્વરરાશિ, વીરભદ્ર, પર બૃહસ્પતિ, કાર્ત્તિકરાશિ, વાલ્મીકિરાશિ, ત્રિપુરાંતક, વેદગર્ભરાશિ અને વિશ્વામિત્રરાશિ.[૨૯]

સોલંકી રાજાઓ સોમનાથના પરમ ભક્ત હતા. ભીમદેવ ૧ લાએ એ મંદિર પથ્થરનું બંધાવ્યું હતું.[૩૦] સિદ્ધરાજ જયસિંહ એનો જીર્ણોદ્ધાર કર્યા પહેલાં મૃત્યુ પામ્યો, તો કુમારપાલે એ કામ પાર પાડેલું.[૩૧] ભીમદેવ ૨ જાએ એ મંદિરમાં મેઘનાદ મંડપ કરાવ્યો હતો.[૩૨] સારંગદેવના સમયમાં ગંડત્રિપુરાંતકે મંડપની ઉત્તરે પાંચ દેવાલય અને એક કીર્તિતોરણ કરાવ્યાં હતાં.[૩૩] આ બધી માહિતી શિલાલેખો પરથી મળે છે. વળી એ પણ જાણવા મળે છે કે સિદ્ધરાજે સોમનાથ મંદિરમાં ભાવ બૃહસ્પતિને ગંડપદે નીમ્યા ને એ બૃહસ્પતિએ ત્રિપુરાંતકને આર્યની પદવી આપી છઠ્ઠા મહત્તર નીમ્યા.[૩૪] 'ગંડ', 'આર્ય', 'મહત્તર' એ શૈવ મહંતોની જુદી જુદી પાયરીઓ લાગે છે. ત્રિપુરાંતકે સોમનાથ પાસે જે પાંચ શિવાલય બંધાવ્યાં તેમાંનું એક એ ઉમાપતિ બૃહસ્પતિ પરથી 'ઉમાપતિ' નામે અને બીજું બૃહસ્પતિનાં પત્ની ઉમા પરથી 'ઉમેશ્વર' નામે ઓળખાતું, જ્યારે એક ત્રિપુરાન્તકનાં માતા માલ્હણદેવી પરથી 'માલ્હણેશ્વર' નામે, બીજું એમના પોતાના નામ પરથી 'ત્રિપુરાંતકેશ્વર' નામે અને ત્રીજું એમનાં પત્ની રમાના નામ પરથી 'રમેશ્વર' નામે ઓળખાતું.[૩૫]

સોમનાથ મંદિરના સંદર્ભમાં વિદ્વાન નાગર નાનાકની પ્રશસ્તિના શિલાલેખ[૩૬] પણ નોંધપાત્ર છે. એ રાજા વીસલદેવનો માનીતો હતો. એ નગર (વડનગર) પાસે આવેલા ગુંજા ગામનો વતની હતો. એ વૈજવાપ કુલનો અને કાપિષ્ઠલ ગોત્રનો હતો. એ નાગર જ્ઞાતિનું ભૂષણ હતો. એ શ્રુતિ, સ્મૃતિ, કાતંત્ર, છંદ:શાસ્ત્ર, નાટક, અલંકારશાસ્ત્ર, રામાયણ, મહાભારત, પુરાણ વગેરેમાં નિપુણ હતો. રાજા વીસલદેવે સોમનાથની યાત્રા પ્રસંગે ત્યાંની પોતાની બ્રહ્મપુરીમાંથી એને એક



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હવેલી આપી હતી તેમ જ બગસરા ગામ આપ્યું હતું. એ રાજાને એની હયાતીમાં પુરાણોના પાઠથી અને એની હયાતી બાદ પિંડદાનથી પ્રસન્ન કરતો હતો. એણે સરસ્વતી-સાગરના સંગમ પર સારસ્વત સદન કરાવ્યું હતું. એ સોમનાથની નિત્ય નિયમિત પૂજા કરતો. આવો વિદ્વાન બે સુંદર પ્રશસ્તિઓનો નાયક છે એ વિરલ ગણાય.

શિલાલેખો પરથી બ્રાહ્મણો, ગોત્રો, ધર્મસંપ્રદાયો, જૈન સૂરિઓ, ગચ્છો અને ધાર્મિક માન્યતાઓ તથા ક્રિયાઓ વિશે પણ રસપ્રદ માહિતી પ્રાપ્ત થાય છે.

શૈવ મઠોના મહંત ગૃહસ્થ જીવન ગાળતા હતા. મંડલી(માંડલ)માં મૂલેશ્વરદેવનું મંદિર હતું ને વેદગર્ભરાશિ ત્યાંના સ્થાનપતિ હતા. સલખણપુર જ્યાં લૂણપસાકે આનલેશ્વર અને સલખણેશ્વરનાં મંદિર બંધાવેલાં ત્યાંના મઠના પણ એ જ સ્થાનપતિ હતા. વળી તેઓ રાણા વીરમે ધૂસડી(વીરમગામ)માં બંધાવેલાં વીરમેશ્વર તથા સૂમલેશ્વરના પણ મઠાધિપતિ હતા. ભીમદેવ ૨ જાએ આ મઠપતિને અનેક ભૂમિદાન દીધાં હતાં. રાજા ત્રિભુવનપાલે પણ એમને ભૂમિદાન દીધેલું (સં. ૧૨૯૯). વેદગર્ભરાશિને સોમેશ્વર નામે પુત્ર હતો.[૩૭]

સિદ્ધપુરનું રુદ્રમહાલય કેટલું મોટું અને ભવ્ય હતું! એને લગતો પ્રશસ્તિલેખ હોત તો કેટલું જાણવા મળત! પાટણના સહસ્રલિંગ સરોવરની પ્રશસ્તિ પ્રજ્ઞાચક્ષુ કવિ શ્રીપાલે રચી હતી, એના શિલાલેખનો એક ખંડિત ટુકડો હાલ ઉપલબ્ધ છે.[૩૮] એ મહાસરોવરના કાંઠે ૧૦૦૮ શિવાલય, ૧૦૮ મંદિર અને એક દશાવતાર-મંદિર હતું. સરોવરના મધ્યમાં આવેલ બકસ્થલમાં વિંધ્યવાસિની દેવીનું મંદિર હતું. દ્વયાશ્રયકાવ્યમાં તથા સરસ્વતીપુરાણમાં આ સરોવરનું જે રુચિર નિરૂપણ કરેલું છે તેને ચકાસવા માટે આ આખો શિલાલેખ ઉપલબ્ધ થયો હોત તો ઘણો અસરકારક નીવડત. દર્ભાવતી(ડભોઈ)માંના વૈદ્યનાથ મંદિરનું નિર્માણ કે પુનર્નિર્માણ વીસલદેવના સમયમાં વિ. સં. ૧૩૧૧ માં થયું હોવા વિશે સોમેશ્વરદેવે રચેલી પ્રશસ્તિ[૩૯] ત્યાં કોતરેલી છે.

કેટલાક શિલાલેખોમાં વિષ્ણુપૂજાના ઉલ્લેખ આવે છે. સિદ્ધરાજ જયસિંહના મંત્રી સેનાપતિ કેશવે દધિપદ્ર(દાહોદ)માં માતાના શ્રેય અર્થે ગોગનારાયણનું મંદિર કરાવેલું.[૪૦] ભાવ બૃહસ્પતિએ વિષ્ણુપૂજન વૃત્તિઓનો ઉદ્ધાર કર્યો.[૪૧]

ભીમદેવ ૨ જાના સમયમાં વિપ્ર શ્રીધરે માતાના નામ પરથી રોહિણી-સ્વામીનું મંદિર કરાવેલું.[૪૨] રાજા વીસલદેવના સમયમાં રાણા સામંતસિંહે એક ભૂમિદાન દીધેલું, તેમાં બલ્લાણ-નારાયણ તથા રૂપ-નારાયણ દેવની નિત્ય પંચોપચાર પૂજા અને નૈવેદ્ય વગેરેના પ્રબંધનો સમાવેશ થતો.[૪૩] સામંતસિંહે પોતાના સદ્‌ગત મોટાભાઈ સલક્ષના નામે સલક્ષનારાયણનું મંદિર બંધાવ્યું હતું ને દ્વારકા જવાના માર્ગ પર આવેલા રેવતી કુંડમાં જલશાયી વિષ્ણુ તથા રેવતી અને બલરામની મૂર્તિ પધરાવી હતી.[૪૪] રાજા સારંગદેવના સમયમાં પાલ્હણપુર(પાલણપુર)ના અમુક વર્ગોએ શ્રીકૃષ્ણના પૂજા-નૈવેદ્ય તથા પ્રેક્ષણક નિમિત્તે અમુક લાગા બાંધી આપ્યા હતા.[૪૫] એને લગતા શિલાલેખનો આરંભ 'ગીતગોવિંદ'માંના આ શ્લોકથી થાય છે:

> वेदानुद्धरते जगंति वहते भूगोलमुद्बिभ्रते
> दैत्यान् दारयते बलिं छलयते क्षत्रक्षयं कुर्वते ।
> सेतुं बंधयते हलं कलयते कारुण्यमातन्वते
> म्लेच्छान् मूर्च्छयते दशाकृतिकृते कृष्णाय तस्मै नमः ।।



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, બલરામ, બુદ્ધ અને કલ્કિ એ દશાવતાર ધારણ કરનાર કૃષ્ણને નમસ્કાર કરવાને લગતો આ સુપ્રસિદ્ધ શ્લોક અહીં વિ. સં. ૧૩૪૮ માં અર્થાત્ 'ગીતગોવિંદ'ની રચના પછી એક શતકની અંદર ઉદાહૃત થયો છે એ નોંધપાત્ર છે. મોઢેરાના સૂર્યમંદિરના નિર્માણને લગતો લેખ કોતરાયો નથી. માત્ર એક શિલા પર વર્ષ કોતરેલું છે.

સૂર્યપૂજા પણ સોલંકી કાલમાં પ્રચલિત હતી. મહામાત્ય વસ્તુપાલે ખંભાત પાસેના નગરક-(નગરા)માં જયાદિત્ય નામે સૂર્યની મૂર્તિ પાસે તેમની પત્નીઓ રત્નાદેવી અને રાજદેવીની મૂર્તિઓ પધરાવી હતી,[૪૬] ખેરાળુમાં વિ. સં. ૧૨૯૩ માં સૂર્ય અને એમની બે પત્નીઓની પ્રતિમાઓની પ્રતિષ્ઠા થઈ હતી[૪૭] ને વિ.સં. ૧૩૫૭ માં સુત્રાપાડાના સૂર્યમંદિરમાં સૂર્યદેવની મૂર્તિ સ્થપાઈ હતી[૪૮] એવું તે તે પ્રતિમાને લગતા અભિલેખો પરથી જાણવા મળે છે. રાજા સારંગદેવના સમયમાં વંથળીમાં સૂર્યપુત્ર રેવંતનો નવો મંડપ બંધાવ્યાનું જણાવ્યું છે ને એના શિલાલેખનો આરંભ **ॐ नम: श्री रेवंताय** થી કર્યો છે.[૪૯]

સોલંકી કાલમાં અહીં બૌદ્ધ ધર્મ લુપ્ત થઈ ચૂકેલો હતો, જ્યારે જૈન ધર્મનો ઘણો અભ્યુદય થયો હતો. પ્રબંધાદિમાં સોલંકી રાજાઓએ બંધાવેલાં અનેક જિનાલયોના ઉલ્લેખ આવે છે તેમ જ ઇતર સાહિત્યમાંથી આ કાલના અનેક જૈન સૂરિઓ તથા સાહિત્યકારોની માહિતી મળે છે. યુવરાજ ચામુંડરાજ, કર્ણદેવ અને જયસિંહદેવે જિનાલયોને આપેલાં ભૂમિદાનોનો ઉલ્લેખ અગાઉ આવી ગયો છે. ભીમદેવ ૧ લાના દંડનાયક વિમલે વિ. સં. ૧૦૮૮ માં આબુ ઉપર આદિનાથનું આરસનું મંદિર બંધાવ્યું હતું, તેનો ઉલ્લેખ સં. ૧૩૭૮ માં થયેલા એના જીર્ણોદ્ધારને લગતા પ્રશસ્તિ-લેખમાં[૫૦] થયેલો છે. વિમલે બંધાવેલું આ જિનાલય વિમલ-વસહી તરીકે પણ ઓળખાય છે. કુંભારિયાનાં દેરાસરોને લગતા શિલાલેખ મળ્યા ન હોઈ, એના નિર્માણ-કાલ વિશે એના સ્થાપત્ય-સ્વરૂપ પરથી અનુમાન કરવું પડે છે. પરમ આર્હત ગણાતા રાજા કુમારપાલે ગુજરાતમાં ઠેકઠેકાણે જિનાલય બંધાવ્યાં હોવાની અનુશ્રુતિ પ્રવર્તે છે, પરંતુ એને લગતા શિલા-લેખ મળ્યા નથી. શત્રુંજય, ગિરનાર અને તારંગાને લગતા શિલાલેખ હોત, તો ત્યાંનાં જિનાલયો વિશે કેટલી પ્રમાણિત માહિતી મળત! ગિરનાર પર મંત્રી સજ્જને અને શત્રુંજય પર મંત્રી ઉદયનના પુત્ર વાહડ અને આંબડે બંધાવેલ પથ્થરનાં મંદિરોને લગતા શિલાલેખ હોત, તો એને લગતી અનુશ્રુતિને સબળ સમર્થન મળત. ધોળકામાં મળેલી એક અનુકાલીન પ્રતિમાની પાછલી બાજુ પર ત્યાંના ઉદયન-વિહારને લગતી પ્રશસ્તિનો અમુક ભાગ કોતરેલો છે.[૫૧]

રાજા કુમારપાલની જેમ મહામાત્ય વસ્તુપાલ-તેજપાલ જૈન ધર્મના પરમ પ્રભાવક હતા. ગિરનાર પરના શિલાલેખોમાં[૫૨] નોંધાયું છે કે વસ્તુપાલે શત્રુંજય, ઉજ્જયંત (ગિરનાર) વગેરે મહાતીર્થોમાં સંઘ કાઢી યાત્રા કરેલી ને તેણે તથા તેજપાલે શત્રુંજય, અર્બુદ (આબુ) વગેરે મહાતીર્થોમાં તેમ જ અણહિલપુર (પાટણ), ભૃગુપુર (ભરૂચ), સ્તંભનક (થામણા), સ્તંભતીર્થ (ખંભાત), દર્ભવતી (ડભોઈ), ધવલક્કક (ધોળકા) વગેરે નગરોમાં તથા અન્ય સ્થાનોમાં અનેકાનેક નવાં ધર્મસ્થાન કરાવેલાં તેમ જ અનેક જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવેલો, વસ્તુપાલે ગિરનાર ઉપર આદિ તીર્થંકર ઋષભદેવ, પાર્શ્વનાથદેવ, મહાવીરદેવ અને સરસ્વતીની દેવકુલિકા તથા નેમિનાથદેવની ચાર દેવકુલિકા કરાવેલી તેમ જ નેમિનાથના મુખ્ય મંદિરમાં સમેત અને અષ્ટાપદ



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મહાતીર્થના પ્રાસાદ કરાવ્યા હતા. એને લગતા છ શિલાલેખ સોમેશ્વર, નરચંદ્રસૂરિ, નરેન્દ્રસૂરિ અને ઉદયપ્રભસૂરિએ રચેલા પ્રશસ્તિ-શ્લોકો સહિત કોતરેલા છે.

આબુ પર્વત પર 'લૂણ-વસહિ' નામે ઓળખાતા નેમિનાથ મંદિરમાં એક મોટો શિલાલેખ[૫૩] કોતરેલો છે. ૭૪ શ્લોકોમાં આ પ્રશસ્તિ ગુર્જરેશ્વર-પુરોહિત સોમેશ્વરદેવે રચી છે (સં. ૧૨૮૭). આરંભમાં સરસ્વતીની તથા શિવા-પુત્ર નેમિનાથની સ્તુતિ કરી છે. અણહિલપુરના પ્રાગ્વાટ ચંડપના કુલમાં જન્મેલા વસ્તુપાલ-તેજપાલની તથા ચૌલુકચ રાણા વીરધવલની પ્રશસ્તિ કરીને અર્બુદગિરિના પરમાર વંશનું નિરૂપણ કર્યું છે ને પછી તેજપાલે પત્ની અનુપમદેવી તથા પુત્ર લાવણ્યસિંહના શ્રેય અર્થે આ મંદિર બંધાવ્યાનું જણાવ્યું છે. અનુપમદેવીનું પિયેર આબુની તળેટીમાં આવેલી ચંદ્રાવતીમાં હતું ને આબુ પરનું આ જિનાલય એકલા તેજપાલે બંધાવેલું છે, છતાં લોકો હજી એને વસ્તુપાલ-તેજપાલે બંધાવેલું માન્યા કરે છે! એવી રીતે આ દેરાસરમાં સુંદર નકશીકામવાળા બે ભવ્ય ગોખલા કરેલા છે તે મંત્રી તેજપાલે પોતાની બીજી પત્ની સુહડાદેવીના શ્રેય અર્થે કરાવ્યાનું જણાવતા વિગતવાર લેખ[૫૪] એ બંને ગોખલાઓમાં કોતરેલા છે, છતાં લોકો એ ગોખલાઓને દેરાણી-જેઠાણીના અર્થાત્ તેજપાલની અને વસ્તુપાલની પત્નીના માની એ ગોખલા દેરાણી-જેઠાણીએ પોતપોતાના પિયેરના પૈસાથી કરાવ્યા હોવાની માન્યતા ધરાવે છે! આ જિનાલય વિ. સં. ૧૨૮૭ માં બંધાયું હતું.

આ દેરાસરને લગતો એક બીજો શિલાલેખ[૫૫] પણ મહત્ત્વનો છે. એ જણાવે છે કે મહારાજાધિરાજ ભીમદેવ(૨ જા)ના તથા મહામંડલેશ્વર સોમસિંહદેવના રાજ્યકાલ દરમ્યાન તેજપાલે પોતાનાં પત્ની તથા પુત્રના પુણ્યયશની અભિવૃદ્ધિ માટે અર્બુદાચલ પર દેઉલવાડા (દેલવાડા) ગામમાં હસ્તિશાલા-સહિત 'લૂણસિંહ-વસહિકા' નામે નેમિનાથદેવનું ચૈત્ય કરાવ્યું, તેની પ્રતિષ્ઠા વિજયસેનસૂરિએ કરી. આ મંદિરના વહીવટ માટે જે ગોષ્ઠિકો (ટ્રસ્ટીઓ) નીમવામાં આવેલા, તેની વિગત આ લેખમાં આપેલી છે. એમાં તેજપાલના કુટુંબનું તથા અનુપમદેવીના પિતૃકુલનું અગ્રિમ પ્રતિનિધિત્વ હતું. પછી લેખમાં મંદિરના સાંવત્સરિક ઉત્સવ ઊજવવાના નિયમ આપ્યા છે. એમાં સ્નાન-પૂજા વગેરે ક્રિયાઓ ચંદ્રાવતી પ્રદેશના શ્રાવકોએ નિયત તિથિઓએ કરવાનું નિયત કરવામાં આવ્યું હતું. એવી રીતે નેમિનાથદેવનાં પંચ કલ્યાણકો (ગર્ભપ્રવેશ, જન્મ, દીક્ષા, કેવલપ્રાપ્તિ અને મુક્તિ) ઊજવવાની વ્યવસ્થા જણાવી છે. અંતે મંદિરની વ્યવસ્થા તથા રક્ષાની જવાબદારી સ્વીકારનાર રાજકુલની તથા બ્રાહ્મણાદિ કુલોની વિગત આપીને રાજા સોમસિંહદેવે લૂણસિંહ-વસહિકાને અર્પણ કરેલા ગ્રામદાનની હકીકત જણાવી છે.

આ લૂણવસહિની દેવકુલિકાઓના નિર્માણને લગતા નાના નાના અભિલેખ[૫૬] પણ તે તે દેવકુલિકની સાથે સાંકળેલી વ્યક્તિઓનાં નામ આપે છે, જેમાં તેજપાલના કુટુંબની અનેક વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

સ્તંભતીર્થ(ખંભાત)માં રાજા સારંગદેવના સમયમાં વિ. સં. ૧૩૫૨ ના શિલાલેખમાં[૫૬અ] ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરને દાન દેનાર તથા તેની સંભાળ રાખનાર શ્રાવકોની વિગત આપી છે.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મહામાત્ય વસ્તુપાલનાં સુકૃતો વિશે કીર્તિકૌમુદી, સુકૃતસંકીર્તન, સુકૃતકીર્તિકલ્લોલિની, વસંત-વિલાસ ઇત્યાદિ અનેક પ્રશસ્તિકાવ્ય રચાયાં છે તેમ જ પ્રબંધોમાં પણ ઘણા વૃત્તાંત નિરૂપાયા છે. પછીના કવિઓએ તો વસ્તુપાલે ૬૪ મસ્જિદ કરાવ્યાનુંય જણાવ્યું છે. અતિશયોક્તિયુક્ત આવી અનુકાલીન પ્રશસ્તિઓની યથાર્થતા માટે સમકાલીન લખાણોના પ્રમાણની અપેક્ષા રહે છે. એ પહેલાં સિદ્ધરાજે ખંભાતના મુસલમાનોને થયેલ હેરાનગતિની ફરિયાદ મળતાં જાત-તપાસ કરી ગુનેગારોને સજા કરી હતી એ પ્રસંગ પણ અનુશ્રુતિમાં જાણીતો છે. એમ તો મુસ્લિમ તવારીખો છેક આઠમી સદીથી ગુજરાતમાં મસ્જિદો બંધાતી હોવાનું જણાવે છે. પરંતુ ૧૧ મી સદીમાં અસાવલ-કર્ણાવતીમાં તેમ જ સંભવતઃ ભરૂચમાં મસ્જિદો હતી એવું અરબી-ફારસી શિલાલેખો[૫૭] પરથી જાણવા મળે છે. અમદાવાદના એક અનુકાલીન અભિલેખ[૫૮] પરથી જાણવા મળે છે કે અસાવલમાં ઈ. સ. ૧૨૩૭–૩૮ માં એ મસ્જિદ બંધાઈ હતી ને એનો જીર્ણોદ્ધાર ઈ. સ. ૧૪૮૧ માં થયો હતો.

સોલંકી કાલની મસ્જિદને લગતા સહુથી રસપ્રદ અભિલેખ વેરાવળ-પાટણમાં જળવાયા છે. એમાંનો અરબી અભિલેખ[૫૯] હિ. સ. ૬૬૨(ઈ. સ. ૧૨૬૪)નો છે ને સંસ્કૃત અભિલેખ[૬૦] વિ. સં. ૧૩૨૦(ઈ. સ. ૧૨૬૪)નો છે. આ લેખોમાં જણાવ્યું છે કે રાજા અર્જુનદેવના સમયમાં હુર્મુજ બંદરથી કાર્યવશાત્ સોમનાથદેવ-નગરે આવેલા ત્યાંના ખોજા નાખુદા નૂરુદ્દીન પીરોજે ત્યાંના પંચકુલની સંમતિ મેળવી નગરની બહાર મસ્જિદ બંધાવી અને એના રોજિંદા તથા નૈમિત્તિક ખર્ચ માટે અમુક અમુક આવક બાંધી આપી. લેખમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે મસ્જિદ માટે ખર્ચ જતાં જે કંઈ દ્રવ્ય શેષ રહે તે સર્વ દ્રવ્ય મક્કા-મદીનાના ધર્મસ્થાનમાં મોકલવું. આ આવકની રક્ષા તથા ધર્મસ્થાનનું પ્રતિપાલન ત્યાંની અમુક જમાથોને સોંપવામાં આવેલું છે. આ અભિલેખો પરથી સોલંકી રાજાઓના રાજ્યકાલ દરમ્યાન મુસ્લિમોને મસ્જિદ બાંધવાની છૂટ કેવી રીતે આપવામાં આવતી ને મુસ્લિમો એનો નિભાવ તથા વહીવટ કેવી રીતે કરતા તેનો સચોટ ખ્યાલ આવે છે.

જૂનાગઢમાં માઈ ગઢેચીના સ્થાનક પાસે આવેલી મસ્જિદ હિ. સ. ૬૮૫(ઈ. સ. ૧૨૮૬-૮૭)માં બંધાઈ હોવાનો અરબી લેખ[૬૧] છે.

આમ સંસ્કૃત તથા અરબી-ફારસી અભિલેખો પરથી સોલંકી કાલની ધાર્મિક પ્રવૃત્તિઓ વિશે ઠીકઠીક માહિતી પ્રાપ્ત થાય છે.

સલ્તનત કાલના સંસ્કૃત અને ગુજરાતી અભિલેખો પૈકીના શિલાલેખોમાં દેવાલયો, વાપીઓ, કૂપો ઇત્યાદિ પૂર્તકાર્યોના નિર્માણ કે જીર્ણોદ્ધારની હકીકત આપેલી છે. દેવાલયોમાં જેસલે સં. ૧૩૬૬ માં સ્તંભતીર્થ(ખંભાત)માં બંધાવેલ અજિતનાથ ચૈત્ય, સિંહે સં. ૧૪૩૨ માં થાનમાં બંધાવેલ સૂર્યમંદિર, ધામળેજ(જિ. જૂનાગઢ)માં સં. ૧૪૩૭ માં મંત્રી કર્મસિંહે સમરાવેલ સૂર્યમંદિર, ખોરાસા(જિ. જૂનાગઢ)માં મલ્લે સં. ૧૪૪૫ માં સમરાવેલ સૂર્યમંદિર, ૧૪૪૮ માં સોમનાથ પાટણમાં સ્થપાયેલ સંગમેશ્વર મહાદેવ, જિયોર(જિ. વડોદરા)માં સં. ૧૪૬૩ માં મંત્રી ગોવર્ધને કુંભેશ્વર મંદિરનો કરાવેલ જીર્ણોદ્ધાર, સં. ૧૪૭૪ માં ગુલેટા(જિ. વડોદરા)માં વીજે કરાવેલ શિવાલય, ગોવિંદે સં. ૧૪૭૯ માં તારંગાના અજિતનાથ મંદિરનો કરાવેલ જીર્ણોદ્ધાર,



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સં. ૧૫૦૦ ના અરસામાં રાજા કૂંરપાલે મૂળ-માધવપુરમાં બલરામ-રેવતી મંદિરનું કરાવેલ (નવ)-નિર્માણ, સં. ૧૫૨૫ માં વસઈ(જિ. મહેસાણા)માં રાણક પટેલે બંધાવેલ નીલકંઠેશ્વર મંદિર, સં. ૧૫૮૭ માં કર્મરાજે શત્રુંજય પરના પુંડરીક મંદિરનો કરાવેલ સાતમો જીર્ણોદ્ધાર, સં. ૧૫૮૮ માં હામપુર(જિ. સુરેન્દ્રનગર)માં જિતમાલે કરાવેલ શિવાલય, સં. ૧૬૨૨ માં દહીસરા-(મોરબી પાસે)માં બંધાયેલ મંદિર અને સં. ૧૬૨૭ માં ધોળકામાં રાણક બ્રાહ્મણે બંધાવેલ રાણ-કેશ્વર મંદિર શિલાલેખોમાં[૬૨] ઉલ્લિખિત દેવાલયો તરીકે નોંધપાત્ર છે. હાલ એમાંનાં ઘણાં દેવાલય નામશેષ છે. વાપીઓમાં માંગરોળમાં સં. ૧૩૭૫ માં, પેટલાદમાં સં. ૧૩૮૦ માં, મહુવામાં સં. ૧૪૩૭ માં, ધંધુસર(જિ. જૂનાગઢ)માં સં. ૧૪૪૫ માં, ધોળકામાં સં. ૧૪૬૬ માં, ખંભાતમાં સં. ૧૫૩૯ માં, માંડવી(ચાંપાનેર પાસે)માં તથા ભોજ(તા. પાદરા)માં સં. ૧૫૫૪ માં, અડાલજ-(જિ. અમદાવાદ)માં સં. ૧૫૫૫ માં, અમદાવાદમાં સં. ૧૫૫૬ માં, નડિયાદમાં સં. ૧૫૭૨ માં, માણસામાં સં. ૧૫૮૨ માં અને હળવદ(જિ. સુરેન્દ્રનગર)માં સં. ૧૫૮૩ માં બંધાયેલી વાપીઓને લગતા શિલાલેખ[૬૩] ઉલ્લેખનીય છે. ધામળેજ(જિ. જૂનાગઢ)ના સં. ૧૪૩૭ ના શિલાલેખમાં કુંડના,[૬૪] પાવાગઢના સં. ૧૫૨૫ ના શિલાલેખમાં[૬૫] કૂપના, ઊના(જિ. જૂનાગઢ)ના સં. ૧૫૮૨ ના શિલાલેખમાં[૬૬] તડાગના અને પાટણના સં. ૧૫૯૪ ના શિલાલેખમાં[૬૭] ધર્મશાલાના નિર્માણની હકીકત આપી છે. હવે દાનશાસન કોતરેલાં તામ્રપત્ર ભાગ્યે જ મળે છે, પરંતુ કેટલાક શિલા-લેખોમાં ભૂમિદાનની હકીકત આપેલી છે. ધામળેજના ઉપર્યુક્ત શિલાલેખમાં રાજા ભર્મે બ્રાહ્મણોને મેઘપુર નામે અગ્રહારનું દાન કર્યાનો ઉલ્લેખ છે. જૂનાગઢના સં. ૧૫૦૭ ના શિલા-લેખમાં[૬૮] રાજા મંડલિકે, વધુ ત્રણ પર્વદિનોએ પ્રાણી-વધનો નિષેધ ફરમાવ્યો છે. મહુવાના સં. ૧૪૩૭ ના શિલાલેખમાં[૬૯] વર્ષાસનો, રસાલ રસાયણો (રસાળ પીણાં), સ્વાદિષ્ટ ભોજનો તથા તલ ભરેલાં સોનારૂપાનાં વાસણોના દાનનીય હકીકત નોંધાઈ છે.

હવે ગામના કે ગાયોના રક્ષણ અર્થે વીરગતિ પામેલા યોદ્ધાઓની તથા તેમની પાછળ સતી થયેલી પત્નીઓની યાદગીરીના પાળિયા મળે છે, તેની ઉપર એ ઘટનાનો તથા એના સમયનો નિર્દેશ કરતો લેખ કોતરેલો હોય છે.[૭૦]

આ કાલના સેંકડો પ્રતિમાલેખ[૭૧] મળ્યા છે, જેમાંના ઘણા આબુ, શત્રુંજય, ગિરનાર, તારંગા વગેરે પર્વતો પરનાં જૈન મંદિરોમાં આવેલા છે. આ લેખોમાં તીર્થંકરનું નામ, પ્રતિષ્ઠાનો સમય, પ્રતિષ્ઠા કરાવનાર શ્રાવક, પ્રતિષ્ઠા કરનાર સૂરિ વગેરેને લગતી વિગતો આપી હોય છે.

સલ્તનત કાલના અરબી-ફારસી અભિલેખોમાંથી ગુજરાતની અનેક મસ્જિદોના નિર્માણની હકીકત જાણવા મળે છે, જેમ કે ભરૂચની જુમા મસ્જિદનો હિ. સ. ૭૨૧(ઈ. સ. ૧૩૨૧)નો અરબી-ફારસી શિલાલેખ,[૭૨] ખંભાતની જુમા મસ્જિદનો હિ. સ. ૭૨૫(ઈ. સ. ૧૩૨૫)નો શિલા-લેખ,[૭૩] વેરાવળની જુમા મસ્જિદનો હિ. સ. ૭૩૨(ઈ. સ. ૧૩૩૨)નો અરબી-ફારસી શિલાલેખ,[૭૪] ધોળકાની હિલાલખાન કાજીની મસ્જિદનો હિ. સ.૭૩૩(ઈ.સ. ૧૩૩૩)નો અરબી-ફારસી શિલાલેખ,[૭૫] નવસારીની જુમા મસ્જિદનો હિ. સ. ૭૩૯(ઇ.સ. ૧૩૪૦)નો ફારસી શિલાલેખ,[૭૬] પાટણની જુમા મસ્જિદનો હિ. સ. ૭૫૯(ઈ. સ. ૧૩૫૭-૫૮)નો અરબી-ફારસી શિલાલેખ,[૭૭] ધોળકાની ટાંકા મસ્જિદનો હિ. સ. ૭૬૨(ઈ. સ. ૧૩૬૧)નો અરબી શિલાલેખ,[૭૮] કપડવંજની જુમા મસ્જિદનો હિ. સ. ૭૭૨(ઈ. સ. ૧૩૭૦-૭૧)નો ફારસી શિલાલેખ,[૭૯] માંગરોળની જુમા મસ્જિદનો હિ. સ.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૭૮૫(ઈ. સ. ૧૩૮૩)નો અરબી-ફારસી શિલાલેખ,[૮૦] કપડવંજની જુમા મસ્જિદનો હિ. સ. ૮૦૬-(ઈ. સ. ૧૪૦૪)નો ફારસી શિલાલેખ,[૮૧] અમદાવાદની અહમદશાહની મસ્જિદનો હિ. સ. ૮૧૭-(ઈ. સ. ૧૪૧૪)નો અરબી શિલાલેખ,[૮૨] અમદાવાદની જુમા મસ્જિદનો હિ. સં. ૮૨૭(ઈ. સ. ૧૪૨૪)નો અરબી શિલાલેખ,[૮૩] મહેસાણાની જુમા મસ્જિદનો હિ. સં. ૮૩૫(ઈ. સ. ૧૪૩૧)નો અરબી શિલાલેખ,[૮૪] વઢવાણની જુમા મસ્જિદનો હિ. સ. ૮૪૨(ઈ. સ. ૧૪૩૯)નો અરબી-ફારસી શિલાલેખ,[૮૫] અમદાવાદની કુત્બુદ્દીનની મસ્જિદનો હિ. સ. ૮૫૩(ઈ. સ. ૧૪૪૯)નો અરબી-ફારસી શિલાલેખ,[૮૬] અમદાવાદની મલિક શાબાન મસ્જિદનો હિ. સ. ૮૫૬(ઈ. સ. ૧૪૫૨)નો અરબી શિલાલેખ,[૮૭] અમદાવાદની મુહાફિઝખાનની મસ્જિદનો હિ. સ. ૮૯૦(ઈ.સ. ૧૪૮૫)નો અરબી શિલાલેખ,[૮૮] અમદાવાદની બાઈ હરીર મસ્જિદનો હિ.સ. ૯૦૬(ઈ.સ. ૧૫૦૦)નો અરબી શિલાલેખ,[૮૯] જંબુસરની જુમા મસ્જિદનો હિ. સ. ૯૧૭(ઈ. સ. ૧૫૧૧-૧૨)નો અરબી શિલાલેખ,[૯૦] અમદાવાદની રાણી સિપ્રી મસ્જિદનો હિ. સ. ૯૨૦(ઈ.સ. ૧૫૧૪-૧૫)નો અરબી શિલાલેખ,[૯૧] ચાંપાનેરની જુમા મસ્જિદનો હિ. સ. ૯૨૪(ઈ. સ. ૧૫૧૮-૧૯)નો ફારસી શિલાલેખ,[૯૨] સોમનાથની કાજી મસ્જિદનો હિ. સ. ૯૪૬(ઈ. સ. ૧૫૩૯)નો અરબી-ફારસી શિલાલેખ[૯૩] અને અમદાવાદની શેખ હસન ચિશ્તી મસ્જિદનો હિ. સ. ૯૭૩(ઈ.સ. ૧૫૬૫-૬૬)નો ફારસી શિલાલેખ.[૯૪]

સલ્તનત કાલની જેમ મુઘલ કાલના અભિલેખોમાં સંસ્કૃત-ગુજરાતી શિલાલેખો મુખ્યત્વે દેવાલયો તથા જિનાલયોના નિર્માણ કે જીર્ણોદ્ધારની માહિતી આપે છે. દા.ત. ગંધાર(જિ. ભરૂચ)ના હાલના મૂલનાયક પાર્શ્વનાથની પ્રતિમા પરના લેખમાં[૯૫] જણાવ્યા મુજબ એ બિંબ ગંધાર બંદરના સમસ્ત સંઘે સં. ૧૬૫૯ માં કરાવ્યું હતું. ખંભાતનું ચિંતામણિ પાર્શ્વનાથ મંદિર સં. ૧૬૪૪ માં વજિઆ અને રાજિઆ નામે બે ભાઈઓએ બંધાવ્યું હતું.[૯૬] ત્યાંનો સં. ૧૬૬૧ નો લેખ[૯૭] જણાવે છે કે વિજય ચિંતામણિ પાર્શ્વનાથનું એ મંદિર સં. ૧૬૪૬ માં તેજપાલ સોનીએ નવું કરાવ્યું હતું. જામનગરના શેઠના મંદિરનું ખાતમુહૂર્ત સં. ૧૬૩૩ માં થયું હતું, જ્યારે એની પ્રતિષ્ઠાની વિધિ સં. ૧૬૫૧ માં થઈ હતી.[૯૮] કાવી(જિ. ભરૂચ)માં 'સર્વજિત્ પ્રાસાદ' (સાસુનું દેરાસર) સં. ૧૬૪૯ માં અને 'રત્નતિલકપ્રાસાદ' (વહુનું દેરાસર) સં. ૧૬૫૪ માં બંધાયો હતો.[૯૯] પહેલાના મૂલનાયક આદીશ્વર અને બીજાના ધર્મનાથ છે. સં. ૧૬૫૦ માં હીરવિજયસૂરિના ઉપદેશથી ખંભાતના શેઠ તેજપાલ સોનીએ શત્રુંજય પરના આદીશ્વર મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો.[૧૦૦] પાટણમાં શેઠ કુંવરજીએ સં. ૧૬૫૨ માં વાડી પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું.[૧૦૧] અમદાવાદમાં શામળાજીની પોળમાં સંઘવી સોમાજી અને એના ભાઈ શિવાએ સં. ૧૬૫૩ માં પાર્શ્વનાથનું ચૈત્ય બંધાવ્યું.[૧૦૨] શત્રુંજય પર્વત પર ખંભાતના સંઘવી ઉદયકર્ણે સં. ૧૬૫૨ માં પાદુકા સ્થાપી હતી.[૧૦૩] હામપર(તા. ધ્રાંગધ્રા)માં ઉમાબાઈ અને તેના પુત્રોએ સં. ૧૬૫૫ માં શિવાલય કરાવ્યું હતું.[૧૦૪] મોટી ખાખર(જિ. કચ્છ)માં રાવ ભારમલજીએ સં. ૧૬૫૬ માં જિનાલય બંધાવ્યું, ને ત્યાં સં. ૧૬૫૯ માં 'શત્રુંજયાવતાર'નામે ચૈત્ય બંધાવ્યું.[૧૦૫] ખંભાતમાં આદીશ્વરનું ભોંયરાવાળું જિનાલય સં. ૧૬૬૧ માં સોની તેજપાલની પત્ની તેજલદેએ બંધાવ્યું.[૧૦૬] વરણામા(વડોદરા પાસે)માં ઔદીચ્ય બ્રાહ્મણ નારાયણે સં. ૧૬૬૧ માં વરુણેશ્વર મહાદેવનું મંદિર કરાવ્યું.[૧૦૭] કોંઢ(તા. ધ્રાંગધ્રા)માં ઝાલા વંશની રાણી



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કાશ્મીરાદેવીએ સં. ૧૬૬૩ માં કોટેશ્વર મંદિર બંધાવ્યું.[૧૦૮] સં. ૧૬૬૫ માં કચ્છના રાવ ભારમલજીએ રિયાણ(જિ. કચ્છ)માં ધોરમનાથનું મંદિર કરાવ્યું.[૧૦૯] શંખેશ્વરના જૂના મંદિરમાં વિજયસેનસૂરિના ઉપદેશથી પ્રતિષ્ઠા સં. ૧૬૬૬ માં કરવામાં આવી હતી.[૧૧૦] સં. ૧૬૬૬ માં નાકુબાઈએ ભાવનગરના નાગેશ્વર મંદિરને ભૂમિદાન દીધું હતું. [૧૧૧] દાદર(જિ. જામનગર)માં ઠાકુર સદાશિવે સં. ૧૬૬૯ માં શિવાલય બંધાવ્યું.[૧૧૨] ઘોઘાનું કાલિકા મંદિર સં. ૧૬૭૨ માં હરિદાસની પત્ની કીકીએ બંધાવ્યું.[૧૧૩] કુંભારિયાના નેમિનાથ મંદિરમાં મૂલનાયકની નવી પ્રતિમા વોરા રાજપાલે ભરાવી તેની પ્રતિષ્ઠા સં. ૧૬૭૫ માં કરાવી.[૧૧૪] શત્રુંજય પર્વત પરનો ચતુર્મુખ વિહાર સં. ૧૬૭૫ માં અમદાવાદના સંઘવી રૂપજી સોમજીએ બંધાવરાવ્યો. એ વર્ષે ત્યાંની વિમલવસહિ ટૂંકમાં તીર્થંકરોની ૨૦૪ પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાઇ હતી; ને ખરતરવસહિ ટૂંકમાં બે પાદુકા સ્થાપી હતી.[૧૧૫] જામનગરમાં સં. ૧૬૭૬ માં વર્ધમાન અને પદ્મસિંહ શેઠે શાંતિનાથ ચૈત્ય કરાવ્યું.[૧૧૬] ઉમરેઠ(જિ. ખેડા)માં બાજ ખેડાવાળ બ્રાહ્મણ દેવેશ્વરે ૯૯ મહારુદ્ર કરી સં. ૧૬૮૦ માં અમરેશ્વર મંદિર બંધાવ્યું.[૧૧૭] સં. ૧૬૮૨ માં કાલાવડ(જિ. જામનગર)માં ઉપાધ્યાય વાસણિએ બ્રહ્મચારીશ્વર અને હનુમાનનાં મંદિર બંધાવ્યાં.[૧૧૮] સં. ૧૬૮૩ માં શ્રીમાલી સોમચંદ્રે શત્રુંજય પર્વત પર ચંદ્રપ્રભના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો.[૧૧૯] મૂળી(જિ. સુરેન્દ્રનગર)માં સં. ૧૬૮૫ માં નંદુઆણા જ્ઞાતિના ગોપાલે સૂર્યમંદિર બંધાવ્યું.[૧૨૦] સં. ૧૬૮૮ માં ઢુવા(તા. ધ્રાંગધ્રા)માં વાંકાનેરના રાયસિંહજી અને કૃષ્ણદાસે લક્ષ્મીનારાયણનું મંદિર બંધાવ્યું.[૧૨૧] વિઝાણ(જિ. કચ્છ)માં શંખેશ્વર મહાદેવનું મંદિર ભાટિયા જેરાજ અને એના પુત્ર ટોપણે સં. ૧૬૮૮-૯૭ માં બંધાવ્યું.[૧૨૨] રાજ સીતાપુર(તા. ધ્રાંગધ્રા)માં સં. ૧૭૦૦ માં શિવ, વિષ્ણુ અને હનુમાનનાં મંદિર બંધાયાં.[૧૨૩] બેરાજા (જિ. જામનગર)માં જાડેજા દેવજીએ સં. ૧૭૫૬ માં શિવાલય બંધાવ્યું.[૧૨૪] શિહોર(જિ. ભાવનગર)માં સં. ૧૭૫૮ માં હમીરજીએ મંદિર બંધાવ્યું.[૧૨૫] ભાવનગરમાં વડવા ગામના શેઠ ભગવાને સં. ૧૭૬૮ માં નીલકંઠ મહાદેવનું મંદિર બંધાવ્યું.[૧૨૬] ભાટ્રોડ(જિ. ભાવનગર)માં ભદ્રેશ્વર મહાદેવનું મંદિર સં. ૧૭૯૨ માં ગુસાઈ રૂપભારથી અને જેરામ ભારથીએ બંધાવેલું.[૧૨૭] લાઠીમાં કપોળ જ્ઞાતિના સંઘવી હેમરાજ અને સંઘવી વિઠ્ઠલે ભીડભંજન મહાદેવનું મંદિર સં. ૧૮૦૮ માં બંધાવ્યું.[૧૨૮] આમ આ કાલના શિલાલેખો પરથી ગુજરાતનાં અનેકાનેક મુઘલકાલીન દેવાલયો તથા જિનાલયોના નિર્માણ કે પુનર્નિર્માણની માહિતી પ્રાપ્ત થાય છે. સલ્તનત કાલની સરખામણીએ આ પ્રવૃત્તિ વધુ વિપુલ પ્રમાણ ધરાવતી હોવાનું માલૂમ પડે છે, જ્યારે વાપી વગેરે જળાશયો સરખામણીએ કંઈક ઓછી સંખ્યામાં બંધાયાં લાગે છે.

આ કાલના વાવને લગતા શિલાલેખોમાં ઘોઘાની ખારી વાવનો સં. ૧૬૩૪ નો,[૧૨૯] માન-ખેતરા(માંગરોળ પાસે)માં પ્રાગ્વાટ સોમના વંશજોએ કરાવેલી વાવનો સં. ૧૬૩૯નો[૧૩૦], ખારવા-(ધ્રોળ પાસે)માં રતનાના પુત્રોએ કરાવેલી વાવનો સં. ૧૭૧૫ નો,[૧૩૧] મહેસાણામાં બંધાયેલી માનબાઈની વાવનો સં. ૧૭૩૧ નો,[૧૩૨] ગોપનાથ(જિ. ભાવનગર)માં મહારાષ્ટ્રીય બ્રહ્મચારીએ કરાવેલી વાવનો સં. ૧૭૫૦ નો[૧૩૩] અને અમદાવાદમાં દીવાન રઘુનાથદાસે બંધાવેલી અમૃતવર્ષિણી વાવનો સં. ૧૭૭૯ નો સંસ્કૃત તથા હિ. સ. ૧૧૩૫ નો ફારસી શિલાલેખ[૧૩૪] નોંધપાત્ર છે.

અર્ણીદ્રા(વઢવાણ પાસે)નો સં. ૧૭૨૧ નો શિલાલેખ[૧૩૫] તેમ જ મહુવાનો સં. ૧૮૦૫ નો



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શિલાલેખ[૧૩૬] કૂવો બંધાવ્યાને લગત છે. બેટ શંખોદ્ધારમાં રણછોડ તળાવ ભગવંત કુલકર્ણીએ બંધાવ્યાનો મરાઠી શિલાલેખ છે.[૧૩૭]

જેમ દાનને લગતા અભિલેખમાં દાનના પાલનના ભંગ માટે લાગતા પાપને લગતા શ્લોક કે વાકય આપવામાં આવે છે તેમ પૂર્તકાર્યોને લગતા કેટલાક અભિલેખોમાં તેને જે નુકસાન કરે તેને "ગધેડે ગાળ" દેવામાં આવે છે, જેમ કે ઘોઘાની વાવના સં. ૧૬૩૪ના શિલાલેખમાં. વઢવાણના સં. ૧૬૧૩ના શિલાલેખમાં[૧૩૮] તળાવ અને કોટને લગતા જે લાગા બાંધી આપેલા છે તેનો જે લોપ કરે તેને "ગધેડે ગાળ" દેવામાં આવે છે. ને એ ઉપરાંત હિંદુને ગાય અને મુસલમાનને સૂઅર (સુવર) માર્યાનો દોષ લાગે એમ જણાવ્યું છે. "ગધેડે ગાળ"નો ભાવાર્થ કેટલીક વાર નીચે માનવ સ્ત્રી અને નર ગર્દભના મૈથુનના દૃશ્યથી મૂર્ત કરવામાં આવે છે.

મુઘલ કાલના કેટલાક અરબી-ફારસી શિલાલેખ મસ્જિદોના બાંધકામની માહિતી પૂરી પાડે છે, જેમ કે વડોદરાની જુમા મસ્જિદનો હિ. સ. ૯૯૧(ઈ. સ. ૧૫૮૩-૮૪)નો અરબી-ફારસી લેખ,[૧૩૯] ગોધરાની શાહી મસ્જિદનો હિ. સ. ૧૦૧૧(ઈ. સ. ૧૬૦૨)નો ફારસી લેખ,[૧૪૦] ભરૂચની કાજી મસ્જિદનો હિ. સ. ૧૦૧૮(ઈ. સ. ૧૬૦૯)નો ફારસી લેખ,[૧૪૧] રાણપુરની વહોરવાડા મસ્જિદનો હિ. સ. ૧૦૪૮(ઈ. સ. ૧૬૩૮)નો ફારસી લેખ,[૧૪૨] સિદ્ધપુરની જામી મસ્જિદનો હિ. સ. ૧૦૫૫(ઈ. સ. ૧૬૪૫-૪૬)નો ફારસી લેખ,[૧૪૩] નવસારીની શાહી મસ્જિદનો હિ. સ. ૧૦૬૨(ઈ. સ. ૧૬૫૧-૫૨)નો ફારસી લેખ,[૧૪૪] મહેસાણાની જુમા મસ્જિદનો હિ. સ. ૧૦૬૪(ઈ. સ. ૧૬૫૩-૫૪)નો અરબી લેખ,[૧૪૫] જામનગરની જુમા મસ્જિદનો હિ. સ. ૧૦૭૧(ઈ. સ. ૧૬૬૧)નો અરબી લેખ,[૧૪૬] અમદાવાદની પીર મુહમ્મદશાહના રોજાની મસ્જિદનો હિ. સ. ૧૦૭૭(ઈ. સ. ૧૬૬૬-૬૭)નો અરબી-ફારસી લેખ,[૧૪૭] દાહોદની જુમા મસ્જિદનો હિ. સ. ૧૦૮૪(ઈ. સ. ૧૬૭૩-૭૪)નો ફારસી લેખ,[૧૪૮] જૂનાગઢની સરદાર બાગ મસ્જિદનો હિ. સ. ૧૦૯૨(ઈ. સ. ૧૬૮૧-૮૨) નો ફારસી લેખ,[૧૪૯] સુરતની ટંડેલ મસ્જિદનો હિ. સ. ૧૦૯૨(ઈ. સ. ૧૬૮૧)નો ફારસી લેખ,[૧૫૦] પેટલાદની શાહી મસ્જિદનો હિ. સ. ૧૧૦૧(ઈ. સ. ૧૬૮૯-૯૦)નો ફારસી લેખ,[૧૫૧] પાટણની નગીના મસ્જિદનો હિ. સ. ૧૧૨૧(ઈ. સ. ૧૭૦૯)નો ફારસી લેખ,[૧૫૨] ભૂજની ઝિનત મસ્જિદનો હિ. સ. ૧૧૨૪(ઈ. સ. ૧૭૧૨-૧૩)નો અરબી લેખ,[૧૫૩] ખંભાતની મુઘલ મસ્જિદનો હિ. સ. ૧૧૪૫(ઈ. સ. ૧૭૩૨-૩૩)નો ફારસી લેખ.[૧૫૪]

ટૂંકા મરાઠા કાલના સંસ્કૃત-ગુજરાતી અભિલેખોમાં પૂર્તનિર્માણને લગતા અભિલેખ ઠીક સંખ્યા ધરાવે છે. દેવાલયોના નિર્માણની અને પ્રતિમાની પ્રતિષ્ઠાની ઘણી હકીકત એમાંથી જાણવા મળે છે. હિંદુ મંદિરોમાં માંડવી(જિ. સુરત)નું નીલકંઠ મંદિર, જૂના રાજપીપળાનું નીલકંઠ મંદિર તથા રાજકંઠ મંદિર, ચુંવાળમાનું બહુચરાજી મંદિર, દ્વારકાનું રઘુનાથ મંદિર, ઝાલાવાડનાં તરણેતર તથા જાડેશ્વરનાં મંદિર, ધોળકાનું અંબાજી મંદિર અને અમરેલીનું નાગેશ્વર મંદિર, તેમ જ ભરૂચનું ભૃગુ-ભાસ્કરેશ્વર મંદિર, વડોદરાનું વિઠ્ઠલ મંદિર, ખંભાતમાં પ્રીતમદાસે બંધાવેલું મંદિર, ઉમરેઠનું વેરાઈ માતાનું મંદિર તથા બદરીનાથ મંદિર, સોજિત્રાનું કામનાથ



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મંદિર અને ડાકોરનું રણછોડજી મંદિર નોંધપાત્ર છે.[૧૫૫] જ્યારે જૈન દેરાસરોમાં શત્રુંજય પરનું સહસ્રફણા પાર્શ્વનાથ મંદિર, રાધનપુરનું શાંતિનાથ દેરાસર, ડુવા(જિ. બનાસકાંઠા)નું અમીઝરા પાર્શ્વનાથ મંદિર અને ઈડરનું સહસ્રફણા પાર્શ્વનાથ મંદિર ખાસ ઉલ્લેખનીય છે.[૧૫૬] કોઈ દેરું કે દેરી અમુક વિદેહ સ્વજનની સ્મૃતિમાં બંધાવેલ હોય તો તે પણ એમાં જણાવવામાં આવે છે. દેવાલયોમાં કેટલીક વાર સિદ્ધચક્ર, પાદુકાઓ, ઘંટ વગેરે કરાવ્યાનો પણ ઉલ્લેખ આવે છે.[૧૫૭] ક્યારેક દર્શન, પૂજા, બ્રહ્મભોજન, ભૂમિદાન વગેરેના પણ નિર્દેશ મળે છે.[૧૫૮] કોઈ અભિલેખ કુંડ વાપી વગેરેના નિર્માણની માહિતી પૂરી પાડે છે.[૧૫૯]

ભૂમિદાનને લગતાં તામ્રપત્ર કોતરાવી આપવાની પ્રથા લુપ્તપ્રાય થઈ હતી, છતાં ઈડર રાજ્યનાં એવાં ત્રણ તામ્રશાસન[૧૬૦] મળ્યાં છે. એમાં તે તે સમયના રાજા, લાગતાવળગતા બ્રાહ્મણો અને એ સમયના વિવિધ વેરાઓની વિગત આવે છે. અમદાવાદના ત્રણ દરવાજાના એક ગોખલામાં રાખેલો વિ. સં. ૧૮૬૮(ઈ. સ. ૧૮૧૨)નો શિલાલેખ ફત્તેહસિંહરાવ ગાયકવાડની પધરામણી, એમની મુલાકાત લેનાર સ્થાનિક મહાજન અને મિલકતના વારસાને લગતા પ્રચલિત કાયદા તથા તેની નાબૂદી અંગે મહત્ત્વની માહિતી આપે છે. [૧૬૧] શત્રુંજય પરના એક અભિલેખમાં ત્યાંની હાથીપોળમાં દેવાલયો બાંધવાની મનાઈ ફરમાવી છે.[૧૬૨]

અરબી-ફારસી શિલાલેખોમાં કેટલીક મસ્જિદોના બાંધકામની માહિતી મળે છે, જેમ કે ઘોઘાની અશરફશાહની મસ્જિદ (હિ. સ. ૧૧૮૮), સુરતની અલપી મસ્જિદ (હિ. સ. ૧૧૯૧), રાધનપુરની ઘાંચીઓની મસ્જિદ (હિ. સ. ૧૨૧૭), ગોધરાની ઈમામખાનની મસ્જિદ (હિ. સ. ૧૨૧૯), રાધનપુરની નાગોરી મસ્જિદ (હિ. સ. ૧૨૨૦) તથા જુમા મસ્જિદ (હિ સ. ૧૨૨૧-૨૨) અને નવસારીની જુમા મસ્જિદ(હિ. સ. ૧૨૩૩)ના અરબી-ફારસી શિલાલેખોમાં.[૧૬૩]

બ્રિટિશ કાલ દરમ્યાન ગુજરાતમાં કેટલાંક નવાં મંદિર બંધાયાં ને કેટલાંક જૂનાં મંદિરોનો જીર્ણોદ્ધાર થયો. શત્રુંજય વગેરે તીર્થસ્થાનોમાં કેટલાંક નવાં દેરાસર બંધાયાં ને એના શિલાલેખ કોતરાયા.[૧૬૪] અમદાવાદ અને રાધનપુર જેવાં અન્ય સ્થળોએ અનેકાનેક પ્રતિમાલેખ તથા પ્રતિષ્ઠાલેખ[૧૬૫] કોતરાયા છે, જે પરથી તે તે પ્રતિમા કોણે ક્યારે કરાવી ને એની પ્રતિષ્ઠા કોના હાથે થઈ તેની વિગત જાણવા મળે છે. પરંતુ પૂર્તનિર્માણને લગતા પ્રશસ્તિ-અભિલેખ હવે જવલ્લે જ ઉમેરાય છે. અમદાવાદમાં શેઠ હઠીસિંહે બંધાવવા માંડેલા અને એમની હયાતી બાદ સં. ૧૯૦૩ માં પૂરા થયેલા દેરાસરમાંના સંસ્કૃત[૧૬૬] અને ગુજરાતી શિલાલેખ[૧૬૬ અ] શેઠ હઠીસિંહના કુટુંબ વિશે તેમ જ એ દેરાસરના પ્રતિષ્ઠા-ઉત્સવ વિશે વિગતવાર માહિતી પૂરી પાડે છે. ભદ્રેશ્વર(કચ્છ)નો સં. ૧૯૩૯ નો શિલાલેખ મુખ્ય દેરાસરના પાછલા આનુશ્રુતિક વૃત્તાંત સાથે એના છેલ્લા જીર્ણોદ્ધારનો વૃત્તાંત આપે છે.[૧૬૭] વળી મસ્જિદોના નિર્માણ કે જીર્ણોદ્ધારને લગતા અરબી-ફારસી શિલાલેખો રાધનપુર, પાટણ, મહેસાણા, સિદ્ધપુર, અમદાવાદ, વડોદરા, વિજાપુર, ખંભાત, જામનગર, સમી, ધોળકા, દાહોદ વગેરે સ્થળોએ મળે છે.[૧૬૮]

નવાં બંધાતાં દેવાલયો, જિનાલયો અને મસ્જિદોની સંખ્યા બ્રિટિશ કાલમાં તથા સ્વાતંત્ર્યોત્તર કાલમાં ઉત્તરોત્તર ઘટતી રહી છે. જે નવાં ધર્મસ્થાન બંધાય છે તે પ્રાયઃ સાર્વજનિક ફાળાથી બંધાતાં હોઈ તેમાં મોટે ભાગે દાતાઓની નામાવલી કોતરાય છે, પરંતુ એના



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નિર્માણની તથા પ્રતિષ્ઠાની વિગતવાર માહિતી આપતા શિલાલેખ હવે ક્વચિત જ કોતરાય છે. ધાર્મિક મંત્રો તથા શ્લોકો અને ભગવદ્ગીતાના અધ્યાયો કોઈક દેવાલયોના શિલાફલકો કે શિલાસ્તંભો પર કોતરાય છે. ને આગમગ્રંથો કોતરેલાં તામ્રપત્રો કોઈક દેરાસરોની દીવાલો પર જડવામાં આવે છે.[૧૭૦] તામ્રપત્રો હવે સ્વાતંત્ર્યસંગ્રામ, વિદ્યાપ્રવૃત્તિ કે પરમાર્થકાર્ય જેવાં ઉમદા સુકૃતોની કદરરૂપે સરકાર કે સંસ્થાઓ તરફથી કોતરાવી આપવામાં આવે છે, ભૂમિદાનના દસ્તાવેજ તરીકે નહીં.

દીવના ફીરંગી દેવળમાં એના નિર્માણને લગતા લેખ કોતરાયા છે. સુરતમાં વર્જિન મેરીનું આર્મેનિયન ચર્ચ પણ હતું. અમદાવાદના ખ્રિસ્તી લોકોના કોઈ લેખ ચર્ચના નિર્માણને લગતા છે. દા. ત. કૅમ્પમાં આવેલ સેન્ટ જ્યૉર્જ ચર્ચમાં ઈ. સ. ૧૮૮૦ની કોણશિલા છે ને એની અભિષેકવિધિ ઈ. સ. ૧૮૮૧ માં થયાનો શિલાલેખ પણ છે. એવી રીતે ગુજરાતનાં અનેક સ્થળોએ આવેલાં ખ્રિસ્તી દેવળોમાં આવા લેખ મળે છે.

અમદાવાદમાં પારસીઓની બે અગિયારીઓ છે, તેમાં તકતી ઉપર કોતરેલા ત્રણ શિલાલેખ છે. એમાંના બે લેખ ખમાસા ચોકી પાસે બુખારા મહોલ્લામાં આવેલી અગિયારીમાં છે. નીચલા લેખ પરથી જાણવા મળે છે કે અગાઉ શેઠ ખરશેદજી બહેરામજી નાણાવટીએ જે જગ્યાએ દાદગાહ બાંધેલી છે તે જ જગા ઉપર શેઠ નવરોજી પેશતનજી વકીલે તથા જહાંગીરજી પેશતનજી વકીલે પોતાના મરહૂમ પિતા તથા માતાના પુણ્ય માટે વિ. સં. ૧૯૪૦-(ઈ. સ. ૧૮૮૪)માં આતશ દાદગાહ બંધાવી હતી. ઉપલા શિલાલેખમાં નોંધ્યું છે કે એ દાદગાહમાં સર નવરોજી પેશતનજી વકીલની દીકરીઓએ રૂ. ૧૨,૦૦૦ના ખર્ચે સુધારાવધારા કરી એને "આતશ-આદરિયાન"માં વિકસાવી છે. અમદાવાદમાં આવી એક બીજી આતશ-આદરિયાન કાંકરિયા તળાવ પાસે આવેલી છે. એમાં પણ તકતી ઉપર શિલાલેખ કોતરેલો છે. એ લેખ જણાવે છે કે આ અગિયારી ઈ. સ. ૧૯૨૫માં શેઠ અરદેશર ડોસાભાઈ વાડિયા વગેરેએ મળી રૂ. ૩૦,૦૦૦ના ખર્ચે બંધાવી છે.[૧૭૧]

અમદાવાદમાં સલાપોસ માર્ગ ઉપર પારસી ધર્મશાળા આવેલી છે. એમાં શિલાલેખ કોતરેલી ત્રણ તકતીઓ છે. એમાંથી જાણવા મળે છે કે (૧) અહીં અસલ ધર્મશાળા મુંબઈના શેઠ શ્રી સોરાબજી જમશેદજી જીજીભાઈએ ઈ. સ. ૧૮૬૬ માં બંધાવેલી. (૨) એ ધર્મશાળા રેલમાં પડી જતાં આ. બ. નવરોજી પેશતનજી વકીલે પોતાનાં પત્ની બચુબાઈના પુણ્ય માટે ઈ. સ. ૧૮૯૩ માં રૂ. ૨૫,૦૦૦ના ખર્ચે ત્યાં નવી ધર્મશાળા બંધાવી. (૩) એનો પાયો સિટી મૅજિસ્ટ્રેટના હાથે ઈ. સ. ૧૮૯૨ માં નાખવામાં આવેલો.[૧૭૨]

ગુજરાતમાં યહૂદીઓનું એક જ સિનગૉગ આવેલું છે, જે અમદાવાદમાં બુખારા મહોલ્લામાં બંધાયું છે. એમાં એક ત્રિભાષી લેખ કોતરેલો છે. એ લેખ પરથી જાણવા મળે છે કે "માગેન અબ્રાહામ" નામના આ સિનગૉગની કોણશિલા ઈ. સ. ૧૯૩૩ માં ડૉ. મિસિસ આબિગાયેલ બેંજામીન ઍઝક ભોનકરના હસ્તે સ્થાપવામાં આવી હતી.[૧૭૩] આ પ્રાર્થનાલયનું ઉદ્ઘાટન ૧૯૩૪ માં થયું હતું, પણ તેને લગતો શિલાલેખ કોતરાયો નથી.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અમદાવાદમાં સરસપુરમાં આવેલા ગુરુદ્વારામાં એક અંગ્રેજી-ગુજરાતી દ્વિભાષી શિલાલેખ છે, જેમાં પ્રેમસભા અકાલી દલ અને ગુરુનાનક ખાલસા સ્કૂલની શિલારોપણવિધિ સંત નેચલસિંઘજીના હસ્તે ઈ. સ. ૧૯૭૦—વિ. સં. ૨૦૨૭ માં થઈ હોવાનું જણાવ્યું છે. આ ગુરુદ્વારામાં કેટલાંક ધર્મવચન પણ કોતરેલાં છે. મણિનગરના ગુરુદ્વારામાં એના નિર્માણને લગતો શિલાલેખ નથી, પરંતુ એની અંદરની પાલખી ઉપર એ પાલખી અને આરસનું સુશોભન શ્રીમતી લછમીબાઈ ભોજરાજમલે પોતાના સદ્‌ગત પતિ(મૃ. ૧૯૬૨)ની સ્મૃતિમાં કરાવ્યાનો શિલાલેખ અંગ્રેજીમાં લખેલો છે.[૧૭૪]

આમ ગુજરાતના તે તે સમયના ધાર્મિક ઇતિહાસ માટે અભિલેખો વિપુલ માહિતી પૂરી પાડે છે.

## પાદટીપો

૧. ગિ. વ. આચાર્ય (સં.), ગુજરાતના ઐતિહાસિક લેખો (ગુ.ઐ.લે.), ભા.૧, લેખ ૧
૨. *Epigraphia Indica* (*E.I.*), Vol. VIII, pp. 78 ff.
૩. अपरार्क, पृ. २४ (P. V. Kane, *History of Dharmaśastra*, Vol. IV, p. 157)
૪. ગુ.ઐ.લે., ભા.૧, લે. ૭
૫. *E.I.*, Vol. XXVIII, pp. 174 f.
૬. R. N. Mehta and S. N. Chowdhary, *Excavation at Devnimori*, pp. 45 ff.
૭. ગુ.ઐ.લે., ભા.૧, લે. ૧૫
૮. P. V. Kane, *History of Dharmaśāstra*, Vol. II, pp. 837 ff.
૯. *Vallabh Vidyanagar Research Bulletin* (*VVRB*), Vol. I, Issue 2, The International Section, No. 1
૧૦. ગુ.ઐ.લે., ભા.૧, લે. ૧૩–૧૪
૧૧. હ. ગં. શાસ્ત્રી, 'મૈત્રકકાલીન ગુજરાત', પરિશિષ્ટ ૧
૧૨. એજન, પૃ. ૩૪૧–૩૪૯
૧૩. એજન, પરિશિષ્ટ ૩
૧૪. ધ્રુવસેન ૧લો
૧૫. ધરપટ્ટ
૧૬. ગુ.ઐ.લે., ભા.૨, લે. ૧૧૮–૧૧૯
૧૭. હ. ગં. શાસ્ત્રી, 'મૈત્રકકાલીન ગુજરાત,' પૃ. ૩૯૬–૪૧૦
૧૮. U. P. Shah, *Akota Bronzes*, pp. 26 ff.
૧૯. હ. ગં. શાસ્ત્રી, 'મૈત્રકકાલીન ગુજરાત', પ્રકરણ ૯
૨૦. ગુ.ઐ.લે., ભા. ૧–૩, લેખ ૧૦૨–૧૩૬, ૨૨૭, ૨૨૮, ૨૩૨–૨૩૬
૨૧. હ. ગં. શાસ્ત્રી, 'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ', પૃ. ૧૬૧–૧૬૪
૨૨. ગુ.ઐ.લે., ભા.૨, લે. ૧૩૭



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૨૩. એજન, ભા. ૩, લે. ૧૩૬ અ; *भारतीय विद्या*, व. १, पृ. ७३–१००
૨૪. *Jourral of the Oriental Institute*, Vol. II, pp. 368 ff.
૨૫. ગુ.ઐ.લે., ભા. ૨, લે. ૧૪૫
૨૬. એજન, લે. ૧૬૦
૨૭. એજન, લે. ૧૬૫, ૧૭૦, ૧૮૬
૨૮. એજન, લે. ૨૦૧, ૨૦૨
૨૯. સોલંકી કાલ, પ્રકરણ ૧૪, પરિશિષ્ટ ૧
૩૦–૩૧. ગુ.ઐ.લે., ભા. ૨, લે. ૧૫૫
૩૨. એજન, લે. ૨૦૪
૩૩. એજન, ભા. ૩, લે. ૨૨૨
૩૪. એજન, ભા. ૨, લે. ૧૫૫, શ્લો. ૧૪; ભા. ૩, લે. ૨૨૨, શ્લો. ૩૪
૩૫. એજન, ભા. ૩, લે. ૨૨૨, શ્લો. ૪૧–૪૪
૩૬. એજન, લે. ૨૧૮
૩૭. એજન, ભા. ૨, લે. ૧૬૬, ૧૭૦, ૧૮૬, ૨૦૧, ૨૦૨, ૨૦૫
૩૮. 'પ્રસ્થાન', પુ. ૧૨, પૃ. ૨૯૩ થી ૨૯૮
૩૯. ગુ.ઐ.લે., ભા.૩, લે. ૨૧૫
૪૦. એજન, લે. ૧૪૪ ક
૪૧. એજન, ભા. ૨, લે. ૧૫૫, શ્લો. ૨૯
૪૨. એજન, લે. ૧૬૩, શ્લો. ૪૪
૪૩. એજન, ભા. ૩, લે. ૨૧૬
૪૪. એજન, લે. ૨૧૬ અ
૪૫. એજન, લે. ૨૨૩
૪૬. રત્નમણિરાવ ભીમરાવ, 'ખંભાતનો ઇતિહાસ', પૃ. ૨૬૩
૪૭. *Annual Report, Archaeological Department of the Baroda State*, 1935–36, p. 12
૪૮. *I.K.*, No. 23
૪૯. ગુ.ઐ.લે., ભા. ૩, લે. ૨૨૨ અ
૫૦. जिनविजयजी, प्राचीनजैनलेखसंग्रह, भा. २, ले. १३२
૫૧. *E.I.*, Vol. XXXV, No. 11, pp. 89 ff.
૫૨. ગુ.ઐ.લે., ભા. ૩, લે. ૨૦૭–૨૧૨
૫૩. એજન, ભા. ૨. લે. ૧૬૭
૫૪. જયંતવિજયજી, 'શ્રીઅર્બુદપ્રાચીનજૈનલેખસંદોહ,' લેખ ૨૬૧–૨૬૨
૫૫. ગુ.ઐ.લે., ભા. ૨, લે. ૧૬૮
૫૬. જયંતવિજયજી, 'શ્રીઅર્બુદપ્રાચીનજૈનલેખસંદોહ,' લે. ૨૬૫–૩૧૬; ૩૨૪–૩૭૮
૫૬ અ. BPSI, No. 227; ગુ.ઐ.લે., નં. ૨૨૪
૫૭. *Annual Report on Indian Epigraphy* (ARIE), 1954–55, No. 4, Appendix C; *1968–69*, Appendix D, No. 210
૫૮. *ARIE, 1967–68*, Appendix D, No. 145
૫૯. *Epigraphia Indica, Arabic and Persian Supplement* (*EIAPS*), *1961*, pp. 12 ff.
૬૦. ગુ.ઐ.લે., ભા. ૩, લે. ૨૧૭



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૬૧. *EIAPS, 1961*, p. 19

૬૨. ગુ.ઐ.લે., ભા. ૪, લે. ૧, ૪૩, ૪૬, ૪૪, ૧૦૬, ૧૦૭, ૧૧૦, ૩૦, ૩૧; *I.K.*, Nos. 36, 102; જૈનતીર્થ સર્વસંગ્રહ, પુ. ૧, ભા. ૧, પૃ. ૧૪૯; *Annual Report, Archaeological Department of the Baroda State, 1938*, Appendix B, No. 22; ભાવનગરપ્રાચીનશોધસંગ્રહ, સૂચિ, નં. ૧૬૬

૬૩ ગુ.ઐ.લે., ભા. ૪, લે. ૫૪, ૨, ૫૯, ૬૧, ૭, ૧૪–૧૫, ૧૯, ૧૯ અ, ૨૦, ૨૧, ૨૩, ૨૭, ૯૫

૬૪. એજન, લે. ૪૩

૬૫. એજન, લે. ૯૮

૬૬. એજન, લે. ૨૮

૬૭. એજન, લે. ૩૪

૬૮. એજન, લે. ૭૮

૬૯. એજન, લે. ૫૯

૭૦. એજન, લે. ૩, ૪, ૧૬, ૧૮, ૨૨, ૩૭, ૪૫, ૪૭, ૪૮, ૫૨, ૫૮, ૬૦, ૬૨, ૬૩, ૬૪, ૬૫–૬૯, ૭૦, ૭૧–૭૨, ૭૬, ૭૭, ૮૨, ૮૭, ૯૩, ૧૦૧, ૧૦૩, ૧૦૪, ૧૦૯, ૧૧૧

૭૧. ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ, ખંડ ૫, ૧૦–૩૦૮૮

૭૨. એજન, ખંડ ૬, લે. ૪૧: ફા.ગુ.સ.ત્રૈ., પુ. ૪, પૃ. ૩૧૧

૭૩. એજન, લે. ૪૬

૭૪. એજન, લે. ૬૦

૭૫. એજન, લે. ૬૩

૭૬. એજન, લે. ૭૦

૭૭. એજન, લે. ૭૮

૭૮. એજન, લે. ૭૯

૭૯. એજન, લે. ૯૫

૮૦. એજન, લે. ૧૦૨

૮૧. એજન, લે. ૧૨૦

૮૨. એજન, લે. ૧૩૬

૮૩. એજન, લે. ૧૫૧

૮૪. એજન, લે. ૧૬૨

૮૫. એજન, લે. ૧૬૮

૮૬. એજન, લે. ૧૭૯

૮૭. એજન, લે. ૧૮૨

૮૮. એજન, લે. ૨૨૫

૮૯. એજન, લે. ૨૪૪

૯૦. એજન, લે. ૨૫૫

૯૧. એજન, લે. ૨૫૭

૯૨. એજન, લે. ૨૬૨

૯૩. એજન, લે. ૨૮૪

૯૪. એજન, લે. ૩૧૫

૯૫. વિશાળવિજયજી, 'કાવી–ગંધાર–ઝઘડિયા,' પૃ. ૩૯–૪૦; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૨૫

૯૬. जिनविजयजी, प्राचीनजैनलेखसंग्रह (प्राजैलेसं), मा. २, ले. ४५०; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૪

૯૭. पूरणचंद नाहर, जैनलेखसंग्रह (जैलेसं), मा. २, ले. १७९४; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૬૬

૯૮. एजन, ले. १७८२; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૧૦૯

૯૯. વિશાળવિજયજી, 'કાવી–ગંધાર–ઝઘડિયા,' પૃ. ૮–૧૨, ૧૭–૧૮; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૬૩, ૧૮

૧૦૦. प्राजैलेसं, भा. २, ले. १२; *I.K.*, No. 106; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૭

૧૦૧. ભો. જ. સાંડેસરા, 'વસ્તુપાલનું વિદ્યામંડળ અને બીજા લેખો', પૃ. ૯૫–૧૦૦, ૧૦૮–૧૧૦; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૧૦

૧૦૨. જૈનતીર્થ સર્વસંગ્રહ, પૃ. ૧, ભા. ૧, પૃ. ૧૦

૧૦૩. प्राजैलेसं, भा. २, ले. १३; I.K., No. 108; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૯

૧૦૪. *I.K.*, No. 109; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૧૨૪



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

१०५. प्राजैलेसं, भा. २, ले. ४४६; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૮૧
१०६. प्राजैलेसं, भा. २, ले. १७९४; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૬૬
१०७. *VVRB*, Vol. I, Issue 2, International Language Section, No. 13
१०८. *I.K.*, No. 111; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૧૨૫
१०९. D. P. Khakhkhar, *Report on the Architectural and Archaeological Remains in the Province of Kachh* (*RAARPK*), No. 19; એજન, લે. ૮૪
११०. प्राजैलेसं, भा. २, ले. ४९७
१११. *I.K.*, No. 112
११२. *Ibid.*, No. 114; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૩૦
११३. *Ibid.*, No. 115; એજન, લે. ૩૨
११४. મુનિ વિશાળવિજયજી, 'શ્રી કુંભારિયાજી તીર્થ,' પૃ. ૩૩; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૭૧
११५. प्राजैलेसं, भा. २, ले. १५-१६, १७-२०, २१; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૩૩–૩૭, ૧૧૨
११६. एजन, ले. २१; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૧૧૨
११७. ચરોતર સર્વસંગ્રહ, ભા. ૧, પૃ. ૧૦૦૪
११८. *I.K.*, No. 121; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૧૧૩
११९. प्राजैलेसं, भा. २, ले. २७; *I.K.*, No 123; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૪૪
१२०. *Ibid.*, No. 125; એજન, લે. ૪૭
१२१. *Ibid.*, 131; એજન, લે. ૧૩૩
१२२. *RAARPK*, No, 17; એજન, લે. ૮૬
१२३. *I.K.*, No. 136; એજન, લે. ૧૪૯
१२४. *Ibid.*, 157
१२५. *Ibid.*, 159; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૧૪૭
१२६. *Ibid.*, 161; એજન, લે. ૧૨૩
१२७. *Ibid.*, No. 166; એજન, લે. ૧૭૦
१२८. *Ibid.*, No. 175; એજન, લે. ૧૪૯
१२९. *Ibid.*, No. 103; એજન, લે. ૧
१३०. *Ibid.*, No. 104
१३१. *I.K.*, No. 138; ગુ.ઐ.લે., ભા.૫, લે. ૧૨૨
१३२. 'નવમી અને દસમી ગુજરાતી સાહિત્ય પરિષદનો અહેવાલ અને નિબંધસંગ્રહ,' ઇતિહાસ વિભાગ, પૃ. ૨૫–૪૦; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૫૩
१३३. *I.K.*, No. 152
१३४. કુમાર, અંક ૪૮૭, પૃ. ૨૮૬–૨૮૮; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૫૮
१३५. *I.K.*, No. 141
१३६. *Ibid.*, No. 174
१३७. *Ibid.*, No. 172; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૧૬૧
१३८. *Ibid.*, No. 101; ગુ.ઐ.લે., ભા. ૪, લે. ૩૮
१३९. ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ, ખંડ ૬, લેખ ૩૨૭
१४०. એજન, લે. ૩૫૬
१४१. એજન, લે. ૩૬૦
१४२. એજન, લે. ૩૮૮
१४३. એજન, લે. ૩૯૮



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૧૪૪. એજન, લે. ૪૦૫

૧૪૫. એજન, લે. ૪૦૯

૧૪૬. એજન, લે. ૪૧૫

૧૪૭. એજન, લે. ૪૨૨

૧૪૮. એજન, લે. ૪૨૯

૧૪૯. એજન, લે. ૪૩૪

૧૫૦. એજન, લે. ૪૩૭

૧૫૧. એજન, લે. ૪૪૭

૧૫૨. એજન, લે. ૪૭૫

૧૫૩. એજન, લે. ૪૭૯

૧૫૪. એજન, લે. ૫૦૧

૧૫૫. ગુ.રા.સાં. ઇ., ગ્રં. ૭: મરાઠા કાલ, પૃ. ૮, ૩૪૨–૩૪૫

૧૫૬. એજન, પૃ. ૮–૯

૧૫૭. વિશાલવિજયજી, श्री राधनपुरप्रतिमालेखसंदोह, લે. ૪૨૫, ૪૨૬, ૪૨૮, ૪૩૪, ૪૪૭, ૪૪૮; 'શ્રી ભીલડિયાપાર્શ્વનાથજી તીર્થ,' પૃ. ૧૫, ૪૭

૧૫૮. *I.K.*, No. 182; 'દ્વારકા સર્વસંગ્રહ,' પૃ. ૨૪૧

૧૫૯. प्राजैलेसं, भा. २, અવલોકન, પૃ. ૫૪

૧૬૦. સ્વાધ્યાય, પુ. ૧૫, પૃ. ૬૬–૭૭

૧૬૧. વિદ્યાપીઠ, સળંગ અંક ૧૦૫, પૃ. ૬૧–૬૭

૧૬૨. प्राजैलेसं, भा. २ અવલોકન, પૃ. ૫૪

૧૬૩. ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ, ખંડ ૬, લેખ ૫૨૬, ૫૨૮, ૫૪૭, ૫૪૮, ૫૫૦, ૫૫૧–૫૫૨ અને ૫૫૪

૧૬૪. प्राजैलेसं, भा. २, ले. ३२अ

૧૬૫. ર. ભી. જોટ, 'ગૂજરાતનું પાટનગરઃ અમદાવાદ', પૃ. ૬૬૬; વિશાલવિજયજી, श्रीराधनपुरप्रतिमालेखसंदोह, લેખ ૪૫૫–૪૭૩

૧૬૬. प्राजैलेसं, भा. २, ले. ५५६

૧૬૬અ. હજી અપ્રસિદ્ધ

૧૬૭. ર. દી. દેસાઈ, શ્રી ભદ્રેશ્વર-વસઈ મહાતીર્થ, પૃ. ૧૫૧–૧૫૩

૧૬૮. ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ, ખંડ ૬, લેખ ૫૭૦, ૫૭૧, ૫૭૬, ૫૭૮, ૫૭૯, ૫૮૦, ૫૮૨, ૫૮૩, ૫૯૦, ૫૯૩, ૫૯૪, ૫૯૮, ૬૦૦, ૬૦૧, ૬૦૨, ૬૦૭, ૬૧૪, ૬૧૬, ૬૧૯, ૬૨૦, ૬૨૧, ૬૨૩

૧૬૯. દા.ત. અમદાવાદના ગીતામંદિરમાં.

૧૭૦. દા.ત. સુરત તથા અમદાવાદનાં અમુક દેરાસરોમાં.

૧૭૧. બુદ્ધિપ્રકાશ, પુ. ૧૨૭, પૃ. ૪૮૫–૪૮૯

૧૭૨. પથિક, વર્ષ ૨૦, અંક ૩, પૃ. ૧૮–૨૦

૧૭૩. વિદ્યાપીઠ, સળંગ અંક ૧૧૦, પૃ. ૩ થી ૮

૧૭૪. બુદ્ધિપ્રકાશ, પુ. ૧૨૮, પૃ. ૧૮૧–૧૮૩



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## વ્યાખ્યાન ૩ જું

# વિદ્યા, કલા અને સાહિત્ય

અભિલેખો પરથી ગુજરાતમાં તે તે કાલખંડમાં ખેડાતી વિદ્યાઓ તથા કલાઓ વિશે તેમ જ કાવ્યશૈલીમાં થતી કેટલીક સાહિત્યિક રચનાઓ વિશે જાણવા મળે છે.

મૌર્ય રાજા અશોકના શિલાલેખ તો પ્રાકૃત ભાષામાં સરળ ગદ્યમાં લખાયા છે ને ક્ષત્રપ રાજાઓના શિલાલેખ પણ સામાન્યત: પ્રાકૃત-સંસ્કૃત મિશ્ર ભાષાના સરળ ગદ્યમાં છે. પરંતુ રાજા મહાક્ષત્રપ રુદ્રદામા ૧ લાનો જૂનાગઢ શૈલલેખ[૧] ઉચ્ચ ગદ્ય-શૈલીમાં રચાયેલા સંસ્કૃત અભિલેખના ઉત્તમ પ્રાચીન નમૂના તરીકે ભારતભરના સંસ્કૃત સાહિત્યમાં ગણનાપાત્ર નીવડયો છે. સરેરાશ ૭૦-૭૦ અક્ષરોની ૨૦ પંક્તિઓ ધરાવતો આ સુદીર્ઘ લેખ માત્ર છ લાંબાં વાકયોમાં લખાયો છે. એ વાકયોનો ક્રમ પણ સુગ્રથિત અને કલાત્મક છે. લેખના આરંભમાં જળાશયની વર્તમાન સારી સ્થિતિ નિરૂપી છે: इदं तडाकं सुदर्शनं . . . . . महत्युपचये वर्तते । પછીનાં બે વાકયોમાં અતિવૃષ્ટિના પરિણામે નદીઓમાં આવેલા ભારે પૂરને લીધે એનો સેતુ (બંધ) તૂટી જતાં ત્યાં બધું જળબંબાકાર થઈ ગયેલું ને ખાલીખમ થઈ ગયેલુ એ સુદર્શન જળાશય રણ જેવું દુર્દર્શન બની ગયેલું એ અતીત કરુણ ઘટનાનું તાદશ નિરૂપણ કરવામાં આવ્યું છે: तदिदं . . . . पर्जन्येन एकार्णवभूतायामिव पृथिव्यां कृतायां . . . गिरिशिखर-तरुतटाट्टालकोपतल्पद्वारशरणोच्छ्रयविध्वंसिना युगनिधनसदृशपरमघोरवेगेन वायुना प्रमथित-सलिलविक्षिप्तजर्ज्जरीकृतावदीर्ण . . . क्षिप्ताश्मवृक्षगुल्मलताप्रतानं आनदीतलादित्युद्घाटितमासीत् । . . . . भेदेन निस्सृतसर्वतोयं मरुधन्वकल्पमतिभृशं दुर्द[र्शनमासीत्]। ચોથા વાકયમાં આ જળાશયના નિર્માણનો તથા વિસ્તરણનો પૂર્વવૃત્તાંત આપ્યો છે, જે મૌર્યકાલના સંદર્ભમાં ઘણો ઉપયોગી નીવડયો છે.

પાંચમું વાકય રાજા મહાક્ષત્રપ રુદ્રદામાએ પોતાના કોશમાંથી પુષ્કળ ધન ખરચી થોડા વખતમાં દઢતર સેતુ કરાવીને એને સુદર્શનતર કરાવ્યું એને લગતું છે, પરંતુ એમાં એ સંસ્કરણ નિમિત્તે એ રાજાની રાજકીય તથા સાંસ્કૃતિક સિદ્ધિઓનું એવી કાવ્યમય ગદ્યશૈલીમાં વિસ્તૃત નિરૂપણ કરવામાં આવ્યું છે. એમાં 'શબ્દ-અર્થ-ગાન્ધર્વ-ન્યાય આદિ મહાવિદ્યાઓના પારણ-ધારણ વિજ્ઞાન-પ્રયોગ'નો નિર્દેશ એ સમયે કઈ વિદ્યાઓ મહત્ત્વની ગણાતી ને એ વિદ્યાઓનું અધિશીલન કેવી રીતે થતું એ પર પ્રકાશ પાડે છે. છેલ્લા વાક્યમાં આ સંસ્કરણની યોજના મંજૂર કરાવનાર રાજ્યપાલ સુવિશાખની નાનાં નાનાં વિશેષણો દ્વારા પ્રશસ્તિ કરવામાં આવી છે. આવી દીર્ઘ તથા હ્સ્વ સમાસોથી તેમ જ શબ્દાલંકારો તથા અર્થાલંકારોથી ભરપૂર લાંબાં વાકયોની ઉચ્ચ ગદ્ય-શૈલી તો સંસ્કૃત સાહિત્યમાં દંડી, બાણ અને સુબંધુની કૃતિઓમાં છેક



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

છઠ્ઠી-સાતમી સદીઓમાં વિકસી હતી, જ્યારે એ શૈલી અહીં એ પહેલાં બીજી સદીના મધ્ય જેટલા પૂર્વકાલમાં દેખા દે છે! આવી સુંદર ગદ્યરચના કરનાર અજ્ઞાતનામા કવિ રાજધાની ઉજ્જયિનીનો હોય એ કરતાં આનર્ત-સુરાષ્ટ્રના વડા મથક ગિરિનગરનો હોય એ વધુ સંભવિત છે.

દેવની મોરીના બૌદ્ધ સ્તૂપના શૈલ સમુદ્‌ગક પર પાલિ ત્રિપિટકમાંના પ્રતીત્ય-સમુત્પાદ-ના સિદ્ધાંતને લગતું સૂત્ર પણ કોતરેલું છે,[૨] તે ત્યારે ત્યાં બૌદ્ધ દર્શનનું થતું અધ્યયન તથા પારાયણ સૂચવે છે.

ગિરિનગરના સુદર્શન તટાકનાં પુનઃ થયેલાં દુર્દશા અને સંસ્કરણને લગતો બીજો લેખ એ પછી સ્કંદગુપ્તના સમયમાં લગભગ ત્રણસો વર્ષે રચાયો.[3] એનો રચિયતા પણ અજ્ઞાત-નામા છે. આ લેખ (ઈ. સ. ૪૫૭) ગુપ્તકાલીન વૈદર્ભી શૈલીના સંસ્કૃત પદ્યમાં રચાયો છે. માલિની, આર્યા, ઉપજાતિ, ઇન્દ્રવજ્રા, વંશસ્થ ઇત્યાદિ છંદોમાં એ રચના ૩૯ શ્લોકોમાં કરી છે. એ પછી બીજા ૮ શ્લોકોમાં અન્ય વિષય નિરૂપાયો છે, જેમાં વસંતતિલકા છંદ ઉમેરાયો છે.

શ્લોક ૧ માં વિષ્ણુની સ્તુતિ છે:

स जयति विजितार्त्तिर्विष्णुरत्यन्तजिष्णुः ।।

શ્લોક ૨-૬ માં રાજાધિરાજ સ્કંદગુપ્તની પ્રશસ્તિ છે. શ્લોક ૭-૧૩ માં સુરાષ્ટ્રના ગોપ્તા તરીકે પર્ણદત્તની થયેલી નિયુક્તિ નિરૂપી છે:

नियुज्य देवा वरुणं प्रतीच्यां
स्वस्था यथा नोन्मनसो बभूवुः ।
पूर्वेतरस्यां दिशि पर्णदत्तं
नियुज्य राजा धृतिमांस्तथाभूत् ।। १३

(દેવો વરુણને પશ્ચિમ દિશાના પાલક નીમી નિશ્ચિત થયા, તેમ સ્કંદગુપ્ત પશ્ચિમ દિશામાં પર્ણદત્તને નીમી નિશ્ચિત થયા.) શ્લોક ૧૪-૨૫ માં પર્ણદત્તે ગિરિનગરના પાલક તરીકે નિયુક્ત કરેલા પોતાના યોગ્ય પુત્ર ચક્રપાલિતના ગુણોની પ્રશસ્તિ આપી છે.

અભિલેખનો મુખ્ય વિષય શ્લોક ૨૬-૩૯ માં નિરૂપાયો છે. અતિવૃષ્ટિથી નદીઓ બંધ તોડી વહી ગઈ તેનું વર્ણન કરતાં કવિ કહે છે :

समुद्रकान्ताः चिरबन्धनोषिताः
पुनः पतिं शास्त्रयथोचितं ययुः ।। २८

(ચિરબંધનમાં રહેલી સમુદ્રની કાંતાઓ ધર્મપતિ પાસે પહોંચી ગઈ!) ને

अवेक्ष्य वर्षागमजं महोद्‌भ्रमं
महोदधेरूर्जयता प्रियेप्सुना ।
अनेकतीरान्तजपुष्पशोभितो
नदीमयो हस्त इव प्रसारितः ।। २९



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઉત્પ્રેક્ષા અલંકારમાં વ્યક્ત થયેલ કેવી રુચિર કલ્પના!

લેખના બીજા ખંડમાં ચક્રધર વિષ્ણુના મંદિરનું નિર્માણ નિરૂપાયું છે.

મૈત્રકકાલ દરમ્યાન દાનશાસનોમાં દાન દેનાર રાજાની તથા એના પુરોગામીઓની પ્રશસ્તિ ઉચ્ચ શૈલીના કાવ્યમય ગદ્યમાં કરવામાં આવતી. એમાં દીર્ઘ સમાસો, રુચિર કલ્પનાઓ અને શબ્દાલંકારો તથા અર્થાલંકારો વિશિષ્ટ ભાત પાડે છે.

મૈત્રક વંશના દાનશાસનોમાં વંશનો પરિચય આપતાં प्रसभप्रणतामित्राणां मैत्रकाणाम्, વંશસ્થાપક ભટાર્કની પ્રશસ્તિમાં अतुलबलसपत्नमण्डलाभोगसंसक्तप्रहारशतलब्धप्रतापः અને प्रतापोपनतदानमानार्ज्जवोपार्ज्जितानुरागः જેવાં પદોમાં અનુપ્રાસ અને યમક જેવા શબ્દાલંકારો તથા લાંબા સમાસો નજરે પડે છે. અર્થાલંકારોમાં ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા, વિરોધ, વ્યતિરેક, શ્લેષ ઇત્યાદિ અલંકારો વારંવાર પ્રયોજાયા છે, જેમ કે:

धर्मराज इव विहितविनयव्यवस्थापद्धतिः,[४] सुविशुद्धस्वचरितोदकक्षालितकलिकलङ्कः,[५] प्रकृष्टविक्रमोपि करुणामृदुहृदयः,[६] अधिगतकलाकलापः कान्तिमान्निवृतिहेतुरकलङ्कः कुमुदनाथः[७] ઇત્યાદિ. કેટલાંક પ્રશસ્તિપદોમાં કવિની અદ્ભુત કલ્પના રજૂ થયા કરે છે, જેમ કે प्रणतप्रभूतपार्थिवकिरीटमाणिक्यमसृणितचरणनखमयूखरञ्जिताशेषदिग्वधूमुखः[८] અને अपरमहीपतिस्पर्शदोषनाशनधियेव लक्ष्म्या स्वयमतिस्पष्टचेष्टमाश्लिष्टाङ्गयष्टिः ।[९] કેવી ઓજઃપ્રધાન ગૌડ શૈલી! કયારેક આ પ્રશસ્તિપદોમાં કવિવર કાલિદાસના સમાન ભાવપ્રયોગોનું પ્રતિબિંબ પડે છે જેમ કે, दर्शयिता श्रीसरस्वत्योरेकाधिवासस्य,[१०] प्रजाहृदयरञ्जनादन्वर्थराजशब्दः[११] અને स्थिरसौहृदोपि निरसिता दोषवताम्.[१२]

મૈત્રક કાલના અન્ય રાજવંશોમાં નવસારીના ચાલુક્ય વંશના રાજા પુલકેશી અવનિજનાશ્રયના દાનશાસન(ઈ. સ. ૭૩૯)માં[१३] આપેલી એના અદ્ભુત પરાક્રમની પ્રશસ્તિમાં આલેખેલું ભીષણ સંગ્રામનું તાદૃશ શબ્દચિત્ર ખરેખર રસ-સભર છે: अनेकैरपि नरेंद्रवृंदवृंदारकैरजितपूर्वं व्यपगतमस्माक[मृ]णमनेन स्वामिनः स्वशिरःप्रदानेनाद्यतावदेकजन्मीयमित्येव मिषोपजातपरितोषानन्नरप्रहतपटुपटहरवप्रवृत्तकबन्धबद्धरासमंडलीके समरशिरसि। (અગાઉ અજિત રહેલા અનેક મહાન નરેન્દ્રોએ પોતાનાં શિરોના દાન વડે પરિતોષ પામી પટહના શબ્દ સાથે ધડોની રાસમંડળી જમાવી હતી!)

મૈત્રક રાજાઓની પ્રશસ્તિઓમાં પરા અને અપરા વિદ્યા, વેદ, સ્મૃતિ, રાજ્યતંત્ર, પાણિનિતંત્ર અને ધનુર્વેદના નિર્દેશ આવે છે.[१४]

દખ્ખણના રાષ્ટ્રકૂટોની સત્તા ગુજરાતમાં પ્રસરતાં તેઓનાં દાનશાસનોમાં પ્રસાદયુક્ત પદ્યબદ્ધ પદરચનાઓ પ્રચલિત થઈ, દા. ત. કર્ક ૨ જાની પ્રશસ્તિમાં[१५]

संभ्रान्तमन्दरविलोडितदुग्धसिन्धु-
संभूतफेण[यशसा] धवलीकृताशं
यस्य द्विषामचलकन्दरगर्भभाजा-
मप्याननानि चरितं मलिनीचकार।

(શુભ્ર યશ વડે દિશાઓને ધવલિત કરનાર જેનું ચરિત શત્રુઓનાં મુખોને મલિન કરે છે!)



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ધ્રુવરાજ ધારાવર્ષ 'નિરુપમ' પણ કહેવાતો, તે વિશે કવિ કલ્પના કરે છે;[16]

चन्द्रो जडो हिमगिरिः सहिमः प्रकृत्या
वातश्चलश्च तपनस्तपनस्वभावः।
क्षारः पयोधिरिति तैस्सममस्य नास्ति
येनोपमा निरुपमस्तत एव गीतः।। १२

(ચંદ્ર જડ છે, હિમાલય ઠંડો છે, પવન ચલ છે, સૂર્ય ઉગ્ર છે, સમુદ્ર ખારો છે તેથી તેઓની સાથે જેની ઉપમા નથી તેવો તે તેથી 'નિરુપમ' કહેવાય છે.)

ને ઇન્દ્રરાજ ૩ જાના દાનશાસન(ઈ. સ. ૯૧૫)માં દંતિદુર્ગની પ્રશસ્તિમાં[17]

कृत्वास्पदं हृदयहारिजघन्यदेशे
स्वैरं पुनर्मृदु विमर्द्य च मध्यदेशं।
यस्यासमस्य समरे वसुधाङ्गनायाः
काञ्चीपदे पदमकारि करेण भूयः।। ६

(એનો કર પ્રથમ વસુધાંગનાના જઘન્ય પ્રદેશ પર, પછી મૃદુતાથી મધ્ય પ્રદેશ પર ને છેવટે કાંચી પ્રદેશ પર રખાયો!)

આમ રાષ્ટ્રકૂટોની પ્રશસ્તિઓમાં કયારેક જીતેલા પ્રદેશવિશેષોય સૂચિત કરવામાં આવે છે.

આ અનુ-મૈત્રક કાલના સૈન્ધવ રાજાઓ મૈત્રક રાજાઓની જેમ ઉચ્ચ ગદ્યશૈલી પસંદ કરતા, જેમ કે જાઈક ૨ જાની પ્રશસ્તિમાં[18] विपुलविप्रतीकपयोधिबलजलनिमग्नस्वमण्डलोद्धरणः सौकर्यलीलाप्रकटितमहावराहमहिमा। (પ્રતિપક્ષના વિપુલ બલે જલમાં ડૂબેલા ભૂમંડલનો ઉદ્ધાર કરીને એણે મહાવરાહનો મહિમા પ્રકટાવ્યો.) આ આલંકારિક પદમાં આરબ આક્રમણની આરંભિક સફળતા અને અંતિમ નિષ્ફળતા વ્યંજિત થતી લાગે છે.

આવી ગદ્યપદ્ય કાવ્યમય રચનાઓ કરનાર કવિઓનાં નામ અજ્ઞાત છે!

સોલંકી રાજાઓનાં દાનશાસનોમાં રાજાઓની નામ અને બિરુદો સહિત સાદી વંશાવળી નિરૂપાય છે. પરંતુ તેઓના કેટલાક શિલાલેખોમાં સિદ્ધહસ્ત કવિઓએ રચેલી રુચિર પ્રશસ્તિઓ અપાઈ છે, જેમાં પ્રાયઃ એના રચયિતા કવિનો નામનિર્દેશ પણ મળે છે.

એવો એક કવિ છે પ્રજ્ઞાચક્ષુ શ્રીપાલ, જેણે એક દિવસમાં મહાપ્રબંધની રચના કરેલી ને જેને સિદ્ધરાજે પોતાનો બંધુ માનેલો. રાજા કુમારપાલે આનંદપુર(વડનગર)ને ફરતો વપ્ર (કોટ) કરાવ્યો, તે વિશે તેણે સં. ૧૨૦૮ માં ૩૦ શ્લોકોમાં રસ-સભર પ્રશસ્તિ રચેલી.[19] દૃષ્ટાંતરૂપે એમાંના બે શ્લોક ઉદાહૃત કરીએ :

आब्रह्मादिऋषिप्रर्वाततमहायज्ञक्रमोत्तंभितै –
र्यूपैर्दत्तकरावलंबनतया पादव्यपेक्षाच्युतः।
धर्मोऽत्रैव चतुर्युगेऽपि कलितानंदः परिस्पंदते
तेनानंदपुरेति यस्य विबुधैर्नामांतरं निर्मितम्।। २०



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(યજ્ઞસ્તંભોએ આપેલા ટેકાને લીધે પગની અપેક્ષા વિનાનો ધર્મ ત્યાં ચારે યુગોમાં આનંદથી રહે છે, તેથી નગરનું અન્ય નામ 'આનંદપુર' અપાયું છે.)

अश्रान्तद्विजवर्गवेदतुमुलैर्बाधिर्यमारोपितः
शश्वद्धोमहुताशधूमपटलैरांध्यव्यथां लंभितः।
नानादेवनिकेतनध्वजशिखाघातैश्च खंजीकृतो
यस्मिन्नद्य कलिः स्वकालविहितोत्साहोऽपि नोत्सर्पति ।। २१

(દ્વિજવર્ગના અશ્રાન્ત વેદઘોષથી બધિરતા પામેલો, અવિરત હોમના અગ્નિના ધુમાડાઓથી અંધાપાની વ્યથા પામેલો અને વિવિધ દેવાલયોની ધ્વજશિખાઓના આઘાતોથી લૂલો બનેલો કલિયુગ પોતાનો કાલ પ્રવર્તતો હોવાથી ઉત્સાહયુક્ત હોવા છતાં આજે એની સમીપ સરકતો નથી.)

રાજા ભીમદેવ ૨ જાના સમયનો એક એવો સિદ્ધહસ્ત કવિ હતો સોમેશ્વરદેવ, જે કુલ-પરંપરાગત ગુર્જરેશ્વર-પુરોહિતનું પદ ધરાવતો ને જે ધોળકાના રાજા વીરધવલના મહામાત્ય વસ્તુપાલનો પરમ મિત્ર અને પ્રશંસક હતો. વસ્તુપાલના ભાઈ તેજપાલે અર્બુદાચલ પર નેમિનાથનું દેરાસર બંધાવ્યું તે વિશે કવિ સોમેશ્વરદેવે વિવિધ છંદોના ૭૪ શ્લોકોમાં રસમય પ્રશસ્તિ (સં. ૧૨૮૭) રચી છે.[૨૦] એનો આરંભ વિદ્યાદેવી સરસ્વતીની સ્તુતિથી થાય છે:

वंदे सरस्वतीं देवीं याति या कविमानसं।
नीयमाना निजेनेव यानमानसवासिना । १

અહીં 'માનસ' પર શ્લેષ કરી કવિ કેવી ચમત્કૃતિ દર્શાવે છે! અશ્વરાજને ચાર પુત્રો હતા તે સંબંધી કવિ કહે છે કે એ તો એક–ઉદર–વાસના લોભે પૃથ્વી પર પુનઃ આવેલા દશરથ-પુત્રો હતા (શ્લોક ૧૮)! અર્બુદાચલનું નિરૂપણ કરતાં કવિ કહે છે કે :

गौरीवरश्वशुरभूधरसंभवोऽय-
मस्त्यर्बुदः ककुदमद्रिकदंबकस्य।
मंदाकिनीं घनजटे दधदुत्तमांगे
यः श्यालकः शशिभृतोऽभिनयं करोति ।। ३०

(હિમાલયનો પુત્ર અર્બુદ મંદાકિનીને ઘન જટા પર ધારણ કરે છે; સાળો ચંદ્રશેખર શિવનો અભિનય કરે છે!)

આબુના પરમાર રાજકુલના પ્રહ્લાદનની પ્રશસ્તિ કરતાં કવિ કહે છે કે :

देवी सरोजासनसंभवा किं
कामप्रदा किं सुरसौरभेयी।
प्रहलादनाकारधरा धराया-
मायातवत्येष न निश्चयो मे ।। ३९

(પ્રહ્લાદનનું રૂપ ધરી ધરા પર શું દેવી સરસ્વતી આવી છે કે શું દેવોની કામધેનુ આવી છે તેનો હું નિશ્ચય કરી શકતો નથી.) આમ કહી કવિ એમ કહેવા માગે છે કે પ્રહ્લાદન એક



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બાજુ એવો વિદ્વાન હતો કે જાણે સરસ્વતીનો અવતાર ને બીજી બાજુ એવો દાની હતો કે જાણે કામધેનુનો અવતાર!

વસ્તુપાલ–તેજપાલનાં સુકૃતોની અસંખ્યતાને નિરૂપતાં કવિ કહે છે કે:

शंभोः श्वासगतागतानि गणयेद्यः सन्मतिर्योऽथ वा
नेत्रोन्मीलनमीलनानि कलयेन्मर्क्कंडनाम्नो मुनेः।
संख्यातुं सचिवद्वयीविरचितामेतामपेतापर-
व्यापारः सुकृतानुकीर्तनततिं सोप्युज्जिहीते यदि ।। ६७

(જે શંભુના શ્વાસ–ઉચ્છ્વાસ ગણી શકે અથવા માર્કંડ મુનિનાં નેત્રોનાં ઉન્મીલન–મીલન ગણી શકે તે જ આ બે મંત્રીઓનાં સુકૃતોની સંખ્યા ગણી શકે, જો એ બીજાં બધાં કામ મૂકી દે તો.)

સોમેશ્વરદેવ અર્ધા યામ(પ્રહર)માં મહાપ્રબંધ રચી દે એવો શીઘ્ર કવિ હતો. વીસલદેવના સમયમાં એણે દર્ભાવતી(ડભોઈ)ના વૈદ્યનાથ મંદિરની પ્રશસ્તિ (સં. ૧૩૨૨) પણ રચી છે.[૨૦અ]

ને રાજા વીસલદેવનો માનીતો, વિદ્વાન અને ધર્મિષ્ઠ નાગર નાનાક! એને વિશે તો બબ્બે સમકાલીન કવિઓએ પ્રશસ્તિ રચી છે. એમાંનો એક કવિ છે રત્ન-સુત કૃષ્ણ, જે અષ્ટાવધાનની શક્તિને લીધે 'બાલ–સરસ્વતી' તરીકે ખ્યાતિ પામેલો ને જેણે कुवलयाश्वचरित्र-ની રચના કરેલી. એણે નાનાકની પ્રશસ્તિ ૩૬ શ્લોકોમાં રચી છે.[૨૧] મંગલાચરણના પ્રથમ શ્લોકમાં જ એ કેવો ગંભીર દાર્શનિક ભાવ વ્યક્ત કરે છે!

यन्नो गोचरयन्ति लोचनरुचो वाचो निवृत्ता यतः
चेतो मुह्यति यत्र यच्च न मतेः पन्थानमालम्बते ।
तन्निष्कैतवभक्तियोगसुलभं सोमेशलिंगस्थलं
स्पष्टीभूतमभिष्टुवीमहितमां किंचिन्महश्चिन्मयम् ।। १

(સોમનાથના લિંગમાં સ્પષ્ટ થયેલું ચિન્મય મહસ્ જે સર્વથા અગોચર પણ ભક્તિયોગથી સુલભ છે તેની અમે સ્તુતિ કરીએ છીએ.)

વિપ્ર નાનાક અને રાજા વીસલદેવ વચ્ચેના ગાઢ સંબંધ વિશે કવિ કહે છે:

यः पौराणैर्वचनमधुभिः प्रौढपीयूषपाक-
प्रेयोभिः प्रागविकम[धिनो ?]द्विश्वलक्षोणिपालः ।
तृप्तिं तस्य त्रिदशसुहृदः पिण्डदानैरिदानीं
दर्शे दर्शे रचयति च यः शेखरः श्रोत्रियाणाम् ।। २७

(નાનાક વીસલદેવને પહેલાં તેની હયાતીમાં પુરાણોના મધુર પાઠથી તૃપ્ત કરતો ને હવે જ્યારે તે રાજા દેવલોકમાં વસે છે ત્યારે તેને અમાસે અમાસે પિંડદાનથી તૃપ્ત કરે છે.)

નાનાકની બીજી પ્રશસ્તિ ગણપતિ વ્યાસ નામે અન્ય કવિએ સં. ૧૩૨૮માં રચી છે.[૨૨] એણે વીસલદેવે કરેલા ધારાધ્વંસ વિશેના મહાપ્રબંધથી વિપુલ યશ પ્રાપ્ત કર્યો હતો. એ નિર્મલ



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ચિત્રકાવ્યની રચના કવિએ વિના પ્રયાસે કરી હતી. આ પ્રશસ્તિ ૨૦ શ્લોકોમાં રચાઈ છે. બાલ-સરસ્વતી કૃષ્ણની જેમ ગણપતિ વ્યાસ પણ નાનાકના પિંડદાનથી સ્વર્ગમાં વીસલદેવ હર્ષ પામે છે એ ભાવ નિરૂપે છે. ત્યારે એ ભાવની અભિવ્યક્તિ આ રીતે કરે છે :

स्वस्योच्चैः प्रतिपर्व शालिकणिकापिण्डेन सुश्रद्धया
साद्धं वेदपुराणपाठनिपुणैः पुण्यापणैर्ब्राह्मणैः ।
श्राद्धं तेन विधीयमानमतुलं सारस्वते सैकते ।
दर्शं दर्शमतीव हृष्यति दिवि श्रीवीसलक्ष्मापतिः ।। १३

નાનાક શિવપૂજનમાં કેવો પરાયણ રહેતો તેનું વર્ણન કરતાં કવિ કહે છે કે :

रचित उचित उच्चैर्यस्य भक्त्यार्चनाय
द्युतिजितकुमुदालिः शालिजस्तंडुलौघः ।
नयति सुमहसः श्रीसोमनाथस्य कामं
शिरसि शशिकलायाः कौमुदीर्मेदुरत्वम् ।।१६

(શિવપૂજન માટે ગોઠવેલો તંડુલનો ઢગ સોમનાથના શિર પરની શશિકલાને ઝાંખપ લગાડે છે.)

જેમ અન્ય પ્રદેશોમાં હરિષેણ અને રવિકીર્તિ જેવા સિદ્ધહસ્ત કવિઓની રચનાઓ અભિલિખિત પ્રશસ્તિઓ રૂપે જ ઉપલબ્ધ થઈ છે તેમ નાનાકના પ્રશંસક એવા ગુજરાતના આ બે સિદ્ધહસ્ત કવિઓની નામના તથા રચનાઓ શિલાલેખો પર કોતરેલી આ બે પ્રશસ્તિઓ દ્વારા જ પ્રકાશમાં આવી છે.

આ બંને પ્રશસ્તિઓના નાયક નાગર નાનાકની વિદ્વત્તાના એમાં આવતા ઉલ્લેખો પરથી એ કાલમાં ધર્મિષ્ઠ વિપ્રો કઈ વિદ્યાઓની ઉપાસના કરતા એનો ખ્યાલ આવે છે. નાનાકની વિદ્વત્તા વિશે કવિ 'બાલ–સરસ્વતી' કહે છે ;

श्रौतस्मार्तसमाजमण्डनगणिः कातन्त्रनिर्धौतधीः
छेकश्छन्दसि नाटकेषु निपुणोऽलंकारसर्वस्वभाक् ।
श्रीरामायणभारतामृतकथाम्भोराशिपारंगमः
केषां नैष कवित्वकेलिरसिको वर्ण्यः सवर्णाग्रणीः ।।२४

અર્થાત્ નાનાક શ્રુતિ તથા સ્મૃતિમાં, કાતંત્ર વ્યાકરણમાં, છંદમાં, નાટકોમાં, અલંકારશાસ્ત્રમાં અને રામાયણ તથા મહાભારતમાં વિદ્વાન હતો ને કવિત્વકેલિનો રસિયો હતો.

કવિ ગણપતિ વ્યાસ પણ નાનાક વિશે કહે છે કે એ આખો ઋગ્વેદ જાણતો, વ્યાકરણમાં પ્રવીણ હતો, સાહિત્ય અને શાસ્ત્રોમાં વિદ્વાન હતો ને પુરાણ તથા સ્મૃતિમાં પારંગત હતો. એ દ્વિજવર્ય વેદ અને પુરાણની કસોટીથી ઉજ્જવળ બન્યો હતો. એના મુખમાં કવિત્વ હતું. એ નવ્ય કાવ્યોને કાન દેતો ને સભામાં પ્રશંસા પામતો.

નાનાક વિદ્વાન હતો, સંપત્તિમાન હતો ને દાનવીર હતો. એણે સરસ્વતી–સાગર સંગમના તીર્થમાં 'સારસ્વત ક્રીડાકેતન' કરાવ્યું હતું.[૨૩] એ 'સારસ્વત–સદન'[૨૪] અથવા 'સારસ્વત-સદસ્'[૨૫] સરસ્વતીના દેવાલય કરતાં વિદ્યાલય હોવું વધુ સંભવે છે.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સોલંકી કાલનો એક બીજો મહાન કવિ છે ધંધ-સુત ધરણીધર, જેણે સં. ૧૩૪૩માં સોમનાથ મંદિરના મહંત ત્રિપુરાંતકની સુંદર પ્રશસ્તિ[૨૬] રચી છે.

મંગલાચરણમાં એ શિવની સ્તુતિ કરતાં કહે છે :

स चित्तसंतापमपाकरोतु वः, स्तनंधयश्वेतमयूखभूषणः ।१

(બાલચંદ્રથી શોભતા શિવ તમારા ચિત્તના સંતાપ દૂર કરો.)

शैलात्मजोरसिजशृंगकुरंगनाभि-
पत्रावलीतलिनतल्पशयालुपाणिः ।

(પાર્વતીના સ્તનરૂપી શિખર પર કરેલ કસ્તૂરી–સુવાસિત શય્યા પર જેનો હસ્ત શયન કરે છે, તેવા)

देवः शिवानि वितनोतु दिवानिशं वः ।२

[તે દેવ શિવ રાતદિવસ તમને શિવો (કલ્યાણો) અર્પો.]

રાજા વીસલદેવ પોતાના ભાઈ પ્રતાપમલ્લના પુત્ર અર્જુનદેવને ગાદીએ બેસાડી મૃત્યુ પામ્યો તેનું નિરૂપણ કરતાં કવિ 'રાજા મૃત્યુ પામ્યો' એવું કહેવા માટે પોતાની કવિત્વમય રીતે કહે છે કે :

साकं सुधापाकमभुक्त नाक–
नितंबिनीनामधरामृतेन ।। ९

(સ્વર્ગસુંદરીઓના અધરામૃત સાથે અમૃતપાકનું ભોજન કરતો.) ને ત્રિપુરાંતકની પ્રશસ્તિ કરતાં કવિ કહે છે :

अस्ति श्रीत्रिपुरांतकोऽपि विबुधश्रेणीकिरीटोपल–
च्छायापल्लवलालितांह्रिकमलः कासां गिरामध्वनि ।
यस्योद्दामचरित्रवैभवनिधेरेषा कियंतं गुण-
ग्रामं धारयतु स्वकुक्षिकुहरक्रोडे वराकी श्रुतिः ।। ३६

(વિબુધો એનાં ચરણકમલ સેવે છે ને બિચારી શ્રુતિ એના ગુણસમૂહને ધારણ કરતાં થાકી જાય છે.)

એના ઉજજ્વલ ગુણો તો દિક્પાલિકાઓની આભૂષણતા પામ્યા હતા (શ્લોક ૩૯), વિશેષ શુચિતાની પ્રાપ્તિ માટે સંતો હમેશાં એના ગુણોને પોતાનાં ચિત્તોમાં ધારણ કરે છે (શ્લોક ૭૩).

સલ્તનત કાલમાં કેટલીક પ્રશસ્તિઓ રચાઈ છે, પરંતુ એમાં કવિત્વની ચમત્કૃતિ કવચિત જ નજરે પડે છે. ધામળેજ(જિ. જૂનાગઢ)ની વિષ્ણુગયા કુંડને લગતી પ્રશસ્તિ[૨૭] વાસુદેવ નામે નાગર કવિએ સં. ૧૪૩૭ માં ૧૧ શ્લોકોમાં રચી છે. એ કવિ શ્રુતિ તથા સ્મૃતિનો ઉપાસક હતો. મંગલાચરણના શ્લોકમાં એણે શબ્દાલંકારની ચમત્કૃતિ પ્રયોજી છે :

पातु यातुकुलारातिर्विश्वं विश्वंभरो हरिः ।
जनान् पुनातु तत्तीर्थं जिष्णुविष्णुगयाख्यया ।।१



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પરંતુ પછીના શ્લોકોમાં વંશાવલી અને ઘટનાની જે રજૂઆત છે તેમાં કવિત્વની કોઈ પ્રતિભા ભાગ્યે જ નજરે પડે છે.

મહુવાની સુદા વાવને લગતી પ્રશસ્તિ[28] પંડિત વિશ્વેશ્વરે સં. ૧૪૩૭ માં ૨૬ શ્લોકોમાં લખી છે. એમાં પણ વંશાવલી તથા પૂર્તકાર્યની સીધીસાદી રજૂઆત છે. છતાં એમાં નીચેનો શ્લોક શબ્દાલંકારોના પ્રયોગ માટે નોંધપાત્ર ગણાય :

इह महति निपाने सर्वपुण्यप्रधाने
मधुरजलनिधाने कुर्वतः स्नानदाने ।
वसतु गरुडगामी स श्रिया सेव्यमानो
हृदयदयितकामान्पूरयन्पूर्तकर्त्तुः ।। २५

(આ મહાન જળાશયમાં સ્નાન તથા દાન કરનાર પૂર્તકર્તાનાં હૃદયનાં ઇપ્સિતોને ભગવાન વિષ્ણુ પૂર્ણ કરો.) વળી એમાં સૂરાદિત્ય ગાંધર્વવેદ (સંગીતશાસ્ત્ર), નાટયશાસ્ત્ર અને અશ્વવિદ્યામાં નિષ્ણાત હોવાનો ઉલ્લેખ (શ્લોક ૯) નોંધપાત્ર છે.

બડુલા(જિ. જૂનાગઢ)ની વાવનો પદ્યબદ્ધ શિલાલેખ(સં. ૧૪૪૦)[29] ટૂંકો અને સાદો છે, પરંતુ એમાં એ વાવ બંધાવનાર હાંસૂ અને જાંસૂનો જે વૃત્તાંત આપ્યો છે તે લલિત કલાઓની ઉપાસનાના ઉલ્લેખની દષ્ટિએ મહત્ત્વનો છે. આ બહેનો સોમ નામે નાગરના કુટુંબમાં જન્મી હતી ને તેઓ ગીત તથા વાદ્યમાં અભિરુચિ ધરાવતી તેમ જ નર્તન-કલામાં દક્ષ હતી. આ લેખની પ્રશસ્તિ રચનાર અજ્ઞાતનામા કવિ કલ્પના કરે છે કે રંભા અને મેનકા સોમનાથની સેવા કરવા સ્વર્ગલોકથી પૃથ્વી પર આવી વસી છે (શ્લોક ૪). ધોળકાની વાવના તથા અડાલજની વાવના પદ્યબદ્ધ શિલાલેખોમાં[30] રચયિતા કવિનાં નામ આપવામાં આવ્યાં નથી. ધોળકાની વાવના લેખ(સં. ૧૪૬૬)માં કવિ કલ્પના કરે છે કે આ અમૃતનો કુંડ પાતાલમાંથી પ્રગટ થયો છે કે પુણ્યના પ્રતાપે ગંગાનો સ્રોત અહીં એકાએક પ્રગટ થયો છે? (શ્લોક – ૧૪)

અડાલજની વાવના લેખ(સં. ૧૫૫૫)માંય આવી કલ્પના નજરે પડે છે. 'આ દિવ્ય માનસ સરોવર છે? કે સ્વર્ગગંગા છે? કે કૈલાસ છે? દેવાંગનાઓથી અધિષ્ઠિત વાતાયનો વડે એ સ્વર્ગ કે દેવલોક હોવાનો ભ્રમ થાય છે' (શ્લોક ૧૧-૧૨).

ખંભાતની વડવા વાવના નિર્માણને લગતી બે પ્રશસ્તિઓ છે તે પૈકીની બીજી પ્રશસ્તિ[31] હલ નામે નાગર બ્રાહ્મણે સં. ૧૫૩૯ માં ૧૯ શ્લોકોમાં રચી છે. નડિયાદની અમદાવાદી ભાગોળની વાવને લગતી પ્રશસ્તિ[32] ઉદીચ્ય જ્ઞાતિના રામચન્દ્રે સં. ૧૫૭૨ માં ૨૧ શ્લોકોમાં રચી છે. આ પ્રશસ્તિઓમાં સામાન્યત: વંશાવળી તથા પૂર્તકાર્યની સાદીસીધી રજૂઆત જ નજરે પડે છે.

સોમનાથ પાટણની સં. ૧૪૪૨ ની પ્રશસ્તિ[33] માત્ર ૧૨ શ્લોકોની છે, પરંતુ એમાં અજ્ઞાતનામા કવિનું કવિત્વ તરી આવે છે. વાવ વગેરે બંધાવનાર રાણી યમુના જે રાજા ભીમની પુત્રી હતી તેની પ્રશસ્તિમાં કવિ કહે છે :



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

नाम्ना भवेद्या यमुना न निम्नगा
राज्ञी भवेन्नो यमगर्भधारिणी ।
भैमी भवेद्या न रुचिः स्वयंवरे
मदालसा या न भवेन्मदालसा ।। ८

[એ નામથી યમુના છે પણ નિમ્નગા (નદી) નથી, રાજ્ઞી છે પણ યમની માતા નથી, ભૈમી છે પણ સ્વયંવરની રુચિ ધરાવતી નથી ને મદાલસા છે પણ મદ અને આળસવાળી નથી.] અહીં શ્લેષ દ્વારા અલંકાર પ્રયોજી વિરોધ તથા વ્યતિરેકનાં તત્ત્વોનું સંયોજન સાધવામાં આવ્યું છે. ને પછી

शीलेन गंगा भवतीति शुद्धा
या नामधेयाद्यमुना प्रसिद्धा ।
सरस्वती तद्वदनान्न याति
प्रयाग एषोऽभिनवो विभाति ।। ९

(શીલમાં એ શુદ્ધ ગંગા છે, નામથી એ યમુના તરીકે ઓળખાય છે ને સરસ્વતી સદા એના મુખમાં વસે છે. આમ એ અભિનવ પ્રયાગ લાગે છે.)

આમ સોમનાથ પાટણના સંદર્ભમાં કવિએ એ સન્નારીમાં ત્રિવેણી સંગમ દર્શાવ્યો છે.

માણસાની વાવના શિલાલેખ(સં. ૧૫૮૨)નો[૩૪] ઘણો ભાગ પદ્યમાં છે, પરંતુ એમાં વાવ બંધાવનાર ધારાજીના પૂર્વજોની વંશાવળીની સીધીસાદી રજૂઆત છે. છતાં ધારાજીની બાબતમાં કવિનો કલ્પના-વિહાર નોંધપાત્ર છે:

ऊचे कल्पतरुः सरोरुहभुवं कस्माद्विभो मां तरुं
स्रष्टा वेद्मि न गौरवं गुणवतां कामप्रदो[ऽ]प्यर्थिनां ।
श्रुत्वैवं कमलासनो हि विदुषां सर्वोपकारक्षमं
श्रीधारेंद्रमुदारसिंहमसृजत् सर्वज्ञतायाः पदं ।। ९

(પૂછે પાદપ કલ્પ પદ્મભવને : 'સર્જો મને કાં તરુ?
જાણું ગૌરવ ના ગુણીજન તણું, ઇષ્ટાર્થ દેવા છતાં.'
એવી વાત સૂણી કર્યું કમલજે ધારેન્દ્રનું સર્જન :
વિદ્વાનો પ્રતિ એ ઉદાર અતિશે, સર્વજ્ઞતાનું પદ. ૯)

ઊનાના સરોવરને લગતી, નાગર કવિ સોમનાથે સં. ૧૫૮૨ માં ૧૫ શ્લોકોમાં રચેલી પ્રશસ્તિમાં[૩૫] મંગલાચરણના શ્લોકમાં અનુપ્રાસ અલંકારની ઝલક જોવા મળે છે :

कल्याणं कमलासनः सृजतु वः क्लेशव्ययं केशवो
गौरीशः खलु गौरवं गणपतिर्निःशेषविघ्नक्षयं ।
सर्वारातिविनाशमाशु ककुभामीशाः सुरेशादयः
कुर्वंतु ध्रुवमाधिपत्यमधिकं सूर्यादयः खेचराः ।। १



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શત્રુંજયના સપ્તમ ઉદ્ધારને લગતી પ્રશસ્તિ[36] પં. લાવણ્યસમયે સં. ૧૫૮૭ માં ૪૪ શ્લોકોમાં રચી છે. એમાં કાવ્યતત્ત્વની ચમત્કૃતિ ઠેકઠેકાણે જોવા મળે છે, જેમ કે મેદપાટ(મેવાડ)માં આવેલા ચિત્રકૂટ(ચિતોડ)નું વર્ણન (શ્લોક ૨–૩), અને કર્મરાજે કરેલા બિંબપ્રતિષ્ઠાપનનું (શ્લોક–૩૦).

चंचच्चंगमृदंगरंगरचना भेरीनफेरीरवा
वीणावंशविशुद्धनालविभवाः सार्धमिवात्सल्यकम् ।
वस्त्रालंकृतिहेमतुंगतुरगादीनां च सद्घर्षण-
मेवं विस्तरपूर्वकं गिरिवरे बिंबप्रतिष्ठापनम् ।। ३०

આ નિરૂપણમાં ચિત્રકાવ્યની ચમત્કૃતિ ઉપરાંત વિવિધ વાદ્યોના જે નિર્દેશ છે તે પણ નોંધપાત્ર છે.

કર્મસિંહની પ્રશસ્તિનો આ શ્લોક પણ નોંધપાત્ર છે :

सौम्यत्वेन निशामणिर्दिनमणिस्तीव्रप्रतापेन च
वंशोद्दीपनकारणात् गृहमणिर्श्चितामणिर्दानतः ।
धर्मात् श्राद्धशिरोमणिर्मदविषध्वंसान्मणिर्भोगिनः
एकोऽनेकमयो गुणैर्नवनवैः श्रीकर्मराजः सुधीः । ४१

(સૌમ્યત્વ, પ્રતાપ, વંશોદ્દીપન, દાન, ધર્મ અને મદધ્વંસમાં જુદા જુદા પ્રકારના મણિરૂપ એ અનેક નવા નવા ગુણો વડે એક છતાં અનેકમય લાગતો હતો.)

ખોરાસા(જિ. જૂનાગઢ)ના સૂર્યમંદિરના જીર્ણોદ્ધારને લગતી પ્રશસ્તિ[37] ત્રવાડી વાચ્છા નામે કવિએ સં. ૧૪૪૫ માં ૨૧ શ્લોકોમાં રચી છે. એમાં મંગલાચરણમાં સૂર્યની સ્તુતિ છે :

तापत्रयं त्रिभुवनस्य तनूकरोतु
तेजस्ततिस्तरणिजा तिमिरं तुदंती ।
या पूर्वपर्वतशिरः पुनती प्रबोधं
पंकेरुहेषु च सतां हृदयेषु दत्ते ।। १

સ્તુતિનો વિષય બને છે तरणिजा तेजस्ततिः ને મંદિરના જીર્ણોદ્ધાર વિશે કવિ કહે છે :

दृष्ट्वा तत्र पुरा पुराणपठितं पाथोजपाणेः प्रियं
प्रासादं निजपूर्वपूरुषपरप्रीत्यै स्वपुण्याय च ।
कालांते पतितं कृतार्थितमतिर्लक्ष्मीव्ययैर्नूतनं
तत्कालाद्रचयांचकार नियतं तं मल्लदेवाभिधः ।। १९

આમ પાથોજપાણિના પતિત પ્રાસાદને એણે નૂતન કરાવ્યો. અનુપ્રાસ અલંકારના પ્રયોગમાં આ કવિના શબ્દભંડોળની સમૃદ્ધિ અનોખી તરી આવે છે.

હાથસણીની ઠેપા વાવને લગતી પ્રશસ્તિ[38] (સં. ૧૩૮૬) રચનારે એમાં પોતાનું નામ જણાવ્યું નથી, પરંતુ એના મંગલાચરણના શ્લોકમાં કવિની પ્રાસાદિક શૈલી નોંધપાત્ર છે :

विरंचिवदनावासा देवी जयतु भारती ।
यस्याः प्रसादमासाद्य मूढोऽपि विबुधायते ।। १



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ધંધુસરની વાવના શિલાલેખ(સં. ૧૪૪૫)માં[૩૯] મંગલાચરણમાં ઓજસ અને પ્રસાદનું સંયોજન જોવા મળે છે :

क्वनक्वनककं कणक्वणितभृंगझंकारितं
विचंद्रकमलालया करतलेन संवाहितं।
रसालसदृशो भृशं स्वपदपद्य सत्पश्यतो
जयाय जलशायिनः शयनतः प्रबोधोदयः ।। १

(અહીં જલશાયી વિષ્ણુ ભગવાનનો પ્રબોધ જય પામે છે.) આ પ્રશસ્તિના કર્તા ત્રવાડી શ્રીરામ છે.

નાગર કવિ શ્યામલે ૯ શ્લોકોમાં સં. ૧૪૭૩ માં રચેલી પ્રશસ્તિને[૪૦] જૂનાગઢના રેવતી કુંડ પાસે લગાવેલી છે, તેમાં સેનાપતિ દામોદરે મઠ કરાવ્યાનું જણાવ્યું છે. એના મંગલા-ચરણમાં દામોદરની ભાવવાહી સ્તુતિ કરવામાં આવી છે :

योगींद्रैर्मुनिपुंगवैरनिमिषैर्यो भक्तिवश्यः परं
न ध्यानेन न चेज्यया न तपसा धर्त्तुं हृदाप्याप्यते।
गोप्यासौ नवनीततस्करपरो बद्धो गवां दामभिः
स्थाणुत्वं निरमोचयद्द्रुवरयोर्दामोदरो[ऽ]व्याज्जगत् ।। १

શ્રીકૃષ્ણની બાળલીલાનું કેવું હૃદયંગમ નિરૂપણ!

રાજા ખેંગારને શ્લોક ૩ માં नादवेदमुद्धर्त्ता, द्वीपनवद्वयहर्त्ता અને सोमेशस्थापनाकर्त्ता કહ્યો છે. તેમાં અનુપ્રાસની ચમત્કૃતિ છે. ઉપરાંત એ રાજા સંગીતશાસ્ત્રનો સમુદ્ધારક હોવાનો નિર્દેશ પણ નોંધપાત્ર છે.

મહુવાની વિ. સં. ૧૫૦૦ ની પ્રશસ્તિમાં[૪૧] 'ભારત'માંથી તથા 'ધર્મારણ્યપુરાણ'માંથી કેટલાક શ્લોક ઉતાર્યા છે.

કુંભેશ્વરની પ્રશસ્તિનો[૪૨] પાઠ બરાબર વંચાયો નથી. એમાં અંતે એ પ્રશસ્તિને शब्दार्थ-रसालंकारभासुरा કહી છે. એ નાગર ગોવિંદના પુત્રે સં. ૧૪૬૩ માં ૩૧ શ્લોકોમાં રચી છે. એવું ગુણેટા પ્રશસ્તિનું[૪૩] છે, જે સાંર્ગધર નામે નાગર કવિએ સં. ૧૪૭૪ માં ૨૫ શ્લોકોમાં રચી છે.

કંકાસાની વાવને લગતી પ્રશસ્તિ[૪૪] સોમનાથ પાટણના સોમપુરા જ્ઞાતિના યાજ્ઞિક કટુઆકે સં. ૧૪૫૬ માં ૨૭ શ્લોકોમાં રચી છે, આથી એ વાપીના નિર્માતા શિલ્પીનો સાદર નિર્દેશ કરતાં કહે છે :

सविज्ञानेन कान्हेन वास्तुशास्त्रविदा मुदा।
अमिता निर्मिता कांता वापी तापीव पावना ।। २७

અહીં વાસ્તુશાસ્ત્રના નિર્દેશ ઉપરાંત અનુપ્રાસ, ઉપમા તથા પ્રસાદ અને માધુર્ય પણ નોંધપાત્ર છે.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મૂળ–માધવપુરની પ્રશસ્તિ અપૂર્ણ રહી ગઈ હોઈ એના રચયિતાનું નામ જાણવા મળતું નથી. પરંતુ એમાં માધવની સ્તુતિને લગતા ત્રણ શ્લોકો પૈકી શ્લોક નં. ૨ અને ૩ કાવ્યમય છે. ને માધવપુરનું નિરૂપણ પણ કવિની પ્રતિભાની પ્રતીતિ કરાવે છે:

डिंडीरपिंडपरिपांडुरपुष्पगुच्छैः
स्वच्छैर्महोर्म्मिनिकरैः स्वकरैः प्रपूज्य ।
रत्नाकरोऽपि नगरीं घनघोषणेन
नौतीव नित्यमिह माधवराजधानीं ।।५

રત્નાકર માધવની આ નગરીને કેવી રીતે પૂજે છે ને કેવી રીતે સ્તવે છે!

ભોજ(તા. પાદરા)ની વાવની પ્રશસ્તિ (સં. ૧૫૫૪)[૪૫] ગદ્યપદ્યમાં રચનારે વાવ બાંધનાર સૂત્રધારો(શિલ્પીઓ)નાં નામ આપ્યાં છે પરંતુ પોતાનું નામ દર્શાવ્યું નથી. એની રચના એકંદરે કવિત્વના ગુણથી યુક્ત છે. વાવ બંધાવનાર કાજરાજની પ્રશસ્તિ કરતાં કવિ કહે છે: 'ગગનાં–ગણમાં તારાઓ ગણી શકાય, આકાશગંગાના ઉત્સંગે રહેલા રેતીકણો ગણી શકાય ને વિષ્ણુનાં નામો કહી શકાય, તો કાજરાજના ગુણોથી પ્રસન્ન થયેલા યાચકો જાણી શકાય'(શ્લોક ૪).

આમ સલ્તનત કાલના અભિલેખોમાં અનેક કવિઓની રચનાઓ મળે છે.

હવે મુઘલ કાલના અભિલેખોની સમીક્ષા કરીએ.

માનખેતરાના શિલાલેખ(સં. ૧૬૩૯)માં[૪૬] ગણપતિની સ્તુતિનો અનોખો શ્લોક જોવા મળે છે:

नौमीडचते भवपुषे तडिदंबराय
गुंजावतंसपरिपिच्छलसन्मुखाय ।
वन्यस्त्रजेकबलवेत्र विषाणवेणु-
लक्ष्मश्रिये मृदुपदे पशुपांगजाय ।।

અહીં પશુપ(પશુપતિ)ના અંગજ તરીકે શ્રી ગણેશનું વિલક્ષણ વર્ણન કર્યું છે.

ખંભાતમાં વજિઆ–રાજિઆએ બંધાવેલા દેરાસરની પ્રશસ્તિ[૪૭] કમલવિજયના શિષ્ય હેમ-વિજયે સં. ૧૬૪૪ માં ૬૨ શ્લોકોમાં રચી છે. આ કવિએ વિજયસેનસૂરિ સંબંધી 'कीर्तिकल्लोलिनी' નામે પ્રશસ્તિ-કાવ્ય અને 'विजयप्रशस्ति' નામે મહાકાવ્ય રચ્યું છે. पार्श्वनाथचरित्र, कस्तूरीप्रकर, ऋषभशतक અને कथारत्नाकर જેવી અન્ય કૃતિઓ પણ રચી છે. આ પ્રશસ્તિ ૬૨ શ્લોકોમાં રચી છે. પ્રશસ્તિ ચિંતામણિ પાર્શ્વનાથ ચૈત્યને લગતી હોઈ પહેલો શ્લોક તે પાર્શ્વનાથને લગતો છે: प्रार्श्वः प्रीतिपयोजिनीदिनमणिश्चिन्तामणिः पातु वः । શ્લોક ૮-૧૩ માં હીરવિજયસૂરિનાં પુણ્ય અવદાતોનું અને શ્લોક ૧૪-૨૨ માં વિજયસેનસૂરિના ગુણવિશેષોનું રુચિર વર્ણન કર્યું છે. શ્લોક ૨૩–૩૮ માં વજિઆ–રાજિઆની અને શ્લોક ૩૯–૫૯ માં ચૈત્યની પ્રશસ્તિ કરી છે. અંતે પ્રશસ્તિનું નામ આપ્યું છે श्रीचिन्तामणिपार्श्वजिनपुङ्गवप्रासादप्रशस्तिः ।



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કાવીમાં બે દેરાસર છે, તેમાંનું એક 'સાસુનું દેરાસર' અને બીજું 'વહુનું દેરાસર' નામે ઓળખાય છે ને એ બે દેરાસર અનુક્રમે સાસુ હીરાબાઈ અને વહુ વીરાબાઈએ બંધાવેલાં મનાય છે. હીરાબાઈ વાડુઆની પત્ની હતી ને વીરબાઈ એના પુત્ર કુંવરજીની, પરંતુ એ દેરાસરોના શિલાલેખોથી આ લોકમાન્યતાને સમર્થન મળતું નથી. જેને હાલ 'સાસુનું દેરાસર' કહે છે તે સર્વજિત્-પ્રાસાદ છે, જે બડુઆએ બંધાવ્યો હતો. એની પ્રશસ્તિ[૪૮] ૩૨ શ્લોકોમાં કોઈ અજ્ઞાતનામા કવિએ સં. ૧૬૪૯ માં રચી છે. એમાં વિજયસેનસૂરિ તર્ક વ્યાકરણ આદિ શાસ્ત્રોના ગાઢ અભ્યાસને લીધે 'કૂર્ચાલ – સરસ્વતી' તરીકે ઓળખાતા હોવાનો ઉલ્લેખ નોંધપાત્ર છે. ચૈત્ય બંધાવનાર બડુઆ વિશે કવિ કહે છે :

स धर्मसाधर्मिकपोषणेन मुमुक्षुवर्गस्य च तोषणेन।
दीनादिदानैः स्वजनादिमानैः स्वसंपदस्ताः सफलीकरोति ।। २५

[હીરવિજયસૂરિના ઉપદેશથી જૈન ધર્મ અંગીકાર કરેલ એ નાગર વણિક સાધર્મિકો(ધર્મબંધુઓ)ના પોષણથી, મુમુક્ષુવર્ગના તોષણથી, દીનાદિને દેવાતાં દાનોથી ને સ્વજનાદિને દેવાતાં માનોથી સ્વસંપત્તિને સફલ કરતો રહ્યો.]

જેને હાલ 'વહુનું દેરાસર' કહે છે તે 'રત્નતિલક-પ્રાસાદ' છે, જે કુંવરજીએ બંધાવ્યો હતો. તેનો[૪૯] લેખ (સં. ૧૬૫૪) નાનો અને સાદો છે.

શત્રુંજય પર્વત પર ખંભાતના તેજપાલ સોનીએ સં. ૧૬૫૦ માં આદીશ્વરના મૂળ પ્રાસાદનું નવનિર્માણ કરાવ્યું તેને લગતી પ્રશસ્તિ[૫૦] કમલવિજયના શિષ્ય હેમવિજયે સં. ૧૬૫૦ માં રચી છે. ૬૮ શ્લોકોમાં રચેલી અને ૮૭ પંક્તિઓમાં કોતરેલી આ પ્રશસ્તિ શત્રુંજય પરના વિદ્યમાન શિલાલેખોમાં સહુથી લાંબી છે. એનો આરંભ આદિદેવની સ્તુતિથી થાય છે :

श्रेयस्वी प्रथमः प्रभुः प्रथिमभाग् नैपुण्यपुण्यात्मना-
मस्तु स्वस्तिकरः सुखाब्धिमकरः श्रीआदिदेवः स वः।
पद्मोल्लासकरः करैरिव रविर्व्योम्नि क्रमांभोरुह-
न्यासैर्यस्तिलकीबभूव भगवान् शत्रुंजयेऽनेकशः ।।

(આદિદેવ શત્રુંજય પર પોતાનાં ચરણકમલ મૂકી એના તિલકરૂપ થયા.) અન્ય લેખોની જેમ આમાં પણ પછી મહાવીર સ્વામી અને સુધર્મા ગણધરની શિવપરંપરામાં હીરવિજયસૂરિ તથા વિજયસેનસૂરિનાં વિખ્યાત સુકૃત નિરૂપ્યાં છે. દા. ત. વિજયસેનસૂરિ વિશે કહે છે :

अस्वप्नाश्चक्रिरे येन जीवंतोऽपि हि वादिनः।

(વાદ કરનારાઓની એમણે જીવતાંય નિદ્રા હરી લીધી.) ને

श्रीमत्साहिअकब्बरस्य सदसि प्रोत्सर्प्पिभिर्भूरिभि-
र्वादैर्वादिवरान् विजित्य समदान्सिंहैर्द्विपेन्द्रानिव।
सर्वज्ञाशयतुष्टिहेतुरनघो दिश्युत्तरस्यां स्फुरन्
यैः कैलास इवोज्ज्वलो निजयशःस्तंभो निचख्ने महान् ।। ३०



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(અકબરશાહની સભામાં, જેમ સિંહ ગજેન્દ્રોને જીતે તેમ, મહાન વાદીઓને વાદમાં જીતીને એમણે કૈલાસ જેવો ઉજ્જ્વલ પોતાનો યશઃસ્તંભ રોપ્યો.) તેજપાલને તેજલદે નામે પત્ની હતી, તે અંગે કવિ ત્રણ ત્રણ ઉપમા પ્રયોજે છે :

कामस्येव रतिर्हरेरिव रमा गौरीव गौरीपतेः।३७

શ્લોક ૪૭-૫૮ માં ચૈત્યના સ્થાપત્ય-સ્વરૂપનું વિગતે વર્ણન કર્યું છે. આ ચૈત્યના નવનિર્માણ માટે તેજપાલે જે અઢળક દ્રવ્ય ખરચ્યું તે જોઈ લોકો તેને કલ્પદ્રુમ કહેતા (શ્લોક ૬૧). તેજપાલે કરાવેલું ચૈત્ય જોઈ લોકો કેવો આનંદ પામે છે તે વિશે કવિ ઉપરાઉપરી ત્રણ ઉપમા આપે છે :

मार्तण्डमंडलमिवांबुरुहां समूहः
पीयूषरश्मिमिव नीरनिधेः प्रवाहः ।
केकिव्रजः सलिलवाहमिवातितुंगं
चैत्यं निरीक्ष्य मुदमेति जनः समस्त : ।। ६३

પ્રશસ્તિના અંતે પોતાનો પરિચય આપતાં કવિ પોતાની આ પ્રશસ્તિને સ્ત્રીની ઉપમા આપી શ્લેષ દ્વારા अलंकारैराढ्या કહે છે (શ્લોક ૬૭).

મોટી ખાખર(કચ્છ)ના દેરાસરની, વિદ્યાહર્ષગણિએ સં. ૧૬૫૯ માં મુખ્યત્વે ગદ્યમાં રચેલી પ્રશસ્તિમાં[૫૧], પ્રતિષ્ઠા કરનાર ગુરુ વિવેકહર્ષગણિના ગુણોમાં વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, નાટક, સંગીત, જ્યોતિષ, છંદ, અલંકાર, તર્ક, શૈવદર્શન, જૈનદર્શન, મીમાંસા, સ્મૃતિ, પુરાણ, વેદ, ૬ લાખ ૩૬ હજાર શ્લોકપ્રમાણ જૈનાગમાદિ, ગણિત, યાવનીય આદિ ષડ્દર્શનો, બ્રાહ્મી યાવનીયા આદિ લિપિઓ, શૃંગારાદિ રસ ને ચિત્રાદિ અલંકારોથી અલંકૃત નવ્ય કાવ્ય, ૩૬ રાગિણી, રાસ, પ્રબંધ, મહાપુરુષચરિત્ર, પ્રમાણસૂત્રવૃત્તિ, સમસ્યાપૂરણ, ગ્રંથરચના, સેંકડો શ્લોકોની રચના, અષ્ટાવધાન, શતાવધાન ઈત્યાદિ અનેક વિવિધ વિદ્યા-કલાઓના નિર્દેશ આવે છે એ ખાસ ઉલ્લેખનીય છે. લેખ મુખ્યત્વે ગદ્યમાં છે. અપવાદરૂપે વચ્ચે ત્રણ શ્લોક આપેલા છે.

શત્રુંજયના સં. ૧૬૭૫ ના શિલાલેખોમાં[૫૧અ] આરંભમાં ચૌમુખી પ્રતિમાઓની બેઠક પર એ મંદિર અને મૂર્તિઓ કરાવનાર સં. રૂપજી તથા તેમના કુટુંબીજનોનાં નામ આપ્યાં છે ને પછી પ્રતિષ્ઠા કરનાર આચાર્ય જિનરાજસૂરિ સુધીના આચાર્યોની પટ્ટાવલી આપી છે. એમાં આચાર્યોની કારકિર્દી દીર્ઘસમાસયુક્ત વિશેષણોમાં નિરૂપવામાં આવી છે. એમાં શબ્દપ્રચુર ઉચ્ચ ગદ્યશૈલી પ્રયોજાઈ છે, જેમ કે :

मंत्रिमुख्यकर्मचंद्रकारितश्रीअकबरसाहिसमक्षसपादशतलक्षवित्तव्ययरूपनंदिपदमहोत्सवविस्तार-विहितकठिनकाश्मीरादिदेशविहारमधुरतरातिशायिस्ववचनचातुरीरंजितानेकहिंदूकतुरुष्काधिपतिश्री-अकब्बरसाहिश्रीकारश्रीपुरगोलकुंडागज्जणाप्रमुखदेशामारिप्रवर्त्तावकवर्षावधिजलधिजलजंतुजातघात-निवर्त्तावकसुरताणनूरदीजहांगीरसाहिप्रदत्तयुगप्रधानपदधारकसकलविद्याप्रधानयुगप्रधानश्रीजिनसिंह-सूरि



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શત્રુંજય પર પદ્મસિંહે સં. ૧૬૭૫ માં કરાવેલા ચૈત્યની પ્રશસ્તિ[૫૨] દેવસાગરે ૩૦ શ્લોકોમાં તથા ગદ્યમાં રચી છે. મંગલાચરણના શ્લોકમાં શ્લેષ દ્વારા વિરોધ અલંકાર પ્રયોજાયો છે :

स्वस्ति श्रीवत्सभर्त्तापि न विष्णुश्चतुराननः।
न ब्रह्मा यो वृषांको[ऽ]पि न रुद्रः स जिनः श्रिये।।

[આ જિન (ઋષભદેવ) શ્રીવત્સધારી હોવા છતાં વિષ્ણુ નથી, ચતુરાનન હોવા છતાં બ્રહ્મા નથી ને વૃષાંક હોવા છતાં રુદ્ર નથી.]

મૂળીના શિલાલેખ(સં. ૧૬૮૫)માં [૫૨અ] કોઈ અજ્ઞાતનામા કવિએ સ્રગ્ધરા છંદમાં રામનામનો કેવો સરસ મહિમા ગાયો છે :

कल्याणानां निधानं कलिमलमथनं पावनं पावनानां
पाथेयं यन्मुमुक्षोः सपदि परपदप्राप्तये प्रस्थितस्य।
विश्रामस्थानमेकं कविवरवचसां योगिनां ध्यानगम्यं
बीजं धर्मद्रुमस्य प्रभवतु भवतां भूतये रामनाम।। ३

વર્ધમાન અને પદ્મસિંહે પોતાના વતન જામનગરમાં સં. ૧૬૯૭ માં બંધાવેલ શાંતિનાથ ચૈત્યની પ્રશસ્તિ[૫૩] ઉપાધ્યાય વિજયસાગરગણિના શિષ્ય સૌભાગ્યસાગરે રચી છે. મંગલાચરણમાં પાર્શ્વ-નાથની રુચિર સ્તુતિ કરી છે.

શત્રુંજય પરની સં. ૧૬૮૩ ની પ્રશસ્તિ[૫૪] વાચક દેવસાગરગણિની કૃતિ છે. એના પહેલાં પાંચ શ્લોકોમાં જુદા જુદા તીર્થંકરોની સ્તુતિ છે. એમાંના પ્રથમ શ્લોકમાં આદિનાથને માટે શિવવાચક વિશેષણ પ્રયોજ્યાં છે :

स्वस्तिश्रीः शिवशंकरोऽपि गणवान् सर्व्वज्ञशत्रुंजयः
शर्व्वः शंभुरधीश्वरश्च भगवान् गौरो वृषांको मृडः।
गंगोमापतिरस्तकामविकृतिः सिद्धैः कृतातिस्तुती
रुद्रो यो न परं श्रिये स जिनपः श्रीनाभिभूरस्तु मे।।

પાંચમા શ્લોકમાં મહાવીર સ્વામીની સ્તુતિ આ રીતે કરી છે :

यस्य श्रीवरशासनं क्षितितले मार्तंडबिंबायते
यद्वाक्यं भवसिन्धुतारणविधौ पोतायते देहिनाम्।
यद्ध्यानं भविपापपंकदलने गंगांबुधारायते
श्रीसिद्धार्थनरेंद्रनंदनजिनः सोऽस्तु श्रिये सर्व्वदा।।

પછીના આઠ શ્લોકોમાં અંચલગચ્છની પટ્ટાવલી આપી છે. પછીના સાદા ગદ્યમાં જિનમંદિરના જીર્ણોદ્ધારનો વૃત્તાંત નિરૂપ્યો છે.

આમ મુઘલ કાલ દરમ્યાન પણ કેટલીક પ્રશસ્તિઓમાં કંઈક કાવ્યતત્ત્વ જોવામાં આવે છે.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સાઠ વર્ષના ટૂંકા મરાઠા કાલ દરમ્યાન અભિલેખોમાં એવી થોડીક જ પ્રશસ્તિઓ રચાઈ છે.

રાધનપુરના શાંતિનાથ દેરાસરમાંની પ્રશસ્તિ(સં. ૧૮૩૮)માં[૫૫] મંગલાચરણના બે શ્લોકોમાં શાંતિનાથની સ્તવના કરવામાં આવી છે. પછી તપાગચ્છનો પરિચય આપી તે ગચ્છમાં થયેલા હીરવિજયસૂરિની પ્રશસ્તિ કરી છે :

तत्रोद्भूतसमस्तवस्तुनिकरव्यापारसत्तां मुदा
द्वैताद्वैतविनोदगोचरगतां यः प्रोचिवान् वादिनां ।
वादे श्रीमदकब्बरोत्तममहीपालस्य सत्संसदि
स श्रीमानभिजातहीरविजयसूरीशसैन्याग्रणीः ।। ४

પછી વિજયસેનસૂરિથી માંડીને પુણ્યસાગરસૂરિ સુધીના સૂરિઓની પ્રશસ્તિ કરી છે (શ્લોક ૫–૧૩). એ પછી મંદિર બનાવનાર શ્રીમાલી ગૃહસ્થના વંશનું તથા કુટુંબનું વર્ણન કર્યું છે. આ પ્રાસાદનું નિર્માણ પુણ્યસાગરસૂરિની પ્રેરણાથી થયું હતું ને પ્રતિમાઓની પ્રતિષ્ઠા પણ તેમણે કરી હતી. આ પ્રસંગે પ્રતિષ્ઠા-ગ્રંથોનો પરિચય ધરાવતા વિદ્વાન સૂરિઓને નિમંત્ર્યા હતા :

सुविज्ञप्ताः सत्त्वैः शुचिबहुप्रतिष्ठार्थकथकैः
प्रतिष्ठाया ग्रंथैः कृतपरिचयाः सूरिपतयः ।
मुनीनां सद्ज्ञानश्रवणरसिकानां प्रियतमाः
समाजे लेखानां भवति खलु येषां गुणकथाः ।। ३४

અહીં भवति ક્રિયાપદ એકવચનમાં હોઈ કર્તા प्रियतमाः गुणकथाः ખરી રીતે એકવચનમાં જોઈએ. આ પ્રશસ્તિ પુણ્યસાગરસૂરિના શિષ્ય અમૃતસાગરે ૪૦ શ્લોકોમાં રચી છે.

જૂના રાજપીપળાના લાલદરવાજાના શિલાલેખ(સં. ૧૮૩૯)માં[૫૬] પહેલાં સંસ્કૃતમાં ગદ્યમાં, પછી વ્રજભાષામાં પદ્યમાં અને અંતે ગુજરાતી ગદ્યમાં પ્રાકાર-નિર્માણનો વૃત્તાંત આપ્યો છે, તેમાં રાજકુલની તેમ જ રાજાની પ્રશસ્તિમાં દીર્ઘસમાસયુક્ત વિશેષણ પ્રયોજાયાં છે. ત્યાંના નીલકંઠ મંદિરના તથા રાજકંઠ મંદિરના શિલાલેખ (સં. ૧૮૩૯, ૧૮૫૧)[૫૭] વિઘ્નહર્તા ગણેશની સ્તુતિથી શરૂ થાય છે. બંનેનો પૂર્વ ભાગ સાદા સંસ્કૃત પદ્યમાં છે. પહેલા લેખનો ઉત્તર ભાગ સાદા ગુજરાતી ગદ્યમાં છે, જ્યારે બીજા લેખનો ઉત્તર ભાગ વ્રજભાષામાં પદ્યમાં છે. આ કવિત દયારામ અને ગોવિંદે રચેલ છે :

दयाराम गोविंद मली रचनार अति शोर।
बेने साहाये थजो दया करो मोरार।। १०

ઝાલાવાડમાં તરણેતર અને જડેશ્વરનાં દેવાલય મરાઠા કાલમાં બંધાયાં છે. તરણેતરના મંદિરના શિલાલેખ(સં. ૧૮૬૭)માં[૫૮] બે સંસ્કૃત શ્લોક છે, જ્યારે જડેશ્વરના મંદિરના શિલાલેખ(સં. ૧૮૬૯)માં[૫૯] ત્રણ સંસ્કૃત શ્લોક છે. આ શ્લોકોમાં વૃત્તાંતની વિગતવાર રજૂઆત સાદી શૈલીમાં થયેલી છે. અમરેલીના નાગનાથ મંદિરની પ્રશસ્તિ (સં. ૧૮૭૩)[૬૦] એ બે પ્રશસ્તિઓ કરતાં રુચિર છે. એમાં મંગલાચરણમાં નાગેશ્વરની સ્તુતિ કરી છે :



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

सौराष्ट्रे पुण्यभूमौ जयति शुभगुणालंकृता भुवि भूषा
सा पूर्गीर्वाणवल्ली विलसति सततं यत्र नागेश्वरोऽसौ ।
पूर्वं यः पावनेऽस्मिन्नुरगवरफणाच्छत्रचिन्हः स्वयंभूः
दुर्दृश्यः पुण्यहीनैरकलितमहिमा विठ्ठलायासतुष्टः ।। १

કવિએ અહીં સ્રગ્ધરા છંદ પસંદ કર્યો હોઈ, એમાં अमरवल्ली (અમરેલી) નામ પ્રયોજવું શક્ય નથી, આથી એને બદલે અહીં गीर्वाणवल्ली એવો પર્યાય પ્રયોજવો પડયો છે. અંતે મંદિરના નિર્માતા વિઠ્ઠલનું નામ પણ સમાવી લીધું છે. પાંચ શ્લોકોની આ પ્રશસ્તિ રચનાર કવિ હતા જગન્નાથ નામે પ્રશ્નોરા બ્રાહ્મણ.

બ્રિટિશ કાલમાં નવાં દેવાલયોના નિર્માણની તેમ જ એને લગતા સંસ્કૃત પ્રશસ્તિલેખ કોતરાવવાની પ્રવૃત્તિમાં ઓટ આવી. આ કાલની પ્રશસ્તિનો એક નોંધપાત્ર નમૂનો અમદાવાદમાં હઠીસિંહે બંધાવેલા દેરાસરના સંસ્કૃત શિલાલેખ(સં. ૧૯૦૩)માં[૬૧] મળે છે. આ પ્રશસ્તિ ધર્મનાથ તીર્થંકરના ચૈત્યના નિર્માણ વિશે છે, એ બૃહત્ખરતરગચ્છના પં. સરૂપે ૩૪ શ્લોકોમાં રચી છે, એને મોઢ બ્રાહ્મણ વિજયરામે લખી આપી છે ને સલાટ ઈસફ રહેમાને કોતરી છે. આમ અહીં ત્રણ સંપ્રદાયોના અનુયાયીઓનો સહકાર સધાયો છે. એમાં હઠીસિંહના કુટુંબનું નિરૂપણ કરી ગુર્જરદેશનું વર્ણન કર્યું છે :

सान्निध्ये तीर्थराजो विमलगिरिवरो यस्य चैवोज्जयंत-
स्तारंगस्तंभनारव्यो गवडिपुरभवो यत्र संखेश्वरश्च ।
यत्संधौ संस्थितोऽयं विततगिरिवरो योऽर्बुदारव्यः सुधामा
अन्येऽनेकेऽपि तीर्था वरभुवि नगरे यत्र देशे प्रसिद्धाः ।। १०

શત્રુંજય, ગિરનાર, તારંગા, શંખેશ્વર, આબુ ઈત્યાદિ સ્થળોનાં તીર્થો ગણાવી, કવિ પછીના શ્લોકમાં ગુર્જરદેશની પ્રજાના ભક્તિભાવ તથા યાત્રાદાનાદિ ધર્મની પ્રશંસા કરી અંતિમ ચરણમાં કહે છે :

सौंदर्ये कोऽपि देशो न भवति सदृशो गुर्जरेणेह लक्ष्म्या ।। ११

(ગુર્જર દેશ જેવો સુંદર અને સમૃદ્ધ કોઈ દેશ નથી.)

પછી આમદાવાદ શહેરનું વર્ણન કરતાં કહે છે :

विस्तीर्णहट्टावलिराजमार्गा
उत्तुंगहर्म्या जिनशुभ्रगेहाः ।
पुंभिर्धनाढ्यैश्च तथा गुणाढ्यै-
रहम्मदावाद इतीह द्रंगः ।। १२

(બહોળાં હાટ, લાંબા રાજમાર્ગો, ઉત્તુંગ મકાનો ને શુભ્ર જિનાલયો, ત્યાંના નિવાસીઓ ધનાઢય તેમ જ ગુણાઢય.)



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શેઠ હઠીસિંહનું અધૂરું રહેલું ચૈત્યનિર્માણનું કાર્ય શેઠાણી હરકુંવરે પાર પાડયું ને પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ગામેગામ કુંકુમ પત્રિકા મોકલી. પછી સુદ છઠથી વદ એકાદશી સુધી ચાલેલા મહોત્સવના દિવસવાર કાર્યક્રમ ગણાવ્યા છે (શ્લોક ૨૨-૩૧).

શત્રુંજય પરની સં. ૧૯૨૧ની પ્રશસ્તિ[૬૨] એના કરતાં લાંબી છે. એમાં પહેલાં ૧૧ શ્લોકોમાં મહાવીર સ્વામીથી રત્નસાગર સુધીની અંચલગચ્છની પટ્ટાવલી આપી છે. પછી ચૈત્ય બંધાવનાર કેશવજીની પ્રશસ્તિ કરી છે (શ્લોક ૧૩-૧૮). કચ્છનો કોઠારા શહેરનો એ રહેવાસી મામાની સાથે મુંબઈ ગયો ને બહુ દ્રવ્ય કમાયો.

मातुलेन समं मुंबैबंदरे तिलकोपमे ।
अगात्पुण्यप्रभावेन बहु स्वं समुपार्जितम् ।। १४

પછી ગદ્યમાં પ્રતિષ્ઠા-મહોત્સવનું વિગતવાર વર્ણન કર્યું છે. આ પ્રશસ્તિ માણિક્યસાગરના શિષ્ય વિનયસાગરે રચી છે.

एषा प्रशस्तिः श्रवणामृततुल्यरूपा
संघस्य शासनसमुन्नतिकार्यलेखि ।।

આ પ્રશસ્તિ કર્ણામૃત-તુલ્ય અને સંઘ-શાસનની સમુન્નતિકારી છે. શિલાપટ્ટ પર પણ તેમણે જ લખી આપી.

વીસમી સદી દરમ્યાન ગુજરાતમાં જે પ્રાસંગિક અભિલેખ લખાયા છે તે સંસ્કૃતમાં હોય તોય સાદા છે[૬૩] ને ગુજરાતીમાં, અંગ્રેજીમાં કે હિંદીમાં લખાયા છે તેમાંય તે તે વૃત્તાંતની સીધીસાદી જ રજૂઆત થઈ હોય છે. અભિલેખોની રચનામાં કાવ્યતત્ત્વ લગભગ લુપ્ત થઈ ગયું છે. વિદ્યા તથા કલાના નિર્દેશ પણ ભાગ્યે જ જોવા મળે છે.

## પાદટીપ

૧. ગુ.ઐ.લે., ભા. ૧, લે. ૬
૨. R. N. Mehta & S. N. Chowdhary, *Excavation at Devnimori*, pp. 121 f.
૩. ગુ.ઐ.લે., ભા.૧, લે. ૧૫
૪. દ્રોણસિંહની પ્રશસ્તિમાં
૫. ધરપટ્ટની પ્રશસ્તિમાં
૬. ધ્રુવસેન ૨ જાની પ્રશસ્તિમાં



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૭. ધ્રુવસેન ૨ જાની પ્રશસ્તિમાં
૮. શીલાદિત્ય ૬ ઠ્ઠાની પ્રશસ્તિમાં
૯. ખરગ્રહ ૨ જાની પ્રશસ્તિમાં
૧૦. ધરસેન ૨ જાની પ્રશસ્તિમાં
૧૧. ગુહસેનની પ્રશસ્તિમાં
૧૨. ધ્રુવસેન ૨ જાની પ્રશસ્તિમાં
૧૩. *C.I.I.*, Vol. IV, No. 30
૧૪. હ.ગં.શાસ્ત્રી, 'મૈત્રકકાલીન ગુજરાત,' પૃ. ૮૩, ૧૦૮, ૧૧૭, ૪૨૮
૧૫. ગુ.ઐ.લે., ભા. ૨, લે. ૧૨૦, પં. ૧૭-૧૮
૧૬. એજન, લે. ૧૨૭
૧૭. એજન, લે. ૧૩૩-૧૩૪
૧૮. *E.I.*, Vol. XXVI, p. 190
૧૯. ગુ.ઐ.લે., ભા. ૨, લે. ૧૪૭
૨૦. એજન, લે. ૧૬૭
૨૦અ. એજન, ભા. ૩, લે. ૨૧૫
૨૧-૨૨. એજન, લે. ૨૧૮
૨૩. પ્રશસ્તિ ૧, શ્લો. ૩૩
૨૪. એજન, શ્લો. ૩૪
૨૫. પ્રશસ્તિ ૨, શ્લો. ૧૭. સંપાદકે सरः વાંચ્યું છે, ત્યાં सदः જોઈએ.
૨૬. ગુ.ઐ.લે., ભા. ૩, લે. ૨૨૨
૨૭. એજન, ભા. ૪, લે. ૪૩
૨૮. એજન, લે. ૫૯
૨૯. *I.K.*, No. 42
૩૦. ગુ.ઐ.લે., ભા.૪, લે. ૭ અને ૨૦
૩૧. એજન, લે. ૧૫
૩૨. એજન, લે. ૨૩
૩૩. એજન, લે. ૪૪
૩૪. એજન, લે. ૨૭
૩૫. એજન, લે. ૨૮
૩૬. એજન, લે. ૩૦
૩૭. એજન, લે. ૪૬
૩૮. એજન, લે. ૫૫
૩૯. એજન, લે. ૬૧
૪૦. એજન, લે. ૭૪
૪૧. એજન, લે. ૮૬
૪૨. એજન, લે. ૧૦૬
૪૩. એજન, લે. ૧૦૭
૪૪. એજન, લે. ૧૦૮
૪૫. એજન, લે. ૧૯અ
૪૬. *I.K.*, No. 104
૪૭. જિનવિજય, प्राचीनजैनलेखसंग्रह, भा. २, ले. ४५०; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૪
૪૮. એજન, લે. ૪૫૧; એજન, લે. ૬૩
૪૯. એજન, લે. ૪૫૩; એજન, લે. ૧૮



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૫૦. એજન, લે. ૧૨; *I.K.*, No. 106; એજન, લે. ૭

૫૧. એજન, લે. ૪૪૬; એજન, લે. ૮૧

૫૧અ. એજન, લે. ૧૭–૨૦; એજન, લે. ૩૪–૩૭

૫૨. એજન, લે. ૨૧; *I.K.*, No. 117; એજન, લે. ૧૧૨

૫૨ અ. *I.K.*, No. 125; ગુ.ઐ.લે., ભા. ૫, લે. ૪૭

૫૩. प्राजैलेसं., भा. २, ले. ४५५; એજન, લે. ૧૧૫

૫૪. એજન, લે. ૨૭; *I.K.*, No. 123; ગુ.ઐ.લે., ભા.૫, લે. ૪૪

૫૫. એજન, લે. ૪૬૦

૫૬. *Vallabh Vidyanagar Research Bulletin,* Vol. I, Issue 2, International section, No. 28

૫૭. *Ibid.*, Nos. 29–30

૫૮. *I.K.*, No. 185

૫૯. *Ibid.*, No. 186

૬૦. *Ibid.*, No. 187

૬૧. प्राजैलेसं, भा. २, ले. ५५६

૬૨. एजन, ले. ३२ अ

૬૩. દા.ત. મહેસાણાની ધર્મશાળાનો ઈ. સ. ૧૮૧૨ નો શિલાલેખ (ક. અ. ભોજક, 'મહેસાણા' પૃ. ૫૫–૫૬)



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## વ્યાખ્યાન ૪ થું

# સામાજિક અને આર્થિક ઇતિહાસ

મૌર્ય રાજા અશોકના જૂનાગઢ શૈલલેખોમાં આવતા ઉલ્લેખ મગધને કે સામાન્યત: સમસ્ત મૌર્ય સામ્રાજ્યને લગતા હોઈ, એમાંથી ગુજરાતના તત્કાલીન સામાજિક અને આર્થિક ઇતિહાસ અંગે કંઈ અનુમાનો ન તારવીએ, તો પણ એટલું ચોક્કસ છે કે અશોકે આપેલા માનવધર્મના મૂળ સિદ્ધાંતોના તથા વિશેષત: સર્વભૂતહિત અને અહિંસાના અનુશાસનની અહીં પણ ઠીક અસર પ્રસરી હશે.

રુદ્રદામાના જૂનાગઢ શૈલલેખ(ઈ.સ. ૧૫૧)માં[૧] જણાવ્યા મુજબ સુરાષ્ટ્રના ગિરિનગર પાસે નદીઓ આડે સેતુ (બંધ) બાંધી સુદર્શન જળાશય કરાવવાની તથા એમાંથી પ્રણાળીઓ (નહેરો) કઢાવવાની યોજના મૌર્ય રાજ્યમાં સુરાષ્ટ્ર જેટલા દૂરના પ્રાંતમાંય સિંચાઈને અપાતી મહત્તા સૂચવે છે.

અનુ-મૌર્ય કાલ દરમ્યાન અહીં પહેલાં ભારતીય-યવન રાજાઓનું શાસન પ્રસર્યું ને તેઓના સિક્કા પ્રચલિત થયા. આ સિક્કા લખાણોવાળા હતા. પશ્ચિમ ભારતમાં પછી શકસ્થાનના શકોનું શાસન પ્રવર્ત્યું પણ તે અલ્પાયુ નીવડયું. ગુજરાતની પ્રજા આમ અહીં ગ્રીકો અને શકો જેવી વિદેશી પ્રજાઓના સંપર્કમાં આવી.

ઈસ્વી પહેલી સદીમાં અહીં પશ્ચિમી ક્ષત્રપોની સત્તા પ્રવર્તી. તેઓના ચાંદીના 'કાર્ષાપણ' સિક્કા વિપુલ સંખ્યામાં પ્રચલિત થયા. આ શકોએ હિંદુ ધર્મ તથા બૌદ્ધ ધર્મમાં અનુરાગ ધરાવ્યો. વિદેહ સગાઓની યાદગીરીમાં કેટલાક લષ્ટિ (યષ્ટિ) ઊભી કરાવતા ને એની ઉપર લેખ કોતરાવતા. પરમાર્થ માટે પોતાનું જીવિત આપનારની સ્મૃતિમાંય આવાં સ્મારક કરાતાં.[૨] કચ્છમાં વ્યક્તિના નામ સાથે એનું ગોત્ર જણાવાતું[૩]. સૌરાષ્ટ્રમાં આભીરો સૈન્યમાં જોડાતા ને સેનાપતિની પદવી પણ પ્રાપ્ત કરતા[૪]. સેનામાં અશ્વદળ તથા ગજદળ ઉપરાંત રથદળ પણ હોવાનું ઉલ્લિખિત છે.[૫] ત્યારે આનર્ત-સુરાષ્ટ્ર(ગુજરાત–સૌરાષ્ટ્ર)નું એક સંયુક્ત વહીવટી એકમ હતું.[૬]

મૈત્રકકાલીન દાનશાસનોમાં બ્રાહ્મણોનાં નામો, ગોત્રો, વેદશાખાઓ અને ત્રૈવિદ્યો તથા ચાતુર્વિદ્યોની પર્ષતોની વિગત આપી છે. તેઓની વસ્તી વલભી, સિંહપુર, ગિરિનગર, ખેટક, નગરક, આનંદપુર, જંબૂસર, ભરુકચ્છ અને નવસારિકા જેવાં નગરોમાં વિશેષ હતી[૭]. યુદ્ધ-વિદ્યામાં ધનુર્વિદ્યા અગ્રિમ સ્થાન ધરાવતી.[૮] રાજવંશોમાં મૈત્રકો, ગારુલકો, સૈંધવો, ત્રૈકૂટકો, ગુર્જરો, ચાહમાનો, સેન્દ્રકો, ચાલુક્યો અને રાષ્ટ્રકૂટો જેવાં જુદાં જુદાં કુલોના ઉલ્લેખ આવે છે,[૯] પરંતુ બ્રાહ્મણો તથા વણિકોની બાબતમાં કોઈ જ્ઞાતિભેદોના નિર્દેશ આવતા નથી. આનંદપુર-(વડનગર)ના બ્રાહ્મણોને પણ હંમેશાં 'બ્રાહ્મણ' જ કહ્યા છે.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બ્રાહ્મણો અધ્વર્યુ, જ્યોતિષી, અધ્યાપક વગેરેના વ્યવસાય કરતા.[૧૦] બ્રાહ્મણોનાં નામ મોટે ભાગે દેવોનાં નામો પરથી પાડતા, જેમ કે અગ્નિશર્મા, કુમારસ્વામી, દેવદત્ત, કેશવમિત્ર, ગુહત્રાત, રુદ્રભૂતિ, વાસુદેવ, શ્રીધર, ગંગાદિત્ય ઇત્યાદિ.[૧૧] રાજાઓનાં નામોમાં સેન, આદિત્ય, રાજ વગેરે ઉત્તારપદ પ્રયોજાતાં, જેમ કે ધ્રુવસેન, શીલાદિત્ય, વ્યાઘ્રસેન, ગોવિંદરાજ.[૧૨] સ્થળનામોના મૂળમાં ઘણી વાર આમ્ર, ઉદુમ્બર, કદંબ, શિરીષ, કવિટ્ઠિકા, ખજ્જુરિ, જંબૂ, નિંબ, પલાશ, પિપ્પલ, બિલ્વ, વટ, વંશ, શમી, શિરીષ વગેરે વૃક્ષોનાં નામ પ્રયોજાતાં.[૧૩]

વહીવટી વિભાગોમાં વિષય, આહાર, પથક અને ગ્રામ મુખ્ય હતા. જમીનની માપણી સૌરાષ્ટ્રમાં પાદાવર્તથી થતી. પાદાવર્ત એટલે એક પાદ લાંબો અને એક પાદ પહોળો જમીનનો ભાગ, એક ફૂટ ચોરસ. દક્ષિણ ગુજરાતમાં નિવર્તન નામે માપ પ્રચલિત હતું. એક નિવર્તન એટલે ૩૦ × ૩૦ દંડ. ખેડા અને ભરૂચ જિલ્લામાં કેદાર(કયારડા)ની માપણી એમાં કેટલા વ્રીહિપિટક (ડાંગરના ટોપલા) વાવી શકાય તે હિસાબે થતી. જમીન મહેસૂલના બે મુખ્ય પ્રકાર હતા : (૧) ઉદ્રંગ એટલે જમીનદાર પાસેથી લેવાતું સામટું મહેસૂલ અને (૨) ઉપરિકર એટલે બિનમાલિક ખેડૂતો ઉપર નાખેલો કર. જમીન મહેસૂલ કાં તો ધાન્યના નિયત ભાગના રૂપમાં લેવાતું અથવા તો હિરણ્ય(સુવર્ણ)ના રૂપમાં.[૧૪]

અનુ-મૈત્રક કાલ દરમ્યાન રાષ્ટ્રકૂટ શાસન નીચે તળ-ગુજરાતમાં મોટીનાની અમુક સંખ્યાઓનાં ગામ ધરાવતા વહીવટી વિભાગ પ્રચલિત થયા. હાલનો સુરત જિલ્લાનો 'ચોર્યાસી તાલુકો' અને ખેડા જિલ્લા માટેનો 'ચરોતર' (ચતુરુત્તારશત) શબ્દ આ પ્રથાના દ્યોતક છે. લાટ-મંડલનું વડું મથક ખેટક (ખેડા) હતું. ગુજરાતના વર્તમાન જિલ્લાઓમાં ખેડા અને ભરૂચ દોઢેક હજાર વર્ષ જેટલા પ્રાચીન કાલથી જિલ્લા રહ્યા છે. સુરત વસ્યું તે પહેલાં કતારગામનું મહત્ત્વ હતું ને ખંભાત વસ્યું તે પહેલાં નગરાનું. લાટની જેમ સૌરાષ્ટ્રને પણ 'મંડલ' કહેતા. દાન-શાસનોમાં સોમેશ્વર (સોમનાથ), જંબૂસર અને બદરસિદ્ધિ(બોરસદ)ના બ્રાહ્મણોના ઉલ્લેખ આવે છે. રાષ્ટ્રકૂટોના અમલ દરમ્યાન દક્ષિણના, ખાસ કરીને કર્ણાટક અને મહારાષ્ટ્રના, અનેક બ્રાહ્મણ લાટમાં આવી વસ્યા. રાષ્ટ્રકૂટ રાજાઓ પટ્ટબંધ ઉત્સવ પ્રસંગે તુલાપુરુષારોહણ કરીને બ્રાહ્મણોને તથા દેવાલયોને સેંકડો ગામોનું અને લાખો સુવર્ણો તથા દ્રવ્યોનું દાન દેતા.[૧૫]

બૌદ્ધ ધર્મને લગતો ગુજરાતમાં છેલ્લો જ્ઞાત નિર્દેશ રાષ્ટ્રકૂટ રાજાઓનાં ૯ મી સદીનાં બે દાનશાસનોમાં દક્ષિણ ગુજરાતમાં કામ્પિલ્ય વિહારના સંદર્ભમાં આવે છે.[૧૬] રાષ્ટ્રકૂટ રાજાઓ પોતાના રાજ્યમાં અરબોને પ્રોત્સાહન આપતા હતા તેમ જ સંયાણ(સંજાણ)માં હંયમન(અંજુમન) અર્થાત્ પારસી વસાહત હતી એવો ઉલ્લેખ ઇન્દ્રરાજ ૩ જાના ચિંચણી તામ્રપત્ર(ઈ.સ. ૯૨૬)માં આવે છે.[૧૭]

સુવર્ણવર્ષ કર્કરાજે નાગસારિકા(નવસારી)માં આવેલા જિનાલયની વસતિકાને ઈ.સ. ૮૨૧ માં ભૂમિદાન દીધું હતું.[૧૮] એ ગુજરાતનાં દાનશાસનોમાં જૈન સંસ્થાને લગતો સહુથી પ્રાચીન જ્ઞાત ઉલ્લેખ છે.

બ્રાહ્મણોની તથા વણિકોની વિભિન્ન જ્ઞાતિઓના નિર્દેશ ગુજરાતના અભિલેખોમાં પહેલ-વહેલા સોલંકી કાલમાં અર્થાત્ ઈસ્વી દસમી સદીથી દેખા દે છે. બ્રાહ્મણોની જ્ઞાતિઓમાં નાગર,



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઉદીચ્ય, મોઢ અને રાયકવાલના ઉલ્લેખ થયા છે.[૧૯] નાગરોમાં હજી પેટાવિભાગ પડ્યા નહોતા. ઉદીચ્ય બ્રાહ્મણોનો ઉલ્લેખ ભીમદેવ ૧ લાના વિ. સં. ૧૦૮૬(ઈ.સ. ૧૦૩૦)ના દાનશાસનમાં[૨૦] આવતો હોઈ ઉદીચ્ય બ્રાહ્મણો મૂલરાજ ૧ લાના સમય(ઈ.સ. ૯૪૨-૯૯૮)માં ઉત્તરમાંથી ગુજરાતમાં આવી વસ્યા હોવાની અનુશ્રુતિને સમર્થન મળે છે. વણિકોમાં હવે પ્રાગ્વાટ(પોરવાડ) અને શ્રીમાલી જ્ઞાતિઓના ઉલ્લેખ આવે છે. રાજકુલોમાં ચૌલુક્ય (સોલંકી), પરમાર, ચાહમાન (ચૌહાણ), ગુહિલ, મેહર (મેર) આદિ કુલ ઉલ્લિખિત છે. દાનશાસનોનું લખાણ હવે પ્રાય: કાયસ્થો તૈયાર કરતા હતા.

સોલંકી રાજ્યમાં સારસ્વત મંડલ, કચ્છ મંડલ, લાટ મંડલ, સુરાષ્ટ્ર મંડલ અને દધિપદ્ર મંડલ જેવા મોટા વહીવટી વિભાગ હતા. સારસ્વત મંડલ એટલે સરસ્વતી–કાંઠાનો પ્રદેશ. એમાં વર્દ્ધિ(વઢિયાર) વિષય અને ગંભૂતા (ગાંભૂ) વિષય આગળ જતાં પથક (તાલુકા) થઈ ગયા. વર્દ્ધિ પથકનું વડું મથક મંડલી (માંડલ) હતું, જ્યાં મૂલરાજે મૂલેશ્વરનું મંદિર બંધાવ્યું હતું. એ પથકના ઘૂસડી ગામમાં રાણા વીરમે વીરમેશ્વરનું મંદિર બંધાવેલું. એ ગામ હાલનું વીરમગામ છે. રાણા લવણપ્રસાદે પોતાનાં માતાના નામે વસાવેલું સલખણપુર તે હાલનું શંખલપુર છે. આનંદપુર(વડનગર)-૧૨૬નો વિભાગ આગળ જતાં વિષય પથક તરીકે ઓળખાયો લાગે છે. એની દક્ષિણે દંડાહી પથક હતો. ગુજરાતની પડોશમાં આવેલાં સત્યપુર મંડલ, ભિલ્લમાલ મંડલ, મેદપાટ મંડલ અને અવંતિ મંડલ પણ સોલંકી રાજ્યની અંતર્ગત ગણાતાં[૨૧].

જમીન હવે 'હલ' એકમમાં મપાતી. ૧ હલવાહ = ૩૩૬૦ હસ્ત.

નાણામાં મુખ્ય સિક્કાઓને 'દ્રમ્મ', 'કાર્ષાપણ' ને 'રૂપક' કહેતા.

૧૬ કાર્ષાપણ = ૧ દ્રમ્મ, ૫ રૂપક = ૧ દ્રમ્મ.

રૂપકના ૨૦ મા ભાગના મૂલ્યના સિક્કાને 'વિંશોપક' કહેતા ને કપર્દક(કોડી)નું મૂલ્ય વિંશોપકના ૧/૨૦ જેટલું ગણાતું.[૨૨]

માંગરોળની સોઢળી વાવમાંના શિલાલેખમાં ગૂહિલ મૂલુકે સહજિગેશ્વરની નિત્યપંચોપચાર પૂજાના ખર્ચ માટે વિવિધ લાગા બાંધી આપ્યાનું જણાવ્યું છે. મંગલપુર(માંગરોળ)ની શુલ્કમંડપિકા(જકાત–માંડવી)માં પ્રતિદિન કાર્ષાપણ ૧, ખુશકી જકાતની ઊપજમાંથી પ્રતિદિન કાર્ષાપણ ૧, પોઠિયાની છાંટ દીઠ કાર્ષાપણ ૪, ખોલકાની છાંટ દીઠ કાર્ષાપણ ૧, કણ (દાણા) ભરેલા ગાડા દીઠ કાર્ષાપણ ૪, સર્વ લોકોએ અને તમામ વેલાળીઓએ પાનનાં બીડાં વગેરેના ભારા કર્યા હોય તે પ્રત્યેક દીઠ કાર્ષાપણ ૦॥, પાન ભરેલા ઊંટના ભારા દીઠ કાર્ષાપણ ૨॥, પાન ભરેલી ગાલ્લી દીઠ દ્રમ્મ ૧, ખેતર દીઠ કાર્ષાપણ ૧, અગરમાં ખૂંટિત ખરાળી અને હાસા દીઠ કાર્ષાપણ ૧; અને એ જ રીતે ચોરવાડ તથા બળેજમાં લેવું, તથા લાઠિવદ્રા(લાઠોદરા) પથક-(તાલુકા)માં શુલ્કમંડપિકામાંથી પ્રતિદિન ઠ. મૂલુકે એક રૂપક આપ્યો; તથા ચોરૂયાવાડ(ચોરવાડ)માં બીજા તમામ મહાજનોએ એકમત થઈને દેગુયાવાવ નામે વાપી સહજિગેશ્વરને આપી; તથા વામનસ્થલી(વંથળી)માં શુલ્કમંડપિકામાં પ્રતિદિન કાર્ષાપણ ૧ તથા દ્યૂતમાં પ્રતિદિન કાર્ષાપણ ૧, તથા પાનની કોટડીમાં પ્રતિદિન ૧૦૦ પાન તથા વીડહરા, કેરી, વાટુયા વગેરે દરેક દીઠ પાન



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૫૦, તથા તળારા(તળોદરા)ના ઉત્પન્નમાંથી તંબોળીના હાટ દીઠ પ્રતિદિન પાન ૨, મડાવા (ત્રોફો)-પૂગ (સોપારી) ૧ દેવાલયને દેવાનાં છે. આ વિગત પરમ પાશુપત આચાર્ય મહાપંડિતશ્રી પ્રસર્વજ્ઞની વિ. સં. ૧૨૦૨ ની પ્રશસ્તિમાં[૨૩] આપી છે. આ પરથી માંગરોળ-ચોરવાડ પ્રદેશમાં ત્યારે પણ પાન-સોપારી-ત્રોફા થતા હોવાનું તેમ જ માંગરોળ, ચોરવાડ, બળેજ, વંથળી વગેરે ગામોની જકાત-માંડવીમાં લેવાતી વિવિધ જકાતોનો ખ્યાલ આવે છે.

કુમારપાલની વડનગરની પ્રશસ્તિ(ઈ.સ. ૧૧૫૨)માં[૨૪] આવતા કેટલાક ઉલ્લેખ નોંધપાત્ર છે, જેમ કે સિદ્ધરાજ જયસિંહદેવે સિદ્ધરસ વડે જગતને અનૃણ (ઋણમુક્ત) કર્યું તે ઉલ્લેખમાં પ્રજાની ઋણમુક્તિ ઉદ્દિષ્ટ છે. કુમારપાલે ચંડીદેવીને વહેતા લોહીથી તૃપ્ત કર્યાનો ઉલ્લેખ તે ધાર્મિક માન્યતાનો દ્યોતક છે. આનંદપુર(વડનગર)ના વર્ણનમાં સતત ચાલતા યજ્ઞો, દ્વિજોના વેદઘોષ, દેવાલયોના ધ્વજોના ફરફરાટ, વિપ્રાંગનાઓના રત્નાલંકાર તથા ગીતધ્વનિનો નિર્દેશ એનો દ્વિજ-મહાસ્થાન તરીકેનો મહિમા દર્શાવે છે. શાન્તિક-પૌષ્ટિક કર્મો વડે વિપ્રો નૃપની તથા રાષ્ટ્રની રક્ષા કરે છે એ ઉલ્લેખ પણ એ પ્રકારનો છે.

સોમનાથ મંદિરના મહંત ભાવ બૃહસ્પતિ શિવના નંદીશ્વરનો અવતાર છે એવું એમના સમયમાં મનાતું. એ મંદિર રાજા ભીમદેવ ૧ લાએ પથ્થરનું બાંધ્યું તે પહેલાં લાકડાનું હતું એ અનુશ્રુતિ તદ્દન વાસ્તવિક છે, પરંતુ એની પહેલાં એ રૂપાનું હતું અને એનીય પહેલાં સોનાનું હતું એવી માન્યતા પ્રવર્તતી.[૨૫]

ભીમદેવ બીજાએ સોમનાથ પાટણમાં બંધાવેલા કુંડમાં સ્નાન કરવાથી કોઢ રોગ પૂરો મટી જતો એવો ઉલ્લેખ ત્યાંના શિલાલેખમાં[૨૬] આવે છે તે નોંધપાત્ર ગણાય.

સોલંકી વંશના સ્થાપક મૂલરાજના રાજજોષી ઊયા ભટ્ટના કેટલાક વંશજ મંત્રી કે સચિવના હોદ્દા ધરાવતા. એ વંશના શ્રીધરને ત્રણ પત્નીઓ હતી.[૨૭] આ વિપ્રકુલ નગર-(વડનગર)નું હોવાથી એને નાગર જ્ઞાતિનું માની લેવામાં આવેલું ને આથી શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીને શ્રીધરનું બહુપત્નીત્વ અસામાન્ય લાગેલું.[૨૮] પરંતુ હકીકત એ છે કે આ શ્રીધરની તેમ જ ગુર્જરેશ્વર-પુરોહિત સોમેશ્વરની બાબતમાં તેઓ વડનગરના હોવા છતાં નાગર જ્ઞાતિના હતા એવું એ સમયના કોઈ લખાણમાં જણાવ્યું નથી.

વસ્તુપાલ-તેજપાલનાં માતા કુમારદેવીને ૪ પુત્ર અને ૭ પુત્રી મળી કુલ ૧૧ સંતાન હતાં. એ પહેલાં બાલવિધવા હતાં ને અશ્વરાજ સાથે એમનો પુનર્વિવાહ થયો હતો એવું પછીના સાહિત્ય પરથી જાણવા મળે છે. બે-ત્રણ પત્નીઓ હોવી એ એ સમયના રાજાઓ, અમાત્યો તથા શ્રીમંતોની બાબતમાં સામાન્ય હતું. આબુ પર તેજપાલે બંધાવેલા દેરાસરની હસ્તિશાળામાં મલ્લદેવ તથા વસ્તુપાલનાં બાવલાં સાથે તેઓની બબ્બે પત્નીઓનાં શિલ્પ દરેકના નામ સાથે આપેલાં છે.[૨૯]

લોકોમાં કૃતયુગ(સત્યયુગ)-કલિયુગ, સ્વર્ગ-નરક, કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણિ ઇત્યાદિ માન્યતાઓ પ્રચલિત હતી.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આબુ પર તેજપાલે બંધાવેલા દેરાસરના વહીવટ માટે જે ટ્રસ્ટીઓ નીમેલા, તેઓનાં નામ સાથે પ્રાગ્વાટ (પોરવાડ), ઓસવાલ, શ્રીમાલી, અને ધર્કટ જ્ઞાતિઓના ઉલ્લેખ આવે છે. તેઓમાં સ્થાનિક પરમાર રાજા, સ્થાનપતિઓ, તપોધનો, ગૂગલી બ્રાહ્મણો અને રાઠિયોનો સમાવેશ થતો.[30]

માંગરોળની સોઢળી વાવ ॥ ઉપર્યુક્ત શિલાલેખની જેમ ભીમદેવ ૨ જાનું વિ. સં. ૧૨૮૭-નું દાનશાસન[31] પણ આર્થિક દૃષ્ટિએ નોંધપાત્ર છે. એમાં પણ પત્રભર વગેરે દીઠ એકેક દ્રમ્મના વિવિધ લાગા બાંધી આપવામાં આવ્યા છે. એમાં ગ્રામદાન દેવપૂજા તથા બ્રહ્મભોજન માટે કરવામાં આવ્યું છે. દાનશાસનના અંતે આપેલી વિગતોમાં માંજિષ્ટ, ત્રપુક, હિંગ, પટ્ટસૂત્ર, હિંગુલ્લ, પ્રવાલક, શ્રીખંડ, કર્પૂર, કસ્તૂરી, હંગુ, કુંકુમ, અગુરુ, તમાલપત્ર, જાઇફલ, જાઈવત્રી, લમસી, કાપડ, નાલિકેર, હરડાં, બેહેડાં, ખાંડુ, ગુલ, સાકર, મરિચ, દાંત, મરુમાંસિ, મહુવસ, સવાહી, કાસી, મીણ, ખર્જુર, ખારિક વગેરે બજારમાં વેચાતી અનેક પ્રકારની વસ્તુઓનો સમાવેશ થતો.

વાઘેલા રાજા વીસલદેવના સામંત રાણા સામંતસિંહે સં. ૧૩૧૭ માં આપેલા દાનશાસનમાં[32] પિતામહના શ્રેય અર્થે આશાપલ્લીમાં આઠ બ્રાહ્મણોને ભોજન કરાવવા માટે ને ત્યાંની પ્રપા ભરાવવા માટે તથા મંડલીમાં પિતાના શ્રેય અર્થે બાર બ્રાહ્મણોને અન્ન પાન વ્યંજન તાંબુલ આદિ સર્વ ઉપસ્કર સહિત ભોજન જમાડવા માટે, શ્રાદ્ધ પક્ષમાં તથા દર અમાસે ચૌદ બ્રહ્મપુરીય બ્રાહ્મણોને દાન-દક્ષિણા દેવા માટે તથા પારાયણમાં બેઠેલા કપિલાવર્ત બ્રાહ્મણોને દાન દેવા, અમુક દેવોની નિત્ય પંચોપચાર પૂજા તથા નૈવેધ માટે તથા ધર્મસ્થાનોના ઉદ્ધાર અર્થે, અમુક હલવાહ ભૂમિ, ૧૨ હાટ, ૨ વાટિકા, આશાપલ્લીમાં શુલ્ક મંડપિકામાં પ્રતિદિન એક એક દ્રમ્મનો કર દેતી પલ્લડિકા(પાલડી)નું મૂલેશ્વરદેવના મઠપતિને દાન દીધાનું જણાવ્યું છે તે પરથી ધાર્મિક હેતુઓ માટે થતા વિવિધ આર્થિક પ્રબંધોની માહિતી મળે છે.

ભૂમિની ખરીદમાં સ્થાનિક પંચકુલની પ્રતિપત્તિ (સંમતિ) જરૂરી ગણાતી ને તે પંચકુલ તેના વડાના નામે ઓળખાતું. જેમ કે શ્રી અભયસિંહ પ્રભૃતિ પંચકુલ[33] અને શ્રી પેથડ પ્રભૃતિ પંચકુલ[34].

જેમ સં. ૧૩૧૭ના દાનશાસનમાં શ્રાદ્ધનો નિર્દેશ આવ્યો તેમ નાનાક–પ્રશસ્તિમાં[35] પિંડદાનનો ઉલ્લેખ આવે છે.

સિન્ટ્રા(પોર્ટુગલ)માં રહેલી દેવપટ્ટન–પ્રશસ્તિ(વિ. સં. ૧૩૪૩)માં[36] મહંત ત્રિપુરાંતકે હિમાલય, કેદારનાથ, પ્રયાગ, શ્રીપર્વત, નર્મદા, ગોદાવરી, રામેશ્વર-રામસેતુ એ પ્રમાણે છેક ઉત્તરથી દક્ષિણ સુધીની તીર્થયાત્રા કર્યાનો ઉલ્લેખ છે, તે ભારતીય તીર્થયાત્રાનો દેશવ્યાપી વિસ્તાર દર્શાવે છે. ત્રિપુરાન્તકે બંધાવેલાં મંદિરોમાં પૂજા તથા નિભાવ માટે જે વિવિધ પ્રબંધ કરવામાં આવ્યા તે આર્થિક વ્યવસ્થાની દૃષ્ટિએ નોંધપાત્ર છે, જેમ કે નિત્ય બે કાવડ જળ, સંમાર્જની (સાવરણી), પ્રતિમાસ ૮ દ્રમ્મનાં ચંદનકાષ્ઠ, માળીઓની શ્રેણીઓ તરફથી નિત્ય અપાતાં ૨૦૦ કમળ અને ૨૦૦૦ કણેરનાં પુષ્પ, શુદ્ધ વેદિકા માટે પ્રતિમાસ ૬ દ્રમ્મ, ૨ માણક ચોખા, ૧ માણક મગ, ૪ કર્ષ ઘી, ને દીવા માટે તેટલું તેલ, પ્રતિદિન ૫ સારી



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સોપારી, ધૂપ માટે પ્રતિમાસ ૨ મણ ગૂગળ, પ્રતિદિન બીડાં માટે નાગરવેલનાં ૫૦ પાન–આ સરંજામ મંદિરમાં નિયમિત પૂરો પડાતો રહે તે માટે પૂરતી વ્યવસ્થા કરી સીધું–સામાન કોઠારીએ પશુપાલને પ્રતિદિન આપતા રહેવાં, પશુપાલે તે મંદિરમાં પહોંચાડતા રહેવાં, બટુકે ભોજન બનાવવું અને નૈવેદ્ય કરવું, બટુકને માસિક ૯ દ્રમ્મ અને પશુપાલને માસિક ૧૫ દ્રમ્મ આપવા; મંડપિકામાંથી મંદિરને પ્રતિદિન ૧ દ્રમ્મ અપાવવો. મંદિરને ૩ હાટની આવક બાંધી આપી. ધાર્મિક વેપારીઓ રોજ મંદિરમાં હાર, શ્રીફળો અને બે કોમળ (કમળ) આપતા રહે; સોમનાથ મંદિરની જેમ આ પાંચ મંદિરોમાં નિયમિત પૂજા થતી રહે. ચૈત્રી પૂર્ણિમા, ભાદ્રપદી પૂર્ણિમા અને મંદિરોના ભગ્ન તથા પતિત ભાગના જીર્ણોદ્ધાર માટે પણ પ્રબંધ રખાયો. દેવાલયોમાં નિત્ય પૂજા માટે કેવી કેવી અને કેટલી સામગ્રી જોઈતી ને તેને માટે ખર્ચની તથા માણસોની કેવી જોગવાઈ કરવામાં આવતી તેનું આ એક અગત્યનું ઉદાહરણ છે.

આવું એક બીજું ઉદાહરણ અનાવડાના વિ. સં. ૧૩૪૮ ના શિલાલેખમાં[૩૭] મળે છે. એમાં શ્રીકૃષ્ણ ભગવાનનાં પૂજા, નૈવેદ્ય અને પ્રેક્ષણક માટે કેટલોક પ્રબંધ કરવામાં આવ્યો છે. એમાં પંચકુલે તથા પંચમુખ-સમસ્ત-નગરે જરૂરી પ્રબંધ કર્યો હતો : કરણમાં રહેલા દ્રમ્મ ૧૮૦, મંડપિકામાં રહેલા દ્રમ્મ ૭૨, શ્રેષ્ઠી દેવલે પોતાના શ્રેય અર્થે શ્રીકૃષ્ણને આપેલા દ્રમ્મ ૭૨ તથા ત્યાંના દ્રમ્મ ૩૬ તથા દર અમાસે દ્રમ્મ ૪ અર્થાત્ વર્ષના દ્રમ્મ ૪૮ અગાઉ આપેલા છે; ને હવે પેથડ-પ્રભૃતિ પંચકુલે અમુક પુરોહિતો, અમુક શાહુકારો, અમુક શ્રેષ્ઠીઓ, અમુક ભણશાલીઓ, સોની, કંસારા આદિ સમસ્ત મહાજને તથા સમસ્ત વણજારાઓએ તથા સમસ્ત નૌવિત્તક વગેરે પંચમુખનગરે પોતાના પૂર્વજોના શ્રેય અર્થે કરેલું નવું દેવદાય – મંજિષ્ઠા(મજીઠ) વેચનારે ધડી ૧ના દ્રમ્મ ૬૦ાા, હિંગ આપનારે તથા લેનારે ૧ બડા દીઠ દ્રમ્મ ૬૧, કણના શકટ ૧ દીઠ વેચનાર તરફથી ૧ પાયલી, ૧ છાટડાની એક પાયલી અને ઘીતેલના ધડા ૧ માંથી પલી ૧ આપે. આ વિગતો એ સમયનાં ધાન્ય, સુવર્ણકુંકુમાદિ અને ઘૃત–તેલનાં કેટલાંક તોલમાપ દર્શાવે છે.

ચૌલુક્ય વંશનો મૂળ પુરુષ બ્રહ્માના ચુલુક(ખોબા)માંથી ઉત્પન્ન થયેલો એવી એ સમયની પ્રચલિત માન્યતા એ સમયનાં કેટલાંક કાવ્યો ઉપરાંત એ સમયના કેટલાક અભિલેખોમાં[૩૮] પણ દેખા દે છે. એવી રીતે પરમાર વંશના મૂળ પુરુષની ઉત્પત્તિ વસિષ્ઠ મુનિના અગ્નિ-કુંડમાંથી થઈ એવી માન્યતા પ્રચલિત હતી.[૩૯]

ટિમાણા(જિ. ભાવનગર)ના મેહર રાજા જગમલ્લે તલાજામાં પોતાનાં પિતા અને માતાના શ્રેય અર્થે એમના નામનાં બે શિવલિંગ સ્થાપેલાં. વિ. સં. ૧૨૬૪ માં તેમના રંગભોગ, પૂજાનૈવેદ્ય, મૈત્રી, પવિત્રી, દીપોત્સવ, લિગારણ અને સમારકામ માટે તથા પ્રતિવર્ષ ધોળાવવા માટે ૧૧૦ પાથ ભૂમિનું દાન દીધું,[૪૦] ત્યારે તેમાંથી ૧૦ પાથ જમીન માળીને આપી ને ખેડૂત તરીકે ત્રણ માણસ આપ્યા. આ દેવોની પૂજા માટે અમુક અન્યજનોને પણ દર વર્ષે અમુક દ્રમ્મ કે રૂપક આપવાનું રાખ્યું. આ ધર્મસ્થાનની સંભાળ માટે આઠ ગોષ્ઠિક (ટ્રસ્ટી) નીમવામાં આવ્યા. સમસ્ત મહાજને હાટ દીઠ વર્ષે એક રૂપક આપવાનું રાખ્યું. ટિમાણામાં જે કોઈ શ્રેષ્ઠી થાય તેણે દર વર્ષે એક દ્રમ્મ આપવાનો. તલાજા વગેરે ત્રણ સ્થળોએ પણ હાટ-



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દીઠ દર વર્ષે એકેક દ્રમ્મ દેવાનો. ટિમાણામાં પૂજામાત્યે પણ દર વર્ષે એક દ્રમ્મ આપવાનો. મંદિરોના ચાલુ ખર્ચ તથા પાલન માટે કેવી સુંદર વ્યવસ્થા!

એ હતાં સોલંકી કાલના અભિલેખોમાંથી મળતાં દષ્ટાંત. હવે સલ્તનત કાલના અભિલેખોને આ દૃષ્ટિએ અવલોકીએ.

સલ્તનત કાલમાં કેટલાક લેખ ફારસીમાં કે સંસ્કૃત અને ફારસીમાં અથવા/અને અંશતઃ સંસ્કૃતમાં અને અંશતઃ ગુજરાતીમાં પણ લખાયા.

જમીન હવે 'કુભા' નામે માપમાં મપાતી.[૪૧] જૂનું 'હલ' માપ પણ પ્રચલિત હતું.[૪૨]

હવે પરમાર્થે વીરગતિ પામનાર યોદ્ધાની યાદગીરીમાં પાળિયો સ્થાપી એના પર એને લગતી હકીકતનો લેખ[૪૨અ] કોતરાતો.

પરમાર્થ માટે વાવ બંધાવવાની પ્રથા પણ વધુ લોકપ્રિય થઈ. દા. ત. ધોળકામાં સહદેવનો એકમાત્ર પુત્ર અકાળ મૃત્યુ પામ્યો ત્યારે એના પુણ્ય અર્થે માતાપિતાએ વાવ બંધાવી (વિ. સં. ૧૪૬૬). વળી સહદેવના મૃત્યુ બાદ એની બે પત્નીઓ સતી થયાનું પણ અંતે ઉમેરાયું છે. મૃત પતિની સાથે ચિતામાં પ્રવેશી સહગમન કરવું એ સ્વર્ગની સોપાનપંક્તિ સમાન ગણાતું.[૪૩]

પુણ્યની દષ્ટિએ વાવ દસ કૂવા બરાબર ગણાતી અને સરોવર દસ વાવ બરાબર ગણાતું.
दशकूपसमा वापी दशवापीसमं सर: ।

અડાલજની વાવ રૂડાબાઈએ વિ. સં. ૧૫૫૫ માં પોતાના પતિના પારલૌકિક પુણ્ય અર્થે કરાવી હતી.[૪૫]

મહિમૂદાબાદ(મહેમદાવાદ)ની સ્થાપના વિ. સં. ૧૫૨૨(ઈ. સ. ૧૪૬૫)માં થઈ ને એનો અભ્યુદય વિ. સં. ૧૫૫૩(ઈ. સ. ૧૪૯૭)માં થયો એવું ત્યાંના શિલાલેખમાં[૪૬] જણાવ્યું છે. વળી એમાં નગરનું આયુષ્ય વર્ષ શત ૫૦૦, માસ ૭, દિવસ ૧૩, પ્રહર ૨, ઘટિ ૩, પલ ૫ નું જણાવ્યું છે ને એ અંગે 'सर्वप्रकाश' નામે ગ્રંથનો આધાર આપ્યો છે. આ ગ્રંથ વિશે તપાસ કરવી જોઈએ. વળી એ શિલાલેખના સંપાદક જણાવે છે તેમ એનું આયુષ્ય ૫૦૦ વર્ષનું જણાવ્યું હોય તો ઈ. સ. ૧૯૬૬ માં એની અવધિ પૂરી થઈ ગઈ ને છતાં મહેમદાવાદ હજી આબાદ રહ્યું છે! તો વર્ષ શત ૫૦૦ નો અર્થ वर्ष शत[पञ्च] ૫૦૦ એવો ન લેતાં વર્ષ ૫૦૦ શત અર્થાત્ ૫૦,૦૦૦ લેવો! જ્યોતિષનો ફલાદેશ એ શ્રદ્ધાનો વિષય છે. લેખના અંતે વળી मूचरग्रंथનો ઉલ્લેખ કર્યો છે, તે કયો ગ્રંથ હશે?

અમદાવાદમાં 'દાદા હરિની વાવ' તરીકે ઓળખાતી વાવ ખરી રીતે હરીર નામે મુસ્લિમ બાઈએ સં. ૧૫૫૬ માં કરાવી હતી. એ રાજાના અંતઃપુરના દ્વારની સર્વાધિકારણી અને 'મંત્રિમુખ્યા' હતી.[૪૭] ગુજરાતના સુલતાનોના સમયમાં આવી ઓરતો જનાનખાનામાં ઊંચો હોદ્દો ધરાવતી એના ઉદાહરણરૂપે આ ઉલ્લેખ નોંધપાત્ર ગણાય. ખંભાતની વડવા વાવના શિલાલેખ (સં. ૧૫૩૯) માં[૪૮] એ વાવ બંધાવવાનો હેતુ 'સકલલોકહિતાર્થે' તથા 'જીવલોકના જીવન માટે' કહ્યો છે; અમદાવાદની આ વાવના શિલાલેખમાં 'ચાર દિશાઓમાંથી આવેલાં અનેક તૃષાકુલ



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મનુષ્ય, પશુ, પક્ષી, વૃક્ષ આદિ ૮૪ લાખ જીવોના ઉપભાગ માટે' તથા 'સ્વેદજ, અંડજ, ઉદ્‌ભિજ અને જરાયુજ પ્રાણીઓના પોષણ અર્થે' જણાવ્યો છે.

નડિયાદની અમદાવાદી ભાગોળમાં વાવ બંધાવનાર વેણિદાસ ખંભાતનો ગુર્જર હતો. આ ઉલ્લેખ જેના નામ પરથી 'ગુજરાત' નામ પડયું તે ગુર્જર જાતિની દૃષ્ટિએ અગત્યનો છે. આ વાવને લગતી સંસ્કૃત પ્રશસ્તિ(સં. ૧૫૭૨)માં[૪૯] 'નડિયાદ' માટે 'નટપત્ર' રૂપ પ્રયોજાયું છે. ત્યાં 'પત્ર' ને બદલે 'પદ્ર' વધુ બંધ બેસે.

ઊનાના વિ. સં. ૧૫૮૩ ના શિલાલેખમાં[૫૦] કાયસ્થ વંશની ઉત્પત્તિ વલ્લભીપુરમાં વાલ્મીકિ મુનિએ કરી હોવાની પ્રચલિત માન્યતા આપી, તેને સર્વ કલાઓમાં, વિશેષતઃ લેખ્ય-કલામાં કૌશલ ધરાવતો કહ્યો છે. એ વંશના મંત્રી પતાએ ઊનામાં મોટું તળાવ કરાવ્યું. એને ત્રણ ભાર્યા હતી.

શત્રુંજય ઉપર ચિતોડના કર્મરાજે પુંડરીકનું મંદિર બંધાવ્યું, એના કેટલાક સૂત્રધાર (સલાટ) અમદાવાદના રહેવાસી હતા, તો કેટલાક ચિતોડથી આવ્યા હતા.[૫૧]

ગાયોનું રક્ષણ કરતાં કોઈ વીરગતિ પામે ને એની પત્ની સહગમન કરે એવા શિલાલેખ[૫૨] હવે મળે છે.

કરાર-પાલન માટે હિંદુઓને ગાયના અને મુસલમાનોને સૂવરના શાપ દેવામાં આવતા. વળી એ અંગે ગધેડાની ગાળ દેવાનો રિવાજ પણ હતો.[૫૩]

ખોરાસાના શિલાલેખ(સં. ૧૪૪૫)માં[૫૪] મંકણક (મકવાણા) વંશ તથા વાઘેલા વંશને ૩૬ ક્ષત્રિય વંશોમાં ગણાવ્યા છે ને મકવાણા વંશનો મૂળ પુરુષ પરશુરામે ક્ષત્રિયોના નાશ કર્યા પછી બ્રાહ્મણ પુરુષ અને ક્ષત્રિય સ્ત્રીનો ક્ષેત્રજ પુત્ર હોવાની અનુશ્રુતિ આપી છે.

ભૂવાટીંબી(જિ. જૂનાગઢ)ના લેખ(સં. ૧૪૫૭)માં[૫૫] બારડ જ્ઞાતિનો ઉલ્લેખ છે. પલાશલા ગામમાં તળાવ એ જ્ઞાતિનાં ભરમ અને નાગૂબાઈએ બંધાવેલું.

મેહર (મેર) જાતિની વસ્તી ત્યારે ગોહિલવાડમાં હતી.[૫૬]

ચોરવાડના સં. ૧૪૫૦ ના પાળિયાલેખમાં[૫૭] સંગ્રામમાં મરનારને સુરાંગનાઓ વરે છે એ માન્યતા આપી છે ને પાથાકની પાછળ એની પત્ની સતી થઈ સ્વર્ગમાં ગયાનું જણાવ્યું છે.

મેસવાણ(જિ. જૂનાગઢ)ના પાળિયાલેખ(સં. ૧૪૭૦)માં[૫૮] આહીરનો ઉલ્લેખ છે, જે ગામ ભાંગતાં એના રક્ષણ માટે લડતાં મૃત્યુ પામેલો.

જૂનાગઢના સં. ૧૪૭૩ ના શિલાલેખમાં[૫૯] નાગર–આભ્યંતર જ્ઞાતિનો ઉલ્લેખ છે તે ત્યારે નાગરોમાં આભ્યંતર અને બાહ્ય વિભાગ પ્રચલિત હોવાનું દર્શાવે છે.

ગોગ્રહણને લગતા યુદ્ધમાં મૃત્યુ પામનારનો વિષ્ણુચરણે વાસ થવાની માન્યતા મેસવાણના સં. ૧૪૯૫ ના પાળિયાલેખમાં[૬૦] આપી છે.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પર્વદિનોએ દાનનો વિશેષ મહિમા મનાતો; તેમ પ્રાણી-વધનો નિષેધ પણ વિશેષ મહિમા ધરાવતો. જૂનાગઢના રાજા મંડલીક ૩ જાએ ખંભાતના કેટલાક વેપારીઓની વિનંતીથી પોતાના રાજ્યાભિષેક પ્રસંગે એકાદશી અને અમાવાસ્યા ઉપરાંત પંચમી, અષ્ટમી અને ચતુર્દશીએ પણ એવો નિષેધ ફરમાવ્યો એવું જૂનાગઢનો સં. ૧૫૦૭ નો શિલાલેખ[૬૧] જણાવે છે.

અસલ વખતમાં 'ઊર્જયત્' અને 'રૈવતક' બે જુદા પર્વતોનાં નામ હતાં. હવે 'ઉજ્જયંત' અને 'રૈવતક' બંને નામ ગિરનાર પર્વત માટે જ પ્રયોજાતાં.[૬૨] દ્વારવતી પાસેનો રૈવતક તો છેક ગુપ્તકાલથી વિસ્મૃતિમાં વિલુપ્ત થઈ ગયો હતો.

મધુમતી(મહુવા)ની આસપાસના પ્રદેશને 'વાલાક' કહેતા. ત્યાં વાળાઓનું રાજ્ય હતું. 'વાળા'ની ઉત્પત્તિ વલભી–વલહિ–વળા પરથી થઈ છે. મહુવાના વિ. સં. ૧૫૦૦ ના શિલાલેખમાં[૬૩] મોઢ-વણિક જ્ઞાતિની ઉત્પત્તિ કામધેનુની ખરીમાંથી થઈ હોવાની માન્યતા આપી છે. એ જ્ઞાતિના મોકલે મહુવામાં વાવ કરાવી હતી. આથી આ લેખમાં 'શ્રીભારત'માંથી ગો-મહિમાનો શ્લોક ટાંકવામાં આવ્યો છે:

गोमासे गोगवाक्रांते गोरसे गगने गते ।
गोमात्रं गोरसं दद्याद् गोसहस्रफलं लभेत् ।। ८

વળી એમાં ધર્મારણ્યપુરાણમાંથી બે શ્લોક ઉદાહૃત કર્યા છે:–

पुरा सृष्टिसमारंभे स्वयंभूर्भगवान् स्वयम् ।
अस्थापयन्महास्थानमिदं मोहविमोहनम् ।। ११
धर्मारण्यं कृते प्रोक्तं त्रेतायां सत्यमन्दिरम् ।
द्वापरे वेदभुवनं कलौ मोहेरकं मतम् ।। १२

આ બે શ્લોક શિલાલેખના સંપાદક જણાવે છે તેમ મધુમતી નગરીને લગતા નથી, પરંતુ ધર્મારણ્યક્ષેત્રમાં આવેલા મોઢેરક (મોઢેરા) નગરને લગતા છે, જે મોઢ બ્રાહ્મણો તથા વણિકોનું મૂળસ્થાન મનાય છે.

હવે વાજા, ચૂડાસમા, જેઠવા, ગોહિલ, જામ, વાઘેલા, ઝાલા, રાઠોડ, પરમાર, ચૌહાણ વગેરે અનેક રાજકુલોના અભિલેખ પ્રાપ્ત થયા છે.[૬૪]

હળવદની વાવના શિલાલેખ(સં. ૧૫૮૩)માં[૬૫] વાવ બંધાવવાનો ધાર્મિક મહિમા દર્શાવતા ત્રણ શ્લોક આપ્યા છે. ભૂમિ એક ગો-પદ જેટલુંય જળ ધારણ કરે તો તે કરાવનાર ૬૦ હજાર વર્ષ શિવલોકમાં પૂજાય છે. સ્નાન, દાન, પુણ્ય, દેવપૂજા, પિતૃપૂજા, સર્વભૂતહિત–સર્વનો એમાં સમાવેશ થાય છે. એનાથી વારાણસી-વાસનું તથા ગંગા-સ્નાનનું ફળ પ્રાપ્ત થાય છે.

કારવણ(કાયાવરોહણ)માં લકુલીશની પ્રતિમાનો હસ્ત ખંડિત કરાતાં પુણ્યરાશિએ આત્મ-હત્યા (સ્વ-વધ) કરેલી (સં. ૧૩૫૮) એ એમનો ઉત્કટ ભક્તિભાવ દર્શાવે છે.[૬૬]

કંકાસા(તા. માંગરોળ)ની વાવની પ્રશસ્તિ (સં. ૧૪૫૬) રચનારના સંદર્ભમાં સોમપુરા જ્ઞાતિનો નિર્દેશ છે[૬૭].



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભોજ(તા. પાદરા)ની વાવના શિલાલેખ(સં. ૧૫૫૪)માં[૬૮] ૩૬ રાજવંશોમાંના ચાહમાન (ચૌહાણ) કુલ ઉપરાંત દીશાવાલ જ્ઞાતિ તથા લલાટ જ્ઞાતિનો ઉલ્લેખ છે.

હવે મુઘલ કાલના અભિલેખ અવલોકીએ.

જેમને અકબરે પોતાની પાસે તેડાવ્યા ને જેમનો ધર્મોપદેશ સાંભળી પુસ્તક-ભંડાર અર્પણ કર્યો, ડાબર નામે સરોવરમાં માછલાં પકડવાની મનાઈ કરી, દર વર્ષે છ માસ પ્રાણીઓની અમારિ પ્રવર્તાવી, ગાય, ભેંસ, બળદ અને પાડાઓ મારવાનો પૂર્ણ પ્રતિબંધ કર્યો, શત્રુંજય તીર્થનો મુંડકાવેરો દૂર કર્યો, જિજિયા વેરો રદ કર્યો, પોતાના સકળ રાજ્યમાં અપુત્ર મૃત વ્યક્તિની મિલકત જપ્ત કરવાની પ્રથા રદ કરી, તેવા શ્રી હીરવિજયસૂરિ સં. ૧૬૫૧ માં કાળધર્મ પામ્યા ત્યારે ગુજરાતમાં ઠેકઠેકાણે એમનાં પગલાં સ્થાપવામાં આવ્યાં.[૬૯] પાટણ જેવા સ્થળે એમની મૂર્તિ પણ સ્થપાઇ.[૭૦] હીરવિજયસૂરિના શિષ્ય વિજયસેનસૂરિને પણ અકબરે બહુમાન આપ્યું હતું. પાટણમાં એમની પણ મૂર્તિ સ્થપાઈ.[૭૧]

સત્તારૂઢ થયેલા ઝાલા કુલનો પણ ૩૬ રાજકુલોમાં સમાવેશ થતો.[૭૨] હવે મકવાણા, શ્રીમાલી, નંદવાણા, મોઢ, કંડોલ, પ્રાગ્વાટ, પરમાર, ચાવડા, ઝાલા, વાળા, જાડેજા, કપોલ, શ્રીમાલી, ઓસવાલ, દીસાવાળ, નાગર વણિક, ગજધર, વિશ્વકર્મા વગેરે અનેક જ્ઞાતિઓના ઉલ્લેખ અભિલેખોમાં[૭૩] આવે છે.

નવીનપુર(નવાનગર – જામનગર) જે હાલારનું મુખ્ય નગર હતું તેનું વર્ણન શત્રુંજયના સં. ૧૬૭૫ ના શિલાલેખમાં[૭૪] આ પ્રમાણે છે :

अनेक-इभ्य-गृह-आकीर्णं (અનેક શ્રીમંતોના ગૃહોથી ભરપૂર) અને

अभ्रंलिहविहाराग्रध्वजांशुकहृतातपम् ।
रुप्यस्वर्णमणिव्याप्तचतुष्पथविराजितम् ।। ३

રાજકુલોમાં રાજાઓ તથા કુંવરોનું મૃત્યુ થતાં તેઓની પત્નીઓ સહગમન કરતી અને તે દેવલોક કે સ્વર્ગલોક પામતી એવું મનાતું.

ગાયની વહારે ધાતાં કે ગામ ભેળાતાં મૃત્યુ પામનાર સ્વર્ગ પામે છે એવું મનાતું. એવી રીતે રણભૂમિમાં યુદ્ધ કરતાં મૃત્યુ પામનાર પણ સ્વર્ગ પ્રાપ્ત કરે છે એ માન્યતા પણ પ્રચલિત હતી.[૭૫] રાજકુલની વ્યક્તિનું મૃત્યુ થતાં કોઈ બ્રાહ્મણ ગળે કટારી મારી આત્મહત્યા કરે એવી ઘટના મૂળીના સં. ૧૭૩૫ ના પાળિયાલેખમાં[૭૬] નોંધાઈ છે. કોઈ ભાવિક ભકત શિવ પર પોતાના મસ્તકની કમલપૂજા કરતો ને તેની પાછળ તેની પત્ની સહગમન કરતી.[૭૭] ગોબ્રાહ્મણનું પ્રતિપાલન એ હરેક રાજાનું પરમ કર્તવ્ય ગણાતું.[૭૮]

વિદેહ રાજાની યાદગીરીમાં દેરી કરાવવાનોય રિવાજ હતો.[૭૯]

વડનગરના નાગર વણિક બાહુઆ ગાંધી ખંભાતમાં આવી વેપારમાં અઢળક ધન કમાયા હતા ને હીરવિજયસૂરિના ઉપદેશથી એમણે જૈન ધર્મ અંગીકાર કર્યો હતો. એ અંગે 'પોતાનો અગાઉનો મિથ્યા ધર્મ તજી દીધો' એમ કહેવાતું![૮૦] વડનગરને હવે 'વડનગર' જ કહેતા.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ખંભાતને 'સ્તંભતીર્થ' અને 'ત્રંબાવતી' કહેતા. અમદાવાદને 'અહમ્મદાવાદ' તથા 'રાજનગર' પણ કહેતા. નડિયાદને 'નટીપદ્ર' કહેતા.[૮૧] ભરૂચની ઉત્તરે ગંધાર બંદર હતું.[૮૨]

વિવેકહર્ષગણિએ કચ્છમાં ચાતુર્માસ કરી ત્યાં ગાયની હિંસા સદંતર બંધ કરાવી હતી ને પર્વદિનોએ જીવહિંસા બંધ કરાવી હતી. શ્રાવણ માસનું વાર્ષિક પર્વ પાળવાની આજ્ઞા ન માનનાર બ્રાહ્મણોને શિક્ષા કરી વિવાદમાં જય પામનાર જૈનોને જયવાદપત્ર આપ્યાં હતાં.

વિજયસેનસૂરિના શિષ્ય વિજયદેવસૂરિને બાદશાહ જહાંગીરે 'મહાતપા' બિરુદ આપ્યું હતું.[૮૩] અકબર બાદશાહે તપાગચ્છના હીરવિજયસૂરિને તથા તેમના શિષ્ય વિજયસેનસૂરિને બહુમાન આપ્યું, તેવી રીતે પછી ખરતરગચ્છના જિનચંદ્રસૂરિને તથા તેમના શિષ્ય જિનસિંહસૂરિને પણ આપ્યું હતું.[૮૪] જિનચંદ્રસૂરિને અકબરે 'યુગપ્રધાન'નું બિરુદ આપેલું તેમ જ તેમના ઉપદેશથી સમસ્ત રાજ્યમાં અષ્ટાહ્નિક અમારિ ફરમાવી હતી. જિનસિંહસૂરિએ અકબર પાસેથી એક વર્ષ સુધી કોઈ મનુષ્ય માછલાં વગેરે જલજંતુઓ ન મારે તેવું ફરમાન મેળવેલું. જહાંગીર બાદશાહે જૈન સાધુઓને રાજ્યમાંથી બહાર કાઢવાનું ફરમાન કાઢેલું ત્યારે જિનચંદ્રસૂરિએ તે પાછું ખેંચાવેલું. જહાંગીરે જિનચંદ્રસૂરિને 'યુગપ્રધાન' બિરુદ આપેલું.[૮૫]

રાણીઓ પોતાના પતિના તથા પુત્રના સંબંધે ઓળખાતી, સાથે સાથે એના પિતૃકુલથીય ઓળખાતી, જેમ કે 'કચ્છના મહારાજા રાઉશ્રી દેશલજીની ભાર્યા પટરાણી વાઘેલી બાઈ મહાકુંવરબાઈ કુંવર શ્રી લાખાજીની માતા'.[૮૬] સતી થતી પત્નીના પરિચયમાં એના પિતાનુંય નામ આપવામાં આવતું.[૮૭]

મંદિરના પ્રતિષ્ઠા-ઉત્સવ પ્રસંગે પોતાના જ્ઞાતિજનોને પકવ અન્ન, પાન (પેય), વસ્ત્ર, અલંકાર, પાન (તાંબૂલ), પુષ્પ, ફોફલ (સોપારી), નાળિયેર વગેરે આપતા તેમ જ બ્રાહ્મણોને દિવસો લગી ભોજન કરાવતા તેમ જ ચરણ પૂજીને રૂપિયા આપતા.[૮૮] કચ્છમાં હવે 'કોરી'નું ચલણ હતું.[૮૯]

કચ્છના રાવ ભારમલ્લજીએ પોતાની, માતાની અને બહેનની રૂપિયાથી તુલાઓ કરી રાજ્યના પ્રદેશને અનૃણ કર્યો હતો.[૯૦]

એવી રીતે ભૂજના શિવરા મંડપમાં નિષ્કલંક જ્યોતિ સ્થાપી ત્યારે સિંધ, કચ્છ, ઉમરકોટ, થલ-પારકર, વાવ, સૂઈ, મારવાડ, જતવાડ, અમદાવાદ, ઝાલાવાડ, ગોહિલવાડ, ગિરનાર, સોરઠ, કાઠિયાવાડ, હાલાર, પોરબંદર, મછુકાંઠા વગેરે દેશદેશના સવા લાખ સાધુ ભેગા થયેલા, તેઓને ૧૦ દિવસ સુધી નવાં ભોજન જમાડયાં ને સર્વ સંતોને સારી રીતે ઘોડા, હીરાગલ વસ્ત્ર અને સોનાની કોરીઓ આપીને તેઓને શીખ કીધી, તુલા કરી ૩૫,૦૦૦ તોળ્યા ને ૧૦,૦૦૦ બ્રાહ્મણોને દક્ષિણા દીધી, બે ચોરાસી, કન્યાદાન, ગોદાન, ભૂમિદાન ઇત્યાદિ કર્યું.[૯૧] પ્રતિષ્ઠા-ઉત્સવની આવી વિગતોમાંથી એ સમયના અમુક ધાર્મિક-સામાજિક રીતરિવાજોનો તથા આર્થિક પ્રબંધો અને ધોરણોનો ખ્યાલ આવે છે.

પેટલાદની વાવના શિલાલેખ(સં. ૧૭૫૫)માં પેટલાદને 'પેટપદ્ર' કહ્યું છે ને ત્યાં નાગર બ્રાહ્મણોના ઘણાં ઘર હોવાનું જણાવ્યું છે.[૯૨]



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પાટણમાં ઢલૂ કૂવા ઉપર હિ. સં. ૮૨૧(ઈ. સ. ૧૪૧૯)નો ફારસી શિલાલેખ છે તેમાં જણાવ્યું છે કે એનું બાંધકામ નહરવાલા(પાટણ)ના કોટવાળે કરાવેલું અર્થાત્ સલ્તનત કાલમાં એ કૂવો રાજ્યની માલિકીનો હતો. સ્થાનિક અનુશ્રુતિ અનુસાર એ કૂવો મુઘલ સૂબાએ પટોળાંનો મશરૂ ધોવા માટે સાળવીઓને બક્ષિસ આપેલો. ત્યાં ઔરંગઝેબના સમયનો સં. ૧૭૫૭ નો ગુજરાતી શિલાલેખ છે એમાં એ કૂવાને 'સમસ્ત સાલવીઓનો કૂવો' કહ્યો છે. ત્યારે સાલવી જ્ઞાતિએ એનો જીર્ણોદ્ધાર કરાવ્યો લાગે છે. આ કૂવો હાલ પણ 'ઢલૂ કૂવા' તરીકે જ ઓળખાય છે ને એ સાળવીઓની માલિકીમાં છે.[૯૩]

મરાઠા કાલના અભિલેખોમાં અમરેલીને 'અમરવલ્લી' અને વડોદરાને 'વટપુર' કહ્યું છે. અમરેલીના શિલાલેખમાં[૯૪] કવિએ પોતાને 'પ્રશ્નોરા બ્રાહ્મણ' કહ્યો છે તેમાં 'નાગર' શબ્દ પ્રયોજ્યો નથી. ત્યાંના નાગેશ્વર મંદિરનો શિલ્પી સોમપુરા હતો. સ્થાપત્ય તથા શિલ્પમાં સોમપુરા જ્ઞાતિ વંશપરંપરાગત કૌશલ ધરાવતી. રાજપીપળા પ્રદેશમાં ગુહિલ વંશનું રાજ્ય ચાલુ હતું. ત્યાં નીલકંઠ અને રાજકંઠનાં શિવાલય બંધાયાં ત્યારે એમાં હનુમાન, ભૈરવ અને ગણેશની પણ સ્થાપના થયેલી. ત્યાંનો પર્વત 'રાજગિરિ' કહેવાતો ને એ વિંધ્યગિરિના પરિવારનો ગણાતો.[૯૫]

મરાઠા કાલ દરમ્યાન પણ નવાં દેવાલય બંધાતાં ત્યારે એના પ્રતિષ્ઠા-મહોત્સવમાં સર્વ પ્રદેશોના લોકોને તેડાવવામાં આવતા ને તેઓનો વિવિધ આહાર તથા વસ્ત્રોના દાનથી સત્કાર કરવામાં આવતો.[૯૬]

'ભીડભંજન' વિશેષણ હવે હનુમાનની જેમ પાર્શ્વનાથને માટેય પ્રયોજાતું.[૯૭]

શત્રુંજય પર્વત પર મંદિર એટલાં બધાં બંધાતાં રહ્યાં કે જવા-આવવાના રસ્તા માટે પૂરતી જગા ના રહે. આથી સં. ૧૮૬૭ માં ત્યાંના સંઘ સમસ્તે મળીને હાથીપોળના ચોક વચ્ચે દેરાસર બંધાવવાની મનાઈ કરી. એના શિલાલેખમાં[૯૮] જણાવ્યું છે કે ત્યાં કોઈ દેરાસર કરાવે તેને સમસ્ત સંઘનો ગુનો ગણવામાં આવશે.

શત્રુંજય પરનાં જૈન મંદિરોનો જીર્ણોદ્ધાર અગાઉ ગુજરાત બહારનાં નજીકનાં તથા દૂરનાં સ્થળોના ભાવિક શ્રાવકો કરાવતા, તેમ શંખેશ્વરમાંના પાર્શ્વનાથ મંદિરનો જીર્ણોદ્ધાર સં. ૧૮૬૮ માં જયપુરના એક શ્રાવકે રૂપિયા પાંચ હજાર રાધનપુરના વેપારી મારફતે મોકલી કરાવેલો. તેનો શિલાલેખ મારવાડી ભાષામાં છે.[૯૯]

કચ્છમાં કોરીનું ચલણ છેક બ્રિટિશ કાલના અંત સુધી અર્થાત્ ૧૯૪૭ સુધી અમલમાં હતું. કોરીને રૂપિયા સાથે કંઈ સંબંધ ન હતો, છતાં વ્યવહારમાં ૨$\frac{૧}{૪}$ કોરી = ૧ રૂપિયો ગણાતો. તાંબામાં ઢીંગલો, દોકડો અને ત્રાંબિયો નામે સિક્કા પ્રચલિત હતા. એમાં ૪૮ ત્રાંબિયા = ૨૪ દોકડા = ૧૬ ઢીંગલા = ૧ કોરી એમ ગણાતું.[૧૦૦]

આ સિક્કા મરાઠા કાલમાં શરૂ થયેલા. છતાં શરૂઆતના રાજાઓના સિક્કા ફારસીમાં ગુજરાતના છેલ્લા સુલતાન મુઝફ્ફરશાહ ૩ જાનું નામ અને હિ. સ. ૯૭૮(ઈ. સ. ૧૫૭૦)નું વર્ષ ધરાવતા. એમાં મહારાવનું નામ નાગરી લિપિમાં અપાતું. દેશળજી ૨ જાએ (૧૮૧૯-૬૦) મુઘલ



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બાદશાહ અકબર ૨ જા અને બહાદુરશાહ ૨ જાને નામે સિક્કા પડાવ્યા. ૧૮૫૭ પછી બ્રિટિશ તાજની સર્વોપરિતા સ્વીકારાતાં પ્રાગમલજી ૨ જાએ (૧૮૬૦-૭૫) રાણી વિક્ટોરિયાના નામવાળા સિક્કા પડાવ્યા. ખેંગારજી ૩ જાએ પોતાના દીર્ઘ રાજ્યકાલ (૧૮૭૫–૧૯૪૨) દરમ્યાન વિક્ટોરિયા, એડવર્ડ ૭ મો, જ્યૉર્જ ૫ મો, એડવર્ડ ૮ મો અને જ્યૉર્જ ૬ઠ્ઠાના નામે સિક્કા પડાવ્યા. એમાં એડવર્ડ ૮ માના ટૂંકા રાજ્યકાલના કોઈ સિક્કા ભારત સરકારે પાડયા નહોતા, જ્યારે એ રાજાના નામવાળા સિક્કા ભારતમાં કચ્છના મહારાવે પડાવ્યા હતા એ નોંધપાત્ર છે. એવી રીતે ૧૯૪૭ માં ભારત આઝાદ થતાં મહારાવ મદનસિંહજીએ जयहिंद લખેલા સિક્કા પડાવ્યા હતા એ પણ ખાસ નોંધપાત્ર છે.[૧૦૧]

નવાનગરના જામ રાજ્યના સિક્કાઓ ઉપર પણ શરૂઆતમાં ફારસીમાં સુલતાન મુઝફ્ફરશાહ ૩ જાનું નામ અને હિ. સ. ૯૭૮(ઈ. સ. ૧૫૭૦)નું વર્ષ અપાતું. પછી એને બદલે જામ રાજાનું નામ ને વિ. સં.નું વર્ષ અપાયું. એમાં એ ઉપરાંત નાગરીમાં श्रीजाम લખાતું. આ રાજ્યના મુખ્ય સિક્કા 'કોરી' અને 'દોકડો' તરીકે ઓળખાતા.[૧૦૨] ૧૮૯૩ પછી આ સિક્કા બંધ થયા.

જૂનાગઢના નવાબી રાજ્યમાં પણ કોરી અને દોકડાનું ચલણ હતું. શરૂઆતના સિક્કા મુઘલ બાદશાહ અકબર ૨ જાનું નામ ધરાવતા, પછી એને બદલે નવાબનું નામ અપાતું. એના અગ્રભાગ ઉપર નાગરીમાં નવાબનું બિરુદ 'श्रीदीवान' લખાતું, તેથી એ 'દીવાનશાહી' તરીકે ઓળખાતા. તાંબાના દોકડા છેક છેલ્લા નવાબ મહાબતખાન ૪ થા(૧૯૧૧-૪૭)ના સમય સુધી ચાલુ રહ્યા.[૧૦૩]

વડોદરાના ગાયકવાડી રાજ્યમાં સયાજીરાવ ૧ લાના મુતાલિક બાબાસાહેબ ફત્તેસિંહરાવે સિક્કા પડાવવા શરૂ કર્યા, આથી એ સિક્કા 'બાબાશાહી' તરીકે ઓળખાતા. કંપની સરકારના ૧૦૦ રૂપિયા બરાબર બાબાશાહી ૧૧૪$\frac{૩}{૪}$ રૂપિયા ગણાતા. શરૂઆતના સિક્કાઓ ઉપર ફારસી-માં મુઘલ બાદશાહનું નામ અને નાગરીમાં ગાયકવાડ રાજાના નામનો એકાદ અક્ષર લખાતો. ૧૮૫૮ પછી ગાયકવાડ રાજાનું પોતાનું નામ અપાતું. આ સિક્કાઓ મોહર, રૂપિયા, આણા, પૈસા, અને પાઈ તરીકે ઓળખાતા. સયાજીરાવ ૩ જાના સમય(૧૮૭૫-૧૯૩૯)થી ફારસીને બદલે નાગરી લખાણ અપાતું. એમાં વર્ષ વિક્રમ સંવતનું આપતા.[૧૦૪]

મુંબઈ ઇલાકામાં ઈસ્ટ ઇન્ડિયા કંપની પણ શરૂઆતમાં મુઘલ શૈલીના સિક્કા પાડતી. ૧૮૦૦ થી ૧૮૩૨ દરમ્યાન બાદશાહ શાહઆલમ ૨ જાનું નામ અને એના રાજ્યકાલનું વર્ષ ૪૬ અપાતું. એમાં મુંબઈ ટંકશાળનું નામ લખાતું. આગળ જતાં અંગ્રેજી આંકડામાં ઈ. સ.નું વર્ષ અપાયું. ૧૮૩૫ માં મુઘલ બાદશાહને બદલે બ્રિટિશ રાજાનું નામ અપાયું ને એની આકૃતિ પણ અંકિત થઈ; ને લખાણ ફારસીને બદલે અંગ્રેજીમાં લખાવા લાગ્યું. પૃષ્ઠભાગ પર ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું નામ લખાતું. આ સિક્કાઓમાં ૩ પાઈ = ૧ પૈસો, ૪ પૈસા = ૧ આનો, ૧૬ આના = ૧ રૂપિયો અને ૧૫ રૂપિયા = ૧ મોહર ગણાતી.[૧૦૫]

૧૮૫૮ માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું નામ રદ થયું. ૧૮૭૭ માં વિક્ટોરિયા માટે Queen-ને બદલે Empress પદવી પ્રયોજાઈ. એડવર્ડ ૭ માના સિક્કા પર શહેનશાહની તાજ વગરના



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ખુલ્લા માથાવાળી આકૃતિ અપાતાં લોકો એને 'બોડિયા રાજાના સિક્કા' તરીકે ઓળખતા. હવે રાજાના નામ સાથે King અને Emperor બંને લખાતું. જ્યોર્જ ૫ માના તથા ૬ ઠાના સિક્કા પણ એવું જ લખાણ ધરાવતા.[૧૦૬]

કચ્છના કોઠારા શહેરમાં સં. ૧૯૧૮(ઈ. સ. ૧૮૬૨) માં શાંતિનાથનું દેરાસર બંધાયું ત્યારે તે બંધાવનારાઓએ મુંબઈથી પોતાના ખર્ચે સંઘ કાઢેલો ને નાત-મેળો કરેલો, તેમાં નવ ટંક મીઠાઈ જમાડેલી તેમ જ નાતમાં ઘરદીઠ કાંસાની ૨ થાળી તથા ૨ કોરી તથા ૨½ શેર સાકરની લાણી કરેલી. એમાં બધું ખર્ચ ૬ લાખ કોરીનું થયું હતું.[૧૦૭]

આ દેરાસર બંધાવનાર ત્રણ જણ હતા, તેમાં કેશવજી નાયક કોઠારાના વતની હતા ને વેપાર માટે મુંબઈ રહેતા હતા. કચ્છના ઘણા વણિકો મુંબઈ જઈ ત્યાં વેપાર કરી વિપુલ દ્રવ્ય કમાતા હતા તેનું આ એક પ્રશસ્ય દૃષ્ટાંત છે. એમણે સંઘ કાઢી શત્રુંજય જઈ ત્યાં દેશદેશના સંઘોને તેડાવી અંજનશલાકા પ્રતિષ્ઠા-મહોત્સવ ઊજવ્યો હતો. એ માટે વિશાળ મંડપ કરાવ્યો હતો, એમાં પાષાણનાં તથા ધાતુનાં હજારો નવીન જિનબિંબ સ્થાપીને સાધુઓ પાસે સ્વર્ણશલાકા વડે અંજનક્રિયા કરાવી હતી. ગીતગાનવાદિત્રપૂર્વક જિનપૂજન લેંછનાદિ કરવા માગનાર શ્રાવકોને દાનાદિ દીધાં હતાં.[૧૦૮]

આવો એક ભવ્ય પ્રતિષ્ઠા-મહોત્સવ અમદાવાદમાં હરકુંવર શેઠાણીએ ધર્મનાથ ચૈત્ય અંગે ઊજવ્યો હતો. એને લગતા શિલાલેખ(સં. ૧૯૦૩) માં[૧૦૯] ગુર્જર દેશના વર્ણનમાં જણાવ્યું છે કે सौंदर्ये कोऽपि देशो न भवति सदृशो गुर्जरेणेह लक्ष्म्या । (સૌંદર્યમાં ને લક્ષ્મીમાં ગુર્જર દેશ જેવો કોઈ દેશ નથી.)

ને એની અંદર અમદાવાદ શહેર કેવું છે?

विस्तीर्णहट्टावभिराजमार्गा उत्तुंगहर्म्या जिनशुभ्रगेहाः ।
पुंभिर्धनाढ्यैश्च तथा गुणाढ्यैरहम्मदावाद इतीह द्रंगः ।। १२

(બે વિશાળ હાટ, મોટા રાજમાર્ગ, ઊંચી હવેલીઓ અને શુભ્ર જિનાલયો તથા ધનાઢય અને ગુણાઢય પુરુષો ધરાવતું શહેર)

શેઠ હઠીસિંહને બે પત્ની હતી – રુકમણી અને હરકુંવર. હઠીસિંહે આરંભેલું ને અધૂરું રહેલું ચૈત્યનિર્માણનું કાર્ય હરકુંવર શેઠાણીએ પૂરું કર્યું. કવિ કહે છે :

स्त्रीजातावपि संजाता धन्या हरकुमारिका ।
पुरुषैः कर्तुमशक्यं यत् तत्कार्यं साधितं तया ।।

હરકુંવર સ્ત્રીજાતિમાં જન્મેલ હોવા છતાં, પુરુષો ન કરી શકે તેવું તે કાર્ય તેણે પાર પાડયું.

પ્રતિષ્ઠા–મહોત્સવમાં એણે કુંકુમપત્રિકા મોકલી દેશદેશના સંઘોને તેડાવ્યા. માઘ સુદ છઠે જલયાત્રા કાઢી, સાતમે કુંભસ્થાપન કર્યું, આઠમે અને નોમે નંદ્યાવર્ત-પૂજન કર્યું, દસમે ગ્રહો, દિક્પાલો, ક્ષેત્રપાલો વગેરેનું પૂજન કર્યું, અગિયારસે વીસ સ્થાનોની પૂજા કરી, બારસે સિદ્ધ-ચક્રાદિનું પૂજન કર્યું, તેરસે ચ્યવનનો મહોત્સવ રચ્યો, ચૌદસે જન્મમહોત્સવ, પૂનમે સ્નાત્ર-મહોત્સવ, વદ પડવાએ અષ્ટાદશ-અભિષેક, બીજે પાઠશાલાગમન ઉત્સવ, ત્રીજે વિવાહ-ઉત્સવ,



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ચોથે દીક્ષા-ઉત્સવ, પાંચમે અંજનશલાકા વિધિ, છઠથી દસમ સુધી કલશ ધ્વજદંડની સ્થાપના, અગિયારસે મંદિરમાં બિંબોનો પ્રવેશ અને તેઓની પ્રતિષ્ઠા કરાવી. આમ એ મહોત્સવ કુલ ૨૧ દિવસ ચાલ્યો. મંદિરના બાંધકામમાં ૨૦ લાખનું ખર્ચ થયું હતું ને પ્રતિષ્ઠાના ઉત્સવમાં પાંચ-સાત લાખનું ખર્ચ થયું. હરકુંવર શેઠાણીએ અમદાવાદમાં એક કન્યાશાળા કાઢી સ્ત્રી-કેળવણીના ક્ષેત્રમાંય સક્રિય ફાળો આપ્યો હતો.

ભદ્રેશ્વર(કચ્છ)માં મહાવીર સ્વામીના દેરાસરનો જીર્ણોદ્ધાર સં. ૧૯૩૯(ઈ. સ. ૧૮૮૨-૮૩)માં માંડવીનાં મીઠીબાઈ નામે શ્રાવિકાએ કરાવ્યો હતો. આ માટે એમને ૫૦ હજાર કોરીનું ખર્ચ થયું હતું.[૧૧૦]

મુઘલ, મરાઠા અને બ્રિટિશ કાલ દરમ્યાન સ્થાપત્ય તથા કબરોને લગતા ઇતર જાતિઓના કેટલાક અભિલેખ પ્રાપ્ત થાય છે. દમણમાં કિલ્લાના કોટ તથા દરવાજા ઉપર એના નિર્માણને લગતા અભિલેખ નજરે પડે છે. એક શિલાલેખ (ઈ. સ. ૧૫૮૧) ફિરંગી વિજયની યાદગીરીને લગતો છે. આ સમયના કબરલેખોમાં વલંદાઓ તથા આર્મેનિયનોના અભિલેખ નોંધપાત્ર છે. વલંદાઓની કબરો ગુજરાતમાં કેટલાંક સ્થળોએ આવેલી છે, જેમ કે ભરૂચ, સુરત અને અમદાવાદમાં. એમાં સહુથી વધુ અભિલેખ ૧૭ મી સદીના મળે છે, થોડાક ૧૬ મી અને ૧૮ મી સદીના. ખ્રિસ્તી આર્મેનિયનોનાં કબરસ્તાન વલંદાઓનાં કબરસ્તાનોની નજીક આવેલાં હતાં.

અમદાવાદમાં વિ. સં. ૧૮૬૮(ઈ. સ. ૧૮૧૨)માં ફત્તેસિંહરાવ ગાયકવાડ આવેલા ત્યારે સ્થાનિક પ્રજાના પ્રતિનિધિઓએ કરેલી અરજ પરથી તેમણે અપુત્ર પિતાની મિલકત સારુ થતી સરકારી હરકત દૂર કરી અને એને લગતો લેખ પથ્થર પર કોતરાવી બજારમાં લગાવરાવ્યો. એ શિલાલેખ હાલ અમદાવાદના ત્રણ દરવાજાના એક ગોખલામાં લગાવેલો છે.[૧૧૧]

ગુજરાતમાં યહૂદીઓનાં કબરસ્તાન અનેક સ્થળોએ આવેલાં છે. આ યહૂદીઓ મહારાષ્ટ્રમાં આવી વસેલા બેને-ઈઝરાએલ છે. અમદાવાદના હાલના યહૂદી કબરસ્તાનમાં પ્રવેશદ્વારમાં એક શિલાલેખ છે. એ જણાવે છે કે એની કેટલીક જમીન ડૉ. જોસેફ સોલોમન દાંડેકરે ઈ. સ. ૧૮૭૬ માં વેચાતી લઈ પોતાના પિતાના સ્મરણાર્થે કબરસ્તાન માટે ભેટ આપી છે, ને બાકીની જમીન સરકારે મફત આપી છે. આ કબરસ્તાનમાં હાલ લગભગ ૪૦૦ જેટલી કબરો છે. આ લેખોમાં મરનારનું પૂરું નામ તથા મૃત્યુદિન ઉપરાંત એની ઉંમર અને કેટલીક વાર હોદ્દો તથા જન્મદિન પણ જણાવવામાં આવે છે. આ કબર-લેખોમાં વહેલામાં વહેલું વર્ષ ઈ. સ. ૧૮૮૭ મળે છે.[૧૧૨]

અમદાવાદના સેંટ જ્યૉર્જ ચર્ચના કંપાઉન્ડમાં, ઈ. સ. ૧૮૯૫ થી ૧૮૯૮ દરમ્યાન મૃત્યુ પામેલા લશ્કરી અફસરો અને અન્ય માણસોને લગતા લેખ પણ કોતરેલા છે. વળી પહેલા વિશ્વયુદ્ધ દરમ્યાન મેસોપોટેમિયા અને પૂર્વ આફ્રિકામાં યુદ્ધમાં મૃત્યુ પામેલા લશ્કરી અફસરો તથા સૈનિકોનો સ્મૃતિલેખ પણ ત્યાં છે.

આમ અભિલેખોમાં ગુજરાતના સામાજિક તથા આર્થિક ઇતિહાસને ઉપયોગી કેટલીક માહિતી મળી રહે છે.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## પાદટીપો

૧. ગુજરાતના ઐતિહાસિક લેખો, ભા. ૧, લે. ૬
૨. એજન, લે. ૧૧
૩. એજન, લે. ૨–૫
૪. એજન. લે. ૭
૫–૬. એજન, લે. ૬
૭. હ. ગં. શાસ્ત્રી, 'મૈત્રકકાલીન ગુજરાત', પરિશિષ્ટ ૩
૮. એજન, પૃ. ૬૧૧
૯. એજન, પ્રકરણ ૩, ૮, ૯
૧૦. એજન, પૃ. ૬૦૮–૬૦૯
૧૧–૧૨. એજન, પરિશિષ્ટ ૭
૧૩. એજન, પરિશિષ્ટ ૮
૧૪. એજન, પ્રકરણ ૧૨
૧૫. મૈત્રક કાલ અને અનુ–મૈત્રક કાલ, પ્ર. ૮–૯
૧૬. ગુ. ઐ. લે., ભા. ૨, લે. ૧૨૮; ભા. ૩, લે. ૬૩૦ અ
૧૭. બુદ્ધિપ્રકાશ, પુ. ૧૦૮, પૃ. ૩૧૩–૩૧૭; *E. I.*, Vol. XXXII, pp. 45 ff
૧૮. ગુ. ઐ. લે., ભા. ૩, લે. ૧૨૫ બ
૧૯. સોલંકી કાલ, પૃ. ૨૨૯
૨૦. ગુ. ઐ. લે., ભા. ૨, લે. ૧૪૦
૨૧–૨૨. સોલંકી કાલ, પ્રકરણ ૯
૨૩. ગુ. ઐ. લે., ભા. ૨, લે. ૧૪૫
૨૪. એજન, લે. ૧૪૭
૨૫. એજન, લે. ૧૫૫
૨૬. એજન, ભા. ૩, લે. ૧૫૮ અ
૨૭. એજન, ભા. ૨, લે. ૧૬૩
૨૮. દુ. કે. શાસ્ત્રી, 'ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ', પૃ. ૪૧૭
૨૯. મુનિ જિનવિજય, 'પ્રાચીન જૈનલેખસંગ્રહ', ભા. ૨, લે. ૧૩૧
૩૦. ગુ. ઐ. લે., ભા. ૨, લે. ૧૬૮
૩૧. એજન, લે. ૧૭૦
૩૨. એજન, ભા. ૩, લે. ૨૧૬
૩૩. એજન, લે. ૨૧૭
૩૪. એજન, લે. ૨૨૩
૩૫. એજન, લે. ૨૧૮
૩૬. એજન, લે. ૨૨૨
૩૭. એજન, લે. ૨૨૩
૩૮. એજન, લે. ૨૨૬, ૨૩૯
૩૯. એજન, લે. ૨૦૬
૪૦. એજન, લે. ૨૪૩
૪૧. ગુ. ઐ. લે., ભા. ૪, લે. ૨
૪૨. એજન, લે. ૧૯
૪૨અ. એજન, લે, ૩
૪૩. એજન, લે. ૭
૪૪. એજન, લે. ૧૨
૪૫. એજન, લે. ૨૦



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૪૬. એજન, લે. ૨૦અ
૪૭. એજન, લે. ૨૧
૪૮. એજન, લે. ૧૪-૧૫
૪૯. એજન, લે. ૨૩
૫૦. એજન, લે. ૨૮
૫૧. એજન, લે. ૩૦
૫૨. એજન, લે. ૩૫-૩૬
૫૩. એજન, લે. ૩૮
૫૪. એજન, લે. ૪૬
૫૫. એજન, લે. ૫૦
૫૬. એજન, લે. ૫૫
૫૭. એજન, લે. ૬૪
૫૮. એજન, લે. ૭૦
૫૯. એજન, લે. ૭૪
૬૦. એજન, લે. ૭૭
૬૧. એજન, લે. ૭૮
૬૨. એજન, લે. ૭૯
૬૩. એજન, લે. ૮૬
૬૪. એજન, લે. ૯૦-૯૧
૬૫. એજન, લે. ૯૫
૬૬. એજન, લે. ૧૦૨
૬૭. એજન, લે. ૧૦૮
૬૮. એજન, લે. ૧૯અ
૬૯. પ્રાજૈલેસં, ભા. ૨, લે. ૪૫૦; *Inscriptions of Kathiawad*, Nos. 107, 108; ગુ. ઐ. લે., ભા. ૫, લે. ૮-૯
૭૦. પ્રાજૈલેસં, ભા. ૨, લે. ૫૧૧; ગુ. ઐ. લે , ભા. ૫, લે. ૬૭
૭૧. એજન, લે. ૫૧૨; એજન, લે. ૬૮
૭૨. *I. K.*, No. 111; એજન, લે. ૧૨૫
૭૩. *I. K.*, Nos. 112-116, 118, 119, 121, 122, 125
૭૪. *I. K.*, No. 117; એજન, લે. ૧૧૨
૭૫. *I. K.*, Nos. 128, 139, 156, 158
૭૬. *I. K.*, No. 143; ગુ. ઐ. લે., ભા. ૫, લે. ૧૬૮
૭૭. *I. K.* No. 151
૭૮. *I. K.* No. 155; એજન, લે. ૧૧૯
૭૯. *I. K.*, No. 164
૮૦. પ્રાજૈલેસં, ભા. ૨, લે. ૪૫૧; ગુ. ઐ. લે., ભા. ૫, લે. ૬૩
૮૧. એજન, લે. ૫૦૩-૫૦૪
૮૨. એજન, લે. ૪૫૮
૮૩. એજન, લે. ૪૪૬
૮૪. એજન, પૃ. ૩૪-૩૬
૮૫. એજન, લે. ૧૭-૨૦; ગુ. ઐ. લે., ભા. ૫, લે. ૩૪-૩૭
૮૬. D. P. Khakhar, *Report on the Architectural and Archaeological Remains in the Province of Kachh*, *App.* I, Nos. 2-6; ગુ. ઐ. લે., ભા. ૫, લે. ૧૦૦-૧૦૩
૮૭. *Ibid.*, No. 44; એજન, લે. ૮૭
૮૮. *Ibid.*, No. 17; એજન, લે. ૮૬
૮૯. *Ibid.*, No. 38
૯૦. *Ibid.*, No. 44; ગુ. ઐ. લે., ભા. ૫, લે. ૮૭
૯૧. *Ibid.*, No. 46; એજન, લે. ૧૦૪
૯૨. *Journal of the University of Bombay*, Vol. V, pp. 144 ff.; એજન, લે. ૫૪
૯૩. બુદ્ધિપ્રકાશ, વર્ષ ૮૩, પૃ. ૨૯૨-૨૯૬; એજન, લે. ૫૫



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૯૪. *I. K.* No. 187

૯૫. *Vallabh Vidyanagar Research Bulletin*, Vol. I, Issuue 2, International Language Section, Nos. 28–30

૯૬. પ્રાજૈલેસ, ભા. ૨, લે. ૪૬૦

૯૭. એજન, લે. ૫૩૪

૯૮. એજન, લે. ૫૫૭

૯૯. એજન, લે. ૫૦૫

૧૦૦. હ. ગં. શાસ્ત્રી અને પ્ર. ચિ. પરીખ, 'ભારતીય સિક્કાશાસ્ત્ર,' પૃ. ૨૫૩

૧૦૧. એજન, પૃ. ૨૫૪

૧૦૨. એજન, પૃ. ૨૫૫

૧૦૩. એજન, પૃ. ૨૫૬

૧૦૪. એજન, પૃ. ૨૫૬–૨૫૭

૧૦૫. એજન, પૃ. ૨૩૪–૨૪૧

૧૦૬. એજન, પૃ. ૨૪૨–૨૪૪

૧૦૭. Khakhar, *op. cit.*, No. 1

૧૦૮. પ્રાજૈલેસ', ભા. ૨, લે. ૩૨અ

૧૦૯. એજન, લે. ૫૫૬

૧૧૦. ૨. દી. દેસાઈ, 'શ્રી ભદ્રેશ્વર–વસઈ મહાતીર્થ,' પૃ. ૧૫૨–૧૫૪, પૃ. ૬૬

૧૧૧. વિદ્યાપીઠ, સળંગ અંક ૧૦૫, પૃ. ૬૧–૬૭

૧૧૨. વિદ્યાપીઠ, સળંગ અંક ૧૧૦, પૃ. ૩ થી ૮



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## વ્યાખ્યાન ૫ મું

# ભાષા, લિપિ અને કાલગણના

**ભાષા**

અભિલેખ કોઈ ટકાઉ પદાર્થ પર કોતરેલા હોઈ, એમાં એ જે સમયે કોતરાયા હોય તે સમયની લિપિ તથા ભાષા અક્ષરશ: યથાવત્ જળવાઈ રહે છે. હસ્તલિખિત ગ્રંથોમાં તો જૂની હસ્તપ્રત કાળબળે નષ્ટ થતી જાય છે ને એના પરથી પછીના સમયમાં ઉતારેલી પ્રત કામ લાગે છે. બીજી પ્રત નષ્ટ થાય છે ને ત્યારે એના પરથી ઉતારેલી એથીય અનુકાલીન પ્રત પ્રયોજાય છે. આમ મૂળ પ્રત પરથી બીજી, બીજી પરથી ત્રીજી, ત્રીજી પરથી ચોથી – એમ ઉત્તરોત્તર પ્રતિલિપિ થયા કરે ત્યારે જાણ્યે-અજાણ્યે દૃષ્ટિદોષથી કે લેખિનીદોષથી પ્રત્યેક પ્રતિલિપિમાં કંઈ ને કંઈ પાઠદોષ ઉમેરાયા કરે છે. કેટલીક વાર સમય જતાં ભાષાસ્વરૂપ બદલાતું રહે તેમ પ્રતિલિપિમાં મૂળસ્વરૂપના સ્થાને પ્રતિલિપિના તે તે કાલનું ભાષાસ્વરૂપ પ્રયોજવાનો સભાન પ્રયત્ન થતો રહે છે, તો કેટલીક વાર મૂળના આર્ષ પ્રયોગોને કે વ્યાકરણ છંદ કે અર્થની રીતે અશુદ્ધ લાગતા પ્રયોગોને પોતાની કલ્પના અનુસાર શુદ્ધ કરતા રહેવાનો પ્રયત્ન થયા કરે છે. આથી હસ્તપ્રતોમાં મૂળ પાઠ ભાગ્યે જ યથાવત્ સચવાઈ રહે છે, જ્યારે અભિલેખોમાં એ ભય લેશ પણ રહેતો નથી.

ગુજરાતમાં ઐતિહાસિક કાલના સહુથી પ્રાચીન અભિલેખ અશોકના જૂનાગઢ શૈલલેખ છે.[૧] એ લેખ એક પ્રકારની પ્રાકૃત ભાષામાં લખેલા છે. આ લેખોની નકલો અશોકના વિશાળ રાજ્યના અનેક પ્રાંતોનાં વડાં મથકોએ કોતરેલી છે. આથી એ મૂળ પાઠ તો બધે મગધથી મોકલેલો હોવો જોઈએ. પરંતુ દરેક સ્થળે એને તે તે પ્રદેશની પ્રચલિત પ્રાકૃતમાં લખેલો છે ને ત્યાં ત્યાં તે તે પાઠ યથાવત્ જળવાઈ રહ્યો છે. વાયવ્ય સરહદ પ્રાંતમાં ઉત્તરપશ્ચિમી; ઉત્તર પ્રદેશ, ઓરિસ્સા અને દખ્ખણમાં પૂર્વી; અને ગુજરાત તથા કોંકણમાં પશ્ચિમી ભાષાસ્વરૂપ પ્રયોજાયું છે. એમાં અહીં પ્રયોજાયેલું ભાષાસ્વરૂપ માગધી કે અર્ધમાગધીને બદલે પાલિ સાથે ઘણું સામ્ય ધરાવે છે. આમાં અકારાન્ત પુંલ્લિગ શબ્દોને પ્રથમા એકવચનમાં ओ પ્રત્યય (દા. ત. न च समाजो कतव्यो), સપ્તમી એકવચનમાં म्हि પ્રત્યય (દા.ત. समाजम्हि, महानसम्हि), श અને षનું सમાં પરિવર્તન (દા.ત. सत, पसु, दोस, सुस्रूसा), र નું અ-પરિવર્તન (દા. ત. राजा, राजूके, अंतरं), न નું અ-પરિવર્તન (દા. ત. देवानं, मनुस, दानं), तનું અ-પરિવર્તન (દા. ત. कता, ती, यत्र) णનું અ–પરિવર્તન (દા.ત. प्राणा, बाम्हण, गणनायं), સંયુક્ત વ્યંજનનું સરલીકરણ (દા.ત. पसति, अज, राजूके, वासेसु, अतिक्रातं) તથા અ-સરલીકરણ (દા.ત. आरभित्पा, कतव्यो, द्वो, द्वादस, व्यंजनतो, बाम्हण, हस्ति), સંયુક્તાક્ષરોમાં વ્યંજનોનો વ્યુત્ક્રમ (દા.ત. पिय, आरभिप्ता, पंजूहितय्वं, कतय्वो, पाण, सुर्सूसा), ज्ञનું ञમાં પરિવર્તન (દા.ત. राञा, आञपितं, अञो, ञातीनं), અંત્ય હલંત વ્યંજનનો લોપ (દા. ત. पछा, त)



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઇત્યાદિ.[૨] આમ અશોકના મુખ્ય શૈલલેખોની જૂનાગઢ વાચના એ કાલમાં આ પ્રદેશમાં પ્રયોજાતા પ્રાકૃતભાષાના સ્વરૂપનો સચોટ ખ્યાલ આપે છે.

અનુ-મૌર્ય કાલના સિક્કાલેખોમાં જે ભારતીય ભાષા પ્રયોજાઈ છે તે પ્રાકૃત છે, દા. ત. महरजस, त्रतरस, मेनद्रस.

ક્ષત્રપકાલ દરમ્યાન આરંભમાં પ્રાકૃત ભાષા વપરાતી, પરંતુ એમાં સંસ્કૃતની અસર ભળી હોય છે. દા. ત. राज्ञो रुद्रदामस जयदामपुत्रस. રાજા મહાક્ષત્રપ રુદ્રદામા ૧ લાના જૂનાગઢ શૈલલેખમાં[૩] પૂર્ણ સંસ્કૃત ભાષાના પ્રયોગનો એક પ્રાચીનતમ નમૂનો મળે છે. એમાં સંસ્કૃત ભાષામાંય વૈદિક સંસ્કૃતની જેમ ळનો પ્રયોગ થયો છે એ નોંધપાત્ર છે, જેમ કે पाळी, प्रणाळी, व्याळ. અક્ષરવિન્યાસની બાબતમાં સંયુક્તાક્ષરોમાં પૂર્વવર્તી र् પછી આવતા વ્યંજનને બેવડાવવાની અભિરુચિ (દા. ત. सर्व्व, पर्व्वत, वर्त्तते, मार्ग्ग, जर्ज्जर, पूर्व्व, अर्त्थ, कीर्त्ति, आर्य्य) નોંધપાત્ર છે. [૩અ] આ લક્ષણ પછી લાંબા કાલ લગી ચાલુ રહ્યું. ક્ષત્રપકાલ દરમ્યાન એ પછી પણ પ્રાકૃતની છાંટવાળી સંસ્કૃત ભાષા પ્રચલિત રહી હતી, પરંતુ ગુપ્તકાલથી અભિલેખોમાં હંમેશાં સંસ્કૃત ભાષા જ વપરાતી રહી.

મૈત્રક કાલનાં દાનશાસનોમાં અક્ષરવિન્યાસનાં કેટલાંક અન્ય લક્ષણ પ્રચલિત થયાં, જેમ કે સંધિના વિકલ્પની અભિરુચિ (દા. ત. महापातकैस्सोपपातकैस्संयुक्तस्स्यादिति), અનુસ્વારને બદલે અનુનાસિક પ્રયોજવાની અભિરુચિ (દા.ત. अङ्ग, पञ्च, मण्डल, मन्द, कुटुम्ब, वङ्श, ध्वन्स), क અને પની પહેલાં વિસર્ગના સ્થાને જિહ્‌વામૂલીય તથા ઉપધ્માનીયનું યુક્તચિહ્‌ન પ્રયોજવાની અભિરુચિ (દા.ત. शीलादित्यकुशली, मनपरितोष). હજી વિરામચિહ્‌નનો ઉપયોગ ઘણો ઓછો થતો. અવગ્રહ અને સંક્ષેપ માટે કોઈ ચિહ્‌ન પ્રયોજાતાં નહીં.

આ દાનશાસન સંસ્કૃતમાં લખાયાં છે ને સંસ્કૃત અભિલેખોમાં છેક સુધી ભાષાનાં કોઈ નોંધમાત્ર પરિવર્તન ભાગ્યે જ નજરે પડે છે. મૈત્રક કાલના આ તામ્રપત્ર-લેખોમાં વિશેષનામોમાં ક્યારેક પ્રાકૃત કે દેશ્ય રૂપ પ્રયોજાયાં છે, જેમકે મનુષ્યનામોમાં भटक्क; (પછીથી भटार्क्क), उज्झक, कक्क, किक्कक, खन्द, खोक्खक, गुग्गक, चच्छर, जज्जु, णण्ण, दुद्दा, देवदिन्न, बप्प, मम्मक, मिम्मा, रोग्घ, सग्गळ, सीह;[૪] તેમ જ સ્થળનામોમાં उच्चा, कक्किज्ज, काण्ढज्ज, कुक्कट, खज्जुरि, त्रेयण्ण, दुहुदुहु, देयथलि, धम्मणहड्डिका, निग्गुडक, पिप्पल, भेरज्जिका, मोरंजिज्ज, वप्पोइका, शोणव्त्रा, सावत्थी, सीहमुहिज्ज, सीहाणक વગેરે.[૫] અલબત્ત સંસ્કૃત અભિલેખોમાં કેટલાંક વિશેષનામોનાં, ખાસ કરીને સ્થળનામોનાં, સંસ્કૃતીકૃત રૂપ અપાતાં, જેમ કે सिंहपुर, कुक्कुट, भल्लर, नगरक, खेटक, उन्नत, कोणक, श्रद्धिका, वर्द्धमान, गोद्रहक.[૬]

કેટલીક વાર આ સંસ્કૃતીકરણ કૃત્રિમ-કપોલકલ્પિત હોય છે. અનુ-મૈત્રક કાલમાં 'અંક્લેશ્વર'ને માટે કેટલાંક દાનશાસનોમાં अंकुलेश्वर, તો બીજાં કેટલાંકમાં अक्रूरेश्वर રૂપ પ્રયોજાયું છે! બોરસદને સંસ્કૃતમાં बदरसिद्धि કહેતા. ભરૂચને भरुकच्छ કહેતા; भृगुकच्छ પાછળથી ઊપજ્યું. ખંભાતને સંસ્કૃતમાં स्तंभतीर्थ કહેતા; स्तम्भनक થામણા (ઉમરેઠ પાસે) માટે વપરાતું સંસ્કૃત રૂપ છે. ગિરનાર માટે ક્ષત્રપ કાલમાં ऊर्जयत् એવું સંસ્કૃત રૂપ વપરાતું,



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જ્યારે સોલંકી કાલમાં એને બદલે उज्जयंत એવું प्राकृत રૂપ રૂઢ થયું. કપડવણજને कर्पट-वाणिज्य કહેતા. કામરેજને कम्मणिज्ज-कार्मणेय કહેતા. વડોદરાને वटपद्रक અને હરસોલને हर्षपुर કહેતા. મહિસાને माहिषक, કાવીને काम्पिका, ધૂમલીને भूमिलिका કે भूताम्बिलिका કહેતા! સોલંકી કાલમાં ગાંભુને गंभूता, મોઢેરાને मोढेरक અને મહેસાણાને महिषाणक કહેતા; સોરઠને મૈત્રક કાલમાં सुराष्ट्र અને સોલંકી કાલમાં सौराष्ट्र કહેતા. વડનગર હજી आनन्दपुर નામે અને સિદ્ધપુર श्रीस्थल નામે ઓળખાતું. નાંદોદને અગાઉ नंदिपद्र કહેતા, સંખેડાને संगमखेटक, દાહોદને दधिपद्र અને ગોધરાને गोद्रहक. ધોળકાને સોલંકી કાલમાં સંસ્કૃતમાં धवलक्कक કહેતા. નવસારી માટે नवसारिका અથવા કેટલીક વાર नागसारिका એવું કૃત્રિમ રૂપ પ્રયોજાતું.[૭]

સોલંકી કાલના અભિલેખોમાં અક્ષરવિન્યાસનાં કેટલાંક પૂર્વકાલીન લક્ષણ ઓછાં થયાં છે, તો વિરામચિહ્નોમાં અવગ્રહનું લોપચિહ્ન, સંક્ષેપચિહ્ન ઇત્યાદિ પ્રચલિત થયાં છે. संवत्०,शु० दि० અને ब० दि० સંક્ષિપ્તરૂપ મટી હવે આખા શબ્દ ગણાવા લાગ્યા![૮]

સલ્તનત કાલમાં અભિલેખોમાં સંસ્કૃતનો ઉપયોગ ચાલુ રહ્યો. મુસ્લિમોને લગતા અભિલેખોમાં અરબી ભાષા સોલંકી કાલથી પ્રયોજાતી હતી.[૯] સોમનાથ પાટણની કાજી મસ્જિદને લગતો લેખ અરબીમાં તેમ જ સંસ્કૃતમાં લખાયો છે.[૧૦] આમ ક્યારેક એક ને એક બાબતનું દ્વિભાષી લખાણ કોતરાતું.

સલ્તનતના અમલ દરમ્યાન દરબારી અને દફતરી ભાષા તરીકે ફારસીનો ઉપયોગ થતાં એ ભાષાનો ઉપયોગ વધ્યો ને કેટલાક પારિભાષિક અરબી-ફારસી શબ્દ સંસ્કૃત લખાણોમાં પણ પ્રયોજાવા લાગ્યા. 'સુલતાન'નું સંસ્કૃતીકરણ सुरत्राण થયું. દીવાન, મલિક, પાતસાહ—પાદશાહ—પાતસાહિ, કાદી, સુલતાન, ખાન, શહર, ઑર્ફ (ઉર્ફે), મસીત, હજીરા, બીબી, બંદર વગેરે શબ્દ સંસ્કૃત લખાણમાં પ્રયોજાતા થયા.

દિલ્હીને 'યોગિનીપુર' કહેતા. સલ્તનત કાલના મસ્જિદોના અને મકબરાઓ કે કબરોના અભિલેખો પૈકી ઘણા અરબીમાં અને કેટલાક ફારસીમાં લખાયા છે. ભૂમિદાન વગેરેને લગતા ઘણા શિલાલેખ ફારસીમાં છે.

ગુજરાતમાં સલ્તનત કાલ દરમ્યાન ત્રણસોએક અભિલેખ અરબી-ફારસીમાં લખાયા છે ને મુઘલ કાલ દરમ્યાન બસોએક.[૧૧] મુસ્લિમ શાસકોના સિક્કાઓ પરનાં લખાણ તો અરબી-ફારસીમાં જ અપાતાં. અરબી-ફારસી અભિલેખ મોટે ભાગે દરગાહ, મસ્જિદ કે રોજાના, ક્યારેક ઇદગાહ કે કબર કે મકબરાના ને ક્વચિત્ દરવાજો કે હવેલી જેવી ઇમારતના, તો કેટલીક વાર વાવના નિર્માણનો વૃત્તાંત આપે છે.

આ કાલનું એક બીજું ભાષાકીય પરિવર્તન એ છે કે હવે કેટલાક અભિલેખોમાં આરંભમાં મિતિ વગેરે સંસ્કૃતમાં આપીને પૂર્તનિર્માણ વગેરેની હકીકત ગુજરાતીમાં નોંધવામાં આવી છે. આ પરથી તે તે સમયની ગુજરાતીનું ભાષાસ્વરૂપ જાણવા મળે છે. જેમ કે સં. ૧૫૩૬ માં પોરબંદર પ્રદેશમાં नागर न्याति वाणि सूरा सुत मुंजालिए वाव्य कराव्यु;[૧૨] સં. ૧૫૪૦ માં



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

માંગરોળ પ્રદેશમાં गायिनी वाहरि मरण दीधूं;[૧૩] સં. ૧૫૫૫ માં અમદાવાદ પ્રદેશમાં वरसायीनी धर्मपत्नी राणी श्री रूडबाईइ भर्त्तारनइ परलोकार्थि अडालिजि वावि करावी.[૧૪] પણ એ પહેલાં સં. ૧૪૫૧ માં પ્રભાસ પ્રદેશમાં रजपूर्ति जीवंइव्यं कहुं पत्तनन पोलि महारुं पालीउ कर्यो; (રજપૂતે જીવતાં કહ્યું, પત્તનની પોળમાં મારો પાળિયો કરો.)[૧૫] આમ ઈસ્વી ૧૪મી–૧૫મી સદીની ગુજરાતીનું ભાષાસ્વરૂપ આવા અભિલેખોમાં અક્ષરશ: યથાવત્ જળવાયું છે.

મુઘલ કાલના અભિલેખોમાં ગુજરાતીનું અર્વાચીન ભાષાસ્વરૂપ લગભગ પૂર્ણરૂપે જોવામાં આવે છે, જેમકે ઝાલાવાડમાં સં. ૧૬૮૫ માં गोपालए श्रीमंडपरायजीनो प्रासाद कराव्यो छे,[૧૬] ઓખામંડળમાં સં. ૧૭૨૦ માં राणा आखेराजजी मरण पाम्या,[૧૭] હાલારમાં સં. ૧૭૪૫ માં वाघेर साथे मामलो थीओ तीहां देवतन पामो छे,[૧૮] સં. ૧૭૪૯ માં लाडबाईए सहगमन कीधुं छे,[૧૯] ગોહિલવાડમાં સં. ૧૭૯૨ માં बुघवारे देरु संपूरण कीधुं छे. . . वाळा खेंगारजीनी वारमां काम थीयुं छे. माहादेवनुं नाणुं हतुं ते माहादेवने काम आवुं छे,[૨૦] લીમડીમાં સં. ૧૭૯૪ માં कुवरश्री अमरसंघजीनो पालियो चोढो छे.[૨૧]

એવી રીતે કચ્છમાં સં. ૧૬૮૮ માં श्री भारमल्लजी स्वर्ग पधार्या ते वेलाए जूनागढना राउ श्रीमंडलीक पुत्री बाई श्री लीलावतीये सहगमन कीधूं,[૨૨] સં. ૧૭૯૦ માં कुंवर श्री लाखाजीनी माताजीए श्रीनारायणसरनी पाल बंधावी मंदीर चणावीने श्रीत्रिकमरायजीनी प्रतिष्ठा कीधी छे,[૨૩] ને સં. ૧૮૦૫ માં तेने दिन १० सुधी नित नवा भोजन जमाडीआ पछे सरवे संतने रुडी भांते घोडा तथा हीरागल वस्त्र तथा सुवर्ण कोरीउं दैने सीख कीधी.[૨૪]

સલ્તનત કાલ, મુઘલ કાલ અને મરાઠા કાલમાં ઘણા અભિલેખ સંસ્કૃતમાં લખાયા છે. મરાઠા કાલમાંય કોઈ અભિલેખ મરાઠીમાં ભાગ્યે જ લખાયા છે.[૨૫] વલંદાઓની કબરો પરના લેખોમાં આર્મેનિયન ભાષા પણ પ્રયોજાઈ હતી.[૨૬] ક્યારેક પ્રસંગોપાત્ત વ્રજભાષા કે મારવાડી ભાષા પણ વપરાઈ છે.[૨૭] ઈડર રાજ્યનાં મરાઠા કાલનાં તામ્રપત્ર મારવાડીની છાંટવાળી ગુજરાતી ભાષામાં લખાયાં છે.[૨૮] બ્રિટિશ કાલ દરમ્યાન અભિલેખોમાં સંસ્કૃતને બદલે ગુજરાતીનો ઉપ-યોગ વધતો ગયો. સરકારી કે સાર્વજનિક ઇમારતોને લગતા અભિલેખોમાં રાજભાષા અંગ્રેજી પ્રયોજાવા લાગી. વલંદાઓના કબરલેખો સામાન્ય રીતે ડચ ભાષામાં હોય છે. એ સમયની કબરો પરના કેટલાક લેખોમાં આર્મેનિયન ભાષા પ્રયોજાઈ છે, જેમ કે સુરત અને અમદાવાદમાં. દીવ અને દમણમાં ફિરંગીઓના લેખ પોર્ટુગીઝ ભાષામાં લખાતા. ક્યારેક આખું લખાણ લૅટિનમાં હોય છે, જેમ કે દીવના કિલ્લાના દરવાજા ઉપરનો લેખ. અંગ્રેજોના અભિલેખ અંગ્રેજી ભાષામાં લખાયા છે. યુરોપીય કબરલેખોમાં વર્ષ માટે Anno, ઈ. સ. માટે Anno Domini અને ઉંમરના વર્ષ માટે Anno Aetatis જેવા લૅટિન શબ્દ પ્રયોજાયેલા છે.

પારસીઓના શિલાલેખ મોટે ભાગે ગુજરાતી ભાષામાં લખેલા હોય છે. એમાંના જૂના લેખોમાં પારસી બોલીનું વિલક્ષણ સ્વરૂપ વિપુલ પ્રમાણમાં નજરે પડે છે.

ગુજરાતમાંના યહૂદીઓ મહારાષ્ટ્રમાં આવી વસેલા બેને-ઇસરાએલ હોઈ, તેઓના શિલા-લેખોમાં હિબ્રૂ અને મરાઠી ભાષા પ્રયોજાઈ છે. વળી એમાં અંગ્રેજી ભાષા પણ પ્રચલિત છે. કબર-લેખોમાં એ ઉપરાંત ક્યારેક ગુજરાતી ભાષા પણ પ્રયોજાય છે.






Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગુજરાતમાં શીખોના શિલાલેખ સામાન્ય રીતે અંગ્રેજીમાં કે અંગ્રેજી અને ગુજરાતીમાં હોય છે. એમનાં ધર્મવચન પંજાબી ભાષામાં હોય છે. રાષ્ટ્રીય અસ્મિતા ખીલતાં અને આઝાદી મળતાં સાર્વજનિક સંસ્થાઓને લગતા અભિલેખોમાં તેમ જ સ્મારક અભિલેખોમાં પ્રાદેશિક ભાષા તરીકે ગુજરાતી ભાષા પ્રયોજાતી રહી છે. રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતા કે રાષ્ટ્રીય દરજ્જાની વ્યક્તિઓ સાથે સંકળાયેલા ખાતમુર્હૂત શિલારોપણ ઇત્યાદિ સમારંભોને લગતા તકતી-લેખોમાં રાષ્ટ્રભાષા પણ પ્રયોજાય છે.

**લિપિ**

સાહિત્યની જેમ અભિલેખોમાં પણ ભાષાને અનુરૂપ લિપિ પ્રયોજાતી રહી છે.

અશોકના જૂનાગઢ શૈલલેખ જે લિપિમાં કોતરાયા છે તેને 'બ્રાહ્મી લિપિ' કહે છે. દેવનાગરી, ગુજરાતી, બંગાળી અને અન્ય વર્તમાન ભારતીય લિપિઓ બ્રાહ્મી લિપિનો પરિવાર છે. પરંતુ સમય જતાં બ્રાહ્મીના લિપિસ્વરૂપમાં આટલા લાંબા ગાળામાં એટલું બધું પરિવર્તન થયું છે કે વર્તમાન લિપિ-સ્વરૂપો પરથી એના મૌર્યકાલીન અક્ષરો ઉકલે નહીં. મૌર્યકાલીન બ્રાહ્મી લિપિના વર્ણ તો એનાં અનુકાલીન ક્રમિક પરિવર્તનોના તુલનાત્મક અભ્યાસના આધારે મહામહેનતે ઉકેલી શકાયા છે. (જુઓ નીચેનો આલેખ.)





Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ વ્યાખ્યાતાના માર્ગદર્શન નીચે તૈયાર કરેલા મહાનિબંધ પરથી ડૉ. પ્ર. ચિ. પરીખે 'ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિવિકાસ' કાલક્રમે કોષ્ઠકો આપીને નિરૂપ્યો છે.

બ્રાહ્મી લિપિમાં અક્ષરો ઉપર શિરોરેખા કરાતી નહીં. इ, उ, અને एની જેમ ओ માટે પણ સ્વતંત્ર ચિહ્ન હતું. અંતર્ગત आ, इ, ई, ए, ऐ, ओ અને औ નાં ચિહ્ન સામાન્ય રીતે વ્યંજનની ટોચે ને અંતર્ગત उ અને ऊ નાં ચિહ્ન વ્યંજનની નીચે ઉમેરાતાં. સંયુક્તાક્ષરોમાં ઉત્તરવર્તી વ્યંજન પૂર્વવર્તી વ્યંજનની નીચે જોડાતો.[૨૯]

ક્ષત્રપ કાલ (૧ લીથી ૪ થી સદી) દરમ્યાન અહીં ઉત્તર ભારત કરતાં દક્ષિણ ભારતના લિપિસ્વરૂપની વિશેષ અસર પ્રવર્તી. પહોળી ધારવાળી કલમને લીધે અક્ષરની ઊભી ટોચ ઘાટી બની, જેમાંથી ધીમે ધીમે શિરોરેખા વિકસી. કેટલાક અક્ષરોની ઊંચાઈ વધી, તો કેટલાકની પહોળાઈ વધી. મૂળાક્ષરોના તથા અંતર્ગત સ્વર-ચિહ્નોના મરોડ વળાંકદાર બન્યા.[૩૦] સંખ્યાદર્શક અંકચિહ્ન શિલાલેખોમાં અને ખાસ કરીને સિક્કાલેખોમાં પ્રયોજાયાં છે. એ અંકચિહ્ન પ્રાચીન પદ્ધતિનાં છે, જેમાં શૂન્યનું ચિહ્ન નહોતું ને ૧ થી ૯ ની જેમ ૧૦ થી ૯૦, ૧૦૦ થી ૯૦૦ વગેરે માટે અલગ અલગ સ્વતંત્ર ચિહ્ન હતાં. આથી દાખલા તરીકે ૧૫૬ માટે પહેલાં ૧૦૦ નું, પછી ૫૦ નું ને પછી ૬ નું એવાં ત્રણ ચિહ્ન પ્રયોજાતાં. ૨૦૭ માટે પહેલાં ૨૦૦ નું ને પછી ૭ નું અને ૩૩૦ માટે પહેલાં ૩૦૦ નું ને પછી ૩૦ નું એવાં બબ્બે ચિહ્નોની જ જરૂર પડતી.[૩૧]

ગુપ્ત કાલમાં અક્ષરની ટોચે બિંદુ જેવી શિરોરેખા કરાતી. કેટલાક અક્ષરોના મરોડ વિકસ્યા.[૩૧અ] ગિરનાર–જૂનાગઢ શૈલ ઉપર એક બાજુએ મૌર્ય અશોકનો, બીજી બાજુએ મહાક્ષત્રપ રુદ્રદામાનો અને ત્રીજી બાજુએ સ્કંદગુપ્તનો લેખ કોતરેલો છે. એ લેખોમાંનાં લિપિસ્વરૂપો પરથી ગુજરાતમાં બ્રાહ્મી લિપિનાં મૌર્ય કાલ, ક્ષત્રપ કાલ અને ગુપ્ત કાલમાં કેવાં સ્વરૂપ હતાં ને મૌર્યકાલીન લિપિસ્વરૂપમાં કાલક્રમે કેવાં પરિવર્તન થયાં તેનો સચોટ ખ્યાલ આવે છે.

મૈત્રક કાલ દરમ્યાન આ લિપિનું પ્રાદેશિક સ્વરૂપ ઘણું વિકસ્યું. એમાં ઉત્તર ભારત કરતાં દક્ષિણ ભારતની લઢણ વધારે સ્પષ્ટ વરતાય છે. શિરોરેખા હવે નાની આડી રેખા રૂપે ઉમેરાતી. અનુસ્વાર અને વિસર્ગ નાની આડી રેખાનું સ્વરૂપ ધારણ કરે છે. જિહ્વામૂલીય અને ઉપધ્માનીયનાં ચિહ્ન અનુવર્તી વ્યંજનની ટોચે ઉમેરાય છે. અંકચિહ્ન ચાલુ કલમે લખાતાં ગોળ મરોડ ધારણ કરે છે.[૩૨]

અનુ-મૈત્રક કાલ દરમિયાન તળ-ગુજરાતમાં રાજ્ય કરતા રાષ્ટ્રકૂટોનાં આરંભિક દાનશાસનોમાં દખ્ખણની અસરવાળી દક્ષિણી શૈલીની લિપિ પ્રયોજાઈ, જે ગુજરાતની મૈત્રકકાલીન લિપિ સાથે ઘણું સામ્ય ધરાવતી. અલબત્ત એમાં રાષ્ટ્રકૂટ રાજાઓના હસ્તાક્ષર સમકાલીન દખ્ખણી શૈલીનો મરોડ ધરાવતા.[૩૩]

એ સમયે ગુજરાતની ઉત્તરે આવેલા પ્રદેશોમાં ઉત્તરી શૈલીનું કુટિલ સ્વરૂપ પ્રચલિત હતું. દક્ષિણ રાજસ્થાનથી આવી દક્ષિણ ગુજરાતમાં સત્તારૂઢ થયેલા ગુર્જર રાજાઓના દસ્કતોમાં



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એ ઉત્તારી મરોડ પ્રયોજાયો છે. સિંધમાંથી આવી પશ્ચિમ સૌરાષ્ટ્રમાં સત્તારૂઢ થયેલા સૈન્ધવ વંશના રાજાઓનાં તામ્રશાસન તો ઉત્તારી શૈલીની લિપિમાં જ લખાવા લાગ્યાં. દક્ષિણ સૌરાષ્ટ્ર તથા ઉત્તરપૂર્વ સૌરાષ્ટ્રનાં દાનશાસનોમાં પણ એ જ લિપિ પ્રયોજાઈ. એ બંને રાજ્યો પર કનોજના પ્રતીહાર રાજાઓનું આધિપત્ય પ્રવર્તતું. અનુ-મૈત્રક કાલ દરમ્યાન ગુજરાતમાં ઉત્તારી શૈલીનું લિપિ-સ્વરૂપ એટલું પ્રચલિત થયું કે દખ્ખણથી આવેલા રાષ્ટ્રકૂટ રાજાઓના તામ્રપત્રલેખોમાંય ઉત્તારી શૈલીના સ્વરૂપનું પ્રમાણ ઉત્તારોત્તર વધતું ગયું ને નવમી સદીના બીજા ચરણથી અહીં દક્ષિણી શૈલીની લિપિ સદંતર લુપ્ત થઈ ગઈ.[૩૩]

ઉત્તારી શૈલીની લિપિમાં ઘણા વર્ણ આદ્ય-નાગરી સ્વરૂપ ધરાવે છે. અંતર્ગત સ્વર-ચિહ્નોમાં પણ એટલો વિકાસ થયેલો દેખાય છે. અંતર્ગત 'ए' માટે ઊર્ધ્વમાત્રાને બદલે પડિમાત્રા વાપરવાનું વલણ વધતું જાય છે, જેમ કે पे ને બદલે ॎप. સંયુક્તાક્ષરોમાં હવે કેટલાક ઉત્તરવર્તી વ્યંજનોને પૂર્વવર્તી વ્યંજનોની બરાબર નીચે નહીં, પણ જમણી બાજુએ નીચે જોડવામાં આવે છે, તો કોઈ ઉત્તરવર્તી વ્યંજનોને પૂર્વવર્તી વ્યંજનોની હરોળમાં જ જમણી બાજુએ જોડવામાં આવે છે. ૩૩[આ] અનુસ્વાર અને વિસર્ગ પોલા મીંડાનું સ્વરૂપ ધારણ કરે છે. વ્યંજનનું હલંત સ્વરૂપ દર્શાવવા હવે એની નીચે ત્રાંસી રેખા ઉમેરાય છે. સ્વરસંધિમાં अનો લોપ દર્શાવવા અવગ્રહનું ચિહ્ન પ્રયોજાવા લાગે છે.[૩૪]

સંખ્યાદર્શક અંકચિહ્નોમાં હવે નવી પદ્ધતિ પ્રચલિત બની, જેમાં શૂન્યનું ચિહ્ન ઉમેરાયું ને દશગુણોત્તાર સ્થાન-મૂલ્યનો સિદ્ધાંત અપનાવાતાં ૧ થી ૯ અને ૦ એ દસ ચિહ્ન જ સર્વ સંખ્યાઓ માટે પૂરતાં ગણાયાં. દા. ત. ૩૩૩ માં ૩ ના ચિહ્નનું મૂલ્ય એકમના સ્થાનમાં ૩, દશકના સ્થાનમાં ૩૦, અને શતકના સ્થાનમાં ૩૦૦ નું ગણાતાં એ ત્રણ સ્થાનોમાં મૂકેલો એક જ આંકડો ૩૦૦ + ૩૦ + ૩ = ૩૩૩ નું મૂલ્ય દર્શાવે છે.[૩૫]

સોલંકી કાલ દરમ્યાન નાગરી લિપિનો ઘણો વિકાસ થયો. બે ઊભી ટોચવાળા વર્ણોમાં શિરોરેખા અગાઉ બંને ટોચ પર અલગ અલગ કરાતી તેને બદલે હવે એક લાંબી સળંગ શિરોરેખા પ્રયોજાતી.[૩૫અ] 'अ', 'झ', 'ड', 'ण', 'भ' અને 'ल' જેવા અક્ષરોમાં બબ્બે વૈકલ્પિક રૂપ (જુઓ લિપિવિકાસનો આલેખ) પ્રચલિત હતાં, તેમાં ઉત્તારી સ્વરૂપ વધારે પ્રમાણમાં પ્રયોજાતાં[૩૫આ]. અંતર્ગત સ્વરચિહ્ન અર્વાચીન સ્વરૂપ પામ્યાં છે, પરંતુ 'इ' અને 'ई'નાં સ્વરચિહ્નોને વર્ણોની શિરોરેખા જોડવામાં આવતી નહિ.[૩૫ઇ] પડિમાત્રાનો પૂર્ણ વિકાસ થયો.[૩૫ઈ] જૈન લહિયાઓએ નાગરી લિપિની જરા વિલક્ષણ શૈલી વિકસાવી, જેમાં વધુ સૌષ્ઠવ નજરે પડે છે.[૩૬]

કેટલાક વર્ણ સોલંકી કાલમાં ને બીજા કેટલાક વર્ણ સલ્તનત કાલમાં અર્વાચીન સ્વરૂપ પામ્યા. (જુઓ પૃ. ૮૨ માં 'લિપિવિકાસનો આલેખ'.) સોલંકી કાલમાં 'घ'ને શિરોરેખા નહોતી, આથી એમાં અંતર્ગત 'आ'નું સ્વરચિહ્ન ઉમેરતાં એને 'घ'ની સાથે આડી રેખા વડે જોડવામાં આવતું, જેથી 'घ।' અને 'घा' વચ્ચે ગોટાળો ન થાય. સલ્તનત કાલમાં 'घ'ની ઉપર પણ



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શિરોરેખા ઉમેરાઈ. શિરોરેખા હવે અંતર્ગત इ અને ઈનાં ચિહ્નોને સ્પર્શે છે. પડિમાત્રા પ્રયોજવાનું વલણ વ્યાપક બન્યું.[૩૭] સંખ્યાઓ દર્શાવવા માટે પદ્યાત્મક લખાણોમાં શબ્દ-સંકેતોનો ઉપયોગ થતો, જેમાં એ સંકેત ઊલટા ક્રમે અપાતા.

દા. ત. શર(૫)–યુગ(૪)–મનુ(૧૪) = ૧૪૪૫; સોમ(૧)–વસુ(૮)–મનુ(૧૪) = ૧૪૮૧.[૩૮]

અરબી-ફારસી શિલાલેખોનું એક વિશિષ્ટ લક્ષણ એ છે કે એ લેખોમાં અક્ષરોને પ્રાયઃ ઊંડા કોતરવાને બદલે એની આસપાસની કોરી જગ્યાને ઊંડી કોતરી કાઢીને અક્ષરોને ઉપસેલા દર્શાવવામાં આવે છે.

અરબી-ફારસી લિપિમાં સુલેખનની વિવિધ શૈલીઓ પ્રચલિત હતી. ભદ્રેશ્વર(કચ્છ)ના સોલંકીકાલીન લેખ રમણીય કૂફી શૈલીમાં કોતરાયા છે. સલ્તનત કાલના મોટા ભાગના અરબી-ફારસી લેખ નસ્ખ કે થુલ્થ શૈલીમાં કંડારાયા છે. કૂફી શૈલીમાં અક્ષરો સુરેખાત્મક અને કોણદાર હોઈ રોજિંદા લખાણમાં એ માફક ન આવે, પરંતુ અભિલેખોમાં પ્રયોજવા અઘરા ન હોઈ ઘણા રમણીય લાગે. નસ્ખ શૈલીમાં અક્ષરોમાં એક-તૃતીયાંશ વક્રતા (વળાંકદારપણું) ઉમેરાઈ. નસ્ખ પાતળી કલમથી લખાતી, જ્યારે થુલ્થ જાડી કલમથી લખાતી. થુલ્થ જાડા અક્ષરોવાળી હોવાથી વધુ ગોળાઈવાળી લાગે છે ને એને લીધે વધુ કલાત્મક લાગે છે. થુલ્થ શૈલીમાં અક્ષરોના લાંબા ખેંચેલા ઊભા ઘસરકાઓની કલાત્મક ગોઠવણીને લીધે એમાં આંખ, ફૂલ કે હંસ જેવા આકાર દેખાતા. આવી સુલેખન-શૈલીનું કૌશલ બંગાળામાં અને ગુજરાતમાં જ વિકસ્યું હતું.[૩૯]

અમદાવાદની જામે મસ્જિદનો અભિલેખ આવા કૌશલનો એક સુંદર નમૂનો પૂરો પાડે છે. અમદાવાદની જમાલપુરની કાચની મસ્જિદના અભિલેખોમાં ભૌમિતિક આકારો સર્જતા તુગ્રાના ત્રણેક નમૂના મળ્યા છે. તુગ્રા એ લખાણના અક્ષરોને એકબીજા પર ગોઠવીને લખવાથી થતો એક આલંકારિક પ્રકાર છે.[૩૯અ]

સોળમી સદીમાં વળી અભિલેખોમાં નસ્તાલીક શૈલી પ્રયોજવા લાગી ને એનો ઉપયોગ ઉત્તરોત્તર વધતો ગયો. આ શૈલી નસ્ખ અને તાલીક શૈલીના સમન્વયમાંથી ઘડાઈ હતી. એમાં અક્ષરોના મરોડ વળાંકદાર હોય છે ને અક્ષરોના ગોળ ભાગોની ગોળાઈનું સંપૂર્ણ સંતુલન હોય છે. ગુજરાતના સલ્તનત કાલના અભિલેખોમાં નસ્તાલીક શૈલીના નમૂના બે-ત્રણ જ મળ્યા છે, ને તે પણ ૧૬મી સદીના.[૪૦]

મુઘલકાલીન નાગરી લિપિમાં ज्ञનું એક વિશિષ્ટ પ્રાદેશિક સ્વરૂપ (આલેખમાંનું બીજું) પ્રયોજાતું, જેમાંથી એનો ગુજરાતી મરોડ ઘડાયો છે. अનો ઉત્તરી મરોડ (આલેખમાંનો બીજો) પ્રચલિત હતો. 'ओ'નું સ્વતંત્ર ચિહ્ન હજી ચાલુ હતું પણ उથી અલગ ઓળખાય એ માટે એની ઉપર ઊભી ને આડી વળાંકદાર રેખા ઉમેરતા. 'ण'ના બે મરોડોમાં ઉત્તરી મરોડ (આલેખમાંનો પહેલો) વધુ પ્રચલિત હતો. પડિમાત્રાને બદલે ઊર્ધ્વમાત્રા વધુ પ્રયોજાય છે.[૪૧]



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નાગરીને સરળતાથી અને ઝડપથી લખવા માટે એની લેખનશૈલીમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા. એમાંથી ગુજરાતી લિપિ ઘડાઈ.[૪૧] ૧૬ મી સદીના 'વિમલપ્રબંધ'માં 'ગુર્જરલિપિ'નો ઉલ્લેખ થયો છે. ગુજરાતી લિપિનો સૌથી જૂનો જ્ઞાત નમૂનો 'આદિપર્વ' નામે ગુજરાતી ગ્રંથની વિ. સં. ૧૬૪૮(ઈ. સ. ૧૫૯૧-૯૨)ની હસ્તપ્રતમાં મળ્યો છે.[૪૨] આ લિપિ શરૂઆતમાં હિસાબ-કિતાબમાં અને સામાન્ય વ્યવહારમાં વપરાતી. ૧૬ મી સદીથી એ ધીમે ધીમે ગુજરાતી ગ્રંથો લખવામાંય વપરાવા લાગી. અભિલેખોમાં એનો ઉપયોગ એથી મોડો શરૂ થયો.

મુઘલ કાલ દરમ્યાન અભિલેખ બહુધા ફારસીમાં લખાતા. એમાં નસ્તાલીક શૈલીનો વપરાશ વધુ પ્રમાણમાં થયો. અલબત્ત અરબી અભિલેખોમાં કે અભિલેખોના અરબી અંશોમાં નસ્ખ કે થુલ્થ શૈલી ચાલુ રહી. ૧૮ મી સદીના અભિલેખોમાં નસ્ખ કે થુલ્થ અને નસ્તાલીક એ બે અથવા નસ્ખ થુલ્થ અને નસ્તાલીક એ ત્રણ લિપિશૈલીઓનું સંયોજન પ્રયોજાયું. એ સર્વ શૈલીઓમાં નસ્તાલીક શૈલી અભિલેખોમાં વધુ સંખ્યા તેમ જ ચડિયાતું સુલેખન ધરાવે છે. એના સુંદર નમૂના અમદાવાદ, સુરત, ભરૂચ, જૂનાગઢ, ખંભાત વગેરે સ્થળોએ સારી સંખ્યામાં ઉપલબ્ધ છે.[૪૩]

મરાઠા કાલ ગુજરાતમાં ઘણો ટૂંકો હોઈ એમાં લિપિઓનાં પરિવર્તન નહિવત્ જોવા મળે છે.

બ્રિટિશ કાલ દરમ્યાન નાગરી તથા ગુજરાતી લિપિ વર્તમાન સ્વરૂપ પામી. આ કાલ દરમ્યાન 'ओ'નું उँ જેવું સ્વતંત્ર ચિહ્ન લુપ્ત થયું ને એને બદલે 'अ'માં કાનો-માત્ર ઉમેરીને સાધિત થયેલું એનું વર્તમાન રૂપ પ્રચલિત થયું. ॐ માં એનું પ્રાચીન સ્વતંત્ર ચિહ્ન અદ્યપર્યંત જળવાઈ રહ્યું છે. 'क' 'घ' અને 'फ' વહેલા અને 'ऋ' અને 'भ' મોડા વર્તમાન સ્વરૂપ પામ્યા. 'अ', 'झ', 'ड', 'ण', 'म' અને 'ल'નાં એ સમયે જે બબ્બે વૈકલ્પિક સ્વરૂપ પ્રયોજાતાં તેમાં ઉત્તરકાલીન સ્વરૂપ અહીં વધુ પ્રચલિત હતાં. પરંતુ નાગરી લિપિમાં સંસ્કૃત ગ્રંથો છાપવા માટેનાં બીબાં મુંબઈમાં તૈયાર થતાં ગુજરાતમાં મહારાષ્ટ્રની બાળબોધ લિપિનો મરોડ પ્રચલિત થયો. આ મરોડ ઉત્તર ભારતની નાગરી લિપિમાં પણ વધુ ને વધુ પ્રયોજાતો જાય છે. જે અંતર્ગત સ્વરચિહ્નોને અગાઉ શિરોરેખા સ્પર્શતી હતી તેઓને હવે એ આરપાર છેદી બહાર લંબાય છે, ખાસ કરીને મુદ્રણનાં બીબાંના વપરાશ પછી. પડિમાત્રાનો ઉપયોગ ગુજરાતમાં હવે સમૂળો લુપ્ત થઈ ગયો. મુદ્રણ–બીબાંની અસરથી કેટલાક સંયુક્ત વ્યંજનોના સ્વરૂપમાં વર્તમાન પરિવર્તન આવ્યાં. યુક્તાક્ષરોમાં 'क्ष' અને 'ज्ञ' નાં સ્વરૂપ સમય જતાં એટલાં વિલક્ષણ બની ગયાં કે એના વર્તમાન મરોડોમાં એના ઘટક અક્ષરો – અનુક્રમે 'क' અને 'ष'ના તથા 'ज' અને 'ञ'ના આકાર ભાગ્યે જ વરતી શકાય. અંકચિહ્નોમાં ૨, ૮ અને ૯ નાં ચિહ્ન પણ વર્તમાન સ્વરૂપ પામ્યાં.[૪૪]

ગુજરાતી લિપિ હવે ગુજરાતી ગ્રંથો ઉપરાંત ગુજરાતી અભિલેખોમાં પણ વપરાઈ. નાગરી લિપિના ગુજરાતી રૂપાંતરનો મુખ્ય ઉદ્દેશ રોજિંદા વ્યવહારમાં ઝડપથી લખવાનો હતો. આથી એમાં દરેક અક્ષરની ટોચે અલગ અલગ શિરોરેખા ઉમેરવાને બદલે આખી લીટી ઉપર



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એક સળંગ શિરોરેખા દોરવાનું પસંદ કરવામાં આવ્યું. મુદ્રણકલા પ્રચલિત થતાં એમાં આવી સળંગ લીટી અગવડભરી હોઈ એને સમૂળી રદ કરવામાં આવી. નાગરી અક્ષરોનો મરોડ એકંદરે સુરેખાત્મક હોઈ લેખનગતિની શીઘ્રતા માટે એને વળાંકદાર મરોડ અપાયો. આથી ઊભી રેખાઓવાળા અક્ષરોમાં લખાતા અક્ષરના આરંભે એની ટોચને ( ને બે ટોચ હોય તો ડાબી બાજુની ટોચને) ડાબી બાજુનો વળાંકદાર મરોડ અપાયો ને એવી રીતે લખાતા અક્ષરના અંતે એના નીચલા છેડાને જમણી બાજુનો વળાંકદાર મરોડ અપાયો, જેમકે ग – ગ प–પ, म–મ, य–ય, र–ર, स–સ. આથી આખો અક્ષર લખવામાં ઝડપ વધી. કેટલાક નાગરી અક્ષરોમાં ડાબી બાજુની ટોચ પહેલેથી વળાંકદાર જ હતી, જેમ કે ઘ, ગ઼, થ, ધ, ન, વ, શ, હ. જે અક્ષરોનો આરંભ ઊભી નાની સુરેખાથી થતો તેને ડાબી બાજુનો વળાંક અપાયો જેમ કે उ–ઉ, ट–ટ, ढ–ઢ. પરંતુ 'ઠ'માં ઉપલી સુરેખાને જમણી બાજુનો વળાંક અપાયો, ને 'ड'માં તથા 'ह'માં ઉપલી સુરેખાને રદ કરવામાં આવી. આ અક્ષર ઘણે અંશે નાગરી અક્ષરોને મળતા હોઈ નાગરી વાંચી જાણનાર વાચક આવા ગુજરાતી અક્ષર સહેલાઈથી વાંચી શકે છે. પરંતુ કેટલાક અક્ષરોને સળંગ ઝડપી કલમે લખતાં તેઓના મૂળ સ્વરૂપમાં વધુ પરિવર્તન થયું, જેમ કે अ–અ, इ–ઇ, ई–ઈ, उ–ઉ, ऊ–ઊ, क–ક, ष('ખ'ના અર્થમાં)–ખ, च–ચ, ज–જ, झ(બીજો મરોડ)–ઝ, फ–ફ, ब–બ, भ–ભ, ल–લ, ळ–ળ. જેમ નાગરી લિપિમાં છેવટે ओ અને औ નાં સ્વતંત્ર ચિહ્નોને બદલે એનાં अमांથી સાધિત રૂપ પ્રચલિત થયાં, તેમ ગુજરાતી લિપિમાં ए અને ऐ નાં સ્વતંત્ર ચિહ્નોને તિલાંજલિ દેવામાં આવી ને એને બદલે 'અ'માંથી સાધિત 'એ' અને 'ઐ' રૂપ પ્રયોજાયાં. અંતર્ગત સ્વરચિહ્નોમાં પણ ઊભી રેખાઓના નીચલા છેડાને જમણી બાજુ વળાંક આપવામાં આવ્યો, જેમ કે પા, પિ, પી, પો, પૌ. जीને માટે 'જી' અને रू ને માટે 'રૂ' એવું વિલક્ષણ રૂપ પ્રચલિત થયું. 'જ' માં મૂળની જમણી બાજુની ઊભી રેખા લુપ્ત થઈ હોવાથી એમાં અંતર્ગત 'ઉ' અને 'ઊ' જોડવા માટે જમણી બાજુ ઊભી રેખા ઉમેરવામાં આવતી, જેમ કે જાુ, જાૂ. હવે એને બદલે એમાં અંતર્ગત 'ઉ' અને 'ઊ'નાં ચિહ્ન 'જ'ના નીચલા વૃત્તાકાર સાથે સીધા જોડવાનું વલણ પ્રચલિત થતું જાય છે, જેમ કે 'જુ' અને 'જૂ'. જે ગુજરાતી અક્ષરોમાં વ્યંજનોના સંયોજનમાં અગવડ પડે ત્યાં એના ગુજરાતી મરોડને બદલે નાગરી મરોડ પ્રયોજાય છે જેમ કે દ્ધ, હ્મ, દ્ય, શ્વ, શ્ર વગેરે.[૪૫]

અંક-ચિહ્નોના ગુજરાતી મરોડમાં પણ વળાંક ઉમેરાયા છે, જેમ કે ૧, ૨, ૪, ૫. '३' અને '६'માં નીચલી પૂંછડીનો લોપ કરી એના માત્ર વળાંકદાર ભાગ જ રખાયા છે– '૩' અને '૬'. પરંતુ '૬'નું અંકચિહ્ન "દ" અક્ષર જેવું જણાતાં એના નીચલા છેડાને જમણી બાજુએ બહિર્ગોળ વળાંક આપી ડાબી બાજુએ વાળવામાં આવે છે–'૬'. છતાં હાલ '૨' અને '૫'નાં અંકચિહ્નો તથા "ર" અને "પ" અક્ષરોનાં ચિહ્નો વચ્ચે કાંઈ ભેદ રહ્યો ન હોઈ 'પર' એટલે 'ઉપર' સમજવું કે 'બાવન' સમજવા એ પૂર્વાપર સંબંધ પરથી નક્કી કરવું પડે છે. એવી રીતે 'પા' એટલે ¼ કે ૫¼ એવોય અર્થભ્રમ થાય છે. વળી '૯'નો આંકડો બે ટુકડે લખવાનો હોઈ એમાં અક્ષર ચાલુ કલમે એક ઘસરકે ન લખી શકાતાં વેગ ઘટે છે. એવું 'ક' 'ગ' 'ણ' 'લ' 'શ' 'ષ' અને 'સ' તથા 'હ' અક્ષરો લખવામાં બને છે. એક બાજુ રોજિંદા વ્યવહારમાં ઝડપથી લખવા માટે નાગરી લિપિના ગુજરાતીકરણનો પ્રચાર થયો છે, તો બીજી



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બાજુ બીબાંની સગવડને અનુલક્ષીને કેટલાક ગુજરાતી અક્ષરોના મરોડ બદલવા સૂચવાયું છે. ગુજરાતી લિપિમાં સુધારા કરવાનું વિચારતી વખતે એમાં ઉપર જણાવેલી ક્ષતિઓ નિવારવાનું વિચારાય એ આવશ્યક છે ને એ સુધારા મુદ્રણમાં અપનાવી પ્રચલિત કરાય, તો લખાણમાંય પ્રચલિત થઈ શકશે.

સામાન્ય રીતે ગુજરાતી ભાષાના અભિલેખો ગુજરાતી લિપિમાં, સંસ્કૃત અને મરાઠી ભાષાના અભિલેખો દેવનાગરી લિપિમાં અને અંગ્રેજી ભાષાના અભિલેખો રોમન લિપિમાં લખાય છે. હિબ્રૂ લેખ સ્વરચિહ્નો વિનાની પ્રાચીન પદ્ધતિએ હિબ્રૂ લિપિમાં લખાતા, ને પોર્ટુંગીઝ તથા આર્મેનિયન ભાષાના લેખ તે તે ભાષાની લિપિમાં. શીખોના પંજાબી અભિલેખ ગુરુમુખી લિપિમાં કોતરાય છે.

**કાલગણના**

અભિલેખોમાં મોટે ભાગે યાદગાર ઘટનાઓ નોંધાતી હોય છે ને એથી એમાં એ ઘટનાઓનો સમયનિર્દેશ કરવામાં આવે છે. આ પરથી અહીં તે તે સમયે કાલગણનાની કઈ પદ્ધતિ પ્રચલિત હતી તે જાણવા મળે છે ને કાલગણના એ ઇતિહાસની કરોડરજ્જુ છે.

ભારતીય કાલગણનામાં ધાર્મિક દૃષ્ટિએ તિથિ, વાર, નક્ષત્ર, યોગ અને કરણ એ પંચાંગ મહત્ત્વનાં ગણાય છે. પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ એથીય વધુ મહત્ત્વ વર્ષનું છે. કેટલાક અભિલેખોમાં માત્ર વર્ષ આપ્યું હોય છે તો તે પણ ઘણું ઉપયોગી નીવડે છે. અલબત્ત યાદગાર ઘટનાનો સમય-નિર્દેશ મોટે ભાગે વિગતવાર કરવામાં આવે છે ને ત્યારે વર્ષની સાથે માસ, પક્ષ અને તિથિ જણાવતા. આગળ જતાં વાર આપવાની પ્રથા પણ પ્રચલિત થઈ. ક્યારેક (બાર્હસ્પત્ય) સંવત્સર, નક્ષત્ર, યોગ, કરણ, ઘટી અને પલ પણ આપે છે. ક્યારેક અયન અને ઋતુ પણ દર્શાવે છે.

ગુજરાતમાં પ્રાચીન કાલના ઉત્તરોત્તર ખંડમાં કાલગણનાની કેવી કેવી પદ્ધતિ પ્રચલિત હતી તે વિશે આ વ્યાખ્યાતાના માર્ગદર્શન નીચે કુ. ભારતીબહેન ઠાકર(હવે ડૉ. શ્રીમતી ભારતીબહેન શેલત)એ અંગ્રેજીમાં મહાનિબંધ તૈયાર કરેલો, તે છપાવો શરૂ થયો છે. [૪૫અ]

આરંભિક ઐતિહાસિક કાલમાં કોઈ સળંગ સંવત પ્રચલિત થયા નહોતા, ત્યારે તે તે રાજાના રાજ્યકાલનું વર્ષ આપવામાં આવતું. મૌર્ય રાજા અશોકના જૂનાગઢ શૈલલેખમાં એના રાજ્યાભિષેક પછીનાં વર્ષ આપ્યાં છે. રાજ્યકાલનાં વર્ષ આપવાની પદ્ધતિ ભારતીય-યવન રાજાઓના શાસન કાલમાં પણ ચાલુ રહી હતી. ક્ષહરાત ક્ષત્રપ રાજા નહપાનના સમયના અભિલેખ મહારાષ્ટ્રની ગુફાઓમાં મળ્યા છે, તેમાં વર્ષ ૪૧ થી ૪૬ આપ્યાં છે. એ વર્ષ શક સંવતનાં હોવાનું મનાતું હતું, પરંતુ કચ્છમાં તાજેતરમાં ચાષ્ટનના બે વધુ અભિલેખ મળ્યા પછી હવે નહપાનના સમયનાં વર્ષ પણ એના રાજ્યકાલનાં લાગે છે. [૪૬]

ગુજરાતમાં સળંગ સંવતનો ઉપયોગ પહેલવહેલો કાર્દમક ક્ષત્રપ રાજાઓના અભિલેખોમાં થયો છે ને એ સંવત છે શક સંવત. અહીં સદીઓથી પ્રચલિત રહેલો વિક્રમ સંવત તો ગુજરાતમાં વપરાવો ઘણો મોડો શરૂ થયો હતો.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કાર્દમક ક્ષત્રપ વંશના સ્થાપક રાજા ચાષ્ટનના લેખોમાં વર્ષ ૬, ૧૧ અને પર આપેલાં છે[૪૭] ને એના વંશજોના જ્ઞાત અભિલેખોમાં વર્ષની સંખ્યા ૭૨ થી ઉત્તરોત્તર વધીને ૩૨૦ સુધી પહોંચે છે. આ પરથી એ વર્ષ રાજ્યકાલનાં નહીં, પણ કોઈ સળંગ સંવતનાં હોવાનું નિર્વિવાદ છે. આમાંનાં ઘણાં વર્ષ નાનકડા સિક્કાલેખોમાં આપેલાં છે ને થોડાં વર્ષ શિલાલેખોમાં. એમાં ક્યાંય એ સંવતનું નામ આપવામાં આવ્યું નથી. પરંતુ આ સંવત શક સંવત છે એવું સર્વ વિદ્વાનો માને છે. શક સંવતનો આરંભ વિ. સં. ૧૩૪ માં અર્થાત્ ઈ. સ. ૭૮ માં થયો હતો. આ સંવત કુષાણ વંશના પ્રતાપી રાજા કનિષ્ક ૧ લાએ શરૂ કરેલો ને ક્ષત્રપ રાજાઓએ કુષાણ સમ્રાટો પાસેથી અપનાવેલો એવું મનાતું હતું, પરંતુ ક્ષત્રપ રાજા ચાષ્ટનના વર્ષ ૬ અને ૧૧ ના શિલાલેખોની શોધ પછી હવે આ સંવત અહીંના ક્ષત્રપ રાજા ચાષ્ટનના રાજ્યકાલથી શરૂ થયો હોવાનું માલૂમ પડે છે.[૪૮] ક્ષત્રપોના અભિલેખોમાં આ સંવતના વર્ષ પછી ચાંદ્ર માસનું નામ, શુદ્ધ (શુક્લ) કે બહુલ (કૃષ્ણ) પક્ષનો પ્રકાર અને તિથિની સંખ્યા દર્શાવવામાં આવે છે. શક સંવતનાં વર્ષ પહેલેથી આખા દેશમાં ચૈત્રાદિ ગણાય છે. આ સંવત આગળ જતાં ગુજરાતમાં લુપ્ત થયો ને મહારાષ્ટ્રમાં પ્રચલિત થયો. છતાં એ સમસ્ત ભારતના જ્યોતિષીઓનો માનીતો સંવત રહ્યો ને ભારતના રાષ્ટ્રીય પંચાંગમાં સર્વ પ્રચલિત સંવતોમાંથી શક સંવતની પસંદગી થઈ છે.

શામળાજી (જિ. સાબરકાંઠા) પાસે આવેલા દેવની મોરીના બૌદ્ધ સ્તૂપમાંના અસ્થિપાત્ર પર કોતરેલા લેખમાં રુદ્રસેનના રાજ્યકાલ દરમ્યાનનું કથિક રાજાઓનું વર્ષ ૧૨૭ આપેલું છે.[૪૯] કથિક વંશ વિશે કોઈ ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી. દક્ષિણ ગુજરાતમાં વર્ષ ૨૦૭ થી ૪૯૦ સુધી વપરાયેલો નામનિર્દેશ વિનાનો સંવત અને કથિક રાજાઓનો સંવત એક જ હોય એવો ઘણો સંભવ રહેલો છે.[૫૦] દક્ષિણ ગુજરાતમાં વપરાયેલો નામનિર્દેશ વિનાનો સંવત અને ૯ મી-૧૦ મ સદી દરમ્યાન ચેદિ દેશના ક્લચુરિ રાજ્યમાં વપરાયેલો 'ક્લચુરિ સંવત' કે 'ચેદિ સંવત' એક જ જણાતા હોઈ, એ નામનિર્દેશ વિનાના સંવતને સગવડ માટે તાત્કાલિક ક્લચુરિ સંવત તરીકે ઓળખવામાં આવે છે.[૫૧] આ સંવત મૂળમાં આભીર રાજવંશે શરૂ કર્યાનો હોવાનું માનીને ડૉ મિરાશી એને હવે 'આભીર-સંવત' તરીકે ઓળખાવે છે.

આ સંવત દક્ષિણ ગુજરાતનાં ત્રૈકૂટક, ક્લચુરિ, ગુર્જર, સેંદ્રક અને ચાલુક્ય રાજ્યોના અભિલેખોમાં પ્રયોજાયો છે. પછી એ અહીં સમૂળો લુપ્ત થઈ ગયો. એનો આરંભ વિ. સં. ૩૦૬ = ઈ. સ. ૨૪૯ માં થયો હતો. એનાં વર્ષ કાર્ત્તિકાદિ છે અર્થાત્ કાર્ત્તિક માસથી શરૂ થાય છે.[૫૨] ઉત્તર ભારતમાં શક સંવતની જેમ બીજા બધા સંવતોનાં, વિક્રમ સંવતનાં પણ, વર્ષ ચૈત્રથી શરૂ થતાં ગણાય છે, જ્યારે ગુજરાતમાં કાર્ત્તિકાદિ વર્ષ ગણવાની વર્તમાન પદ્ધતિની પ્રાચીનતા છેક આભીર – ક્લચુરિ સંવતના પ્રચલન સુધીની નીકળે છે.

ક. સં. ૪૬૦ ના દાનશાસનમાં આશ્વિન વદિ ૧૧ ને દિવસે તુલા સંક્રાતિ જણાવી છે તે અમાન્ત માસની પદ્ધતિ પ્રમાણે બંધ બેસે છે.[૫૩] આ પરથી અહીં ક્લચુરિ સંવતના માસ સુદ ૧ થી શરૂ થતા ને અમાસે પૂરા થતા એવું માલૂમ પડે છે. ઉત્તર ભારતમાં માસ વદ ૧ થી શરૂ થાય છે ને પૂનમે પૂરા થાય છે. એને 'પૂર્ણિમાંત માસ' કહે છે. એમાં નવા માસનું



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નામ કૃષ્ણ પક્ષના આરંભથી લાગુ પડે છે ને શુકલ પક્ષના અંત સુધી ચાલુ રહે છે. હાલ ગુજરાતમાં માસનો આરંભ સુદ પડવાએ અને અંત અમાસે ગણાય છે ને એમાં નવા માસનું નામ શુકલ પક્ષના આરંભથી લાગુ પડે છે ને કૃષ્ણ પક્ષના અંત સુધી ચાલુ રહે છે. આવા માસને 'અમાન્ત માસ' અર્થાત્ અમાવાસ્યાંત માસ કહે છે. ગુજરાતમાં આ પદ્ધતિ મોડામાં મોડી ઈસ્વી પાંચમી સદી જેટલા પ્રાચીન કાલથી પ્રચલિત થઈ હતી એમ આ પરથી ફલિત થાય છે.

આ દરમ્યાન ગુજરાતના બાકીના બધા ભાગોમાં ક્ષત્રપો પછી પહેલાં મગધના ગુપ્તોનું અને પછી વલભીના મૈત્રકોનું શાસન પ્રવર્ત્યું હતું. કુમારગુપ્ત ૧ લાના સમય(ઈ. સ. ૪૧૫-૪૫૫)થી અહીં ક્ષત્રપ કાલના શક સંવતની જગ્યાએ મગધનો ગુપ્ત સંવત પ્રચલિત થયો. સ્કંદગુપ્તના જૂનાગઢ શૈલલેખમાં ગુપ્ત સંવતનાં વર્ષ ૧૩૬, ૧૩૭ અને ૧૩૮ આપેલાં છે. કુમારગુપ્તના સિક્કાઓ પર વર્ષ ૯૦ થી ૯૪ વંચાયાં છે, જ્યારે સ્કંદગુપ્તના સિક્કાઓ પર ૧૦૦ પછીના અંક અવાચ્ય છે.[૫૪] ગુપ્ત સંવતનો આરંભ શક સંવત પછી ૨૪૧ વર્ષે અર્થાત્ ઈ. સ. ૩૧૯ માં થયો. ઉત્તર ભારતની પ્રણાલી પ્રમાણે એનાં વર્ષ ચૈત્રાદિ અને એના માસ પૂર્ણિમાન્ત છે.[૫૫]

ગુજરાતમાં સ્કંદગુપ્તના મૃત્યુ (લગભગ ઈ. સ. ૪૬૭-૬૮) પછી વલભીના મૈત્રકોની સત્તા પ્રવર્તી. એ વંશનાં તામ્રશાસનોમાં નામનિર્દેશ વિનાના સંવતનાં વર્ષ ૧૮૩ થી ૪૪૭ આપેલાં છે. આ સંવત અને અનુ-મૈત્રક કાલ દરમ્યાન 'વલભી સંવત' તરીકે ઓળખાયેલ સંવત એક જ છે ને વલભી સંવત એ ગુપ્ત સંવતનું જ રૂપાંતર છે. મૈત્રક વંશના રાજાઓએ પોતાનાં શાસનોમાં અગાઉ પ્રચલિત થયેલ ગુપ્ત સંવત ચાલુ રાખ્યો, પરંતુ એની વિગતમાં એક સુધારો કર્યો. ગુપ્ત સંવતનાં વર્ષ ચૈત્રાદિ હતાં, જ્યારે દક્ષિણ ગુજરાતમાં કાર્ત્તિકાદિ વર્ષની પદ્ધતિ પ્રચલિત હતી. મૈત્રક રાજાઓએ ગુપ્ત સંવતનું ચૈત્રાદિ વર્ષ પાંચ મહિના વહેલું શરૂ કરીને કાર્ત્તિકાદિ વર્ષના સુધારાવાળો ગુપ્ત સંવત ચાલુ રાખ્યો. એ આગળ જતાં 'વલભી સંવત' તરીકે ઓળખાયો.[૫૬]

મૈત્રક રાજ્યનાં દાનશાસનોમાં તિથિની સાથે વાર આપવામાં આવ્યો નથી, પરંતુ અધિક માસ અને ગ્રહણના નિર્દેશો પરથી ગણતરી કરતાં આ વ્યાખ્યાતાને વલભી સંવતનાં વર્ષ કાર્ત્તિકાદિ અને એના માસ પૂર્ણિમાન્ત હોવાનું નિશ્ચિત રીતે માલૂમ પડયું છે.[૫૭] એના વર્ષમાં ૩૧૮-૧૯ ઉમેરવાથી ઈ. સ.નું વર્ષ આવે છે.

વલભીના મૈત્રક રાજાઓના લાંબા શાસન કાલ (લગભગ ઈ. સ. ૪૭૦-૭૮૮) દરમ્યાન ગુજરાતમાં ગુપ્ત સંવતની જગ્યાએ વલભી સંવત પ્રયોજાયો. પરંતુ એના અંત-ભાગમાં પશ્ચિમ સૌરાષ્ટ્રમાં સૈંધવ રાજાઓની સત્તા પ્રવર્તી. તેમનાં દાનશાસનોમાં પાછો ચૈત્રાદિ વર્ષવાળો અસલ ગુપ્ત સંવત વપરાયો. આ દાનશાસન ગુ. સં. ૫૧૩ થી ૫૯૬ નાં છે.[૫૮]

મૈત્રક સત્તાના અસ્ત પછી વલભી સંવતનો ઉપયોગ એકદમ ઘટી ગયો, છતાં એ થોડા પ્રમાણમાં છેક વ. સં. ૯૪૫ સુધી ચાલુ રહ્યો. એમાં કાર્ત્તિકાદિ વર્ષ અને પૂર્ણિમાન્ત માસની પદ્ધતિ છેક સુધી ચાલુ રહી હતી.[૫૯]



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મૈત્રક કાલના અંત–ભાગમાં દક્ષિણ ગુજરાતમાં દખ્ખણના રાષ્ટ્રકૂટ રાજાઓની સત્તા પ્રસરી ને મૈત્રક રાજ્યના અંત પછી છેક ઉત્તર ગુજરાત સુધી વિસ્તરી. દખ્ખણમાં એ સમયે શક સંવત પ્રચલિત હતો. આથી ગુજરાતમાંના રાષ્ટ્રકૂટ રાજ્યમાં ય પાછો શક સંવત પ્રચલિત થયો. એના અભિલેખોમાં શ. સં. ૬૭૯ થી ૮૫૨ સુધીની મિતિઓ આપેલી છે. એમાં વર્ષ, માસ, પક્ષ અને તિથિઓ ઉપરાંત કેટલીક વાર બાર્હસ્પત્ય ષષ્ટિસંવત્સરચક્રમાંના સંવત્સરનોય નિર્દેશ આવે છે. ગુજરાતમાં શક સંવત અનુ-મૈત્રક કાલ પછી લુપ્તપ્રાય થઈ ગયો.

મૈત્રક કાલના અંત-ભાગમાં ગુજરાતમાં એક બીજો સંવત પ્રસરવો શરૂ થયો. એ અહીં પહેલવહેલો ભરૂચના ચાહમાન રાજા ભર્તૃવડ્ઢ ૨ જાના દાનશાસનમાં[૬૦] દેખા દે છે. એની મિતિ વર્ષ ૮૧૩ ની છે. એમાં એના સંવતનું નામ આપ્યું નથી, પરંતુ આ વર્ષ વિક્રમ સંવતનું હોવાનું માલૂમ પડે છે. ચાહમાન વંશ પર ઉત્તર ભારતના ગુર્જર-પ્રતીહાર સમ્રાટોનું આધિપત્ય પ્રવર્તતું ને એ સમ્રાટોના રાજ્યમાં વિક્રમ સંવત પ્રચલિત હતો. આથી દક્ષિણ ગુજરાતમાં કલચુરિ સંવતને બદલે વિક્રમ સંવત પ્રયોજાયો તેની પાછળ ઉત્તર ભારતની અસર રહેલી લાગે છે.

આ સંવત ઈ. પૂ. ૫૭ માં શરૂ થયો છે. અનુશ્રુતિ અનુસાર એ ઉજ્જનના સુપ્રસિદ્ધ રાજા શકારિ વિક્રમાદિત્યના રાજ્યકાલથી શરૂ થયો મનાય છે. પરંતુ એ રાજાનાં ઐતિહાસિકતા, સમય અને અભિજ્ઞાન સુનિશ્ચિત નથી. વળી આ સંવતની મિતિઓમાં 'વિક્રમ' નામનો પહેલ-વહેલો જ્ઞાત નિર્દેશ એના છેક વર્ષ ૮૯૮ માં મળે છે. એ પહેલાં રાજસ્થાન અને માળવામાં વર્ષ ૨૮૨ થી ૪૮૧ દરમ્યાન 'કૃત' નામે અને વર્ષ ૪૬૧ થી ૯૩૬ દરમ્યાન 'માલવગણ' નામે સંવતનો નિર્દેશ અભિલેખોમાં થયો છે તે પછીના સમયમાં 'વિક્રમ' નામે ઓળખાયેલા સંવતને લાગુ પડે છે. આ સંવતમાં ઉત્તર ભારતમાં ચૈત્રાદિ વર્ષ અને પૂર્ણિમાન્ત માસની પદ્ધતિ પ્રચલિત છે.[૬૧]

મૈત્રક કાલના અભિલેખોમાં આ સંવતનો ઉપયોગ ભર્તૃવડ્ઢ ૨ જાના ઉપર્યુક્ત દાનશાસનમાં જ થયો છે. ત્યાં એકલું વર્ષ જ આપ્યું છે, માસ, પક્ષ અને તિથિ-વાર આપ્યાં નથી. સૂર્ય-ગ્રહણ જણાવ્યું છે, પણ એ ચૈત્રાદિ તથા કાર્ત્તિકાદિ બંને પદ્ધતિઓમાં બંધ બેસે છે.

અનુ-મૈત્રક કાલના અભિલેખોમાં આ સંવત એક જ અભિલેખમાં પ્રયોજાયો છે ને એ પણ નામના તથા વારના નિર્દેશ વિના.[૬૧અ]

ગુજરાતમાં વિક્રમ સંવતનો વ્યાપક ઉપયોગ સોલંકી કાલ દરમ્યાન થયો. મૂલરાજ સોલંકીના પૂર્વજ પ્રતિહારોના શાસન નીચેના દક્ષિણ રાજસ્થાનમાંના ગુર્જર-દેશ સાથે સંકળાયેલા હતા ને પ્રતિહારોનાં રાજ્યોમાં વિક્રમ સંવત પ્રચલિત હતો. સોલંકી કાલના શિલાલેખો, તામ્રપત્ર-લેખો અને પ્રતિમા-લેખોમાં વિ. સં. ૧૦૦૫ થી ૧૩૬૦ સુધીની મિતિઓ મળે છે, જેમાંની ઘણીમાં તિથિ સાથે વાર પણ આપ્યો છે. આ મિતિઓનાં તિથિ-વાર મેળવી જોતાં માલૂમ પડયું છે કે ત્યારે અહીં વિક્રમ સંવતમાં ઉત્તર ભારતની ચૈત્રાદિ વર્ષની પદ્ધતિને બદલે ગુજરાતની કાર્ત્તિકાદિ વર્ષની વર્તમાન પદ્ધતિ વધુ પ્રચલિત હતી.[૬૨] કચ્છમાં[૬૩] અને પ્રાયઃ પશ્ચિમ સૌરાષ્ટ્રમાં[૬૪]



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વળી આષાઢાદિ વર્ષ ગણાતાં હતાં. ઉત્તર ભારતમાં વિ. સં.નું વર્ષ ચૈત્રમાં શરૂ થાય છે; ગુજરાતમાં એ વર્ષ એ પછીના કાર્ત્તિકમાં અર્થાત્ સાત મહિના મોડું શરૂ થાય છે, તો કચ્છ-હાલારમાં એ બેની વચ્ચેના આષાઢમાં અર્થાત્ ગુજરાત કરતાં ચાર મહિના વહેલું શરૂ થાય છે. એવી રીતે ઉત્તર ભારતમાં માસ પૂર્ણિમાન્ત ગણાય છે, જ્યારે ગુજરાતમાં વિ. સં.માં પૂર્ણિમાન્તને બદલે અમાન્ત માસ ગણવાનું વલણ સોલંકી કાલમાંય વધારે હતું. ઉત્તર ભારતમાં ચૈત્ર માસ ચૈત્ર વદથી ગણાય છે, જેને અહીં ફાગણ વદ કહેવાય છે. ને ગુજરાતમાં ચૈત્ર માસ એ પછીના પખવાડિયે ચૈત્ર સુદથી ગણાય છે. આથી કૃષ્ણ પક્ષમાં માસનું નામ જુદું પડે છે. એ અનુસાર શ્રીકૃષ્ણની જન્માષ્ટમી અહીં શ્રાવણ વદમાં હોવાનું કહેવાય છે જ્યારે ઉત્તર ભારતમાં ભાદરવા વદમાં હોવાનું કહેવાય છે. એવી રીતે ગાંધીજીની રેંટિયાબારશ આપણે ભાદરવા વદમાં કહીએ છીએ, જ્યારે ઉત્તર ભારતના લોકો એ આસો વદમાં હોવાનું કહે છે. કુદરતી કૃષ્ણ પક્ષ બંને પ્રદેશોમાં એક જ હોય છે, માત્ર એને મહિનાનું નામ આપવામાં ફેર પડે છે. શુકલ પક્ષમાં મહિનાનું નામ બધે એક જ રહે છે.

વિક્રમ સંવતની સાથે આપેલા સંવત્સર ઉત્તર ભારતની પદ્ધતિના ખરા બાર્હસ્પત્ય સંવત્સર હોય છે.[૧૫]

સોલંકી કાલ દરમ્યાન સોરઠના અભિલેખોમાં સિંહ સંવત નામે એક સંવત વપરાયો હતો. એમાં એનાં વર્ષ ૩૨ થી ૧૫૧ સુધીનાં મળ્યાં છે. આ સંવતની સાથે વિક્રમ સંવતનું કે વલભી સંવતનું વર્ષ પણ આપેલું હોય છે. એના સમીકરણ પરથી સિંહ સંવતનો આરંભ વિ. સં. ૧૧૭૦=વ. સં. ૭૯૫ અર્થાત્ ઈ. સ. ૧૧૧૩ માં થયો હોવાનું માલૂમ પડે છે. એનાં વર્ષ કાર્ત્તિકાદિ નહીં, પણ ચૈત્રાદિ કે આષાઢાદિ હતાં. સોલંકી કાલ પછી આ સંવત સમૂળો લુપ્ત થઈ ગયો.[૧૬]

સોલંકી કાલથી અહીં અરબી–ફારસી શિલાલેખોમાં અને ક્વચિત્ સંસ્કૃત-ગુજરાતી અભિલેખોમાં હિજરી સન વપરાયો છે. આ સંવત અરબસ્તાનમાં મુહમ્મદ પેગંબરની હિજરત-(ઈ. સ. ૬૨૨)ની યાદગીરીમાં પ્રચલિત થયેલો ને ત્યાંથી સર્વત્ર મુસ્લિમોમાં ફેલાયો હતો. એના મહિના ચાંદ્ર છે ને વર્ષમાં અધિક માસ ઉમેરાતો નથી. આથી એનું વર્ષ સૌર વર્ષ કરતાં ૧૧ દિવસ ટૂંકું રહે છે ને ઈ. સ.ના વર્ષ સાથેનો એનો તફાવત ધીમે ધીમે ઘટતો જાય છે. હિ. સ.ના આરંભમાં રહેલો ૬૨૧ વર્ષનો તફાવત આમ ઘટતો ઘટતો ઈ. સ. ૧૯૭૦ માં ૫૮૦ વર્ષનો થયો. એનું વર્ષ મુહર્રમ મહિનાથી શરૂ થાય છે ને દર મહિનાનો આરંભ ચંદ્રની પહેલી કલાના દર્શનથી થાય છે. એના મહિના સામાન્ય રીતે એકાંતરે ૩૦ દિવસના અને ૨૯ દિવસના ગણાય છે. એના રોજ (દિવસ) સૂર્યાસ્તથી સૂર્યાસ્ત ગણાય છે.[૧૭]

સલ્તનત તથા મુઘલ કાલ દરમ્યાન સંસ્કૃત અભિલેખોમાં વિક્રમ સંવત વપરાયો છે, એની સાથે ક્યારેક શક સંવતનું વર્ષ પણ આપવામાં આવ્યું છે. તિથિની સાથે પ્રાયઃ વાર આપેલો હોય છે. એની ગણતરી પરથી માલૂમ પડે છે કે વિ. સં.માં કાર્ત્તિકાદિ વર્ષ અને અમાન્ત માસની પદ્ધતિ અગાઉ કરતાં વધુ લોકપ્રિય થતી જતી હતી.[૧૮]



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ કાલના અરબી-ફારસી શિલાલેખોમાં હિજરી સન વપરાયો છે. ક્યારેક સંસ્કૃત અભિલેખોમાં વિક્રમ સંવતની સાથે હિજરી સન આપતા.

મુઘલ કાલ દરમ્યાન ઈ. સ. ૧૫૮૪ માં હિજરી સનને બદલે ઇલાહી સન પ્રચલિત થયો. અકબર-જહાંગીરના સિક્કાઓમાં તેમ જ તેઓના સમયના કેટલાક અભિલેખોમાં આ સન વપરાયો છે.[૬૯] મુઘલ બાદશાહ અકબરે 'દીન-ઇ-ઇલાહી' સ્થાપ્યા બાદ આ 'તારીખ-ઇ-ઇલાહી' શરૂ કરેલી. એણે એનો ઉપયોગ પોતાના રાજ્યકાલના વર્ષ ૨૯(ઈ. સ. ૧૫૮૪)માં શરૂ કર્યો ને એમાં હિજરી સનનાં વર્ષોને બદલે પોતાના રાજ્યકાલનાં વર્ષ આપ્યાં. એનું રાજ્યારોહણ ઈ. સ. ૧૫૫૬ માં થયું હોઈ ઈલાહી સનનો આરંભ એ વર્ષથી ગણાયો. એના મહિના સૌર છે ને એનાં નામ જરથોસ્તી પદ્ધતિનાં છે. જહાંગીરે પોતાના સિક્કાઓ પર તે તે સૌર મહિનાનું રાશિ-ચિહ્ન આપવાની નવી પ્રથા શરૂ કરી હતી. ઈલાહી સનમાં રોજ માટે પણ જરથોસ્તી નામ વપરાતાં. શાહજહાંએ ઇલાહી સનને બદલે પાછો હિજરી સન ચાલુ કર્યો ને પછી ઇલાહી સનનો લોપ થયો.[૭૦]

મુઘલ કાલ દરમ્યાન અહીં પોર્ટુગીઝો, વલંદાઓ અને અંગ્રેજોની કોઠીઓ સ્થપાઈ. તેઓના અભિલેખોમાં ઈસ્વી સન પ્રયોજાયો છે.

મુઘલ કાલ દરમ્યાન ગુજરાતમાં આર્મેનિયન ખ્રિસ્તીઓ રહેતા હતા, તેમની કબરો પરના અભિલેખોમાં આર્મેનિયન સંવત વપરાયો છે. આ સંવતનો આરંભ ઈ. સ. ૫૫૨ માં થયો હતો. આ લેખોમાં મહિના અને તારીખો ઈસ્વી સન પ્રમાણે આપેલાં છે.[૭૧]

ક્યારેક જૈન અભિલેખોમાં વીર નિર્વાણ સંવત પ્રયોજાય છે. એ મહાવીર સ્વામીના નિર્વાણ વર્ષથી શરૂ થયો મનાય છે. એ વિ. સં. પૂર્વે ૪૭૦ અને શક સંવત પૂર્વે ૬૦૫ વર્ષે અર્થાત્ ઈ. પૂ. ૫૨૭ માં શરૂ થયો ગણાય છે. મહાવીર સ્વામીનું નિર્વાણ દિવાળીના દિવસે થયું મનાતું હોઈ એનાં વર્ષ કાર્ત્તિક સુદિ ૧ થી શરૂ થાય છે.[૭૨]

પારસીઓના શિલાલેખોમાં યઝ્દગર્દી સન વપરાય છે. એ સંવત ઈરાનના છેલ્લા જરથોસ્તી પાદશાહ યઝ્દગર્દના ઈ. સ. ૬૩૨ માં થયેલા રાજ્યારોહણના વર્ષથી શરૂ થાય છે. એનું વર્ષ ૩૦–૩૦ દિવસના ૧૨ સૌર માસનું હોય છે, ને એમાં અંતે પાંચ દિવસ ઉમેરવામાં આવે છે, જેને 'ગાથાના દિવસ' કહે છે. આ રીતે જરથોસ્તી વર્ષ ૩૬૫ દિવસનું હોય છે. એમાં દર ૧૨૦ વર્ષે એક કબીસો (અધિક માસ) ઉમેરવામાં આવે છે. ઈ. સ. ૧૭૬૦ માં હિંદના પારસીઓને માલૂમ પડયું કે કોઈ સરતચૂકથી અહીંનું જરથોસ્તી વર્ષ ઈરાન કરતાં એક મહિનો મોડું શરૂ થાય છે. આથી કેટલાકે એનું વર્ષ એક મહિનો વહેલું શરૂ કરવાનું સુધારક કદમ ભર્યું, તે 'કદમી' કહેવાયા; ને જે બીજા કેટલાક ચાલુ રૂઢિને વળગી રહ્યા તે 'શહેનશાહી' કહેવાયા. કેટલાક શિલાલેખોમાં યઝ્દગર્દી સાલના મહિના બંને પદ્ધતિએ અપાય છે, જેમ કે અમદાવાદના ઈ. સ. ૧૮૮૪ ના લેખમાં યઝ્દગર્દી સન ૧૨૫૩ નો શહેનશાહી માસ ૭ મો મેહેર અને કદમી માસ ૮ મો આવા જણાવ્યો છે. જ્યાં આવો ભેદ ન જણાવ્યો હોય ત્યાં સામાન્ય રીતે શહેનશાહી મહિના પ્રયોજાય છે.[૭૩]


યહૂદીઓના અભિલેખોમાં યહૂદીઓનો જે સંવત પ્રયોજાય છે તેને તેઓ 'સૃષ્ટિ સંવત' તરીકે ઓળખે છે ને એ સંવતનો આરંભ સૃષ્ટિસર્જનનું વર્ષ જેને તેઓ ઈ. પૂ. ૩૭૬૦



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગણે છે તેમાં થયો હોવાનું માને છે. એમાં ૧૨ ચાંદ્ર માસ હોય છે ને દર બે-ત્રણ વર્ષે એક અધિક માસ ઉમેરાય છે. ગુજરાતના યહૂદીઓ જે મૂળ મહારાષ્ટ્રથી આવેલા છે તેઓ પોતાના અભિલેખોમાં શક વર્ષ અને ઈસ્વી સનનો પણ ઉપયોગ કરે છે.[૭૪]

## સંવતોનાં આરંભ વર્ષ






Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આમ ગુજરાતમાં વપરાયેલા સંવતોનાં આરંભવર્ષ એકંદરે ઈ. પૂ. ૩૭૬૦ થી ઈ. સ. ૧૫૫૬ સુધીનો અર્થાત્ કુલ ૫૩૧૬ વર્ષનો લાંબો ગાળો ધરાવે છે. (જુઓ સંવતોનાં આરંભ-વર્ષોનો આલેખ).

બ્રિટિશ કાલ દરમ્યાન અહીં ઈસ્વી સન વ્યાપક પ્રમાણમાં પ્રચલિત થયો. એનાં વર્ષ જાન્યુઆરી મહિનાથી શરૂ થાય છે. આ વર્ષ સૌર છે. એના મહિના ૩૧, ૩૦ કે ૨૮ દિવસ-ના હોય છે. દર ચોથે વર્ષે એના ફેબ્રુઆરી મહિનામાં ૨૮ ને બદલે ૨૯ દિવસ ગણવામાં આવે છે. બ્રિટિશ શાસનના પ્રસાર તથા પ્રભાવની સાથે એનો ઉપયોગ ઉત્તરોત્તર વધતો ગયો, ને ગુજરાતમાં વિક્રમ સંવતનો ઉપયોગ રોજિંદા વ્યવહારમાં ઉત્તરોત્તર ઘટતો ગયો.

શીખોના આધુનિક શિલાલેખોમાં સામાન્ય રીતે ઈસ્વી સનની તારીખ આપવામાં આવે છે. કેટલીક વાર એની સાથે વિ. સં.નાં વર્ષ અને મિતિ પણ આપે છે, જેમ કે અમદાવાદના એક શિલાલેખમાં 'તા. ૨૭–૧૨–૧૯૭૦ અને પોહ ૧૩ રવિવાર સં. ૨૦૨૭' આપેલ છે.[૭૫]

એવી રીતે મુસ્લિમ સમાજમાં પણ હિજરી સનને બદલે અને પારસી સમાજમાં જર-થોસ્તી સનને બદલે નાગરિક જીવનમાં ઈસ્વી સન પ્રચલિત થતો ગયો.

આઝાદી પછી બ્રિટિશ શાસનની અસર ઓછી થવા છતાં આંતરરાષ્ટ્રીય વ્યવ-હારમાં રહેલા એના પ્રચલનને લીધે ઈસ્વી સનનો ઉપયોગ વધુ ને વધુ વ્યાપક થતો રહ્યો છે. ભારત સરકારે રાષ્ટ્રીય પંચાંગની યોજના[૭૬] ઘડી એમાં શક સંવત અને સૌર માસ અપનાવવા ભલામણ કરી હોવા છતાં વાસ્તવિક વ્યવહારમાં ઈસ્વી સન જ પ્રચલિત રહ્યો છે.[૭૭] આથી બ્રિટિશ કાલની જેમ સ્વાતંત્ર્યોત્તર કાલના અભિલેખોમાં પણ સામાન્ય રીતે સમયનિર્દેશ ઈસ્વી સનનાં વર્ષ, મહિના અને તારીખમાં કરવામાં આવે છે. કાલગણનાની આંતરરાષ્ટ્રીય પદ્ધતિ તરીકે ઇતિહાસમાં પણ એ જ પદ્ધતિ અનુકૂળ નીવડી છે.

છેલ્લે, સંવતોના સમીકરણની બાબતમાં એક આવશ્યક વિગત તરફ ધ્યાન દોરું. ભારતીય અભિલેખો તથા સાહિત્યમાં વપરાયેલા દરેક સંવતનાં વર્ષ ૧ લી જાન્યુઆરીથી શરૂ થતાં નથી. આથી દાખલા તરીકે વિ. સં.ના વર્ષમાંથી ૫૬ બાદ કરવાથી અને શક સંવતના વર્ષમાં ૭૮ ઉમેરવાથી ઈ. સ.નું વર્ષ આવે એવું માનવું પૂરતું નથી. ગુજરાતમાં વિ. સં.નું વર્ષ કાર્તિક સુદ ૧ થી અને બધે શક સંવતનું વર્ષ ચૈત્ર સુદ ૧ થી શરૂ થતું હોઈ ખરી રીતે વિ. સં.ના વર્ષની બરાબરનું ઈ. સ. વર્ષ કાઢવા માટે કા. સુ. ૧ થી ૩૧ મી ડિસેમ્બર સુધી અર્થાત્ પહેલા બે-ત્રણ મહિના દરમ્યાન ૫૭ ને પછી ૧ લી જાન્યુઆરીથી આસો વદ ૩૦ સુધીના બાકીના બધા સમય માટે ૫૬ બાદ કરવા જોઈએ; ને એવી રીતે શક સંવતના વર્ષમાં ચૈત્ર સુદ ૧ થી ૩૧ મી ડિસેમ્બર સુધી અર્થાત્ પહેલા આઠ-નવ મહિના દરમ્યાન ૭૮ ને પછી ૧ લી જાન્યુઆરીથી ફા. વ. ૩૦ સુધી ૭૯ ઉમેરવા જોઈએ. વિ. સં.નું વર્ષ ચૈત્રાદિ હોય તો શક સંવતની જેમ ગણવું ઘટે. તિથિ-વાર પરથી ઈ. સ.ની ચોક્કસ તારીખ જાણવાનાં કોષ્ઠક આવે છે, તેનો પણ ઇતિહાસના સંશોધનમાં ઉપયોગ કરતા રહેવું જરૂરી છે. ઇતિહાસમાં વર્ષની જ નહીં, દિવસનીય ચોકસાઈ જરૂરી ગણાય.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## ઉપસંહાર

આમ અભિલેખોના માધ્યમ પરથી ગુજરાતના રાજકીય, ધાર્મિક, વિદ્યાકીય, સાહિત્યિક, સામાજિક અને આર્થિક ઈતિહાસ વિશે તેમ જ તે તે કાલની ભાષા, લિપિ અને કાલગણના વિશે વિપુલ અને પ્રમાણિત માહિતી મળે છે. એવી રીતે રાજ્યતંત્ર,[૭૮] ઐતિહાસિક ભૂગોળ,[૭૯] સ્થાપત્ય[૮૦], શિલ્પ વગેરે બીજી અનેક બાબતોમાં પણ અભિલેખો કેટલીક ઉપયોગી માહિતી પૂરી પાડે છે. આમ ભારતના ઘણા અન્ય પ્રદેશોની જેમ ગુજરાતમાં પણ ઈતિહાસના સાધન તરીકે અભિલેખો ઘણું મહત્ત્વ ધરાવે છે.

આ બધા દિવસ આપે મારાં આ વ્યાખ્યાનમાં જે રસ લીધો છે તે માટે આપ સહુનો તથા અહીં રોજ અધ્યક્ષ તરીકે સક્રિય પ્રોત્સાહન આપવા માટે ડૉ. રમણલાલ ચિ. શાહનો આભાર માની વિરમું છું.

## પાદટીપો

૧. Hultzsch, *Corpus Inscriptionum Indicarum*, Vol. I, pp. 1ff; रा. ब. पांडेय, अशोक के अभिलेख, पृ. १–२१

૨. અન્યત્ર 'ए' પ્રત્યય (દા. ત. समाजे), 'सि' પ્રત્યય (દા. ત. महानससि), અન્યત્ર 'श' અને 'ष'નું અપરિવર્તન (દા. ત. देश, नगरेषु) ને 'स'નું 'ष'માં પરિવર્તન (દા. ત. षाधु), 'र'નું 'ल'માં પરિવર્તન (દા. ત. लाजा), અન્ય પ્રાકૃતોમાં 'न'નું 'ण'માં પરિવર્તન (દા. ત. देवाणं, दाणं), અન્યત્ર 'त' નું 'ट'માં પરિવર્તન (દા. ત. कट), અન્યત્ર 'ण' નું 'न' માં પરિવર્તન (દા. ત. पान, कयान), અન્યત્ર રેફને બદલે ઉત્તરવર્તી र (દા. ત. सव्र, अध्र), અન્યત્ર 'ज्ञ'નું 'ण'માં પરિવર્તન (દા. ત. अणपित), અન્યત્ર દીર્ઘસ્વરનું હ્રસ્વીકરણ (દા. ત. अह, रज, निज, मुत) ઇત્યાદિ.

૩. *Epigraphia Indica*, Vol. VIII. pp. 42ff. ૩ અ. એજન

૪. હ. ગં. શાસ્ત્રી, 'મૈત્રકકાલીન ગુજરાત', પરિશિષ્ટ ૭

૫.–૬ એજન, પરિશિષ્ટ ૮

૭. ગિ. વ. આચાર્ય, 'ગુજરાતના ઐતિહાસિક લેખો,' ભાગ ૩, પરિશિષ્ટ ૧

૮. 'સંવત્' ખરી રીતે. 'સંવત્સર'નું સંક્ષિપ્ત રૂપ છે. शु. दि. (शुद्ध दिवसे) અને ब. दि. (बहुल दिवसे) પરથી 'સુદિ' અને 'વદિ' જેવા સ્વતંત્ર શબ્દ થયા !

૯. ત્રિ. અ. દેસાઈ, 'ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ,' ખંડ-૬, લેખ ૨–૨૭

૧૦. એજન, લેખ ૧૫; ગુ. ઐ. લે., ભાગ ૩, લે. ૨૧૭

૧૧. એજન, લેખ ૨૮–૩૨૦ તથા ૩૨૧–૫૧૭



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૧૨. ગુ. ઐ. લે., ભા. ૪, લે. ૧૧

૧૩. એજન, લે. ૧૬

૧૪. એજન, લે. ૨૦

૧૫. એજન, લે. ૪૯

૧૬. Diskalkar, *Inscriptions of Kathiawad*, No. 125

૧૭. *Ibid.*, No. 140

૧૮. *Ibid.*, No. 147

૧૯. *Ibid.*, No. 151

૨૦. *Ibid.*, No. 166

૨૧. *Ibid.*, No. 169

૨૨. D. P. Khakhar, *Report On the Architectural and Archaeological Remains in the Province of Kachh*, App. I, No. 44

૨૩. *Ibid.*, No. 2

૨૪. *Ibid.*, No. 46

૨૫. ડભોઈમાં સં. ૧૭૦૧ નો મરાઠી શિલાલેખ છે.
A. S. Gadre, *Important Inscriptions from the Baroda State*, No. 11; વળી જુઓ *I. K.* No. 172.

૨૬. ઇતિહાસની પૂર્વભૂમિકા, પૃ. ૪૯૫

૨૭. દ્વારકા સર્વસંગ્રહ, પૃ. ૨૩૫–૨૩૮

૨૮. સ્વાધ્યાય, પુ. ૧૫, પૃ. ૬૬, ૭૦, ૭૪

૨૯. વિગતો માટે જુઓ પ્ર. ચિ. પરીખ, 'ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિ-વિકાસ,' પ્રકરણ ૧.

૩૦. એજન, પ્રકરણ ૨

૩૧. એજન, પ્રકરણ ૮, પૃ. ૧૯૯–૨૧૧

૩૧ અ. એજન, પ્રકરણ ૩, પૃ. ૫૩–૫૫

૩૨. એજન, પ્રકરણ ૪

૩૩. એજન, પ્રકરણ ૫, પૃ. ૧૦૬–૧૧૨

૩૩ અ. એજન, પૃ. ૧૦૬–૧૦૭

૩૩ આ. એજન, પૃ. ૧૧૫–૧૪૨

૩૪. એજન, પ્રકરણ ૫, પૃ. ૧૧૨–૧૪૨

૩૫. એજન, પ્રકરણ ૮, પૃ. ૨૧૧–૨૧૭

૩૫ અ. એજન, પ્રકરણ ૬, પૃ. ૧૪૯

૩૫ આ. એજન, પૃ. ૧૭૭

૩૫ ઇ. એજન, પૃ. ૨૦

૩૫ ઈ. એજન, પૃ ૧૬૧

૩૬–૩૭. એજન, પ્રકરણ ૬

૩૮. એજન, પ્રકરણ ૮, પૃ. ૨૧૮

૩૯–૩૯ અ–૪૦. સલ્તનત કાલ, પૃ. ૩૪૯–૩૫૭

૪૧. મુઘલ કાલ, પૃ. ૩૩૬–૩૩૯

૪૨. એજન, પૃ. ૩૩૯

૪૩. એજન, પૃ. ૩૪૮–૩૫૭

૪૪. પ્ર. ચિ. પરીખ, ઉપર્યુક્ત, પ્રકરણ ૧૦

૪૫. એજન, પૃ. ૨૬૧–૨૬૮, ૨૭૪–૨૭૬

૪૫ અ. "ઇતિહાસની પૂર્વભૂમિકા"માં 'કાલગણના'ને લગતું પ્રકરણ ૧૩ તેમણે લખેલું છે.

૪૬. H. G. Shastri & R. C. Jamindar, 'The Re-consideration of the Chronological Relation between Nahap na and Cāṣṭana and the Origin of the Saka Era in the Light of the Recently Known Early Dates of Cāṣṭana,' *JOI*, Vol. XXIX, pp. 59ff.

૪૭–૪૮. *Ibid.*; ર. ચ. જમીનદાર, 'ક્ષત્રપકાલનું ગુજરાત', પૃ. ૫૯–૬૨, ૭૪–૭૫

૪૯. R. N. Mehta & S. N. Chowdhnri, *Excavation at Devni Mori*, p. 121





Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૫૦. *Journal of Gujarat Research Society*, Vol XXV, p. 289

૫૧–૫૨. ઇતિહાસની પૂર્વભૂમિકા પૃ. ૪૮૩–૪૮૭

૫૩. V. V. Mirashi, *Corpus Inscriptionum Indicarum*, Vol. IV, Introduction, p. xii

૫૪. ઇતિહાસની પૂર્વભૂમિકા, પૃ. ૪૭૯ ૫૫. એજન, પૃ. ૪૮૦

૫૬–૫૯. હ. ગં. શાસ્ત્રી, 'મૈત્રકકાલીન ગુજરાત,' પૃ. ૫૭૧–૫૮૭

૬૦. ગુ. ઐ. લે., ભા. ૩, લે. ૨૩૩

૬૧. ઇતિહાસની પૂર્વભૂમિકા, પૃ. ૪૮૭–૪૯૦; હ. ગં. શાસ્ત્રી, 'ભારતીય અભિલેખવિદ્યા', પૃ. ૧૬૮–૧૭૩

૬૨. Bharati Thaker, *The Chronological Systems of Gujarat* (typed copy), pp. 231–576 ૬૩. *Ibid.*, pp. 568ff.

૬૪. *Ibid.*, pp. 552ff. ૬૫. *Ibid.*, pp. 576f.

૬૬. ઇતિહાસની પૂર્વભૂમિકા, પૃ. ૪૯૦–૪૯૨; હ. ગં. શાસ્ત્રી, 'ભારતીય અભિલેખવિદ્યા', પૃ. ૧૯૮–૧૯૯

૬૭. ઇતિહાસની પૂર્વભૂમિકા, પૃ. ૪૯૩–૪૯૪; હ. ગં. શાસ્ત્રી, એજન, પૃ. ૨૦૧–૨૦૩

૬૮. ઇ. વિ. ત્રિવેદી. 'ગુજરાતના મુસ્લિમકાલીન સંસ્કૃત અભિલેખોમાંથી મળતી માહિતી' (ટાઈપ કરેલી પ્રત), પૃ. ૪૫૨–૫૨૩

૬૯. મુઘલ કાલ, પૃ. ૧૦, ૨૧, ૨૩, ૨૪, ૨૧૫–૨૧૮

૭૦. હ. ગં. શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૨૦૯–૨૧૦

૭૧. ઇતિહાસની પૂર્વભૂમિકા, પૃ. ૪૯૫

૭૨. એજન, પૃ. ૪૯૨–૪૯૩; હ. ગં. શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૧૮૬–૧૮૭

૭૩. હ. ગં. શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૨૦૭–૨૦૮; 'મરાઠા કાલ', પૃ. ૩૨૯

૭૪. 'પથિક', વર્ષ ૨૦, અંક ૪, પૃ. ૧૬ ૭૫. બુદ્ધિપ્રકાશ પુ. ૧૨૮, પૃ. ૧૮૨

૭૬. ઇતિહાસની પૂર્વભૂમિકા, પૃ. ૪૯૭–૪૯૮; હ. ગં. શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૨૧૨–૨૧૩

૭૭. ઈસ્વી સન પદ્ધતિની ખામીઓ દૂર કરવા વિશ્વ પંચાંગની નિયમિત પદ્ધતિ સૂચવાઈ છે (ઇતિહાસની પૂર્વભૂમિકા, પૃ. ૪૯૬).

૭૮. પ્રો. યતીન્દ્ર ઇ. દીક્ષિતે મૈત્રકકાલથી ચૌલુક્ય કાલ સુધીના ગુજરાતના રાજ્યતંત્ર વિશે અંગ્રેજીમાં મહાનિબંધ તૈયાર કર્યો છે. એમાં મુખ્ય આધાર અભિલેખોમાંથી મળ્યો છે.

૭૯. ડૉ. હ. ધી. સાંકળિયાના *Studies in the Historical and Cultural Geography and Ethnography of Gujarat* માં પણ અભિલેખોનો મુખ્ય આધાર લીધેલો છે.

૮૦. જુઓ K.F. Sompura, *Structural Temples of Gujarat*, Section III અને ઇ. વિ. ત્રિવેદી, 'ગુજરાતના મુસ્લિમકાલીન સંસ્કૃત અભિલેખોમાંથી મળતી માહિતી', પ્રકરણ ૬.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# સંદર્ભસૂચિ

## ( સંસ્કૃત )


आचार्य, गि. व. (सं.) : गुजरातना ऐतिहासिक लेखो, भाग १-३ (मुंबई, १९३३, १९३५, १९४२)

ओझा, व. गौ. (सं.) : प्राचीनशोधसंग्रह (भावनगर, १८८७)

नाहर, पूरणचंद (सं.) : जैनलेखसंग्रह, खंड १ (बनारस, १९१८)

बुद्धिसागरजी (सं.) : जैनधातुप्रतिमालेखसंग्रह (मुंबई, १९१७)

मुनि, जयंतविजयजी (सं.) : श्रीअर्बुदप्राचीनजैनलेखसंदोह (भावनगर, १९३८) — श्री अर्बुदाचलप्रदक्षिणाजैनलेखसंदोह (भावनगर, १९४९)

मुनि, जिनविजय (सं.) : प्राचीनजैनलेखसंग्रह, भा. २ (भावनगर, १९२१)

मुनि, विशालविजयजी (सं.) : राधनपुरप्रतिमालेखसंदोह (भावनगर, १९६०)

विजयमूर्ति (सं.) : जैनशिलालेखसंग्रह (मुंबई, १९५२)

विनयचन्द्रसूरि (सं.) : काव्यशिक्षा (सं. हरिप्रसाद शास्त्री) अहमदाबाद, १९६४

शास्त्री, हरिप्रसाद गं. (सं.) : गुजरातना ऐतिहासिक लेख, भाग ४ (मुंबई, १९७९); भाग ५ (मुंबई, १९८१)

Diskalkar D.B. (Ed) : Inscriptions of Kathiawad (Bombay, 1944)




Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## ( ગુજરાતી )


આચાર્ય, ન. આ. : ગુજરાત ઈતિહાસ સંદર્ભસૂચિ, ખંડ ૩ : પ્રતિમાલેખો (ઈ.સ. ૧૩૦૦ સુધી), અમદાવાદ, ૧૯૬૬

ગોકાણી, પુષ્કરભાઈ અને દવે, સુરેશભાઈ : દ્વારકા સર્વસંગ્રહ (દ્વારકા, ૧૯૭૩)

જમીનદાર, રસેશ : ક્ષત્રપકાલનું ગુજરાત (અમદાવાદ, ૧૯૭૫)

જોટ, રત્નમણિરાવ ભી. : ખંભાતનો ઈતિહાસ (અમદાવાદ, ૧૯૩૫)

—— ગુજરાતનું પાટનગર : અમદાવાદ (અમદાવાદ, ૧૯૨૯)

ત્રિવેદી, ઇ. વિ. : ગુજરાત ઈતિહાસ સંદર્ભસૂચિ, ખંડ ૪ : અભિલેખો : શિલાલેખો (ઈ.સ. ૧૩૦૧-૧૭૬૦); ખંડ ૫ : પ્રતિમાલેખો (ઈ.સ. ૧૩૦૧-૧૭૦૦), અમદાવાદ, ૧૯૬૯

—— ગુજરાતના મુસ્લિમકાલીન સંસ્કૃત અભિલેખોમાંથી મળતી માહિતી (ટાઈપ કરેલ), અમદાવાદ, ૧૯૭૧

ત્રિવેદી, શાસ્ત્રી હ. પ્ર. : યત્કિંચિત્ (પ્રભાસપાટણ, ૧૯૮૦)

દેસાઈ, ઝિ. અ. : ગુજરાત ઈતિહાસ સંદર્ભસૂચિ, ખંડ ૬ : અરબી-ફારસી શિલાલેખો (ઈ.સ. ૯૨૦ થી ૧૯૫૩), અમદાવાદ, ૧૯૭૨

દેસાઈ, રતિલાલ દી. : શ્રી ભદ્રેશ્વર-વસઈ મહાતીર્થ (અમદાવાદ, ૧૯૭૭)

નીલકંઠ જીવતરામ : 'ઈડર રાજ્યમાં મુરલીધરના મંદિરમાં રક્ષિત શિલાલેખ (સં. ૧૩૫૪),' બુદ્ધિપ્રકાશ, પુ. ૫૭ (અમદાવાદ, ૧૯૧૦)

પરીખ, પ્રવીણચંદ્ર ચિ. : ગુજરાત ઈતિહાસ સંદર્ભસૂચિ, ખંડ ૨ : અભિલેખો (ઈ.સ. ૧૩૦૦ સુધી), અમદાવાદ, ૧૯૬૨

—— ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિવિકાસ (અમદાવાદ, ૧૯૭૪)




Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પરીખ, ર. છો. અને શાસ્ત્રી, હ. ગં. (સં.) : ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ
ગ્રંથ ૨ : મૌર્યકાલથી ગુપ્તકાલ (અમદાવાદ, ૧૯૭૨)
ગ્રંથ ૩ : મૈત્રકકાલ અને અનુ-મૈત્રક કાલ (અમદાવાદ, ૧૯૭૪)
ગ્રંથ ૪ : સોલંકી કાલ (અમદાવાદ, ૧૯૭૬)
ગ્રંથ ૫ : સલ્તનત કાલ (અમદાવાદ, ૧૯૭૭)
ગ્રંથ ૬ : મુઘલ કાલ (અમદાવાદ, ૧૯૭૯)

પંડયા, દુષ્યંત (અનુ.) : પેરિપ્લસ (અલીઆબાડા, ૧૯૬૦)

ભોજક, ક. અ. : મહેસાણા (મહેસાણા, ૧૯૫૭)

મહેતા, ભરતરામ ભા. : 'મહેસાણાની વાવનો શિલાલેખ', : નવમી અને દસમી ગુજરાતી સાહિત્ય પરિષદનો અહેવાલ અને નિબંધસંગ્રહ (નડિયાદ, ૧૯૨૯)

મહેતા, ર. ના. : 'કર્ણ વાઘેલો : ગુજરાતનો છેલ્લો વાઘેલા મહારાજાધિરાજ', સ્વાધ્યાય, પુ. ૧૯ (વડોદરા, ૧૯૮૨)

મુનિ, જિનવિજય : 'ચામુંડરાજ ચૌલુક્યનું સંવત ૧૦૩૩ નું તામ્રપત્ર', भारतीय विद्या, वर्ष १ (बंबई, १९३९)

મુનિ, વિશાલવિજયજી : કવી-ગંધાર-ઝઘડિયા (ભાવનગર, ૧૯૫૭)
— શ્રી કુંભારિયાજી તીર્થ (ભાવનગર, ૧૯૬૧)
— શ્રી ભીલડિયા પાર્શ્વનાથજી તીર્થ (ભાવનગર, ૧૯૬૦)

મોદી, રામલાલ ચુ. : 'સિદ્ધરાજના, કીર્તિસ્તંભના લેખનો એક અંશ', પ્રસ્થાન, પુ. ૧૨ (અમદાવાદ, ૧૯૩૧)

રાઠોડ, રામસિંહજી : કચ્છનું સંસ્કૃતિદર્શન (અમદાવાદ, ૧૯૫૯)

શાસ્ત્રી, દુર્ગાશંકર કે. : ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઈતિહાસ (શોધિત-વર્ધિત સંસ્કરણ), અમદાવાદ, ૧૯૫૩



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શાસ્ત્રી, હરિપ્રસાદ ગં. : 'કચ્છના અભિલેખો', પથિક, વર્ષ ૬, અંક ૧૦–૧૧ (અમદાવાદ, ૧૯૬૭)
— ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ, બીજી આવૃત્તિ (અમદાવાદ, ૧૯૮૧)
— ભારતીય અભિલેખવિદ્યા (અમદાવાદ, ૧૯૭૩)
— મૈત્રકકાલીન ગુજરાત (અમદાવાદ, ૧૯૫૫)

શાસ્ત્રી, હરિપ્રસાદ ગં. અને પરીખ, પ્રવીણચંદ્ર ચિ. : ભારતીય સિક્કાશાસ્ત્ર (અમદાવાદ, ૧૯૭૯)

શાસ્ત્રી, હરિપ્રસાદ અને શેલત, ભારતી કી. : 'અમદાવાદના શીખ ગુરુદ્વારાના શિલાલેખો', બુદ્ધિપ્રકાશ, પુ. ૧૨૮ (અમદાવાદ, ૧૯૮૧)
— 'અમદાવાદની અગિયારીઓના શિલા-લેખ', બુદ્ધિપ્રકાશ, પુ. ૧૨૭ (અમદાવાદ, ૧૯૮૦)
— 'અમદાવાદની પારસી ધર્મશાળાના શિલાલેખો' પથિક, વર્ષ ૨૦, અંક ૩ (અમદાવાદ, ૧૯૮૦)
— 'ફતેસિંહરાવ ગાયકવાડનો અમદાવાદ શિલાલેખ, વિ. સં. ૧૮૬૮', વિદ્યાપીઠ, સળંગ અંક ૧૦૫ (અમદાવાદ, ૧૯૮૦)
— 'યહૂદીઓ અને તેઓનો ભારતમાં વસવાટ', પથિક, વર્ષ ૨૦, અંક ૪, (અમદાવાદ, ૧૯૮૧)

શાહ, અંબાલાલ પ્રે. જૈનતીર્થસર્વસંગ્રહ, ભા. ૧, ખંડ ૧, (અમદાવાદ, ૧૯૫૩)

શાહ, ચંદ્રકાન્ત ફૂ. અને શાહ, પુરુષોત્તમ છ. : ચરોતર સર્વસંગ્રહ, ભાગ ૧ (નડિયાદ, ૧૯૫૪)

શેલત, ભારતી : 'અમદાવાદનો દ્વિભાષી યહૂદી શિલાલેખ અને ત્યાંનું યહૂદી કબ્રસ્તાન', વિદ્યાપીઠ, સળંગ અંક ૧૧૦ (અમદાવાદ, ૧૯૮૧)
— 'ઇડર રાજ્યનાં ત્રણ અપ્રસિદ્ધ તામ્રપત્રો' સ્વાધ્યાય, પુ. ૧૫ (વડોદરા, ૧૯૭૭)

સાંડેસરા, ભોગીલાલ જ. : 'પાટણના બે શિલાલેખો' બુદ્ધિપ્રકાશ, પુ. ૮૩ (અમદાવાદ, ૧૯૩૬)
— વસ્તુપાલનું વિદ્યામંડળ અને બીજા લેખો (અમદાવાદ, ૧૯૫૭)



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## ( અંગ્રેજી )


Allan, John : *Catalogue of Coins in the British Museum of the Gupta Dynasties and of Sasanka, King of Gauda* (London, 1914)

Altekar, A. S. : 'Six Saindhava Copper-plate Grants from Ghumli', *E. I.*, Vol. XXVI (New Delhi, 1940)

Burgess, J. and Cousens, H. : *Revised List of Antiquarian Remains in the Bombay Presidency* (Bombay, 1862)

Campbell (Ed.) : *Bombay Gazetteer*, Vol. I, Part I: History of Gujarat (Bombay, 1896)

— *A Collection of Prakrit and Sanskrit Inscriptions published by the Bhavnagar Archaeological Department* (Bhavnagar)

— *Corpus Inscriptionum Bhavnagari* (Bhavnagar, 1889)

Chaghtai, M. A. : *Muslim Monuments of Ahmedabad through their Inscriptions* (Poona, 1942)

Das Gupta, C. C. : 'Inscription of the time of Chaulukya Karna, V. S. 1354', *E. I.*, Vol. XXXIV (Delhi, 1961)

Desai, S. H. : *Arabic and Persian Inscriptions of Saurashtra* (Junagadh, 1980)

Dixit, Y. I. : *A Study of Administrative Organization and Its Working in Gujarat from the Beginning of the Maitraka Period to the End of the Caulukya Period* (Typed), Ahmedabad, 1975

Gadre, A. S. : *Important Inscriptions from the Baroda State* (Baroda, 1943)

Gokhle, Shobhana : 'Andhau Stone-inscription of Chastana, Saka. 11', *Journal of Ancient Indian History*, Nos. 1-2 (Calcutta, 1970)

Hultzsch : *Corpus Inscriptionum Indicarum*, Vol. I: Inscriptions of Asoka (rev. ed.), London, 1925

Kane, P. V. : *History of Dharmaśāstra*, Vol. II (Poona, 1941)




Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

Khakhar, D. P. : *Report on the Architectural and Archaeological Remains in the Province of Kachh* (Bombay, 1879)

Majmudar, M. R. : 'A Trilingual Inscription of the Step-well at Petlad', *J. U. B.*, Vol. V (Bombay, 1937)

Mehta, R. N. S. and Chowdhary, S. N. : *Excavation at Devni-mori* (Baroda, 1966)

Mirashi, V. V. : 'Daulatpur Inscription of the Reign of Chastana, year 6', *J. O. I.*, Vol. XXVIII, no. 2 (Baroda, 1978)

(Ed.) — : *Corpus Inscriptionum Indicarum,* Vol. IV: Inscriptions of the Kalachuri-Ched Era, Parts I-II (Ootacamund, 1955)

Pandya, A. V. : 'Some Newly Discovered Inscriptions from Gujarat,' *Vallabh Vidyanagar Research Bulletin,* Vol. I, Issue 2 (Vallabh Vidyanagar, 1958)

Rapson, E. J. : Catalogue of Indian Coins in the British Museum Vol. IV: *Catalogue of the Coins of the Andhra Dynasty, the Western Kṣatrapas, the Traikūṭaka Dynasty and the Bodhi Dynasty* (London, 1908)

Sankalia, H. D. : *Studies in the Historical and Cultural Geography and Ethnography of Gujarat* (Poona, 1949)

Sastri, Hirananda : Annual Report of the Department of Archaeology, Baroda State, 1935-36 (Baroda, 1938)

— Annual Report of the Department of Archaeology, Baroda State, 1937-38 (Baroda, 1939)

Senart : 'Nasik Cave Inscription of the time of Nahapana', *E. I.*, Vol. VIII (Calcutta, 1906)

Shah, U. P. : *Akota Bronzes* (Bombay, 1959)

Shastri, H. G. : 'Two New Copper-plate Inscriptions of the Chaulukya Dynasty', *J. O. I.*, Vol. II (Baroda, 1953)

Shastri, H. G. & Jamindar, Rasesh : 'The Reconsideration of the Chrolonogical Relation between Nahapana and Cāṣṭana and the Origin of the Śaka Era in the Light of the Recently Known Early Dates of Cāṣṭana', *J. O. I.*, Vol. XXIX (Baroda, 1979)



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

iSnghal, C. R. : *Catalogue of the Coins of the Gujarat Sultans in the Prince of Wales Museum, Bombay* (Bombay, 1935)

Sircar, D. C. : 'Rashtrakuta Charters from Chinchani', *E. I.*, Vol. XXXII (Delhi, 1959)

Sircar, D. C. & Majmudar, M. R. : 'Fragmentary Inscription from Dholka', *E. I.*, Vol. XXXV (Delhi, 1963)

Soundar Rajan, K. V. : 'Andhra-Ikshvaku Chronology—Its Significance for Early History of Gujarat', *JGRS*, Vol. XXV (Bombay, 1963)

Taylor, G. P. : 'Coins of the Gujarat Sultanate', JBBRAS, Vol. XXI (London, 1904)

Thaker, Bharati K. : An Investigation into the Chronological Systems (Reflected in the Epigraphic and Literary Records) of Gujarat (from Early Times upto 1300 A.D.), Typed (Ahmedabad, 1969)

Yazdani & Gyani, R. G. : *Important Inscriptions from the Baroda State*, Vol. II: Muslim Inscriptions (Baroda, 1944)

Annual Report on Indian Epigraphy, 1954-55
1962-63
1967-68
1968-69

Epigraphia Indica, Arabic and Persian Supplement, 1961 (Delhi)



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# શબ્દ-સૂચિ


અકબર ૫૩, ૬૯, ૭૦, ૯૩
અકબર ૨ જો ૭૨
અકોટા ૨૨
અખેરાજજી ૧૫
અજયપાલ ૧૨
અજીઝ કોકા ૧૫
અડાલજ ૨૮, ૪૭, ૬૬
અણહિલવાડ ૧૦, ૨૩
અનાવડા ૬૫
અનુપમદેવી ૨૬
અનુ-મૈત્રક કાલ ૧૦, ૨૨, ૪૨, ૬૧, ૭૯, ૮૩, ૮૯, ૯૧
અનુ-મૌર્ય કાલ ૬૦, ૭૯
અપલદત્ત ૨ જો ૮
અભિલેખ ૧
અભિલેખવિદ્યા ૩
અમદાવાદ ૧૬, ૨૮, ૨૯-૩૪, ૫૬, ૬૬, ૬૭, ૭૦, ૭૩, ૭૪, ૮૧, ૮૫, ૮૬, ૯૩, ૯૫
અમરેલી ૩૧, ૫૫, ૫૬, ૭૧
અમાન્ત પાસ ૮૯, ૯૦, ૯૨
અરબસ્તાન ૯૨
અરબી ભાષા ૮૦
અરબી લિપિ ૮૫
અરબી શિલાલેખો ૮૫
અરબો ૧૦, ૬૧
અર્જુનદેવ ૨૭, ૪૬
અર્બુદાચલ ૪૩
અલાઉદ્દીન ખલજી ૧૩
અલીંદ્રા ૩૦
અવનિજનાશ્રય પુલકેશી ૧૦, ૪૧
અવંતિ મંડલ ૬૨
અશોક ૭, ૧૯, ૩૯, ૬૦, ૭૮, ૮૨, ૮૮
અશ્વરાજ ૬૩
અહમદશાહ ૧ લો ૧૪
અંકલેશ્વર ૭૯
અંગ્રેજી ૮૧, ૮૨
અંગ્રેજો ૯૩
આગમગ્રંથો ૩૩
આચાર્ય. ગિ. વ. ૪
આચાર્ય, વ. હ. ૪
'આદિપર્વ' ૮૬
આનંદપુર ૨૧, ૪૨, ૪૩, ૬૦, ૬૩, ૮૦
આફ્રિકા, પૂર્વ ૭૪
આબિગાયેલ ૩૩
આબુ ૨૬, ૪૩, ૬૪
આભીર સંવત ૮૮
આભીરો ૬૦
આર્મેનિયન ૩૩, ૭૪, ૯૨
આર્મેનિયન ભાષા ૮૧
આર્મેનિયન લિપિ ૮૮
આર્મેનિયન સંવત ૯૩
આશાપલ્લી ૬૪
આષાઢાદિ વર્ષ ૯૧-૯૨
આહીર ૬૭
ઇન્દ્રરાજ ૩ જો ૪૨, ૬૧
ઇલાહી સન ૯૩
ઈડર ૩૨
ઈડર રાજ્ય ૮૧
ઈરાન ૯૨
ઈશ્વરરાત ૨૦
ઈસવી સન ૯૩, ૯૪, ૯૫
ઈસ્ટ ઇન્ડિયા કંપની ૭૨
ઈટવા ૨૦
ઉજ્જન ૯૧
ઉજ્જયંત ૬૮
ઉજ્જયિની ૪૦
ઉદયન ૨૫
ઉદયપ્રભસૂરિ ૨૬
ઉદીચ્ય ૬૨
ઉમરકોટ ૭૦
ઉમરેઠ ૩૦, ૩૧
ઉષવદાત ૧૯
ઊના ૨૮, ૪૮, ૬૭
ઊચા ભટ્ટ ૬૩
એઉકતિદ ૮
એડવર્ડ ૭ મો ૭૨




Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એડવર્ડ ૮ મો ૭૨
એલન ૫
ઓખામંડળ ૧૫, ૮૧
ઓઝા, વ. ગૌ. ૪
ઓસવાલ ૬૪, ૬૯
ઔરંગઝેબ ૭૧
કચ્છ ૧૨, ૩૦, ૬૦, ૭૦-૭૩, ૮૧, ૮૮, ૯૧
કણિષ્ક ૧લો ૮, ૮૯
કતારગામ ૬૧
કથિક રાજાઓ ૮૯
કનોજ ૮૪
કપડવંજ ૨૮, ૨૯
કપિલાવર્ત ૬૪
કપોલ ૬૯
કરાચલા ૨૦
કર્ક ૨ જો ૪૧
કર્કરાજ સુવર્ણવર્ષ ૬૧
કર્ણદેવ વાઘેલા ૧૩
કર્ણાટક ૬૧
કર્મરાજ ૨૮, ૬૭
કર્મસિંહ ૨૭, ૪૯
કલચુરિ ૮૯
કલચુરિ સંવત ૮૯
કંકાસા ૫૦, ૬૮
કંડોલ ૬૯
કંપની સરકાર ૭૨
કાઉસેન્સ ૪
કામરાજ ૫૧
કાઠિયાવાડ ૭૦
કામરેજ ૮૦
કાયસ્થ ૬૭
કાયાવરોહણ ૫૮
કાર્તિકાદિ વર્ષ ૮૯, ૯૨
કાર્દમક ક્ષત્રપો ૮૮, ૮૯
કાલગણના ૮૮–૯૫
કાલાવડ ૩૦
કાવી ૨૯, ૫૨, ૮૦
કાશ્મીરાદેવી ૩૦
કુમારગુપ્ત ૧ લો ૯, ૯૦
કુમારદેવી ૬૩
કુમારપાલ ૧૨, ૨૫, ૪૨, ૬૩
'कुवलयाश्वचरित्र' ૪૪
કુંભારિયા ૨૫, ૩૦
કુંભેશ્વર ૫૦
કૂફી શૈલી ૮૫
કૃષ્ણ રત્ન ૪૪, ૪૫
કેશવજી ૫૭, ૭૩
કોઠારા ૭૩
કોમિસરિયેત, પ્રો. ૧
ક્રૌંઢ ૨૯
ક્ષત્રપ કાલ ૮, ૭૯, ૮૩
ક્ષત્રપો, પશ્ચિમી ૮, ૩૯, ૬૦
ખખ્ખર, દલપતરામ ૪
ખંભાત ૨૭–૨૯, ૩૧, ૪૭, ૫૧, ૬૬, ૬૯, ૭૦, ૭૯, ૮૬
ખાખર, મોટી ૨૯, ૫૩
ખારવા ૩૦
ખેટક (ખેડા) ૬૧
ખેરાળુ ૨૫
ખેંગાર ૫૦
ખેંગારજી ૩ જા ૭૨
ખોરાસા ૨૭, ૪૯, ૬૭
ખ્રિસ્તી ૩૩
ગજધર ૬૯
ગણપતિ વ્યાસ ૪૪, ૪૫
ગદ્રે, અ. સ. ૪
ગધેડે ગાળ ૩૧
ગંધાર ૨૯, ૭૦
ગંભૂતા ૬૨
ગાગેન અબ્રાહામ ૩૩
ગાંભુ ૮૦
ગિરનાર ૨૫, ૬૮, ૭૦, ૭૯, ૮૦
ગિરનાર શૈલલેખ, અશોકના ૭, ૧૯
ગિરિનગર ૭, ૯, ૨૦, ૪૦
'ગીતગોવિંદ' ૨૪, ૨૫
ગુજરાત ઇતિહાસ પરિષદ ૫
'ગુજરાતના ઐતિહાસિક લેખો' ૪
ગુજરાતી ભાષા ૮૦–૮૨
ગુજરાતી લિપિ ૮૬–૮૮
ગુણેઠા ૫૦
ગુપ્ત કાલ ૭૯, ૮૩
ગુપ્ત સંવત ૯૦
ગુપ્તો ૯૦
ગુરુદ્વારા ૩૪
ગુરુમુખી લિપિ ૮૮
ગુર્જર ૧૦, ૧૨, ૬૭, ૮૩, ૮૯
ગુર્જરદેશ ૭૩, ૯૧
[illegible]હાર ૯૬




Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગુલેટા ૨૭
ગુહિલ ૬૨, ૭૧
ગુંજા ૨૩
ગુંદા શિલાલેખ ૨૦
ગૂગલી ૬૪
ગોગદેવ ૧૩
ગોધરા ૩૧, ૩૨, ૮૦
ગોપનાથ ૩૦
ગ્રાહરિપુ ૧૨
ગોહિલ ૬૮
ગોહિલવાડ ૭૦, ૮૧
ધૂમલી ૧૪, ૮૦
ધૂસડી ૨૪, ૬૨
ઘોઘા ૩૦–૩૨
ચક્રપાલિત ૨૦, ૪૦
ચઘતાઈ, મુ. અ. ૪
ચરોતર ૧૧, ૬૧
'ચરોતર સર્વસંગ્રહ' ૫
ચંદ્રગુપ્ત મૌર્ય ૭
ચંદ્રગુપ્ત ૨ જો ૯
ચંદ્રસિંહજી ૧૫
ચાપ ૧૦
ચાલુક્ય ૧૦, ૪૧, ૮૯
ચાવડા ૧૦, ૧૧, ૨૩, ૬૯
ચાષ્ટન ૮, ૮૮, ૮૯
ચાહમાન ૬૨, ૬૯, ૯૧
ચાંપાનેર ૨૯
ચિતોડ ૬૭
ચિત્રકૂટ ૪૯
ચિંચણી તામ્રપત્ર ૬૧
ચૂડાસમા ૧૪, ૬૮
ચૂંવાળ ૩૧
ચેદિ ૮૯
ચૈત્રાદિ વર્ષ ૮૯, ૯૦
ચોબારી ૧૬
ચોરવાડ ૬૨, ૬૩, ૬૭
ચોચાંસી તાલુકો ૧૧, ૬૧
ચૌલુક્ય ૬૨, ૬૫,
ચૌહાણ ૬૮
જગન્નાથ ૫૬
જગમલ્લ ૬૫
જડેશ્વર મંદિર ૩૧, ૫૫
જતવાડ ૭૦
જમીન–માપ ૬૨, ૬૬
જયપુર ૭૧
જયભટ ૪ થો ૧૦
જયસિંહ ૩ જો ૧૪
જયસિંહસૂરિ ૧૨
જયંતવિજયજી ૫
જયંતાસિંહ ૧૨
જયાદિત્ય ૨૫
જહાંગીર ૧૫, ૭૦, ૮૩
જંબૂસર ૨૮, ૬૧
જાઈક ૨ જો ૪૨
જાડેજા ૬૯
જામ ૬૮
જામનગર ૨૯, ૩૦ ૩૧
જાસૂ ૪૭
જિનચંદ્રસૂરિ ૭૦
જિનમંડનગણિ ૧૨
જિનવિજયજી ૧
જિનસિંહસૂરિ ૭૦
જિયોર ૨૭
જૂનાગઢ ૭, ૧૪, ૨૭, ૩૧. ૫૦, ૬૭, ૭૨, ૬
જૂનાગઢ શૈલલેખ
અશોકના ૬૦, ૭૮, ૭૯, ૮૨, ૮૭
રુદ્રદામા ૧ લાનો ૭, ૯, ૬૦, ૭૯, ૮૨
જેઠવા ૧૪, ૬૮
જેસલ ૨૭
'જૈનતીર્થ સર્વસંગ્રહ' ૫
જ્ઞાની ૪
જ્યોર્જ ૫ મો ૭૨, ૭૩
,, ૬ ઠ્ઠો ૭૨, ૭૩
ઝારા ૧૬
ઝાલા ૧૫, ૬૮, ૬૯
ઝાલાવાડ ૩૧, ૫૫, ૭૦, ૮૧
ટિમાણા ૬૫
ટેયલર ૫
ઠક્કર, વસનજી માધવજી ૧
ઠાકર. ભારતીબહેન ૮૮
ડચ ભાષા ૮૧
ડાકોર ૩૨
ડિસકળકર, દ. બા. ૪
ડૂવા ૩૨
ઢુવા ૩૦
તરણેતર મંદિર ૩૧, ૫૫
તલાજા ૬૫
તારંગા ૫, ૨૭
તીર્થયાત્રા ૬૪
તુગ્રા શૈલી ૮૪




Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તુષાસ્ફ ૭
તેજપાલ ૧૩, ૨૫, ૨૬, ૪૩, ૪૪, ૬૩, ૬૪
તેજપાલ સોની ૨૯
ત્રિપુરાંતક ૨૩, ૪૬, ૬૪
ત્રૈકૂટક ૨૧, ૮૮
થલ પારકર ૭૦
થામણા ૭૯
થુલ્થ શૈલી ૮૫, ૮૬
દખ્ખણ ૮૩, ૯૧
દદ્દ ૨ જો ૧૦
દમણ ૭૪, ૮૧
દર્ભાવતી ૨૪
દહીસરા ૨૮
દહ્રસેન ૨૧
દંતિદુર્ગ ૪૨
દાદર ૩૦
દામોદર ૫૦
દાહોદ ૩૧, ૩૨, ૮૦
દાંડેકર, ડૉ. જોસેફ ૭૪
દિલ્હી ૮૦
દીવ ૩૩, ૮૧
દીસાવાળ ૬૯
દેવની મોરી ૪૦, ૮૯
દેવનાગરી લિપિ ૮૮
દેવસાગર ૫૪
દેશળજી ૭૦, ૭૧
દેશાઈ, શં. હ. ૪
દ્વારકા ૩૧
'द्वयाश्रय' ૧૨
ધરણીધર ૪૬
ધર્કટ ૬૪
'ધર્મારણ્ય પુરાણ' ૫૦, ૬૮
ધંધુસર ૨૮, ૫૦
ધામળેજ ૨૭, ૨૮, ૪૬
ધારાજી ૪૮
'धाराध्वंस' ૪૪
ધોળકા ૨૮, ૩૧, ૩૨, ૪૩, ૪૭, ૬૬, ૮૦
ધ્રુવરાજ ધારાવર્ષ ૪૨
નગર ૬૩
નગરા ૬૧
નડિયાદ ૨૮, ૪૭, ૬૭, ૭૦
નરચન્દ્રસૂરિ ૨૬
નરેન્દ્રસૂરિ ૨૬
નવરોજી પેશનજી ૩૩
નવસારી ૧૦, ૨૮, ૩૧, ૩૨, ૪૧, ૮૦
નવાનગર ૭૨
નવીનપુર ૬૯
નસ્ખ શૈલી ૮૪, ૮૫
નસ્તાલીક શૈલી ૮૫, ૮૬
નહપાન ૮, ૧૯, ૮૮
નહરવાલા ૭૧
નંદવાણા ૬૯
નાકુભાઈ ૩૦
નાગર ૨૩, ૬૧, ૬૩, ૭૦
નાગર, આભ્યંતર ૬૭
નાગર વણિક ૬૯
નાગરી લિપિ ૮૪, ૮૬
નાગસારિકા ૬૧
નાનાક ૨૩, ૪૪, ૪૫
નાનાક પ્રશસ્તિ ૬૪
નાસિક ૧૯
નાહર, પૂરણચંદ ૫
નાંદોદ ૧૦, ૮૦
પતા ૬૭
પદ્મસિંહ ૫૪
પર બૃહસ્પતિ ૨૩
પરમાર ૧૧, ૬૨, ૬૪, ૬૫, ૬૮, ૬૯
પરીખ, પ્રં. ચિ. ૩, ૮૩
પરીખ, ર. છો. ૧
પર્ણદત્ત ૪૦
પલાશવા ૬૭
પંચકુલ ૬૪
પંજાબી ભાષા ૮૨
પાટણ ૨૮, ૨૯, ૩૧, ૬૯, ૭૬
પારસી ૩૩, ૬૧, ૮૧, ૯૩
પાલિ ૭૮
પાલ્હણપુર ૨૪
પાવાગઢ ૨૮
પાળિયા ૬૬, ૬૯
પીરોજ, નૂરુદ્દીન ૨૭
પુરાણ ૨૩, ૨૪
પુષ્યગુપ્ત ૭
પૂર્ણિમાન્ત માસ ૮૯, ૯૦
પૂર્તકાર્ય ૨૦
પેટલાદ ૨૮, ૩૧, ૭૦
'પેરિપ્લસ' ૮
પોરબંદર ૭૦, ૮૦
પોર્ટુગીઝ ૯૩
પોર્ટુગીઝ ભાષા ૮૧
પોર્ટુગીઝ લિપિ ૮૩, ૮૮



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રતીહાર ૧૦, ૮૪
'प्रबन्धकोश' ૧૩
પ્રભાસ ૧૯, ૮૧
પ્રશ્નોરા ૭૧
પ્રસન્નપુર ૧૨
પ્રસર્વજ્ઞ ૨૩, ૬૩
પ્રહ્લાદન ૪૩
પ્રાકૃત ભાષા ૭૯
પ્રાગમલજી ૨ જા ૭૨
પ્રાગ્વાટ ૬૪, ૬૯
પ્રાચીનલિપિવિદ્યા ૨
ફત્તેસિંહરાવ ૧૬, ૩૨, ૭૨, ૭૪
ફારસી ભાષા ૭૧, ૭૨, ૮૦
ફારસી લિપિ ૮૪, ૮૫
ફારસી શિલાલેખો ૮૬
ફિરંગી ૩૩, ૭૪, ૮૧
બગસરા ૨૪
બડુઆ ૫૨
બડુલા ૬૭
બદરસિદ્ધિ ૬૧
બર્જેસ ૬
બલરામ ૨૮
બહાદુરશાહ ૨ જો ૭૨
બળેજ ૬૨, ૬૩
બંગાળા ૮૫
બાટુઆ ૬૯
બાબાશાહી ૭૨
બારડ ૬૭
બાર્હસ્પત્ય સંવત્સર ૯૨
બાળબોધ લિપિ ૮૫
બુદ્ધિસાગર ૫
બેટ શંખોદ્ધાર ૧૬, ૩૧
બોરસદ ૭૯
બૌદ્ધ ધર્મ ૬૧
બ્રાહ્મણો ૨૨, ૨૩, ૬૧
બ્રાહ્મી વિપિ ૮૨, ૮૩
બ્રિટિશ કાલ ૧૬, ૩૨, ૫૬, ૭૧, ૭૬, ૮૧, ૮૬, ૯૫
'ભગવદ્ગીતા' ૩૩
ભટાર્ક ૯
ભદ્રેશ્વર ૩૨, ૭૬, ૮૫
ભરુકચ્છ ૧૯
ભરૂચ ૧૦, ૨૮, ૩૧, ૬૧, ૭૬, ૭૯, ૮૬, ૯૦
ભર્તૃવડ્ઢ ૨ જો ૯૧
ભર્મ ૨૮
ભાદ્રોડ ૩૦
'ભારત' ૫૦, ૬૮
ભારત, ઉત્તર ૮૩
દક્ષિણ ૮૨, ૮૩
ભારતીય-યવન રાજાઓ ૬૦, ૮૮
ભારમલજી ૩૦, ૭૦
ભાવનગર ૩૦
ભાવ બૃહસ્પતિ ૨૩, ૬૩
ભિલ્લમાલ મંડલ ૬૨
ભીમદેવ ૧ લો ૧૨, ૬૩
૨ જો ૧૨, ૧૩, ૬૩, ૬૪
'मूचरग्रंथ' ६६
ભૂચર મોરી ૧૫
ભૂજ ૩૧, ૭૦
ભૂજ મ્યુઝિયમ ૧૬
ભૂમક ૮
ભૂમિદાન ૨૦–૨૨
ભૂવા ટીંબી ૬૭
ભૃગુકચ્છ ૨૨
ભોજ ૨૮, ૫૧, ૬૯
મકવાણા ૬૩, ૬૯
મક્કા ૨૭
મચ્છુકાંઠા ૭૦
મદનસિંહજી ૭૨
મદીના ૨૭
મધુમતી ૬૮
મરાઠા કાલ ૧૬, ૩૧, ૫૫, ૭૧, ૭૪, ૮૧, ૮૬
મરાઠી ૮૧
મહાકુંવરબાઈ ૭૦
મહાબતખાન ૪થી ૭૨
મહારાષ્ટ્ર ૬૧, ૮૧, ૮૫, ૮૮, ૮૯, ૯૩, ૯૪
મહાવીર સ્વામી ૯૩
મહિસા ૮૦
મહીપાલ ૧૪
મહુવા ૨૮, ૩૦, ૪૭, ૫૦, ૬૮
મહેમદાવાદ ૬૬
મહેસાણા ૨૯–૩૧, ૮૦
મંગલપુર ૬૨
મંડલી ૨૪, ૬૨, ૬૪
મંડલીક ૩ જો ૧૪, ૬૮
માણસા ૨૮, ૪૮
માધવપુર, મૂળ ૨૮, ૫૧
માનખેતરા ૩૦, ૫૧
મારવાડ ૭૦
મારવાડી ભાષા ૭૧, ૮૧




Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

માંગરોળ ૨૮, ૬૨–૬૪, ૮૧
માંડલીક ૨ જો ૧૪
માંડવી ૩૧, ૭૪
મિનન્દર ૮
'मिराते अहमदी' १५
મિરાશી, ડૉ. ૮
મુગલ કાલ ૧૫, ૨૯, ૩૧, ૫૧, ૫૪, ૬૯, ૭૪, ૮૦, ૮૧, ૮૬, ૯૨, ૯૩
મુઝફ્ફરશાહ ૩ જો ૭૧
મુદ્રણકલા ૮૫, ૮૬
મુનશી ક. મા. ૧
મુહમ્મદ પેગંબર ૯૨
મુંબઈ ૭૨, ૭૩, ૮૫
મુંબઈ યુનિવર્સિટી ૧
મૂલરાજ ૧લો ૬૨
  ૨ જો ૧૨
મૂલુક ૨૩, ૬૨
મૂળી ૩૦, ૫૪, ૬૯
મેદપાટ ૪૯
મેદપાટ મંડલ ૬૨
મેલિગદેવ ૧૪
મેસવાણ ૬૭
મેસોપોટેમિયા ૭૪
મેહર ૬૨, ૬૭
મૈત્રક કાલ ૧૦, ૨૨, ૪૧, ૬૧, ૭૯, ૮૩, ૯૦, ૯૧
મૈત્રક રાજ્ય ૧૦
મૈત્રક વંશ ૯, ૪૧
મૈત્રકો ૯૦
મોકલ ૬૮
મોડાસા ૧૧
મોઢ ૬૨, ૬૯
મોઢ વણિક ૬૮
મોઢેરા ૬૮, ૮૦
યઝ્દગર્દ ૯૩
યઝ્દગર્દી સન ૯૩
યહૂદીઓ ૩૩, ૭૪, ૮૧, ૯૩, ૯૪
યાઝદાની ૪
રઘુનાથદાસ ૩૦
રણમલજી ૧૫
રવિકીર્તિ ૨
રાઘુ રામચંદ્ર ૧૬
રાજપીપળા ૩૧, ૫૫, ૭૧
રાજ સીતાપુર ૩૦
રાજિઆ ૨૯, ૫૧
રાઠોડ ૬૮
રાણપુર ૩૧
રાધનપુર ૩૨, ૫૫
રામચન્દ્ર ૪૭
રાયકવાલ ૬૨
રાષ્ટ્રકૂટો ૧૦, ૧૧, ૨૨, ૪૧, ૪૨, ૬૧, ૯૧
રાષ્ટ્રીય પંચાંગ ૮૮, ૯૩
રિયાણ ૩૦
રુદ્રદામા ૧ લો ૮, ૯, ૩૯, ૭૯, ૮૨
રુદ્રભૂતિ ૨૦
રુદ્રમહાલય ૨૩, ૨૪
રુદ્રસિંહ ૧ લો ૨૦
રુદ્રસેન ૧ લો ૮૯
રૅપ્સન ૫
રેવંત ૨૫
રૈવતક ૬૮
રોમન લિપિ ૮૮
લકુલીશ ૬૮
લવણપ્રસાદ ૬૨
લાખો ૧૨
લાઠિવદ્ર ૬૨
લાઠી ૩૦
લાડોલ તામ્રપત્રો ૨૩
લાવણ્યસમય ૪૯
લીમડી ૮૧
લૂણપસાક ૨૩, ૨૪
લૂણવસહિ ૨૬
લૅટિન ૮૧
લોઢા, દોલતસિંહ ૫
વખતચંદ ખુશાલચંદ ૧૬
વજિઆ ૨૯, ૫૧
વડનગર ૨૩, ૬૩, ૬૯, ૮૦
વડોદરા ૩૧, ૭૧, ૭૨, ૮૦
વઢવાણ ૧૫, ૨૯
વણિકો ૬૧
વનરાજ ૧૦
વરણામા ૨૯
વર્દ્ધિ ૫૪
વર્ધમાન ૫૪
વલભી ૯, ૨૧, ૬૭, ૯૦
વલભી સંવત ૯૦, ૯૧
વલંદા ૭૪, ૮૧, ૯૩
વસઈ ૨૮
વસ્તુપાલ ૧૩, ૨૫–૨૭, ૪૩, ૪૪, ૬૩
વહીવટી વિભાગો ૬૧




Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વંથળી ૨૫, ૬૨, ૬૩
વાઘેલા ૧૨, ૧૩, ૬૭, ૬૮
વાચ્છા ૪૯
વાજા ૧૫, ૬૮
વાઢેર ૧૫
વામનસ્થલી ૬૨
વાલાક ૬૮
વાવ ૬૬, ૬૭
વાસુદેવ ૪૬
વાળા ૬૮, ૬૯
વાંકાનેર ૩૦
વિક્ટોરિયા ૭૨
વિક્રમ સંવત ૯૧–૯૩
વિક્રમાદિત્ય ૯૧
વિજયદેવસૂરિ ૭૦
વિજયમૂર્તિ ૫
વિજયસેનસૂરિ ૫૧, ૫૨, ૫૫, ૬૯, ૭૦
વિજાપુર ૩૨
વિદ્યાહર્ષગણિ ૫૩
વિનયસાગર ૫૭
વિમલ ૨૫
'વિમલપ્રબંધ' ૮૬
વિમલવસહી ૨૬
'विविधतीर्थकल्प' ૧૩
વિવેકહર્ષગણિ ૫૩, ૭૦
વિશાલવિજયજી ૪
વિશ્વકર્મા ૬૯
વિશ્વેશ્વર ૨૩, ૪૭
વિસરાવી ૧૫
વિંઝાણ ૩૦
વીરધવલ ૧૩, ૪૩
વીરનિર્વાણ સંવત ૯૩
વીરમ ૨૩, ૨૪, ૬૨
વીરમગામ ૬૨
વીરાબાઇ ૫૨
વીસલદેવ ૧૩, ૨૩ ૪૪, ૪૬, ૬૪
વેણિદાસ ૬૭
વેદગર્ભરાશિ ૨૪
વેરાવળ ૨૮
વ્રજભાષા ૮૧
વ્યાઘ્રસેન ૨૧
શક સંવત ૮૮, ૮૯, ૯૧
શત્રુંજય ૧૬, ૨૫, ૨૮–૩૦, ૩૨, ૪૯, ૫૨–૫૪, ૫૭, ૬૭, ૬૯, ૭૧, ૭૩
શર્વ ભટ્ટારક ૯
શંખલપુર ૬૨
શંખેશ્વર ૩૦, ૭૧
શંખોદ્ધાર ૧૫
શામળાજી ૨૦, ૮૯
શાસ્ત્રી, દુર્ગાશંકર ૧
શાસ્ત્રી, હરિપ્રસાદ ૪, ૯૦
શાહઆલમ ૨ જો ૭૨
શાહજહાં ૯૨
શાહ, રમણલાલ ૯૩
શિહોર ૩૦
શીખો ૮૨, ૯૫
શેખપાટ ૧૫
શેલત, ભારતીબહેન ૮૮
શ્યામલ, ૫૦
શ્રીધર ૨૪, ૬૩
શ્રીપાલ ૪૨
શ્રીમાલી ૬૪, ૬૯
સજ્જન ૨૫
સત્યપુર મંડલ ૬૨
સત્રસાલ ૧૫
સમી ૩૨
સયાજીરાવ ૧ લા ૭૨
'સરસ્વતી–પુરાણ' ૨૪
'सर्वप्रकाश' ૬૬
સલખણપુર ૨૪, ૬૨
સલખણેશ્વર ૨૩
સલ્તનત કાલ ૧૩, ૧૪, ૨૭, ૨૮, ૪૬, ૫૧, ૬૬, ૭૧, ૮૦, ૮૧, ૮૪, ૯૨
સહગમન ૬૬, ૬૭, ૬૯
સહજિગેશ્વર ૨૩
સહદેવ ૬૬
સંખેડા ૮૦
સંપ્રતિ ૭
સંચાણ ૬૧
સંસ્કૃત ૭૯, ૮૧
સામંતસિંહ ૨૪, ૬૪
સારસ્વત મંડલ ૬૨
સારંગદેવ ૧૩
સાળવી ૭૧
સાંકળિયા, ડૉ. ૧
સાંર્ગધર ૫૦
સિક્કા ૬૨
સિદ્ધપુર ૨૩, ૨૪, ૩૧, ૮૦




Ac. Gunratnasuri MS

Jin Gun Aradhak Trust

સિદ્ધરાજ જયસિંહ ૧૨, ૨૩, ૨૭, ૪૨, ૬૩
સિન્ટ્રા ૬૪
સિંધલ ૫
સિંધ ૭૦, ૮૩
સિંહ સંવત ૯૨
સુત્રાપાડા ૨૫
સુદર્શન તળાવ ૭, ૯, ૪૦, ૬૦
સુરત ૩૧–૩૩, ૭૪, ૮૧, ૮૬
સુહડાદેવી ૨૬
સૂઈ ૭૦
સૃષ્ટિ સંવત ૯૩
સેંદ્રક ૮૯
સૈન્ધવો ૧૦, ૧૧, ૪૨, ૮૪, ૯૦
સોજિત્રા ૩૧
સોમનાથ પાટણ ૨૩, ૨૭, ૨૯, ૪૭, ૪૮, ૫૦, ૬૧, ૬૩, ૮૦
સોમપુરા ૬૮, ૭૧
સોમેશ્વરદેવ ૨૪, ૨૬, ૪૩, ૪૪
સોરઠ ૭૦, ૯૦
સોરાબજી જમશેદજી ૩૩
સોલંકી કાલ ૧૦, ૧૧, ૨૩, ૨૭, ૪૬, ૬૪–૬૬, ૬૧, ૮૦, ૮૪, ૮૫, ૯૧, ૯૨
સોલંકી રાજ્ય ૪૨, ૬૨
સૌભાગ્યસાગર ૫૪
સૌરાષ્ટ્ર ૬૦, ૮૪
સ્કંદગુપ્ત ૯, ૨૦, ૪૦, ૮૨, ૯૦
સ્તંભતીર્થ ૨૬, ૨૭
સ્થળનામો ૬૧
સ્વાતંત્ર્યોત્તર કાલ ૧૬, ૯૫
હઠીસિંહ ૩૨, ૫૬, ૭૩
હરકુંવર ૫૭, ૭૩, ૭૪
હરસોલ ૮૦
હરિષેણ ૨
હરીર ૬૬
હલ ૪૭
હળવદ ૧૫, ૨૮, ૬૮
હાથસણી ૪૯
હામપર ૨૮, ૨૯
હાલાર ૬૯, ૭૦, ૮૧
હાંસુ ૪૭
હિજરી સન ૯૨, ૯૩, ૯૫
હિબ્રૂભાષા ૮૧
હિબ્રૂલિપિ ૮૮
હીરવિજયસૂરિ ૫૧, ૫૨, ૫૫, ૬૯, ૭૦
હીરાબાઈ ૫૨
હુમુંજ ૨૭
હેમચંદ્રાચાર્ય ૧૨
હેમવિજય ૫૧, ૫૨
'Epigraphia Indica' ૩
'Indian Antiquary' ૩
'Inscriptions of Kathiawad' ૪



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## PUBLICATIONS OF THE DEPARTMENT

(1) **Indological Studies In The Gujarat Vidyapith** (Including annotated list of Articles of *Puratattva* quarterly & Books of Gujarat Puratattva Mandir prepared by Rasesh Jamindar): pp. iv + 25, 1972 Non-price

(2) **Concept Of Indology** ed. by Ramlal Parikh & Rasesh Jamindar (Papers & proceedings of the Seminar on "Modernisation of Indological Studies"): pp. viii + 162, 1973 Rs. 11,

(3) **Purātattva Anê Rāmāyaṇa** by Dr. H. D. Sankalia (A critical study of Rāmāyana from archaeological perspective): pp. xi+81+19 illustrations, 1973 Rs. 14

(4) **Kshatrapakālnuñ Gujarat** by Rasesh Jamindar (History & culture of Gujarat of the first four centuries after Christ): pp. xxx + 328 + 3 maps + 7 drawings + 33 illustrations, 1975 Rs. 18

(5) **Visamī Sadīnuñ Bhārat ; Aitihāsik Pariprêkṣyamañ** ed. by Ramlal Parikh & Rasesh Jamindar (An anthology of articles on 20th century India in historical perspective) Rs. 25

(6) **Itihās Samshodhan** by Rasesh Jamindar : pp. xx + 280 Rs. 35

(7) **Akhand Bhāratmāñ Sanskrutino Ushahkāl** by Hasmukh Sankalia : pp. 12 + 68 + 25 illustrations + 8maps Rs. 18.00

(8) **Sanskrut Nātak Sāhitya:** by Rasiklal C. Parikh : pp.8+232 Rs.30

(9) **Itihāsnī Vibhāvanā** : by Dr. R. N. Mehta : pp. 16 + 88 4 illustrations Rs. 12

(10) **Epigraphic Resources in Gujarat** ed. by Ramlal Parikh & Rasesh Jamindar.

Ac. Gunratnasuri MS

Jin Gun Aradhak Trust